# જ્ઞાનસાર

[ ભાવાર્થ સહિત ]



: અનુવાદક :

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય

**ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः ॥

ન્યાયવિશારદ-ન્યાયાચાર્ય,
મહોપાધ્યાય, શ્રીયશોવિજયજી
મહારાજ વિરચિત

# જ્ઞાનસાર પ્રકરણ

(અર્થ-વિવેચન સહિત)

: અનુવાદક :
પૂજ્યપાદ, આચાર્યદેવ, શ્રીમદ્
વિજયભદ્રંકરસૂરીશ્વરજી મ. સા.

**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :**

સુબાજી રવચંદ જયચંદ,
જૈન વિદ્યાશાળા,
ઠે. દોશીવાડાની પોળ, અમદાવાદ-૧

**: અન્ય પ્રાપ્તિસ્થાનો :**

ભક્તિ વિનય મંડળ
C/o શેષમલજી પંડયા
પોસ્ટ બોક્ષ નં. ૫૧૮,
મદ્રાસ-૩.

ઉપરાંત અમદાવાદ, મુંબઇ, પાલિતાણા તથા શંખેશ્વરજી આદિ સ્થળે રહેલા બુકસેલરો પાસેથી પણ મળી શકશે.

**આવૃત્તિ પહેલી :**
નકલ ૧૫૦૦
વિ. સં. ૨૦૩૮
ઈ. સ. ૧૯૮૨
મૂલ્ય સાત રૂપિયા

મુદ્રક :
કેનિમેક પ્રિન્ટર્સ
રાજુભાઈ સી. શાહ
મામુનાયકની પોળ,
ગાંધી રોડ, અમદાવાદ-૧

अर्हँ नमः

# કિંચિત્ નિવેદન

આ અનુવાદ કરવાનું કામ પરમકૃપાળુ, શાંતમૂર્તિ પૂજ્યપાદ, પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરના અનુગ્રહથી થઇ શકયું છે. તેમાં પણ મેં તો એક સામાન્ય ખરડા જેવું લખીને તેઓને સોંપેલું. તેઓશ્રીની તબિયતની અસ્વસ્થતાના કારણે લખાણ ત્યાં પડયું રહ્યું. છેવટે તેમણે પોતાના શિષ્ય મુનિરાજ શ્રીકુંદકુંદવિજયજીને સોંપ્યું અને મુનિશ્રીએ યથાયોગ્ય શુદ્ધીકરણ કરીને પ્રેસ કોપી કરાવી પુસ્તક રૂપે પ્રગટ કર્યું છે, એ સઘળો પ્રયત્ન તેમનો છે. ભવ્ય જીવો આ પુસ્તકનો ઉપયોગ કરી સ્વપર કલ્યાણ સાધે એ અભ્યર્થના.

પંકજ સોસાયટી જૈન ઉપાશ્રય
પાલડી અમદાવાદ. ૭
વિ. સં. ૨૦૩૮ અષાડ સુદ-૨

લી.
પૂજ્યપાદ ગુરુદેવશ્રી
વિજયમનોહરસુરિશિષ્ય
ભદ્રંકરસૂરિ

# બે બોલ

શ્રાદ્ધરત્ન, અખંડતપસ્વી ભાઈશ્રી શેષમલજી પંડ્યા મદ્રાસવાળાને ઘણા સમયથી એક એવી ભાવના હતી કે જ્ઞાનસાર ગ્રન્થનું જો સરળ ભાષામાં વિવેચન થાય તો તે અનેક તત્ત્વજિજ્ઞાસુ જૈન–જૈનેતર આત્માઓને લાભનું કારણ બને. તેમણે આ વાત શ્રી નમસ્કારમહામંત્રના પરમ આરાધક, સૂક્ષ્મતત્ત્વચિંતક, અધ્યાત્મયોગી, પૂજ્ય-પાદ, ગુરુદેવ, શ્રીભદ્રંકરવિજયજી ગણિવરશ્રી પાસે નમ્ર ભાવે રજૂ કરી.

પરંતુ આ કાર્ય કરવા માટે પોતાની તબિયતની જેવી અનુકૂળતા જોઈએ તેવી અનુકુલતા ન હોવાથી પૂજ્ય પાદ ગુરુદેવશ્રીએ સંઘસ્થવિર પૂજ્યપાદ બાપજી મ. સા.ના સમુદાયના વર્ધમાનતપોનિષ્ઠ, ચારિત્રસંપન્ન, પૂજ્યપાદ આચાર્યદેવ, શ્રીમદ્‌વિજયભદ્રંકરસૂરીશ્વરજી મ. સા. આ કાર્ય સુંદર રીતે કરી શકશે એવા આત્મવિશ્વાસથી હૃદયના આશીર્વાદસહિત આ કાર્ય તેમને સોંપ્યું.

કરુણાશીલ પવિત્ર મહાપુરુષોના આશીર્વાદમાં અચિંત્ય સામર્થ્ય હોય છે અને તેમાં પણ આશીર્વાદ ઝીલનાર આત્મા જેટલો વિશેષ પાત્ર હોય છે તેટલું તેનું ફળ સ્વાતિ નક્ષત્રમાં છીપમાં પડેલા જલબિન્દુની જેમ વિશેષ રૂપે પરિણમે છે. પૂજ્યપાદ ગુરુદેવશ્રી પ્રત્યે પૂ.પાદ આચાર્ય મ.

સા.ના હાર્દિક સમર્પણભાવના કારણે પૂ. ગુરુદેવશ્રીની આજ્ઞાનો સ્વીકાર કરીને તેઓ આવું સુંદર વિવેચન તૈયાર કરી શક્યા.

પૂ. આચાર્યદેવશ્રીની લેખિની એટલી બધી સ્વચ્છ, સ્પષ્ટ અને રસાળ છે કે તેમના કોઈ પણ ગ્રન્થનું પછી તે ધર્મસંગ્રહ હોય કે સંવેગરંગશાળા હોય, દશવૈકાલિક હોય કે સાધુક્રિયા સંબંધી હોય પણ તેઓશ્રીએ કરેલાં તે તે ભાષાંતરોનું વાંચન કરતાં વાંચનાર સુપાત્ર આત્મા એમાં એવો તરબોળ થઈ જાય છે કે ઘડીભર બીજું બધું જ ભૂલી જાય છે અને આત્મવિકાસની કોઈ નવી જ દિશામાં તે પ્રવેશ કરનારો બની જાય છે.

શેષમલજી પંડ્યાની અંતરંગ ભાવનાથી અને પૂજ્યપાદ ગુરુદેવશ્રીની પરમ કૃપાથી પૂજ્યપાદ આચાર્યદેવ તરફથી જ્ઞાનસારના વિવેચન રૂપી અમૃતની જે પ્રસાદી આપણને મળી છે, તેનું આકંઠપાન કરીને તથા વારંવાર તેમાં આત્માને ભીંજાવીને આપણે સંસારના ત્રિવિધ તાપથી, વિષયોની તૃષાથી અને કર્મમળથી રહિત બનીએ એ જ અભ્યર્થના.

—કુંદકુંદસૂરિ

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | પૂર્ણતા અષ્ટક | ૨ |
| ૨ | મગ્નતા અષ્ટક | ૧૧ |
| ૩ | સ્થિરતા અષ્ટક | ૧૯ |
| ૪ | મોહત્યાગ અષ્ટક | ૨૭ |
| ૫ | જ્ઞાન અષ્ટક | ૩૭ |
| ૬ | શમ અષ્ટક | ૪૯ |
| ૭ | ઇન્દ્રિય જય અષ્ટક | ૫૭ |
| ૮ | ત્યાગ અષ્ટક | ૬૭ |
| ૯ | ક્રિયા અષ્ટક | ૭૮ |
| ૧૦ | તૃપ્તિ અષ્ટક | ૮૯ |
| ૧૧ | નિર્લેપ અષ્ટક | ૯૯ |
| ૧૨ | નિઃસ્પૃહતા અષ્ટક | ૧૧૨ |
| ૧૩ | મૌન અષ્ટક | ૧૨૦ |
| ૧૪ | વિદ્યા અષ્ટક | ૧૨૯ |
| ૧૫ | વિવેક અષ્ટક | ૧૩૭ |
| ૧૬ | મધ્યસ્થતા અષ્ટક | ૧૪૬ |
| ૧૭ | નિર્ભયતા અષ્ટક | ૧૫૬ |
| ૧૮ | અનાત્મપ્રશંસા અષ્ટક | ૧૬૬ |
| ૧૯ | તત્ત્વદૃષ્ટિ અષ્ટક | ૧૭૨ |
| ૨૦ | સર્વસમૃદ્ધિ અષ્ટક | ૧૭૯ |

| | | |
|---|---|---|
| ૨૧ | કર્મવિપાકચિંતન અષ્ટક | ૧૮૬ |
| ૨૨ | ભવોદ્વેગ અષ્ટક | ૧૯૪ |
| ૨૩ | લોકસંજ્ઞાત્યાગ અષ્ટક | ૨૦૧ |
| ૨૪ | શાસ્ત્રદૃષ્ટિ અષ્ટક | ૨૦૮ |
| ૨૫ | પરિગ્રહત્યાગ અષ્ટક | ૨૧૬ |
| ૨૬ | અનુભવજ્ઞાન અષ્ટક | ૨૨૪ |
| ૨૭ | યોગસ્વરૂપ અષ્ટક | ૨૩૧ |
| ૨૮ | નિયાગ અષ્ટક | ૨૪૧ |
| ૨૯ | ભાવપૂજા અષ્ટક | ૨૫૧ |
| ૩૦ | ધ્યાન અષ્ટક | ૨૫૮ |
| ૩૧ | તપ અષ્ટક | ૨૬૬ |
| ૩૨ | સર્વનયાશ્રયણ અષ્ટક | ૨૭૫ |
| | ઉપસંહાર | ૨૮૩ |
| | જ્ઞાનનું મહત્ત્વ | ૨૮૯ |
| | ગ્રન્થકારકૃત પ્રશસ્તિ | ૨૯૪ |
| | જ્ઞાનસારની દુર્લભતા | ૨૯૫ |
| | ગ્રન્થકાર પરિચય | ૩૦૦ |
| | સાચો જૈન (કાવ્ય) | ૩૦૩ |
| | પ્રભુ ભક્તિ | ૩૦૪ |
| | ત્વમેવ શરણં મમ | ૩૦૪ |

# શુદ્ધિ પત્રક :

| પૃ. શ્લો. | અશુદ્ધ | — | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૭-૭ | विपुषो | — | विपृषो |
| ૨૦-૧૮ | दिवाऽस्यै⁰ | — | दिवाऽस्थै |
| ૭૮-૧ | शान्ता | — | शान्तो |
| ૮૦-૧૨ | स्वानकुलं | — | स्वानुकुलं |
| ૮૩-૧૮ | ज्ञात | — | ज्ञातं |
| ૯૦-૮ | इ्ानिना विषयेः | — | ज्ञानिनो विषयैः |
| ૯૯-૧ | ससारे | — | संसारे |
| ૧૪૩-૯ | वैषम्य | — | वैषम्यं |
| ૧૫૬-૧ | स्वभाव⁰ | — | स्वभावा⁰ |
| ૧૬૧-૮ | कृतमाहा⁰ | — | कृतमोहा⁰ |
| ૧૬૬-૧૬ | पूर्वपुरुप | — | पूर्वपुरुष |
| ૧૬૯-૩ | સિદ્ધિને | — | સિદ્ધને |
| ૧૭૨-૧ | સર્વત્ર "रुप"ને | બદલે | "रूप" |
| ૧૭૫-૫ | तत्त्वदृष्टिः | — | तत्त्वदृष्टेः |
| ૨૦૯-૧૧ | स्थिरता⁰ | — | स्थिता⁰ |
| ૨૧૭-૨૨ | ⁰दाम्भाजं | — | ⁰दाम्भोजं |
| ૨૩૧-૩ | ⁰काग्रय⁰ | — | ⁰काग्र्य |
| ૨૩૮-૩ | આલંબનયોગ | — | અનાલંબનયોગ |
| ૨૪૦-૨૩ | નિયોગનું | — | નિયાગનું |
| ૨૪૭-૧૦ | त ह्यकम | — | तं कर्म |
| ૨૮૬-૨ | रबनिघं | — | निराबाधं |

ॐ ह्रीँ अर्हँ नमः ॥

# જ્ઞાનસાર

## પ્રવેશ

આજથી લગભગ ત્રણુસો વર્ષ પહેલાં થઈ ગયેલા શ્રી યશોવિજયજી ઉપાધ્યાય ભગવંત, શ્રી જિનશાસનનું ઋણુ ચૂકવવા માટે પોતાની એક એક ક્ષણુને સાર્થક કરીને સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિન્દી આદિ વિવિધ ભાષાઓમાં જિનાજ્ઞાસારગર્ભિત અનેક ઉત્તમ ગ્રન્થરત્નોની રચના કરીને ઉત્તમ કોટિનો શ્રુતનો જે વારસો શ્રી સંઘને આપી ગયા છે અને તે દ્વારા આપણા જેવા અલ્પજ્ઞ જીવો ઉપર જે મહાન ઉપકાર કરી ગયા છે, તેનું ઋણુ કોઈ રીતે ચૂકવાય તેમ નથી.

અનેકાંતગર્ભિત જૈન સિદ્ધાંતને સાચી રીતે ઓળખવો એ બાળકના ખેલ નથી. પૂ. ઉપાધ્યાય શ્રી યશો-વિજયજી મહારાજે બાલ્યાવસ્થામાં એ ખેલ ખેલી બતાવ્યો. બાલ્ય વયમાં દીક્ષા લઇ, મન, વચન અને કાયાથી ગુરુને સમર્પિત થઇ, સાધુ ધર્મ પાળી, પોતાના સમયમાં વિદ્યમાન જૈન–અજૈન શાસ્ત્રોના પારંગત બની, સ્યાદ્વાદ સિદ્ધાંતને નૂતનવાણીમાં ગુંથી દેવાનું ભગીરથ કાર્ય તેઓશ્રી કરી ગયા છે.

વીતરાગ શાસનનો સત્ય માર્ગ શું છે તે જાણવા માટે અને આરાધવા માટે આત્મહિતકર એક પણ વિષય એમણે જતો કર્યો નથી. આચાર, વિચાર, નય, નિક્ષેપ, સ્યાદ્વાદ, જ્ઞાન, ક્રિયા, વ્યવહાર, નિશ્ચય, યોગ, અધ્યાત્મ અને પ્રભુભક્તિ વિષયક તેમના અનેક ગ્રન્થરત્નોનું વિવિધ ભાષામાં તલસ્પર્શી તેઓશ્રીનું પ્રરૂપણ જોતાં કોઈપણ સહૃદય સુજ્ઞ આત્માનું હૃદય તેમના પ્રત્યે અત્યંત આદરવાળું બની નમી પડે છે. અને "વાણી વાચક જશ તણી કોઈ નયે ન અધૂરી રે" એ વાતની સહેજે પ્રતીતિ થઈ જાય છે. આજે તેઓશ્રીની કૃતિઓ સર્વમાન્ય ગણાય છે. તેમનાં વચનોની ટંકશાળિતા માટે કોઈને પણ સંદેહ નથી.

તેઓશ્રીએ જે વિપુલ સાહિત્ય રચ્યું છે, તેમાં "જ્ઞાનસાર" તેઓશ્રીની એક અદ્ભુત સર્વશ્રેષ્ઠ કૃતિ છે. યોગશાસ્ત્રો અને અધ્યાત્મશાસ્ત્રોનો નિચોડ તેને કહી શકાય.

સૂક્ષ્મતત્ત્વચિંતક, અધ્યાત્મયોગી, પૂજ્યપાદ, ગુરુદેવ, પંન્યાસપ્રવર, શ્રી ભદ્રંકરવિજયજી મ. સા. પાસે ઘણા વર્ષો પહેલાં એક આત્માર્થી મુનિરાજ આવ્યા હતા. જેમનો ન્યાય, વ્યાકરણ ઉપર સારો કાબૂ હતો અને પ્રકરણોના પણ તેઓ સુંદર અભ્યાસી હતા. તેમણે નમ્ર ભાવે પૂ. ગુરુદેવશ્રીને જણાવ્યું કે, મેં ધર્મબિન્દુ, ધર્મસંગ્રહ, શ્રાદ્ધવિધિ, પંચાશકજી, શાન્તસુધારસ, અધ્યાત્મકલ્પદ્રુમ, ઉપમિતિભવપ્રપંચાકથા, ઉપદેશમાલા, વૈરાગ્યકલ્પલતા, ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્ર, ભવભાવના આદિ પ્રકરણગ્રન્થો

તથા આવશ્યક, દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન આદિ આગમ ગ્રન્થોનું યથાશક્તિ અવગાહન કર્યું છે. હવે મારે યોગ અને અધ્યાત્મ વિષયક ગ્રન્થોનું વાંચન કરવું છે, તો મારે કયા ક્રમથી તે વાંચન કરવું તે અંગે આપશ્રીનું માર્ગદર્શન ઈચ્છું છું. કારણ કે આપશ્રીનો એ વિષયમાં બહોળો અનુભવ છે.

મુનિશ્રીના જિજ્ઞાસાભર્યા પ્રશ્નના ઉત્તરમાં પરમકૃપાળુ પૂજ્યપાદ, ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે હવે તમારે સૌથી પ્રથમ જ્ઞાનસાર ગ્રન્થ કંઠસ્થ કરી તેના પદાર્થો બરાબર મનમાં અવધારી લેવા. પછી અનુકૂળતા પ્રમાણે યોગશાસ્ત્ર, ગુણસ્થાનકક્રમારોહ, શ્રી હરિભદ્રસૂરિ મ. કૃત અષ્ટકજી, ષોડશકજી, વિંશિકાઓ, યોગદૃષ્ટિસમુચ્ચય, યોગબિન્દુ, લલિતવિસ્તરા, યોગશતક, ધ્યાનશતક, ધ્યાનવિચાર, દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા, અધ્યાત્મસાર, સટીકયોગવિંશિકા, વિશેષાવશ્યકભાષ્ય, શાસ્ત્રવાર્તાસમુચ્ચય વગેરે ગ્રન્થોનું અવગાહન કરવું અને ત્યાર પછી જ્ઞાનસાર વાંચવું.

જિજ્ઞાસુ મુનિરાજે ફરીથી જ્ઞાનસારનું નામ સાંભળતાં વચ્ચે જ કહ્યું કે બાપજી! આપે જ્ઞાનસાર વાંચવા માટે તો આરંભમાં જ ભલામણ કરી છે તો ફરીથી કેમ ?

પૂજ્યશ્રીએ જણાવ્યું કે પ્રારંભમાં જ્ઞાનસાર ભણવાનું જણાવ્યા છતાં અંતમાં ફરીથી જણાવ્યું છે તેમાં ખાસ હેતુ છે અને તે એ છે કે પ્રારંભમાં તમો જ્ઞાનસારને વાંચશો ત્યારે જ્ઞાનસારનો તમને માત્ર સામાન્ય રીતે જ ખ્યાલ આવશે અને યોગ તથા અધ્યાત્મવિષયક આ

બધા ગ્રન્થો વાંચ્યા પછી જ્ઞાનસારનું અવગાહન કરશો એટલે તમને જ્ઞાનસાર ગ્રન્થના ભાવોનો વાસ્તવિક ખ્યાલ આવશે અને એમ લાગશે કે યોગવિષયક આ બધા જ ગ્રન્થોના વાંચન, મનન અને અનુભાવનનો સાર એટલે જ્ઞાનસાર.

આ રીતે અનુભવી જ્ઞાની પુરુષોની દૃષ્ટિમાં જ્ઞાનસારનું આવું શ્રેષ્ઠ મહત્ત્વ જણાયું છે અને તેથી જ્ઞાનસારનું નામ જ્ઞાનસાર ખરેખર સાર્થક છે.

શ્રી અરિહંત પરમાત્માના શાસનમાં તમામ ઉપદેશનો સાર પૂર્ણતા પ્રાપ્ત કરીને આત્મસ્થ થવું તે છે અને તેનો ઉપાય સમાધિભાવની સિદ્ધિ કરવી તે છે.

પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે અને સમાધિભાવમાં સ્થિર થવા માટે શાસ્ત્રોમાં–આગમોમાં જે જે હેતુઓ, જે જે યુક્તિઓ, જે જે ઉપદેશો, જે જે દૃષ્ટાંતો અને તે માટે જે જે વિસ્તૃત વર્ણનો આવે છે, તેમાંનું સારભૂત તત્ત્વ આપણને એક જ સ્થાને આ જ્ઞાનસાર ગ્રન્થમાં જોવા મળે છે. પૂર્ણતાની પ્રાપ્તિ માટેના જે જે ઉપાયો છે, તેમાંનો એક પણ ઉપાય ગ્રંથકારશ્રીએ જતો કર્યો નથી. નૈગમનયથી માંડીને એવંભૂતનય સુધીની વ્યવહાર–નિશ્ચયાત્મક જે જે માર્મિક બાબતો અને ઉપદેશ જૈન શાસનમાં છે તે ઉપદેશને અધિકાર ભેદે યથાસ્થાને સત્ય રીતિએ યોજવાની તેઓશ્રીની સર્વદેશીય પ્રતિભા સંબંધી જેમ જેમ વિચાર કરવામાં આવે છે તેમ તેમ તેઓશ્રીની કુશાગ્રબુદ્ધિ, યોગ અને અધ્યાત્મવિષયક અનુભવજ્ઞાન, માર્ગપ્રેમ, પરોપકારબુદ્ધિ,

શાસનરાગ, આજ્ઞાપ્રધાનતા અને તેમની અપાર કરુણાનું દર્શન સહેજે થઈ જાય છે અને તેમને લાખો વાર નમસ્કાર કરવાનું દિલ થઈ જાય છે.

ખરેખર આપણે મહા ભાગ્યશાળી છીએ કે આજના વિષમકાળરૂપી ઘોર અંધકારમાં આપણને અંતરંગ પ્રકાશથી ભરપૂર જ્ઞાનસારગ્રન્થ જેવા અપૂર્વ ભાવરત્નો પ્રાપ્ત થઈ શકે છે.

આવા ગ્રન્થરત્નોના એક એક પદમાં પણ એવું અદ્ભુત સામર્થ્ય હોય છે કે તે આપણામાં સ્વભાવ પ્રાપ્તિ માટેનો અપૂર્વ ઉત્સાહ જગાડી દે છે, અને આપણને સ્વભાવ સન્મુખ કરી દે છે.

આ જ્ઞાનસાર ગ્રન્થમાં પૂ. ઉપાધ્યાય મહારાજે પોતાને પ્રાપ્ત થયેલ જ્ઞાનના પરિપાક સ્વરૂપ અનુભવ જ્ઞાનનું અમૂલ્ય અમૃત ઝરણું જગતના જીવો માટે મુક્ત હૃદયે વહેવડાવ્યું છે.

" મારે તો બનનારું બન્યું જ છે, હું તો લોકને વાત શિખાવું રે. " પોતાની આ ઉક્તિ ખરેખર તેમણે જ્ઞાનસાર દ્વારા ચરિતાર્થ કરી છે.

તેઓશ્રીના આ રચનારૂપી અનુભવ અમૃતમાં નિત્ય સ્નાન કરનારો સુપાત્ર આત્મા બહુલ કર્મમળથી રહિત થઈ પવિત્ર બની અપૂર્વ ઉલ્લાસવાળો થઇ આ જીવનમાં જ પોતાની ભૂમિકાને યોગ્ય મોક્ષસુખનો રસાસ્વાદ પ્રાપ્ત કરી અપૂર્વ આનંદ અનુભવી શકે તેમાં લેશ પણ આશ્ચર્ય નથી, શરત માત્ર એટલી જ કે આપણા આત્મામાં આ જ્ઞાનસારનો રસ ભાવિત થવો જોઇએ. ભાવિત કરવા માટે

આપણે હૃદયની સચ્ચાઈપૂર્વકનો પ્રયત્ન કરવો જોઈએ. અનુપ્રેક્ષા દ્વારા તેમાં ઊંડા ઊતરવું જોઈએ.

આ જ્ઞાનસારમાં પૂર્ણતા એ સાધ્યના સ્થાને છે એટલે પ્રથમ અષ્ટકમાં આત્માની પૂર્ણ શુદ્ધ અવસ્થાનું સ્વરૂપ બતાવ્યું છે. પછી તે પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિ માટે જરૂરી-પ્રયોજનભૂત સ્વભાવમગ્નતા આદિ એક એક વિષયનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. આમાં કુલ ૩૨ અષ્ટકો છે. તેને અહીં આપણે સંક્ષેપમાં વિચારીએ.

## (૧) પૂર્ણતાષ્ટક :

કોઈપણ પ્રવૃત્તિમાં લક્ષ્ય (સાધ્ય) પહેલાં નક્કી કરવું પડે છે. લક્ષ્ય નક્કી થયા પછી જ તેને અનુકૂળપ્રવૃત્તિ કરવાથી લક્ષ્યની સિદ્ધિ થાય છે. માટે અહીં પૂર્ણતાષ્ટક પહેલું કહ્યું છે. પૂર્ણાનન્દ મહાપુરુષની જ્ઞાનદૃષ્ટિ જાગૃત હોય છે અને તેથી તેને તૃષ્ણાજન્ય દીનતાનું લેશ પણ દુઃખ હોતું નથી. આ દૃષ્ટિમાં ઓતપ્રોત થઈ જવાય તો સાચો આત્માનંદ પ્રાપ્ત થાય છે અને આત્મા સિવાયના પરપદાર્થો પ્રાપ્ત થવાથી કે ચાલ્યા જવાથી તે આનંદમાં મુદ્દલ ઓટ આવતી નથી. આ અષ્ટકમાં પૂર્ણતાનો માત્ર બોધ જ નથી, પરંતુ અનુભૂતિ પણ છે. તેનો અનુભવ કરવા માટે આ અષ્ટકના શબ્દોની પાછળ જે ભાવનો પ્રવાહ વહી રહ્યો છે ત્યાં સુધી પહોંચવું પડે.

ઉછીનાં લાવેલાં નાણાં પોતાના ગણાતા નથી તેમ પર વસ્તુ કોઈ કાળે આત્માની બનતી નથી.

રૂપ મળે, ધન મળે, સત્તા મળે તો જ આનંદ થાય એવા ઉદ્‌ગારો અપૂર્ણતાના પરિચાયક છે. જે મારું નથી તે લાખો પ્રયત્ને પણ કદી મારું થવાનું જ નથી, તેમ છતાં "જે મારું છે તેને મારું માનતો નથી અને જે મારું નથી, પરાયું છે તેને મારું માનું છું." એ જ સર્વ દુઃખ અને સર્વ પાપનું મૂળ છે.

આવી સદ્‌વિચારણા, આ અષ્ટકના ચિન્તન, મનન અને અનુપ્રેક્ષણથી પ્રગટે છે. તેનો પ્રકાશ મનને આત્માના ઘરમાં લઈ જાય છે, પરઘરમાં જઈ વસવાના જૂના અને જટિલ રોગથી આત્માને છોડાવે છે અને પોતાના આત્માના ઘરમાં સાહીબીનો સુમાર નથી એવો સચોટ અનુભવ કરાવે છે.

## (૨) મગ્નતાષ્ટક :

જ્ઞાનસારમાં બીજું મગ્નતાષ્ટક આવે છે. મગ્નતા એટલે આત્મામાં મગ્ન થવું. પૂર્ણતાની પ્રાપ્તિ માટે આત્માના ચૈતન્ય સ્વરૂપમાં વિશ્રાંતિ કરવારૂપ મગ્નપણું આવશ્યક છે. આત્મસ્વરૂપમાં મગ્ન થયેલો આત્મા પરમાત્મ સ્વરૂપમાં મગ્ન થાય છે, તેથી તેને કર્મબંધ થતો નથી. આવી મગ્નતા પ્રાપ્ત કરવા માટે ઇન્દ્રિયોને પોતપોતાના વિષયોમાંથી નિવૃત્ત કરવી પડે છે. મનને આત્માના ઘરમાં પરોવવું પડે છે. દુનિયાનો છેડો જેમ ઘર ગણાય છે તેમ મનનું ઘર આત્મા ગણાય છે. મનની માતા આત્મા છે.

મનરૂપી બાળક આત્મારૂપી માતાની ગોદમાં જ નિર્ભય રહી શકે છે. મનનો પિતા પરમાત્મા છે. આત્મારૂપી માતાની મમતા તેને પિતારૂપી પરમાત્માના પ્રેમને પાત્ર બનાવે છે. બહાર ગમે તેટલું ફરવા છતાં કોઈ જીવને સાચી વિશ્રાંતિ મળતી નથી, પણ સરવાળે થાક જ વધે છે.

સુખ બહાર નથી પણ આત્મામાં જ છે. બહાર સુખ હોવાની ભ્રમણા જીવને અંદર આત્મામાં સ્થિર થવા દેતી નથી. ખરો રસ અને કસ આત્મામાં છે, એવી દૃઢ પ્રતીતિ થયા પછી ઉપયોગ આત્મામાં રહે છે એટલે કર્મનો બંધ થતો નથી પણ નિર્જરા થાય છે.

આત્મમગ્ન પુરુષને કર્તૃત્વાભિમાન હોતું નથી પણ સાક્ષીભાવ હોય છે.

સર્વ દ્રવ્યો સ્વસ્વ પરિણામના કર્તા છે. માટી વગેરે દ્રવ્યો પોતે ઘટાદિરૂપે પરિણમે છે, તેમાં તત્ત્વ દૃષ્ટિએ કુંભાર વગેરે તો સાક્ષીમાત્ર છે, તેથી તે કેમ અભિમાન રાખે કે અમે ઘટાદિ પદાર્થના કર્તા છીએ? સાક્ષીભાવે વર્તતા પુરુષને પુદ્ગલના ગમે તેવા પણ ખેલ લેશ પણ વિસ્મયને પમાડતા નથી, માટે તેની આત્મમગ્નતા અખંડ રહે છે. આત્મમગ્ન પુરુષની આંખોમાંથી કરુણા સતત રીતે વહેતી હોય છે. વાણીમાં ઉપશમ ભાવરૂપી અમૃત હોય છે. મેરુ ડોલે પણ પોતે ન ડોલે એવા આત્મમગ્ન પુરુષો ત્રણે ભુવનને વંદનીય બને છે.

## (૩) સ્થિરતાષ્ટક :

આત્મમગ્ન થવા માટે ચિત્તની સ્થિરતા જરૂરી છે. અસ્થિરતા વિઘાતક છે. અસ્થિરતા ચિત્તની ચંચળતારૂપ છે. ચંચળતાનું કારણ બહિર્વૃત્તિ છે. બહિર્વૃત્તિનું કારણ સુખ બહાર હોવાની ભ્રમણા છે. આ ભ્રમણા તૃષ્ણાને વધારે છે અને જીવને સંસારભ્રમણ કરાવે છે.

સતી સ્ત્રીનું મન સ્વપતિ સિવાય અન્ય કોઈ પુરુષમાં હોતું નથી, તેમ સાચો સાધક આત્મામાં સ્થિર રહે છે. તેનું મન પર પદાર્થોમાં લપટાતું નથી. નિયમ છે કે અસ્થિરતા વડે લૌકિક કે લોકોત્તર કોઈપણ યોગની સાધના થઈ શકતી નથી. સંસારના પદાર્થો સ્થિર નથી, તેથી તેના સહારે સ્થિરતા પ્રાપ્ત ન થઈ શકે.

એક આત્મા જ સ્થિર પદાર્થ છે, તેથી તેના સહારે જ સાચી સ્થિરતા પ્રાપ્ત થાય છે. તે માટે નિર્વિકલ્પ થવું પડે. વિકલ્પરૂપી વાયુ મનરૂપી દીપકને ક્ષણવાર પણ સ્થિર થવા દેતો નથી. નિર્વિકલ્પ અંતઃકરણમાં જ સ્થિરતા પ્રતિષ્ઠિત થાય છે. સ્થિરતા એ આત્મસ્વભાવ છે. જે સ્વસ્થ છે તે સ્થિર છે, જે અસ્વસ્થ છે તે અસ્થિર છે. અસ્વસ્થને સુખ નથી, સ્વસ્થને દુઃખ નથી. સિદ્ધ ભગવંતોની પરમ સ્થિરતાનું લક્ષ્ય બાંધવાથી જ આપણામાં સ્થિરતા પ્રગટ થાય છે.

## (૪) મોહત્યાગાષ્ટક :

ચિત્તની સ્થિરતા માટે મોહત્યાગ આવશ્યક છે, તેથી સ્થિરતા અષ્ટક પછી મોહત્યાગ અષ્ટક કહ્યું છે. 'અહં' અને 'મમ' એ મોહના સુભટો છે. 'નાહં' અને 'ન મમ' એ ચારિત્રરાજાના વફાદાર સુભટો છે. મોહ એટલે આત્મભિન્ન પદાર્થોમાં આત્મીયપણાની બુદ્ધિ. આ મોહના ત્યાગ માટે અહં-મમનો ત્યાગ કરવો પડે. એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહિ. હું શુદ્ધાત્મદ્રવ્ય છું અને કેવળજ્ઞાન મારો ગુણ છે. આવા પ્રકારની ભાવના મોહનાશ કરવા માટે તીક્ષ્ણ શસ્ત્રરૂપ છે.

ધન, શરીર, મહેલ, અલંકાર તથા પોતાના માની લીધેલા ગણ્યા ગાંઠ્યા સગાસંબંધીઓ આદિમાં જ મમબુદ્ધિ ધારણ કરવી એ સુબુદ્ધિ નથી, પણ મોહ છે. આત્માના જ્ઞાન, દર્શનાદિ ગુણોમાં 'મમબુદ્ધિ' એ જ સુબુદ્ધિ છે.

## (૫) જ્ઞાનાષ્ટક :

જ્ઞાન સિવાય મોહનો ત્યાગ થતો નથી તેથી મોહ ત્યાગ પછી જ્ઞાન અષ્ટકનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જેમ જેમ આત્મામાં આત્માનું જ્ઞાન પ્રગટ થતું જાય છે તેમ તેમ મોહનો અંધકાર દૂર થતો જાય છે અને આત્મદષ્ટિ ખૂલતી જાય છે. આત્મ સ્વભાવ તરફ દષ્ટિ ખોલી આપે તે જ્ઞાનને જ સમ્યગ્ જ્ઞાન કહ્યું છે.

ઘણું પાણી વલોવવાથી માખણ મળતું નથી પણ થોડું દહીં વલોવવાથી માખણની પ્રાપ્તિ થાય છે, તેમ વીતરાગના એક વચન ઉપર પણ સમ્યક્ પ્રકારે ચિંતન–મનન કરવાથી મેળવવા લાયક આત્માનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

જ્ઞાન એ પ્રકાશ છે તે સાચું, પણ તે પ્રકાશ આત્માના ઘરનો હોય તો, આત્માનું ઘર બતાવનાર હોય તો, બીજે બધેથી ખસેડીને આત્માના ઘર તરફ લઈ જનારો હોય તો, આત્મભાવનો સમર્થક હોય તો, મોહના જ્વરનો નાશ કરનાર હોય તો, મમત્વ બુદ્ધિને પોષનારો ન હોય તો.

અજ્ઞાન એ અંધકાર છે, એનો અર્થ એ કે આત્માને ભૂલીને અનાત્મ પદાર્થોનું મમત્વ ધરવું તે.

તે જ ઉત્તમ જ્ઞાન છે કે જેથી આત્મા વારંવાર નિર્વાણ પદને વિષે તન્મય થાય અને તે જ ઉત્તમ જ્ઞાન છે કે જે આત્માના સ્વભાવ લાભના સંસ્કારનું કારણ બને. આવું જ્ઞાન થોડું હોય તો પણ ઉત્કૃષ્ટ છે.

જ્યારે જીભનો ઉપયોગ પરમાત્માના ગુણગાન કરવામાં થાય, આંખનો ઉપયોગ પરમાત્માનાં વચનોના સંગ્રહરૂપી સમ્યગ્ શ્રુતના અધ્યયનમાં થાય, મનનો ઉપયોગ પરમાત્માના ગુણોના ચિંતન–મનનમાં થાય, હાથનો ઉપયોગ દાન દેવામાં થાય, પગનો ઉપયોગ પરમાત્માની ભક્તિ કરવાનાં ક્ષેત્રોની સ્પર્શના કરવામાં થાય, હૃદયનો ઉપયોગ પરમાત્માના ધ્યાનમાં થાય ત્યારે સમજવું કે આ બધું સમ્યગ્ જ્ઞાનનું પરિણામ છે.

શું ત્યાગ કરવા જેવું છે, શું ગ્રહણ કરવા જેવું છે કે શું જાણવા જેવું છે, એ બધાનો બોધ કરાવનારું જ્ઞાન તે જ સમ્યગ્ જ્ઞાન છે. આવું જ્ઞાન જ આત્માને આત્મરતિવાન બનાવે છે. તે સિવાયનું સઘળું જ્ઞાન એ એકડા વિનાના મીંડા જેવું છે, ચંદ્ર વગરની રજની જેવું છે, તાર વગરની વીણા જેવું છે, જળ વિનાના સરોવર જેવું છે, મૂર્તિ વગરના મંદિર જેવું છે.

ટૂંકમાં, જે સમય, જે શક્તિ અને જે બુદ્ધિ, આત્માના જ્ઞાનાદિ ગુણોના વિકાસમાં સાર્થક થાય છે, તે જ સાચી જ્ઞાનસાધના છે.

## (૬) શમાષ્ટક :

શમ એ જ્ઞાનનું કાર્ય છે, તેથી શમને જ્ઞાનાષ્ટક પછી કહેવામાં આવ્યું છે. જ્ઞાન જ્યારે વિકલ્પના વિષયથી પર બની શુદ્ધ સ્વભાવનું આલંબન કરે છે, ત્યારે તેને શમ કહેવામાં આવે છે. શમ એ જ્ઞાનની પરિપક્વ અવસ્થા છે.

સમભાવ એ આત્મસ્વભાવ છે. ચંદન અને સુવાસ વચ્ચે જેવો અભેદ છે તેવો જ અભેદ, આત્મા અને સમતા-ભાવ વચ્ચે છે. વિકલ્પોના વિષપાનથી સમભાવનું શરીર શ્યામ પડી જાય છે.

શમમાં શમવાની વાત છે. આત્મામાં રમવાની વાત છે. આત્મરમણતા ટકાવવામાં સમભાવનું જતન છે. એટલે જે વિચાર, વાણી અને વર્તનથી આત્મા સાથેનો સ્નેહ દૃઢ થતો

હોય, સમભાવની પૃષ્ટિ થતી હોય, આત્માના પરિણામ શમ વડે મહેકતા હોય, તેમાં જ રુચિ તેમ જ પ્રીતિ વધારવી, એ મુમુક્ષુ માત્રનું પરમ કર્તવ્ય છે.

'જેણે સમતા ખોઈ તેણે આત્મા ખોયો' એ ઉક્તિ ખૂબ વિચારવા જેવી છે. આત્મા અને સમતા વચ્ચે જે અભેદ છે તે જ સાધકે પોતાના જીવનમાં સાધવાનો છે.

## (૭) ઇન્દ્રિયજયાષ્ટક :

ઇન્દ્રિયોને જીત્યા સિવાય વૃત્તિઓનો ઉપશમ થતો નથી, તેથી ઉપશમના કારણરૂપે શમાષ્ટક પછી ઇન્દ્રિય–જયાષ્ટક કહેવામાં આવ્યું છે.

"ભર ભર ખપ્પર મેરા, મેં યુગ યુગ કી પ્યાસી" આવું કહેનારી ઇન્દ્રિયોના ખપ્પરમાં આપણે કેટલું હોમ્યું તેની નોંધ કરીએ, તેમ જ તે તે ઇન્દ્રિયો પોતપોતાના વિષયમાં તૃપ્ત થઈ કે કેમ તેના ઉપર વિચાર કરીએ તો આપણને એમ જ લાગશે કે 'ખાઉં ખાઉં' કરતી આ ઇન્દ્રિયોને લાડ લડાવવા તે ઝેરી સાપને દૂધ પાવા કરતાં પણ અતિ ભયાનક કાર્ય છે. ઇન્દ્રિયોને ગમે તેટલું આપો પણ તે કદી ધરાતી જ નથી, તેને તો સંયમ દ્વારા નાથવી જોઈએ. ઇન્દ્રિયોને નાથવા માટે પંચ પરમેષ્ઠિ ભગવંતોમાં તેને રસ કરતી કરવી જોઈએ. તે પણ ઇન્દ્રિય જયનો એક સુંદર ઉપાય છે. ગમે તે રીતે ઇન્દ્રિયોને નાથવી જોઈએ. ઇન્દ્રિયો ને નાથનારો શૂરવીરનો પણ શૂરવીર ગણાય છે.

હાથી માથે પણ અંકુશ હોય છે, તેમ ઉન્મત્ત ઇન્દ્રિયોને વિવેકરૂપી અંકુશ વડે વશવર્તી બનાવી શકાય છે, આત્માભિમુખ બનાવી શકાય છે.

જેઓ ઇન્દ્રિયોના સ્વામી છે તેમનું જ સ્વામિત્વ અખંડ રહી શકે છે.

આ અષ્ટક કહે છે કે ઇન્દ્રિયો પાસે આત્માના કામ કરાવો, આત્માની સેવા કરાવો, પરમાત્માના ગુણગાન ગવરાવો.

## (૮) ત્યાગાષ્ટક :

ઔદયિક ભાવરૂપ ગૃહસ્થાશ્રમને લગતા ધર્મોનો ત્યાગ કર્યા વિના ઇન્દ્રિયોનો જય શક્ય નથી, તેથી ઇન્દ્રિયજય અષ્ટ પછી ત્યાગાષ્ટક કહેવામાં આવ્યું છે.

અનાદિ અનંત આ સંસારમાં જીવને કર્મના કારણે જુદા જુદા જીવોના સંબંધ થાય છે અને તે સંબંધ છૂટી પણ જાય છે. કારણ કે જ્યાં સંયોગ હોય ત્યાં વિયોગ હોય જ. આ વાત આપણે સારી રીતે જાણીએ છીએ, તેમ છતાં છૂટી જનારા સંબંધોનો રાગ આપણને પજવે છે, અને તેના કારણે આપણને આર્તધ્યાન થાય છે.

કાંટાથી જેમ કાંટો નીકળે છે, તેમ આત્માના રાગથી સર્વ પ્રકારના રાગરૂપી કાંટા આત્મામાંથી નીકળી જાય છે.

શરીર, સ્વજન, ધન આદિ છૂટી જવાના સ્વભાવવાળાં છે, માટે સમજણપૂર્વક તેના પ્રત્યેના રાગનો ત્યાગ કરવો તેમાં બુદ્ધિની સાર્થકતા છે.

આ અષ્ટક કહે છે કે આત્મ સ્વભાવની પરિણતિમાં વિઘ્નભૂત સર્વ પ્રવૃત્તિઓ અને વૃત્તિઓનો ત્યાગ કરો.

## (૯) ક્રિયાષ્ટક :

ભલે ઔદયિકભાવરૂપ બાહ્ય સંબંધોનો ત્યાગ કરવામાં આવે પણ ક્ષાયોપશમિક ધર્મની પ્રાપ્તિ અને તેની સ્થિરતા માટે ક્રિયા અનિવાર્ય છે. ક્રિયા વિના તે શક્ય નથી. માટે ત્યાગાષ્ટક પછી ક્રિયાષ્ટક કહેવામાં આવ્યું છે.

"ज्ञानक्रियाभ्यां मोक्षः" અર્થાત્ સમ્યગ્જ્ઞાન અને ક્રિયાના સુમેળથી જીવ શિવપદને પામે છે. જ્ઞાન એ આંખ છે, ક્રિયા એ પગ છે. આંખ દેખાડવાનું કામ કરે છે, પગ પહોંચાડવાનું કામ કરે છે. જ્ઞાનથી પદાર્થ જોઈ શકાય છે, ક્રિયાથી તેને પામી શકાય છે. જ્ઞાન એના સ્થાને જેટલું ઉપકારક છે, તેટલી જ ઉપકારક ક્રિયા એના સ્થાને છે. શાસ્ત્રો દીપકધર્મ બજાવે છે, ક્રિયા મિત્રધર્મ બજાવે છે.

જ્ઞાન મુજબની ક્રિયા કરવાથી જ જ્ઞાન પરિણત થાય છે, અને નહિ કરવાનાં કાર્યો કરતા અટકી જવાનો અધ્યવસાય ઉત્પન્ન થાય છે. એટલે જ દહેરાસર જવું, જિનભક્તિ કરવી, ચૈત્યવંદન કરવું તેમ જ જિનોક્ત સર્વ અનુષ્ઠાનોમાં અપૂર્વ વીર્યોલ્લાસપૂર્વક ભાગ લેવો તેમાં જ જાણપણાની સાર્થકતા છે.

ધર્મક્રિયા કરતાં કરતાં જ આત્મા એના સ્વરૂપમાં સક્રિય બને છે.

આ અષ્ટક કહે છે કે વિહિત અનુષ્ઠાન કરવાં, કરાવવાં તેમ જ જેઓ કરી રહ્યા છે તેમની અનુમોદના કરવી એ ધર્મી આત્માનું ભૂષણ છે અને તેમાં જ શ્રી જિન આજ્ઞાનું બહુમાન છે.

## (૧૦) તૃપ્ત્યષ્ટક :

જ્ઞાન, ક્રિયા અને સમભાવથી આત્મતૃપ્તિ થાય છે, માટે ક્રિયા અષ્ટક પછી તૃપ્તિ અષ્ટક કહ્યું છે.

આત્મા સ્વભાવે પૂર્ણ છે, એટલે આત્મમગ્ન મહાત્માને આત્મ–બાહ્ય કોઇપણ પદાર્થની ઇચ્છા થતી નથી. આત્માના જ્ઞાનાદિ ગુણોનું પાન કરવાથી સર્વ અતૃપ્તિઓનો અંત આવે છે. તૃપ્તિનું લક્ષણ આત્મવીર્યની પૃષ્ટિ છે, રુચિ અનુસાર વીર્ય સ્ફુરાયમાન થાય છે. એટલે આત્મરતિવાનનું વીર્ય આત્માને સ્વભાવમાં સ્થિર બનાવે છે.

આગમ વચનોના સ્મરણ, ચિન્તન, મનન અને ધ્યાનથી આત્માની તૃપ્તિનો ઉષાકાળ શરૂ થાય છે. સિંહ ઘાસ ખાતો નથી તેમ આત્માર્થી પર પદાર્થોની સ્પૃહા કરતો જ નથી. તે આત્મામાં જ તૃપ્ત રહે છે. આવી નિઃસ્પૃહતા એ આત્મવીર્યની પુષ્ટિની નિશાની છે.

આત્મામાં જ તૃપ્ત બનવાનું સબળ આલંબન આ અષ્ટક પૂરું પાડે છે.

## (૧૧) નિર્લેપાષ્ટક :

આત્મામાં જ જેણે તૃપ્તિ મેળવી છે એવો તૃપ્ત આત્મા કર્મથી લેપાતો નથી તેથી તૃપ્તિ અષ્ટક પછી નિર્લેપાષ્ટક કહેવામાં આવ્યું છે.

આ સંસાર કાજળની કોટડી જેવો છે, તેમ છતાં મહામુનિ શ્રી સ્થૂલિભદ્રજી આદિ મહાત્માઓ તેમાં પણ અલિપ્ત રહીને આત્માનું સાધી ગયા. ડાઘ તેને લાગે છે કે જેમને પુદ્ગલના ખેલમાં રસ હોય છે. કારણ કે રસ સ્નિગ્ધ હોય છે તેથી તેનો ડાઘ પડે છે. સંસારમાં મહા-મુનિઓ ધર્મની આરાધના કરીને સદ્ગતિમાં જાય છે, તેમાં કારણ તરીકે સમ્યગ્દર્શન અને જ્ઞાનયુક્ત તેમનું ચારિત્ર છે. ચારિત્ર જેટલું નિર્મળ એટલો લેપ ઓછો એ નિયમ છે. ચારિત્રની નિર્મળતાનો આધાર ઉપયોગની અસ્ખલિતતા ઉપર છે અને ઉપયોગની અસ્ખલિતતા માટે શાસ્ત્રાભ્યાસ જેટલી જ ઉપકારક ધર્મક્રિયાઓ છે.

લેપ એ લપ છે, વળગાડ છે, તેને સામે ચાલીને વળગવું તે ગળામાં પથ્થર બાંધીને કૂવામાં ઝંપાપાત કરવા જેવું અકાર્ય છે. માટે સર્વ કર્મલેપ રહિત નિર્લેપ પરમાત્મા અને તેમની આજ્ઞાને આરાધતા ત્યાગી ભગવંતોને ભાવથી ભજવા તે નિર્લેપ આત્મદશા પ્રાપ્ત કરવાના ઉપાયોમાંનો એક શ્રેષ્ઠ ઉપાય છે.

## (૧૨) નિઃસ્પૃહાષ્ટક :

નિર્લેપ મનુષ્યને સ્વરૂપના લાભ સિવાય બીજું કંઇ પણ પ્રાપ્ત કરવાનું હોતું નથી, તેથી આત્મ ઐશ્વર્યને પામેલો તે નિઃસ્પૃહ થાય છે, માટે નિર્લેપાષ્ટક પછી નિઃસ્પૃહાષ્ટક કહેવામાં આવ્યું છે.

નિઃસ્પૃહી સંતો સદા સુખી હોય છે. પરસ્પૃહા રાખનાર સદા દુઃખી હોય છે. પરસ્પૃહા એ ભવની આંખ છે, દુર્ગતિની પાંખ છે, માટે તેનો ઉચ્છેદ કરવામાં જ આત્માનું હિત છે.

આ અષ્ટક કહે છે કે આત્મામાં શું નથી કે જેથી બીજે હાથ માંડવો પડે, યાચના કરવી પડે. આત્મામાં અનંત ઐશ્વર્ય છે, તેના ભોક્તા બનવા માટે આત્મરતિવાન બનીને પરસ્પૃહાના નાગપાશથી છૂટવું જોઈએ.

## (૧૩) મૌનાષ્ટક :

નિઃસ્પૃહ મનુષ્ય જગતના તત્ત્વનું મનન કરે છે, તેથી તે મુનિ છે. માટે નિઃસ્પૃહાષ્ટક પછી મૌનાષ્ટક કહ્યું છે.

કેવળ ન બોલવું એ મૌનની તાત્ત્વિક વ્યાખ્યા નથી. મનુષ્ય ભલે જિહ્વાથી ન પણ બોલે પણ મનથી અસત્ સંકલ્પ–વિકલ્પ કર્યા કરે તો તે મૌની ગણાતો નથી. મૌન શબ્દને જેટલો સંબંધ તન અને વચન સાથે છે, તેના કરતાં અધિક સંબંધ મન સાથે છે. એટલે જ તન–વચનની સાથે

મનથી પણ આત્મામાં જ રમણતા કરતા મુનિઓ સદા મૌની ગણાય છે. પુદ્ગલને વિષે મન, વચન અને કાયાની પ્રવૃત્તિ ન થવા દેવી એ જ તાત્ત્વિક મૌન છે. મૌનનું અદ્ભુત રહસ્ય આ અષ્ટકમાં છે.

## (૧૪) વિદ્યાષ્ટક :

મૌન–મુનિપણાનું કારણ વિદ્યા અર્થાત્ તત્ત્વજ્ઞાન છે, તેથી મૌનાષ્ટક પછી વિદ્યાષ્ટક કહેવામાં આવ્યું છે.

સદા શાશ્વત એવા આત્માના ગુણો પ્રતિ સ્નેહને જગાડે તે વિદ્યા. અનિત્ય પદાર્થોમાં નિત્યપણાની બુદ્ધિ જાગૃત કરી અનાત્મ પદાર્થોમાં સ્નેહ જગાડે તે અવિદ્યા.

વિદ્યા એટલે સન્મતિ, સમ્યગ્દૃષ્ટિ. આ દૃષ્ટિ પ્રાપ્ત થયા પછી હરહાલતમાં આત્માનું આકર્ષણ આત્માના ગુણો તરફ જ હોય છે, અનાત્મભાવના આકર્ષણ તેના મંદ પડી જાય છે. શરીરના સુંદર રૂપ કરતાં આત્માના ગુણ તરફ તેનું ખેંચાણ વધુ રહે છે. વિદ્યા એ આત્માના જ્ઞાન ગુણનું જ અંગ છે. આ અષ્ટકમાં વિદ્યા અને અવિદ્યાનું સ્વરૂપ યોગસૂત્રને અનુસરીને કરવામાં આવ્યું છે.

## (૧૫) વિવેકાષ્ટક :

જે વિદ્યાવાન હોય છે, તે જ શરીર, કર્મ અને આત્માના ભેદ–જ્ઞાનરૂપ વિવેકને પ્રાપ્ત થયેલો હોય છે, તેથી વિદ્યાષ્ટક પછી વિવેકાષ્ટક કહેવામાં આવ્યું છે. જીવ અને

અજીવનું જે ભેદજ્ઞાન છે તેનું નામ વિવેક છે. સારાસારના વિવેક વડે જીવન શોભે છે. આત્મા માટે શું હિતકર અને અહિતકર છે તેનો નિર્ણય વિવેક વડે કરી શકાય છે. હિતકર ગ્રહણ કરવું અને અહિતકર છોડી દેવું તે વિવેકવંતનું લક્ષણ છે. આ વિવેક ગુણના પ્રકાશમાં ચાલનારનું આત્મહિત જળવાઈ રહે છે અને લોકમાં પણ ધર્મની પ્રભાવના થાય છે. આ અષ્ટક મુખ્યત્વે આત્મવિવેકનો બોધ આપે છે. આત્મા સાથે આત્મીયતાપૂર્ણ વ્યવહાર રાખવાથી જ પરમાત્માની આજ્ઞાનું પાલન શક્ય બને છે.

## (૧૬) મધ્યસ્થાષ્ટક :

દેહાદિ અને આત્માના ભેદજ્ઞાનરૂપ વિવેકની પ્રાપ્તિમાં મધ્યસ્થપણું કારણ છે. રાગને અને દ્વેષને બન્નેને બન્ને પડખે રાખી તેની વચ્ચે રહેવું તે મધ્યસ્થપણું છે, એટલે વિવેકાષ્ટક પછી મધ્યસ્થાષ્ટક કહ્યું છે. જ્યાં સ્યાદ્વાદ પરિણતિ હોય ત્યાં મધ્યસ્થપણું હોય. મૈત્રી પ્રમોદ અને કારુણ્ય એ ત્રણે ભાવનાઓનો પરિપાક તે મધ્યસ્થ ભાવના. કોઇના પણ પક્ષકાર બન્યા વિના જેનું વચન યુક્તિયુક્ત હોય તેને સ્વીકારે, તે મધ્યસ્થ બુદ્ધિવાળા કહેવાય છે અને જે યુક્તિ આત્માનુસંધાનમાં સહાયક છે, રાગદ્વેષને ટાળવામાં સહાયક છે તે જ યુક્તિ છે. બાકી બધી કુયુક્તિ છે. આ અષ્ટક કહે છે કે કોઈ પણ વિષયમાં સર્વત્ર અસદાગ્રહનો ત્યાગ કરી શ્રી જિનવચનના જ આરાધક બનો.

## (૧૭) નિર્ભયાષ્ટક :

મધ્યસ્થ મનુષ્ય ભયરહિત હોય છે તેથી મધ્યસ્થાષ્ટક પછી નિર્ભયાષ્ટક કહ્યું છે. જ્યાં બે છે ત્યાં ભય છે. પર-પદાર્થનો સંગ ભય પેદા કરે છે. જ્યાં ભય છે ત્યાં અશાન્તિ છે. કેવળ આત્મસ્વભાવમાં મગ્ન મહાત્મા સદા અભય અનુભવે છે. જ્યાં અભય છે ત્યાં શાન્તિ છે, આનંદ છે. ચાર સંજ્ઞાઓમાં એક ભયસંજ્ઞા છે, તે આત્માને ચંચળ બનાવે છે. પરમાત્મના સ્વરૂપમાં મગ્ન આત્મા જ આ ભયસંજ્ઞારૂપી વળગાડથી મુક્ત બની શકે છે. ભય કોને ? ભય શા માટે ? તેનું ચિંતન કરીને ભયમુક્ત થવાનો શ્રેષ્ઠ ઉપાય આ અષ્ટકમાં બતાવવામાં આવ્યો છે.

## (૧૮) અનાત્મશંસાષ્ટક :

નિર્ભય મનુષ્ય આત્મપ્રશંસાથી રહિત હોય છે, કારણ કે તેને પોતાના ઉત્કર્ષ અને પરના અપકર્ષની કલ્પના પણ હોતી નથી. માટે નિર્ભયાષ્ટક પછી અનાત્મશંસાષ્ટક કહ્યું છે.

બીજાના ગુણની અનુમોદના—પ્રશંસા કરવી તે આપણો ધર્મ છે, પણ પોતાના ગુણની પ્રશંસા ઇચ્છવી તે આત્મ વિકાસના પંથમાં બાધક છે. ગુણવાનની બીજા સ્વયમેવ પ્રશંસા કરવાના છે. ગુણથી ભરેલા સંતો વગર જાહેરાતે પણ જગતમાં પૂજાય જ છે. આત્મ સ્વભાવમાં સુસ્થિર

આત્માઓ આત્મપ્રશંસા તેમ જ પરાપકર્ષક ઉભયથી પર હોય છે. આવી ઉચ્ચ અવસ્થાની પ્રાપ્તિનો ઇલાજ આ અષ્ટકમાં છે.

## (૧૯) તત્ત્વદૃષ્ટિ અષ્ટક :

જ્યાં સુધી મનુષ્યને તત્ત્વદૃષ્ટિ પ્રાપ્ત થઈ નથી ત્યાં સુધી જ તે આત્મપ્રશંસા કરે છે. તત્ત્વદૃષ્ટિ પ્રાપ્ત થયા પછી શરીર આદિ પરપર્યાય વડે પોતાના ઉત્કર્ષથી કલ્પના થતી નથી તેથી અનાત્મશંસાષ્ટક પછી તત્ત્વદૃષ્ટિ અષ્ટક કહેવામાં આવ્યું છે

જોવું એ આંખનો વિષય છે, તેથી બાહ્ય રૂપાદિ પ્રત્યે નજર પડી જવી તે સ્વાભાવિક છે. જોવા માત્રથી કર્મબંધ થતો નથી, પણ તે રૂપાદિમાં લોભાઈને રાગી-દ્વેષી બનવું તે કર્મબંધનનું કારણ છે. કામિનીનું ગમે તેટલું સુંદર રૂપ પણ આત્માના રૂપ પાસે રાખના ઢગલા જેવું છે. તત્ત્વ દૃષ્ટિવાળાને આત્મા સિવાય ક્યાંય રતિ થતી નથી. આ અષ્ટક કહે છે કે જગતને આત્માની દૃષ્ટિએ નિહાળવામાં જ ખરો આનંદ છે.

## (૨૦) સર્વસમૃદ્ધ્યષ્ટક :

બાહ્યદૃષ્ટિનો પ્રચાર બંધ પડે છે અને આંતરદૃષ્ટિ એટલે કે તત્ત્વદૃષ્ટિ જાગૃત થાય છે ત્યારે અંતરમાં સર્વ સમૃદ્ધિ પ્રગટ થાય છે તેથી તત્ત્વદૃષ્ટિ પછી સર્વસમૃદ્ધ્યષ્ટક કહેવામાં આવ્યું છે.

બાહિર દૃષ્ટિ દેખતાં, બાહિરમન ધાવે;
અંતર દૃષ્ટિ દેખતાં, અક્ષય પદ પાવે.

સર્વ શ્રેષ્ઠ સમૃદ્ધિ આત્મામાં છે, બહાર નથી. ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતારૂપ સમાધિ તે જ મુનિનું નંદનવન છે. આ નંદનવનમાં મહાલનાર મુનિ સદા સુખી છે. ઇન્દ્રની સમૃદ્ધિ કાળક્રમે નાશ પામનારી છે, આત્માની સમૃદ્ધિ અવિનાશી છે. આત્મામાં અપાર સમૃદ્ધિ છે. આત્મામાં સ્થિર થવાથી તે સમૃદ્ધિ પ્રગટ થાય છે. બાહ્ય સમૃદ્ધિ ભોગવવાથી જે સુખાદિનો અનુભવ થાય છે, તે આત્મિક ગુણોરૂપ સમૃદ્ધિથી સાંપડતા સુખ, શાન્તિ, આનંદ અને સંતોષના મહાસાગરની તુલનામાં એક બિન્દુ તુલ્ય પણ નથી.

આત્માના ઘરમાં વસવાથી જ અખંડ આનંદની પ્રાપ્તિ થાય છે એ આ અષ્ટકનો સાર છે.

## (૨૧) કર્મવિપાકચિન્તનાષ્ટક :

કર્મ વિપાકનું ચિંતન કરનારો જે આત્મા હૃદયમાં સમભાવ ધારણ કરે છે, તે જ આત્મા સર્વ સમૃદ્ધિનું પાત્ર બને છે તેથી સમૃદ્ધ્યષ્ટક પછી કર્મવિપાકચિન્તનાષ્ટક કહ્યું છે.

કર્મના ખેલ નિરાળા છે. ઘડીકમાં તે હસાવે છે, ઘડીકમાં રડાવે છે. રંકને રાય બનાવે છે, રાયને રંક બનાવે છે. કર્મ ઉચ્ચ–નીચને જોતું નથી, રાત દિવસ પણ જોતું નથી. શુભકર્મનું સારું ફળ મળે છે, અશુભકર્મનું માઠું ફળ મળે છે. કર્મવિપાકને ચિંતવતો આત્માર્થી

કર્મના ખેલ જોઈને હર્ષ કે ઉદ્વેગ ધારણ કરતો નથી, પણ સર્વ અવસ્થામાં પોતાના આત્માને સદા સમભાવમાં રાખવા પ્રયત્નશીલ રહે છે. હરહાલતમાં સમભાવને ધારણ કરવો તે કર્મને હણવાનો શ્રેષ્ઠ ઉપાય છે. આ અષ્ટકનો એ મુખ્ય સાર છે.

## (૨૨) ભવોદ્‌વેગાષ્ટક :

કર્મ વિપાકનું ચિંતન કરતો જ્ઞાની સંસારથી ઉદ્વિગ્ન થાય છે અને સર્વ પ્રયત્ને સંસારસમુદ્રને તરી જવાના ઉપાયને તે ઇચ્છે છે, તેથી કર્મવિપાકચિન્તનાષ્ટક પછી ભવોદ્વેગાષ્ટક કહ્યું છે.

જ્યાં જન્મ છે, જરા છે, રોગ છે, શોક છે, સંતાપ છે, રાગ છે, દ્વેષ છે, ક્રોધ છે, દ્રોહ છે, ઈર્ષ્યા છે, અસૂયા છે, અજંપો છે, અનિશ્ચિતતા છે, પારાવાર પરાધીનતા છે અને અંતે મરણ છે, તેનું નામ સંસાર છે. સમજુ માણસને આ સંસાર ભયંકર કેદખાના જેવો ભાસે છે. કેદીને ગમે તેવું સ્વાદિષ્ટ ભોજન આપવામાં આવે પણ તે તેને સ્વાદિષ્ટ લાગતું નથી, કારણ કે તેને બંધનનું દુઃખ છે. ભવના બંધન વિષે પ્રીતિ એટલે પોતાની બેડીને જ મજબૂત કરવા જેવું અવિચારી કૃત્ય.

આ અષ્ટક ભવના બંધનને ફગાવી દેવા અને આત્માને ભવબંધનથી મુક્ત કરવાની પ્રબળ પ્રેરણા આપે છે.

## (૨૩) લોકસંજ્ઞાત્યાગાષ્ટક :

સંસારથી ઉદ્વિગ્ન થયેલ જ્ઞાની પુરુષ લોક સંજ્ઞામાં આસક્ત હોતો નથી, પરંતુ તે લોકોત્તર સ્થિતિમાં મગ્ન હોય છે, તેથી ભવોદ્વેગાષ્ટક પછી લોકસંજ્ઞાત્યાગાષ્ટક કહ્યું છે.

ધર્મ લોકરંજન માટે કરવાનો નથી, અર્થાત્ લોકને નજર સામે રાખીને ધર્મ કરવાનો નથી. પ્રભુની આજ્ઞાને નજર સન્મુખ રાખીને ધર્મ કરવાનો છે. ધર્મનો સંબંધ પ્રભુની આજ્ઞાની સાથે છે.

ધર્મમાં લોકસાક્ષીની જરૂર નથી. મોટા ભાગે લોક તો અજ્ઞાની હોય છે, માટે ધર્મ આત્મ સાખે કરવાનો છે. શાસ્ત્રની આંખે કરવાનો છે. દેવ, ગુરુની સાક્ષીએ કરવાનો છે. તેમાં જ સાચો આત્માનંદ છે, એમ આ અષ્ટક જણાવે છે.

## (૨૪) શાસ્ત્રાષ્ટક :

લોકસંજ્ઞાનો ત્યાગ કરનાર શાસ્ત્ર સાપેક્ષ હોય છે, તેથી લોકસંજ્ઞાત્યાગાષ્ટક પછી શાસ્ત્રાષ્ટક કહ્યું છે.

આપ્ત પુરુષોનું વચન તે શાસ્ત્ર કહેવાય છે અને જે રાગ, દ્વેષ, મોહથી સર્વથા રહિત હોય તે આપ્ત કહેવાય છે.

આવા આપ્ત પુરુષોનાં વચનરૂપ શાસ્ત્રની આંખે જે જોનારા, બેસનારા, ચાલનારા, આચાર પાળનારા સાધુઓ, જગતના જીવોના સાચા ઉપકારી છે.

શ્રી જિનવચનને આગળ રાખીને ધર્મકરણી કરનારા જ મોક્ષમાર્ગમાં નિર્વિઘ્ને આગળ વધે છે. જિનવચનની ઉપેક્ષા કરનારા વિકટ ભવઅટવીમાં અટવાયા કરે છે. શાસ્ત્રને સર્વેસર્વા માનનાર જ સાચા આરાધક છે એમ આ અષ્ટક જણાવે છે.

## (૨૫) પરિગ્રહત્યાગાષ્ટક :

શાસ્ત્રાજ્ઞા સાપેક્ષ પુરુષ મૂર્છારૂપ પરિગ્રહથી મુક્ત હોય છે, માટે શાસ્ત્રાષ્ટક પછી પરિગ્રહત્યાગાષ્ટક કહ્યું છે.

પરિગ્રહ નામનો ગ્રહ કોઈ અપૂર્વ ગ્રહ છે. તેની સત્તા સમગ્ર વિશ્વ ઉપર છવાયેલી છે. આ ગ્રહના ચક્કરમાંથી છૂટનારા ખરેખર ભડવીર છે. જેમણે આત્માને ગ્રહણ કર્યો છે, તેઓ જ આ ગ્રહની અસરમાંથી મુક્ત બની શકે છે.

## (૨૬) અનુભવાષ્ટક :

મૂર્છારૂપ પરિગ્રહથી મુક્ત થયેલાને જ અનુભવ થાય છે, માટે પરિગ્રહત્યાગાષ્ટક પછી અનુભવાષ્ટક કહ્યું છે.

અનુભવ જ્ઞાનના ગુણ ઘણા છે, તેની મીઠાશ અલૌકિક છે. અનુભવને માટે કહેવાયું છે કે—

"અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ;
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ સિદ્ધસ્વરૂપ".

તે યથાર્થ છે. આત્માને પામવાની, અનુભવવાની લગની જેમને લાગી છે તેઓ મહાભાગ્યશાળી છે.

આત્મા ઇન્દ્રિયાદિથી ગોચર નથી, તેથી આત્માની અનુભૂતિનો પ્રશ્ન ભલભલા ચિંતકોને પણ મૂંઝવતો હોય છે. તેમ છતાં તેનો અનુભવ સાવ અશક્ય નથી, પણ તે માટે સજાગ અને ઊંડી આરાધનાની અપેક્ષા અવશ્ય રહે છે.

આત્માનુભૂતિની આડે આવતા આપણા સમગ્ર આત્મ પ્રદેશોમાં પડેલા કર્મ કચરાની સાફસૂફી કરવી પડે. તે માટે પરમાત્માની આજ્ઞાનું પાલન અને પરમાત્માનું ધ્યાન અનિવાર્ય છે. પરમાત્માના ધ્યાનમાં રંગ લાગે છે ત્યારે જ અનુભવનો પ્રારંભ થાય છે, અનુભવનો રંગ લાગે છે અને પછી આગળ વધતો તે રંગ જીવને પરમાત્મા બનાવી પૂર્ણ અનુભવી બનાવે છે.

## (૨૭) યોગાષ્ટક :

અનુભવ થવામાં યોગ કારણ છે, માટે અનુભવાષ્ટક પછી યોગાષ્ટક કહ્યું છે.

નદીના બે છેડા વચ્ચે રહેલા પુલ જેવું સ્થાન યોગનું છે. ભવસાગરમાં રહેલા આત્માને મોક્ષ સાથે જોડનાર યોગ છે.

સંસાર તરફનાં જોડાણો અટકાવીને મોક્ષ તરફનાં જોડાણો કરવાં તે યોગસાધના છે.

કંચન, કામિની, કાયા અને કીર્તિ આદિ સાથેના બાહ્ય સંબંધોના બંધન છોડવાં અને આસન, વર્ણ (શબ્દ),

અર્થ, આલંબન, એકાગ્રતા અર્થાત્ સિદ્ધસ્મરણ આદિમાં સંબંધ સ્થાપવો તે યોગ છે અને એ યોગ ભવનો વિયોગ કરવાનો સચોટ ઉપાય છે.

યોગની માર્મિક વાતો આ અષ્ટકમાં છે. તેનો સાર એ છે કે સંસાર વધારનારા યોગોથી દૂર રહી મુક્તિદાયક યોગોની સાધનાના પુરુષાર્થમાં સદા દત્તચિત્ત રહેવું.

## (૨૮) નિયાગાષ્ટક :

યોગીને બ્રહ્માગ્નિમાં કર્મને હોમવાના હોય છે, તેથી યોગાષ્ટક પછી નિયાગ અષ્ટકને કહ્યું છે. દ્રવ્યયજ્ઞ એટલે યાગ અને ભાવયજ્ઞ એટલે નિયાગ. યોગીને ભાવયજ્ઞ હોય છે.

શાસ્ત્રોક્ત દ્રવ્ય અને ભાવ ભક્તિથી કર્મોનો નાશ થાય છે, તે જ ભાવયજ્ઞ છે તેમ જ ધ્યાનાગ્નિમાં ક્રોધાદિ કષાયોનો હોમ કરવો તે ભાવયજ્ઞ છે. જિનભક્તિમાં પ્રવીણ સચેતન આત્માઓ આ પ્રકારના યજ્ઞમાં હોમવા જેવાં સર્વ પાપોને હોમતા રહે તે આ અષ્ટકનો સાર છે. આત્મા આત્માને સંપૂર્ણ રીતે આત્મારૂપે પામે ત્યાં સુધી આ ભાવયજ્ઞ ચાલુ રાખવાનો છે, તેથી આત્માને અપાર આનંદનો અનુભવ થશે.

## (૨૯) પૂજાષ્ટક :

ભાવયજ્ઞને પ્રાપ્ત થયેલાને ભાવપૂજા હોય છે, તેથી નિયાગાષ્ટક પછી પૂજાષ્ટક કહ્યું છે.

આ અષ્ટકમાં ઉપમાપૂર્વક ભાવપૂજાનું પ્રેરક વર્ણન છે. પ્રત્યેક ઉપમા આપણા ભાવને વધારે છે, શુદ્ધ કરે છે.

દયારૂપી જળ, સંતોષરૂપી ઉજ્જવળ વસ્ત્ર, વિવેકરૂપી તિલક, શ્રદ્ધારૂપી કેસર, નવવિધ બ્રહ્મચર્યરૂપી નવ અંગ અને પૂજવાના છે આત્મારૂપી દેવને. કેટલી સરસ અને સમુચિત કલ્પના. આ વાત ભાવપૂજાની છે.

આ કક્ષા પ્રભુની દ્રવ્ય પૂજા કરતાં કરતાં આવે છે. ન્યાયોપાર્જિત દ્રવ્યથી શુદ્ધ ચિત્તે વિશ્વોપકારી શ્રી જિનેશ્વર દેવની પૂજા-ભક્તિ કરવાથી જે ભાવોલ્લાસ પ્રગટે છે, તે આરાધકને ઉચ્ચ અવસ્થાએ લઈ જાય છે અને તેને ભાવ-પૂજાને યોગ્ય મુનિપણાની પ્રાપ્તિ કરાવે છે.

પોતપોતાની ભૂમિકામાં રહીને નિષ્ઠાપૂર્વક શ્રી જિનેશ્વર પરમાત્માની પૂજા કરવી તે આ અષ્ટકનો સાર છે.

## (૩૦) ધ્યાનાષ્ટક :

ભાવપૂજામાં લીન થયેલાને ધ્યાન હોય છે, તેથી ભાવપૂજાષ્ટક પછી ધ્યાનાષ્ટક કહ્યું છે.

ધ્યાન એ અધ્યાત્મનું ઉચ્ચ શિખર છે. વ્રતો અને નિયમો તેમાં સહાયક છે.

ધ્યાતા તે અંતરાત્મા, ધ્યેય તે પરમાત્મા, પંચ પરમેષ્ઠિ અથવા નવપદજી, અને ધ્યેયમાં ધ્યાતાની એકાગ્રતાની બુદ્ધિ તે ધ્યાન છે.

અંતરાત્મામાં પરમાત્મભાવને પામવાની જ્યારે પ્રબળ ઝંખના–તીવ્ર તાલાવેલી પેદા થાય છે ત્યારે આવું ધ્યાન આવે છે. આવું ધ્યાન ધરવાની શ્રેષ્ઠ તક માત્ર માનવભવમાં જ મળે છે. શક્ય પ્રયત્ન કરી પાત્રતા કેળવી તેને ઝડપી લેવી તેમાં માનવભવની સાચી સાર્થકતા છે

## (૩૧) તપોષ્ટક :

ધ્યાનનિષ્ઠ મનુષ્યને કર્મને તપાવનાર જ્ઞાનરૂપ તપ હોય છે, તેથી ધ્યાનાષ્ટક પછી તપ અષ્ટક કહ્યું છે.

કર્મોને ભસ્મીભૂત કરનાર હોવાથી તપ એ જ્ઞાન જ છે. અભ્યંતર તપ શ્રેષ્ઠ છે અને એ અભ્યંતર તપની વૃદ્ધિ કરનારા ઉપવાસ આદિ બાહ્ય તપ પણ અવશ્ય કરણીય છે. જે તપમાં બ્રહ્મચર્ય વધે, ભગવાનની પૂજા થાય, કષાયોનો નાશ થાય અને અનુબંધ સહિત શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા પ્રવર્તે તે તપ શુદ્ધ તપ કહેવાય છે.

તપનો અગ્નિ ગમે તેવાં કર્મોને બાળે છે અને આત્માને નિર્મળ બનાવે છે. આત્માને નિર્મળ બનાવવાના લક્ષ્યપૂર્વક બાહ્ય તેમ જ અભ્યંતર તપ અવશ્ય આદરવો જોઈએ, એમ આ અષ્ટક જણાવે છે.

## (૩૨) સર્વનયાશ્રયણાષ્ટક :

તપસ્વી સર્વનયાશ્રિત થઈ ચારિત્રના ગુણમાં લીન થાય છે, તેથી તપ અષ્ટક પછી સર્વનયાશ્રયણાષ્ટક કહ્યું છે.

જે ચારિત્ર ગુણમાં લીન છે, તે સર્વનયના ધારક હોય છે. સમવૃત્તિવાળા, સર્વનયાશ્રિત જ્ઞાની અનુપમ આત્મસુખનો આસ્વાદ કરે છે. સર્વનયના જાણનારાઓનું તટસ્થપણું લોકમાં ઉપકારરુપ થાય છે. કોઈ એક જ નયને એકાંતે વળગી રહેવું તે મૂઢતા છે. તેનાથી વ્યર્થ વિડંબના થાય છે. રાગદ્વેષ વધે છે.

જે મહાપુરુષોએ સર્વનયાત્મક સ્યાદ્વાદ ગર્ભિત પ્રવચન લોકમાં પ્રકાશિત કર્યું છે અને જેઓના ચિત્તને વિષે આ પ્રવચન પરિણામ પામેલું છે, તેઓને વારંવાર નમસ્કાર હો !

નિશ્ચયનય એના સ્થાને જેટલો ઉપકારક છે, તેટલો જ ઉપકારક વ્યવહારનય એના સ્થાને છે. સાધકોની ભૂમિકા મુજબ નયની મુખ્યતા ગૌણતા હોય છે. છઠ્ઠા ગુણઠાણા સુધી વ્યવહારની પ્રધાનતા છે. સાતમા ગુણઠાણા પછી નિશ્ચયની મુખ્યતા છે. એટલે એકાંતે કોઈ એક નય વિશેષનો પક્ષ છોડીને સર્વ નયોનો સમ્યક્ સમવતાર કરવો તે પ્રવચન પ્રેમીનું લક્ષણ છે.

સંઘસ્થવિર પૂ. શ્રી બાપજી મ. સા.ના સમુદાયના વાત્સલ્યવારિધિ સચ્ચારિત્રસંપન્ન, પૂજ્યપાદ આચાર્ય દેવ

શ્રીમદ્ વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજશ્રીએ જ્ઞાનસાર ગ્રન્થ ઉપર સુંદર વિવેચન ગુજરાતી ભાષામાં તૈયાર કર્યું છે, જે વિવેચન આ ગ્રન્થમાં પ્રગટ થયું છે.

એ લખાણ તૈયાર થયા પછી તેઓશ્રી શાસનહિતનાં અનેક કાર્યોમાં રોકાયેલા હોઈ તેની વ્યવસ્થિત પ્રેસ કોપી તૈયાર કરી આપવા તથા પ્રૂફ સંશોધન આદિનું કાર્ય સોંપીને તેઓશ્રીએ મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. કારણ કે તે નિમિત્તે જ આ જ્ઞાનસાર ગ્રન્થનું અધ્યયન કરવાની સુંદર તક મળી અને તેથી મારા આત્માને ઘણો જ લાભ થયો છે. અને તેઓશ્રીની પ્રેરણાથી જ્ઞાનસારમાં પ્રવેશ કરવામાં ઉપયોગી બને એ રીતે જ્ઞાનસારનો ટૂંકસાર અહીં રજૂ કરવામાં આવ્યો છે.

આ "પ્રવેશ" તો માત્ર જ્ઞાનસાર ગ્રન્થની વિશિષ્ટતા પ્રત્યે અંગુલિ નિર્દેશ સમાન છે. તેનો ખરો ખ્યાલ તો જ્ઞાનસાર ગ્રન્થ અને તેના ઉપર પૂજ્યપાદ આચાર્યદેવે તૈયાર કરેલું વિવેચન સાદ્યંત એકાગ્રતાપૂર્વક વાંચવાથી આવી શકે. આ 'પ્રવેશ'ના લખાણમાં ક્યાંય પણ જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો અંગે ક્ષમા યાચું છું.

સૌ કોઇ જ્ઞાનસાર ગ્રંથના સ્વાધ્યાય દ્વારા આત્મ-કલ્યાણને સાધો એ જ મંગળ મનોકામના

શ્રીનમિનાથ જૈન દેરાસર,
૧૧, નવરંગ કોલોની,
નવરંગપુરા, અમદાવાદ-૯

કુંદકુંદસૂરિ

॥ ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः ॥

ન્યાયવિશારદ-ન્યાયાચાર્ય, શ્રીમદ્ ઉપાધ્યાયજી
શ્રીયશોવિજયજી મ. વિરચિત

# જ્ઞાનસારનો ગુજરાતી અનુવાદ

## બાલાવબોધકારનું મંગલાચરણ

**ऐन्द्रवृन्दनतं नत्वा, वीरं तत्त्वार्थदेशकम् ।**
**अर्थः श्रीज्ञानसारस्य, लिख्यते लोकभाषया ॥१॥**

અર્થ : ઇન્દ્રોના સમૂહથી પૂજાયેલા અને તત્ત્વજ્ઞાનના ઉપદેશક એવા શ્રી વીરપ્રભુને નમસ્કાર કરીને શ્રીજ્ઞાનસાર ગ્રન્થનો અર્થ હું લોકભાષામાં લખું છું.

# ૧. પૂર્ણતા અષ્ટક

ऐन्द्रश्रीसुखमग्नेन, लीलालग्नमिवाखिलम् ।
सच्चिदानंदपूर्णेन, पूर्णं जगदवेक्ष्यते ॥१॥

અર્થ : જેમ ઇન્દ્રની લક્ષ્મીના સુખમાં મગ્ન બનેલો દેવેન્દ્ર સર્વ જગતને સુખમાં મગ્ન બનેલું દેખે છે, તેમ (નિશ્ચય નયથી) સમ્યગ્‌જ્ઞાન અને ચારિત્રથી પૂર્ણ એવો (સચ્ચિદાનંદ) યોગી (સંપૂર્ણ) જગતને (સર્વ જીવોને) દર્શન, જ્ઞાન અને ચારિત્રથી પૂર્ણ દેખે છે.

ભાવાર્થ : પૂર્ણતા એટલે સંપૂર્ણ ગુણોનો (શુદ્ધ સ્વરૂપનો) પ્રાદુર્ભાવ. જીવ પોતે સ્વરૂપે અનંતગુણાત્મક છે, તેના તે ગુણો જ્યારે પૂર્ણ પ્રગટ થાય છે, ત્યારે વિશ્વના અન્ય જીવોમાં તે પ્રગટ–અપ્રગટ પણ પૂર્ણ ગુણોને જોઈ શકે છે. જેનામાં દોષ હોય છે તે બીજામાં દોષોને જુએ છે, ગુણવાન ગુણોને જુએ છે. આ ગુણદૃષ્ટિ ગુણોને પ્રગટ કરે છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. અપૂર્ણને બીજે અપૂર્ણતા દેખાય છે. આ અપૂર્ણતાનું જ્ઞાન રાગ–દ્વેષનું કારણ છે અને રાગ–દ્વેષ, જન્મ–મરણાદિ સર્વ દુઃખોનું બીજ છે, માટે પૂર્ણ થવું જરૂરી છે. જેમ અલ્પજ્ઞ ભરવાડ મળેલા હીરાના પૂર્ણ સ્વરૂપને ન જાણવાથી તેની કિંમત સમજી શકતો નથી અને ઝવેરી તેના પૂર્ણ સ્વરૂપને જાણતો હોવાથી તેની સાચી કિંમત કરે છે, તેમ પૂર્ણતાને પામેલો આત્મા વિશ્વના સર્વ જીવોના પૂર્ણ સ્વરૂપને જાણવાથી રાગ–દ્વેષને કરતો નથી. પદાર્થ માત્રનું

પૂર્ણ સ્વરૂપ જ એવું છે કે જો તેનું યથાર્થ જ્ઞાન થાય તો રાગ-દ્વેષ ટળી જાય છે. ઉદાહરણ તરીકે, માત્ર બહારથી જોતાં શરીર પ્રત્યે રાગ થાય છે, તે જ શરીરની અભ્યંતર અશુચિતા, પરિણામે અનિત્યતા વગેરે જાણતાં રાગ ઊઠી જાય છે. વળી પૂર્ણતા પ્રગટ્યા પછી રાગ-દ્વેષાદિ વિકારો અને તેના મૂળ કારણભૂત મોહ ટળી જવાથી આત્મા વીત-રાગ બને છે. વીતરાગની દૃષ્ટિ નિર્મળ અને પરિપૂર્ણ હોવાથી વિશ્વને તે પૂર્ણ સ્વરૂપે જાણે-દેખે છે. જીવ માત્રને પૂર્ણ સ્વરૂપે જાણવાથી રાગ-દ્વેષાદિ વિકારો થતા નથી. રાગ-દ્વેષાદિ અધૂરા કે અલ્પજ્ઞને થાય છે. માટે જીવને પોતાની પૂર્ણતા પ્રગટાવવી જરૂરી છે, ધર્મનું લક્ષ્ય આત્માને પરમાત્મા (પૂર્ણ) બનાવવાનું છે.

હવે આ પૂર્ણતાનું વાસ્તવિક સ્વરૂપ જણાવે છે.

**पूर्णता या परोपाधेः, सा याचितकमण्डनम् ।**
**या तु स्वाभाविकी सैव, जात्यरत्नविभानिभा ॥२॥**

અર્થ : પરાયી વસ્તુથી જે પૂર્ણતા છે, તે માગી લાવેલા (પરાયાં) ઘરેણાં જેવી (અનિત્ય) કાલ્પનિક છે, પરંતુ જે સ્વભાવજન્ય પૂર્ણતા છે, તે જ ઉત્તમ રત્નોની કાન્તિ જેવી (નિત્ય-સુખપ્રદ) છે.

ભાવાર્થ : પૂર્ણતા બે પ્રકારની છે : એક કાલ્પનિક, અને બીજી વાસ્તવિક. તેમાં કાલ્પનિક પૂર્ણતા માગી લાવેલાં પરાયાં ઘરેણાંની શોભા જેવી છે અને તે પરિણામે દુઃખદાયી છે. વાસ્તવિક પૂર્ણતા સ્વભાવરૂપ છે, તે જ કદાપિ નાશ

નહિ પામતી જાતિવંત રત્નની સહજ કાન્તિની જેમ નિત્ય રહેનારી છે, તે જ સુખપ્રદ છે, માટે સુખના અર્થીએ પોતાના સ્વભાવને–ગુણોને પૂર્ણ પ્રગટ કરવા પ્રયત્ન કરવો જોઈએ. વસ્તુતઃ પર–જડ પદાર્થની મમતાથી મુક્ત થવાનો પ્રયત્ન, એ જ નિજ ગુણોને પ્રગટ કરવાનો સાચો પ્રયત્ન છે. એ જ વાત હવે કહેવાય છે.

अवास्तवी विकल्पैः स्यात्पूर्णताऽब्धेरिवोर्मिभिः ।
पूर्णानन्दस्तु भगवान्, स्तिमितोदधिसन्निभः ॥३॥

અર્થ : જેમ સમુદ્રની તરંગોથી (વધેલી) ભરતીરૂપ પૂર્ણતા અવાસ્તવિકી એટલે મિથ્યા (નાશવંત) છે, તેમ આત્માની પણ વિકલ્પજન્ય (માનેલી) પૂર્ણતા મિથ્યા (અસત્) છે. શુદ્ધ સ્વભાવવાળો પૂર્ણઆનન્દમય ભગવાન (શુદ્ધ આત્મા) તો સ્થિર સમુદ્ર જેવો શાન્ત હોય છે.

ભાવાર્થ : સમુદ્રમાં ભરતી આવે છે, ત્યારે મોટાં મોટાં અનેક મોજાંઓ ઉછળે છે અને સમુદ્ર ઊભરાતો જણાય છે, પણ તે ભરતી સાચી નથી. શરીરે વધેલા સોજાની પુષ્ટતા જેમ નાશવંત અને વિકારરૂપ છે, તેમ 'હું પુણ્યવાન્, હું ધનવાન્, હું રૂપવાન્, હું સત્તાવાન્, હું પુત્રવાન્' વગેરે વિવિધ કલ્પનાજન્ય આભિમાનિક આનંદપણ સાચો આનંદ નથી, પણ તે આત્માના રોગ–વિકાર સ્વરૂપ છે, માટે તત્ત્વથી તે દુઃખદ છે. જે આત્મા નિજ પૂર્ણતાનો સહજ આનંદ ભોગવે છે, તે ભગવાન પરમાત્મા સ્થિર–શાન્ત સમુદ્ર તુલ્ય

હોય છે, તેને બાહ્ય સંયોગ-વિયોગજન્ય રાગ-દ્વેષાદિ વિકલ્પો હોતા નથી; તે સ્વાભાવિક સત્તા, જ્ઞાન અને આનંદમય હોય છે. શાશ્વત્ સુખી હોય છે. બાહ્ય રાગ-દ્વેષાદિ કે તજ્જન્ય જન્મ-મરણાદિ ક્લેશો તેને સ્પર્શતા નથી.

जागर्ति ज्ञानदृष्टिश्चेत् , तृष्णाकृष्णाहिजाङ्गुली ।
पूर्णानन्दस्य तत् किं स्याद्दैन्यवृश्चिकवेदना ? ॥४॥

અર્થ : જો ગારુડી-મદારીના મંત્રતુલ્ય તૃષ્ણારૂપી કાળી નાગણના ઝેરનો નાશ કરનાર તત્ત્વજ્ઞાનરૂપી દૃષ્ટિ જાગૃત (ખુલ્લી) છે, તો તે પૂર્ણતાનો આનંદ ભોગવનાર જ્ઞાનીને દીનતારૂપ વીંછીના ડંખની વેદના કેમ થાય ? અર્થાત્ ન જ થાય.

ભાવાર્થ : ઇષ્ટ પદાર્થ ન મળવાની દીનતા તેને જ થાય કે જેના ચિત્તમાં જડ-બાહ્ય પદાર્થો મેળવવાની તૃષ્ણાના તરંગો ઊઠતા હોય. આત્મસ્વરૂપનો જ્ઞાતા પોતાના આત્મામાં અનંત ગુણોનો ખજાનો જોઈ શકે છે, તે ગુણોનું દર્શન-જ્ઞાન થયા પછી બાહ્ય વસ્તુની ઇચ્છા-તૃષ્ણા મૂળમાંથી જ નાશ પામે છે. જેને આવી તૃપ્તિ હોય, તેને તે તે વસ્તુ ન મળવાની દીનતા તો થાય જ કેમ ? જેને કાળી નાગણના પણ ઝેરનો નાશ કરનારી જડીબુટ્ટી મળી હોય, તેને વીંછીનું ઝેર તો પીડે જ કેમ ? અર્થાત્ જેને આત્મસ્વરૂપનું જ્ઞાન નથી, સ્વ-પરનો વિવેક નથી, તેને જ બાહ્ય જડ પદાર્થો મેળવવાની ઇચ્છા થાય છે અને એ ઇચ્છા અપૂર્ણ જ રહેતી હોવાથી તેને દીનતાનું દુઃખ થાય છે. માટે જ આત્મજ્ઞાન-સ્વ-

પરનો વિવેક આવશ્યક છે, અનિવાર્ય છે. તેના અભાવે જ જીવ સંસારની વિવિધ યાતનાઓથી પીડાય છે. દરિદ્રને ત્યાં સુધી જ દીનતા પીડે છે કે પોતાના ઘરમાં રહેલો અખૂટ ખજાનો તેણે જોયો નથી, એમ જીવને ત્યાં સુધી જ દીનતાનું દુઃખ છે કે તેણે પોતાના અનંત શાશ્વત ગુણોરૂપ પૂર્ણ ખજાનો જોયો નથી. એ ગુણોનું ભાન થયા પછી પર–બાહ્ય પદાર્થની ઇચ્છા જ થતી નથી અને ઇચ્છાના અભાવે દીનતા પણ થતી નથી.

**पूर्यन्ते येन कृपणास्तदुपेक्षैव पूर्णता ।**
**पूर्णानन्दसुधास्निग्धा, दृष्टिरेषा मनीषिणाम् ॥५॥**

અર્થ : જે બાહ્ય ધન–ધાન્યાદિના યોગે કૃપણ પુરુષો પૂર્ણ થાય છે, તે ધન–ધાન્યાદિ બાહ્ય પદાર્થોની ઉપેક્ષા, એ જ જ્ઞાનીઓને પૂર્ણતા છે. એવી પૂર્ણતાના આનંદરૂપ અમૃતથી ભીંજાયેલી દૃષ્ટિ તત્ત્વજ્ઞાનીઓની હોય છે.

ભાવાર્થ : અજ્ઞાની કૃપણ પુરુષો ધન–ધાન્યાદિ બાહ્ય વસ્તુની પ્રાપ્તિથી તૃપ્તિ માને છે, મેળવ્યાનો આનંદ અનુભવે છે અને વસ્તુનો વિયોગ થતાં અતિ ઘણાં દુઃખોથી પીડાય છે. એ દુઃખોથી પૂર્વે ભોગવેલો આનંદ તો અતિ અલ્પતર હોય છે, એવું જાણનાર જ્ઞાની પુરુષ તે ધન–ધાન્યાદિની ઉપેક્ષામાં જ પૂર્ણતાનો અપૂર્વ આનંદ-અનુભવે છે. તત્ત્વજ્ઞ પુરુષોની દૃષ્ટિ આવી પૂર્ણતાના આનંદરૂપ અમૃતથી સીંચાયેલી (રાગ–દ્વેષાદિ રોગોથી રહિત નિર્વિકારી) હોય છે.

अपूर्णः पूर्णतामेति, पूर्यमाणस्तु हीयते ।
पूर्णानन्दस्वभावोऽयं, जगदद्भूतदायकः ॥६॥

**અર્થ** : જે ધન-ધાન્યાદિ બાહ્ય ભાવોથી મુક્ત બને છે, તે અભ્યંતર જ્ઞાનાદિ ગુણોની પૂર્ણતાને પામે છે અને જે ધન-ધાન્યાદિ બાહ્ય વસ્તુથી પોતાને પૂર્ણ કરતો હોય છે, તે (જ્ઞાનાદિ ગુણોથી) હીન થાય છે. પૂર્ણતામાં આનંદ અનુભવનાર આત્માનો આ સ્વભાવ જગતને આશ્ચર્ય ઉપજાવે તેવો છે.

**ભાવાર્થ** : અપૂર્ણ એટલે ધન-ધાન્યાદિ બાહ્ય વસ્તુથી રહિત ત્યાગી-વિરાગી આત્મા, ઉત્તરોત્તર જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે આત્માના ગુણોથી પૂર્ણ થતો રહે છે. જેમ ત્યાગ-વૈરાગ્ય અધિક તેમ નિજ ગુણોનો પ્રાદુર્ભાવ અધિક થાય છે અને પરિણામે પૂર્ણતાને પામે છે. તેથી વિરુદ્ધ જે ધન-ધાન્યાદિ બાહ્ય પદાર્થોના સંગ્રહથી પૂર્ણ (તૃપ્ત) થવા પ્રયત્ન કરે છે, તેના આત્મિકગુણો ઘટતા જાય છે. આ પૂર્ણતાના આનંદને ભોગવનારા આત્માનો સ્વભાવ સંસારી જીવોના સ્વભાવથી વિલક્ષણ હોવાથી અજ્ઞ જીવોને આશ્ચર્ય ઉપજાવે તેવો છે. રાગીની પૂર્ણતા એ તત્ત્વથી શૂન્યતા છે અને વિરાગીની શૂન્યતા એ તત્ત્વથી પૂર્ણતા છે. માટે જ પુણિયા શ્રાવકની પરમાત્માએ પ્રશંસા કરી હતી. આ ઉપદેશ એમ **કહે છે કે જો પૂર્ણ થવું છે, તો બહારથી અપૂર્ણ બનો! બાહ્ય ભાવોનો જેટલો ત્યાગ-વૈરાગ્ય કરશો તેટલા અંદરથી ભરાશો. મેળવવું, સંઘરવું વગેરે બહારનો ઉદ્યમ છોડી**

દેશો તો અંતરમાં આત્મલક્ષ્મીનો ખજાનો ખૂલી જશે, બાહ્ય કુટુંબ અને બાહ્ય ગણાતા તમામ સંબંધો છોડશો તો અંતરનું ક્ષમાદિ કુટુંબ અને અંતરનો જ્ઞાનાદિ વિશાળ ખજાનો પ્રગટ થશે. બહાર ખીસું ખાલી હશે તો અંદરનો આત્માનો કોઠાર ઊઘડી જશે. આ છે સાચી પૂર્ણતા પ્રાપ્ત કરવાનો સાચો ઉપાય !

બાહ્ય પૂર્ણતા કુટિલ પત્ની જેવી પતિનો દ્રોહ કરનારી છે. અંતરની પૂર્ણતા સતી પત્નીની જેમ કદાપિ પતિને છોડતી નથી, દ્રોહ કરતી નથી, એકાન્તે આત્માને આનંદ આપે છે.

परस्वत्वकृतोन्माथा, भूनाथा न्यूनतेक्षिणः ।
स्वस्वत्वसुखपूर्णस्य, न्यूनता न हरेरपि ॥७॥

**અર્થ** : પરપદાર્થમાં પોતાપણાની માન્યતાથી વ્યાકુળ બનતા રાજાઓ પણ સદૈવ પોતાની ન્યૂનતાને (અધૂરાપણાને) જ જુએ છે, તેથી વિરુદ્ધ આત્મલક્ષ્મીમાં જ પોતાપણાની માન્યતાના પૂર્ણ સુખને અનુભવતા આત્માને ઇન્દ્રથી પણ કંઈ ન્યૂનતા નથી.

**ભાવાર્થ** : પર-બાહ્ય પદાર્થો ગમે તેટલા મળે તો પણ તેમાં જીવને સવિશેષ તૃષ્ણા વધતી હોવાથી ધનવાનો, ક્રોડાધિપતિઓ, રાજાઓ, ચક્રવર્તીઓ અને ઇન્દ્રોને પણ પોતાને પ્રાપ્ત થયેલી સંપત્તિ ન્યૂન જ દેખાય છે, વિશેષ મેળવવાની તૃષ્ણા જ વધતી જાય છે. કારણ કે પરપદાર્થોની મમતાનો સ્વભાવ જ તૃષ્ણા વધારવાનો છે. તેથી વિપરીત આત્મગુણોરૂપ લક્ષ્મીનો સ્વભાવ સંતોષ પ્રગટાવવાનો છે,

તેથી જેમ જેમ પોતાના ગુણોરૂપ લક્ષ્મીને પ્રગટાવવાનો ભાવ વધતો જાય છે, તેમ તેમ સંતોષગુણ પણ વધતો જાય છે. આ સંતોષ જેમ જેમ વધે છે, તેમ તેમ બાહ્ય ધન-ધાન્યાદિ કંઈ પણ ન હોય તો પણ તેને ઇન્દ્રથી પણ અધિક સુખનો અવર્ણનીય અનુભવ થાય છે. માટે સુખના અર્થીએ બાહ્ય સુખ-સંપત્તિ આદિની લાલસા મૂકીને સાંસારિક પદાર્થોમાં સંતોષવૃત્તિ ધારણ કરીને પોતાના આત્મગુણોમાં મમતારૂપ સમતા પ્રગટાવવી જોઈએ. સમતા એ જ પોતાનું શુદ્ધ સ્વરૂપ છે, તેને પ્રગટાવ્યા પછી આ વિશ્વની કોઈ વસ્તુની ઇચ્છા રહેતી નથી.

બીજી રીતે સ્વજાતીય સંબંધથી સર્વ જીવો આપણા સમાન ધર્મી છે, તે સર્વ જીવો પ્રત્યે સ્વત્વ એટલે આત્મીય-ભાવ ધારણ કરવાથી તે સર્વની સંપત્તિ પોતાની બની જાય છે, તેથી કોઈની પાસેથી કંઈ પણ લેવાની ઇચ્છા થતી નથી, ઊલટું આપવાની ઇચ્છા થાય છે.

ઘરનો વડીલ ઘરના સર્વ માણસોને પોતાના માને છે, તો તેમની પાસેથી લેવાને બદલે આપવામાં તેને આનંદ થાય છે, તેમ સર્વ જીવો પ્રત્યે આત્મીયતાનો ભાવ પ્રગટે છે, ત્યારે જીવને કોઈ પ્રકારે ન્યૂનતા જણાતી નથી. ઊલટમાં બીજાનાં સુખ-સંપત્તિ જોઈને પોતાને આનંદ થાય છે. માટે બાહ્ય ધન-ધાન્યાદિમાં મમતાને નહિ કરતાં સજાતીય એવા સર્વ જીવો પ્રત્યે આત્મીયતાનો ભાવ પ્રગટ કરવો જોઈએ.

આ સ્વસંપત્તિમાં આનંદ ભોગવવાનું બળ ચરમાવર્ત-કાળમાં પ્રાપ્ત થાય છે, તે જણાવવા માટે કહે છે—

**कृष्णे पक्षे परिक्षीणे, शुक्ले च समुदञ्चति ।**
**द्योतन्ते सकलाध्यक्षाः, पूर्णानन्दविधोः कलाः ॥८॥**

**અર્થ** : કૃષ્ણપક્ષ પૂર્ણ થતાં જ્યારે શુક્લપક્ષનો ઉદય થાય છે, ત્યારે ચંદ્રની કલાઓ સર્વ પ્રત્યક્ષ પ્રકાશે છે, તેમ આત્માનો પણ પૂર્ણતાની સાધનામાં બાધક કૃષ્ણ-પક્ષ રૂપ (અચરમાવર્ત) કાળ પૂર્ણ થાય છે અને સાધનામાં સહાયક શુક્લપક્ષ રૂપ (ચરમાવર્ત) કાળ શરૂ થાય છે, ત્યારે (સ્વગુણોરૂપ) સર્વ કલાઓ પ્રત્યક્ષ ભાસે છે–પ્રગટ થવા લાગે છે.

**ભાવાર્થ** : ચંદ્રની શેષ કળાઓ બીજની ચંદ્રકલામાં તિરોહિત હોય છે, શુક્લપક્ષનો ઉદય થતાં તે દિન–દિન પ્રગટ થાય છે અને પૂર્ણિમાએ ચંદ્ર પૂર્ણસ્વરૂપે પ્રકાશે છે, તેમ જીવની સ્વગુણ સ્વરૂપ સર્વ કલાઓ જીવના ચૈતન્યમાં તિરોહિત હોય છે, તે શુક્લપક્ષ પ્રાપ્ત થતાં (કાળનો પરિ-પાક થતાં) અનુક્રમે પ્રગટ થઈને પૂર્ણતાને પામે છે. કાળનો આ પરિપાક પૂર્ણતાને પ્રગટ કરવાની તીવ્ર ભાવનાપૂર્વક દુષ્કૃતની સતત નિંદા–પશ્ચાત્તાપ અને સુકૃતની ભાવપૂર્વકની પ્રશંસા–અનુમોદનાપૂર્વક પરમાત્માને સમર્પિત થવાથી થાય છે. અને એ રીતે પૂર્ણતાને પ્રાપ્ત કરીને જીવ સચ્ચિદાનંદ-મય બની નિત્ય એકાન્ત અખંડ–અનંત સુખનો ભોગી બને છે.

આ પૂર્ણતા આત્મસ્વરૂપમાં મગ્ન થવાથી પ્રગટે છે માટે હવે મગ્નતા અષ્ટકમાં મગ્નતાનું વર્ણન કરે છે—

# ૨. મગ્નતા અષ્ટક

**प्रत्याहृत्येन्द्रियव्यूहं, समाधाय मनो निजम् ।**
**दधच्चिन्मात्रविश्रान्ति, मग्न इत्यभिधीयते ॥१॥**

**અર્થ** : વિષયોમાં આકર્ષાતા ઇન્દ્રિયોના સમૂહને વિષયોમાંથી ખેંચી લઈને (વશ કરીને) અને પોતાના મનને સમતામાં સ્થિર કરીને માત્ર ચૈતન્યમાં વિશ્રામને પામેલો આત્મા મગ્ન કહેવાય છે.

**ભાવાર્થ** : પૂર્વે જણાવી તે પૂર્ણતાને પ્રગટાવવા અધ્યાત્મમગ્નતા અનિવાર્ય છે, માટે અહીં મગ્નતાનું વર્ણન કરતાં જણાવે છે કે જે મહાત્મા, ઇન્દ્રિયોના સમૂહને બાહ્ય શબ્દાદિ વિષયોમાંથી રોકીને અને મનને સમાધિમાં સ્થિર કરીને માત્ર આત્મજ્ઞાનમાં વિશ્રાન્તિ કરે છે–એકાગ્ર બને છે, તેને મગ્ન કહેવાય છે.

અન્યાન્ય વિકલ્પોથી મન જ્યાં સુધી ચંચળ બને છે અને ઇન્દ્રિયો શબ્દાદિ પૌદ્‌ગલિક વિષયોમાં ખેંચાતી હોય છે, ત્યાં સુધી આત્મરમણતારૂપ મગ્નતા સિદ્ધ થતી નથી અને એની સિદ્ધિ વિના આત્માના પૂર્ણાનંદનો અનુભવ થતો નથી. આ કારણે જ જ્ઞાનીઓ વિષય-કષાયોનો વિજય કરવા માટે મન અને ઇન્દ્રિયોને વશ કરવાનો ઉપદેશ કરે છે. આત્મરમણતારૂપ સહજ સુખનો આનંદ એવો અનુપમ અને અવર્ણનીય છે કે તેનો સ્વાદ ચાખ્યા પછી બાહ્ય પૌદ્‌ગલિક સુખનો આનંદ એને મહાવિઘ્નરૂપ લાગે છે, એ જ વાત જણાવતાં કહે છે કે—

**यस्य ज्ञानसुधासिन्धौ, परब्रह्मणि मग्नता ।**
**विषयान्तरसंचारस्तस्य हालाहलोपमः ॥२॥**

અર્થ : જેને જ્ઞાનસ્વરૂપ અમૃતના સમુદ્ર એવા પરબ્રહ્મમાં (પરમાત્મામાં) લીનતા થાય છે, તેને અન્ય વિષયમાં થતી પ્રવૃત્તિ ઝેરતુલ્ય અનિષ્ટ લાગે છે.

ભાવાર્થ : જેને પરબ્રહ્મ એટલે પરમાત્મ સ્વરૂપના જ્ઞાનરૂપ અમૃતના સમુદ્રમાં લીનતા થાય છે, તેને અન્ય બાહ્ય વિષયોની પ્રવૃત્તિ હલાહલ (ઝેર) જેવી અનિષ્ટ લાગે છે. સ્વભાવરમણતાનો આનંદ એવો અદ્ભુત છે કે તેનો અનુભવ નથી થયો ત્યાં સુધી જ વિવિધ વાજિંત્રોના નાદ, દેવરમણીઓનાં રૂપો, ચંદનાદિના ગંધો, વિવિધ રસો અને મુલાયમ સ્પર્શોમાં આકર્ષણ રહે છે. ચિંતામણિને મેળવ્યા પછી કાચના કકડા જેમ અનિષ્ટ લાગે છે, તેમ આત્માના સ્વરૂપનો આનંદ ચાખ્યા પછી બાહ્ય સંપત્તિ કે સુખો ઝેર જેવાં અનિષ્ટ લાગે છે, એવો અપૂર્વ અવર્ણનીય આનંદ આત્મમગ્નતાનો છે, એટલું જ નહિ પણ પરમાત્મસ્વરૂપની રમણતામાં લીન થયા પછી પોતાનું અસ્તિત્વ–અહંત્વ તેમાં ખોવાઈ જાય છે. પરિણામે 'હું કરું છું, મેં કર્યું" વગેરે અહંવૃત્તિનો જ નાશ થાય છે અને તેથી પોતે મિથ્યાકર્તૃત્વાભિમાનને તજીને માત્ર જ્ઞાતા અને દ્રષ્ટા જ રહી જાય છે. એ જ વાતને અહીં જણાવે છે—

**स्वभावसुखमग्नस्य, जगत्तत्त्वाऽवलोकिनः ।**
**कर्तृत्वं नान्यभावानां, साक्षित्वमवशिष्यते ॥३॥**

**અર્થ** : સ્વભાવમાં એટલે સહજ સ્વરૂપના આનંદમાં મગ્ન અને જગતના સ્વરૂપને યથાર્થ સ્વરૂપે જોનાર આત્માને અન્ય પદાર્થનું કર્તાપણું રહેતું નથી, પણ માત્ર સાક્ષીપણું જ બાકી રહે છે.

**ભાવાર્થ** : તત્ત્વથી શુદ્ધ સ્વરૂપે આત્મા અકર્તા છે. સંસારની સઘળી ખટપટો તો તેને વળગેલો કર્મજન્ય વળગાડ છે, તેનાથી પર રહી જ્યારે તે પોતાના શુદ્ધ સ્વરૂપમાં મહાલે છે, ત્યારે તેનું સ્વરૂપ જ્ઞાનમય હોવાથી દ્રષ્ટા રૂપે વિશ્વ સ્વરૂપનો જ્ઞાતા બનીને તે આનંદ જ અનુભવે છે. કારણ કે સત્-ચિદ્-આનંદ તેનું શુદ્ધ સ્વરૂપ છે. જ્યાં સુધી પોતે અપૂર્ણ છે, ત્યાં સુધી સઘળી ખટપટ છે, પૂર્ણને પરમ આનંદ છે. માટે પૂર્ણતા પ્રગટાવવી જોઈએ અને તે માટે સ્વરૂપમગ્ન થવું જોઈએ એ ઉપદેશ છે. સ્વરૂપમાં મગ્ન બનેલાને બાહ્ય કોઈ વસ્તુ આકર્ષણ કરી શકતી નથી, એ વાતને હવે જણાવે છે–

**परब्रह्मणि मग्नस्य, श्लथा पौद्‌गलिकी कथा ।**
**क्वामि चामीकरोन्मादाः, स्फारा दारादराः क्व च ।।४।।**

**અર્થ** : પરબ્રહ્મ એટલે પરમાત્માસ્વરૂપમાં લીન થનારને પુદ્‌ગલની વાતો નીરસ–વિરસ લાગે છે. તો પછી સુવર્ણના અભિમાન અને સ્ત્રીઓનાં (ભોગના) આદર ક્યાં (કેમ) હોય ?

**ભાવાર્થ** : આત્મસ્વરૂપમાં લીન આત્માને પુદ્‌ગલ સંબંધી સુખ–દુઃખની કે લાભ–હાનિ વગેરેની કોઈ વાત સ્પર્શતી

નથી. જ્યાં શુદ્ધ સ્વરૂપના અખંડ–અનંત આનંદની સુંદર લહેરોનો અનુભવ થતો હોય, ત્યાં સુવર્ણના અને ઉપલક્ષણથી ધન, ધાન્ય, હાટ, હવેલી વગેરેના ઉન્માદ–અહંકાર ક્યાં રહી શકે? અર્થાત્ આત્મસ્વરૂપમાં રમણતા કરનારને બાહ્ય સંયોગ–વિયોગના, પ્રતિકૂળતા–અનુકૂળતા વગેરેના કોઈ વિચારો–વિકલ્પો સ્પર્શી શકતા નથી અને દેવાંગનાઓના પણ ભોગની તેને ઇચ્છા થતી નથી. કારણ કે ત્રણે જગતના બાહ્ય–પર પદાર્થના ભોગના સુખ કરતાં સ્વરૂપરમણતાનો આનંદ અનંતગુણો અધિક, નિત્ય અને નિરૂપાધિક હોય છે. તેનું કિંચિત્ પ્રમાણ જણાવવા કહ્યું છે કે—

**तेजोलेश्याविवृद्धिर्या, साधोः पर्यायवृद्धितः ।**
**भाषिता भगवत्यादौ, सेत्थंभूतस्य युज्यते ॥५॥**

**અર્થ** : ભગવતી સૂત્ર વગેરે શાસ્ત્રોમાં સાધુને એક માસ, બે માસ વગેરે ચારિત્ર પર્યાયની વૃદ્ધિથી જે તેજો-લેશ્યાની (ચિત્તસ્વાસ્થ્યજન્ય આનંદની) વૃદ્ધિ કહી છે તે આવા અધ્યાત્મ મગ્નને ઘટે છે.

**ભાવાર્થ** : ભગવતી સૂત્ર, પ્રશમરતિ, અધ્યાત્મો-પનિષદ્ અધ્યાત્મસાર, ધર્મબિંદુ વગેરે વિવિધ ગ્રંથોમાં સાધુને અધ્યાત્મમગ્નતાના કારણે ઉત્તરોત્તર ચિત્તાનંદની જે વૃદ્ધિ કહી છે, તે આવા આત્મજ્ઞાનમાં મગ્ન મહાત્માને હોય છે. તે ગ્રંથોમાં કહ્યું છે કે ધ્યાનમગ્ન સાધુને પર્યાયના ક્રમે ચિત્તાનંદની વૃદ્ધિ નીચે પ્રમાણે થાય છે :

(૧) એક માસ દીક્ષાપર્યાયવાળાને વાણવ્યંતરદેવોના સુખથી પણ અધિક આનંદ હોય.

(૨) બે માસ દીક્ષાપર્યાયવાળાને શેષ ભવનપતિ દેવોના સુખથી પણ અધિક આનંદ હોય.

(૩) ત્રણ માસ દીક્ષાપર્યાયવાળાને અસુરકુમાર નિકાય દેવોના સુખથી પણ અધિક આનંદ હોય.

(૪) ચાર માસ દીક્ષાપર્યાયવાળાને ગ્રહ, નક્ષત્ર અને તારાના સુખથી પણ અધિક આનંદ હોય.

(૫) પાંચ માસ દીક્ષાપર્યાયવાળાને ચંદ્ર-સૂર્યના સુખથી પણ અધિક આનંદ હોય.

(૬) છ માસ દીક્ષાપર્યાયવાળાને પહેલા-બીજા દેવલોકના સુખથી પણ અધિક આનંદ હોય.

(૭) સાત માસ દીક્ષાપર્યાયવાળાને ત્રીજા-ચોથા દેવલોકના સુખથી પણ અધિક આનંદ હોય.

(૮) આઠ માસ દીક્ષાપર્યાયવાળાને પાંચમા-છઠ્ઠા દેવલોકના સુખથી પણ અધિક આનંદ હોય.

(૯) નવ માસ દીક્ષાપર્યાયવાળને સાતમા-આઠમા દેવલોકના દેવોથી પણ અધિક આનંદ હોય.

(૧૦) દશ માસ દીક્ષાપર્યાયવાળા મુનિવરને નવમા-દશમા, અગ્યારમા અને બારમા દેવલોકના દેવોથી પણ અધિક આનંદ હોય.

(૧૧) અગ્યાર માસ પર્યાયવાળા મુનિવરને નવગ્રૈવેયકના દેવોથી પણ અધિક આનંદ હોય.

(૧૨) બાર માસ પર્યાયવાળા મુનિવરને અનુત્તરવિમાન-વાસી દેવોથી પણ અધિક આનંદ હોય.

પછી પણ ઉત્તરોત્તર વૃદ્ધિ થયા જ કરે, તેનાં પરિણામે તેઓ જીવનમુક્ત (જીવવા છતાં–સદેહ અવસ્થામાં જ મુક્તિતુલ્ય) આનંદને અનુભવી શકે છે. હવે તે સુખની અવર્ણનીયતા જણાવે છે—

**ज्ञानमग्नस्य यच्छर्म, तद्वक्तुं नैव शक्यते ।**
**नोपमेयं प्रियाश्लेषैर्नाऽपि तच्चन्दनद्रवैः ॥६॥**

અર્થ : આત્મજ્ઞાનમાં મગ્ન બનેલાને જે સુખાનુભવ થાય છે, તેનું વર્ણન કોઈ રીતે થઈ શકે તેમ નથી. તેને સ્ત્રીના ભોગ સાથે કે ચંદનરસના વિલેપનના સુખ સાથે પણ સરખાવાય તેમ નથી.

ભાવાર્થ : આત્મજ્ઞાનમાં મગ્ન આત્માને જે સુખનો અનુભવ થાય છે, તેનું વર્ણન કરવાના શબ્દો ભાષામાં નથી. તત્ત્વથી જ્ઞાનમગ્નનું સુખ અતીન્દ્રિય છે, તે શબ્દોથી સમજાવાય તેવું નથી. તેની સાથે સ્ત્રીભોગ–સુખને કે ચંદનાદિના વિલેપનના સુખને સરખાવી શકાય નહિ. કારણ કે તે બાહ્ય સુખો મેળવતાં, ભોગવતાં અને ભોગવ્યા પછી પણ વિવિધ દુઃખોને આપનારાં છે, માત્ર ક્ષણિક કાલ્પનિક આનંદ આપી

અતિ લાંબા કાળ સુધી આકરાં વિવિધ દુઃખોને આપે છે, જ્યારે જ્ઞાનમગ્નતાનો અખંડ આનંદ શુદ્ધ, ઉપાધિ વિનાનો, સ્વાભાવિક અને ઉત્તરોત્તર અધિક આનંદદાયક છે. પ્રકાશને, અંધકારની ઉપમા આપવી જેમ અઘટિત ગણાય, તેમ જ્ઞાન-મગ્નતાના આનંદને બાહ્ય સુખજન્ય આનંદની ઉપમા અઘટિત છે. પુનઃ એ જ હકીકતને સવિશેષતયા જણાવે છે—

**शमशैत्यपुषो यस्य, विपुषोऽपि महाकथा ।**
**किं स्तुमो ज्ञानपीयुषे, तत्र सर्वाङ्गमग्नताम् ॥७॥**

અર્થ : ઉપશમની શીતળતાને પુષ્ટ કરનાર એવા જ્ઞાનમગ્નતાના આનંદના એક બિંદુમાત્રની પણ વાર્તા (જો) અતિ મહાન્ છે, તો તે જ્ઞાનાનંદરૂપ અમૃતમાં સર્વથા મગ્ન બનેલાના આનંદની પ્રશંસા તો કેટલી–કેવી રીતે કરીએ ?

ભાવાર્થ : તત્ત્વથી આત્મા પોતે જ અનંત સુખનો સ્વામી છે. એની યથાર્થ શ્રદ્ધા પણ મોહાન્ધ આત્માને થતી નથી, તો તેના આનંદનું જ્ઞાન તો તેને થાય જ શી રીતે? ઉપશમ એટલે રાગ–દ્વેષાદિ પરભાવોથી રહિત સમતાનો-સ્વસ્વરૂપનો અનુપમ આનંદ ! આવા અનુપમ આનંદનો અનુભવ કરાવનારા આત્મજ્ઞાનમાં લીન બનેલા આત્માના આનન્દનો એક અંશ પણ બાહ્ય વિવિધ સંતાપને શાન્ત કરી શકે છે, તો મગ્નતાનો સંપૂર્ણ આનંદ કેવો અલૌકિક હોય ? એ આનંદને અનુભવતા ખુદ સર્વજ્ઞો પણ જો તેનું વર્ણન કરવા અસમર્થ છે, તો સામાન્ય માનવી કેમ વર્ણવી

શકે ? તાત્પર્ય કે અધ્યાત્મનો આનંદ કોઈ રીતે વર્ણવી શકાય નહિ તેવો અનિર્વચનીય છે. હવે આ વિષયનો ઉપ-સંહાર કરતાં ફરમાવે છે કે—

यस्य दृष्टिः कृपावृष्टि-र्गिरः शमसुधाकिरः ।
तस्मै नमः शुभज्ञान-ध्यानमग्नाय योगिने ॥८॥

**અર્થ** : જેની દૃષ્ટિ કરુણાને વરસાવે છે અને જેની વાણી ઉપશમરૂપ અમૃતનો છંટકાવ કરે છે, તે સમ્યગ્જ્ઞાન અને ધ્યાનમાં મગ્ન બનેલા યોગીને નમસ્કાર થાઓ !

**ભાવાર્થ** : આત્મજ્ઞાનનો અનુભવ થતાં જ અહંકાર-મમકારનો તુચ્છ આનંદ ટળી જાય છે. સર્વ આત્માઓ આત્મતુલ્ય જણાય છે, સર્વ પ્રત્યે આત્મીયતા પ્રગટે છે, કારણ કે એક પોતાના આત્માનું જ્ઞાન થતાં પોતાના જીવત્વ તુલ્ય સર્વનું જીવત્વ છે અને પોતાની જેમ સૌ જીવવાને ઇચ્છે છે, મરણ કોઈને ઇષ્ટ નથી, સુખ સૌને ગમે છે, દુઃખથી સઘળા ડરે છે, એવું સર્વ જીવોમાં આત્મસમ-દર્શન થતાં જ ક્રોધાદિ કષાયો અને રાગ-દ્વેષ વગેરે દોષો શમી જાય છે. બીજા પ્રત્યે કષાય કરવો તે પોતાને જ અન્યાય કરવા તુલ્ય તેને જણાય છે, તેથી તેની દૃષ્ટિમાંથી ક્રૂરતાને બદલે કૃપા વરસે છે અને કૃપાના યોગે વાણીમાં શીતળતા પ્રગટે છે. એવા આત્મજ્ઞાન અને આત્મધ્યાનમાં લીન કૃપાળુ શાન્ત યોગિને નમસ્કાર હો !

આ મગ્નતા ચિત્તની સ્થિરતા વિના સાધ્ય નથી, માટે હવે સ્થિરતા અષ્ટકમાં સ્થિરતાનું સ્વરૂપ જણાવે છે.

## ૩. સ્થિરતા અષ્ટક

**वत्स ! किं चञ्चलस्वान्तो, भ्रान्त्वा भ्रान्त्वा विषीदसि।**
**निधिं स्वसन्निधावेव, स्थिरता दर्शयिष्यति ॥१॥**

અર્થ : હે વત્સ ! ચંચળ અંતઃકરણવાળો (બનીને) તું ભમી-ભમીને દુઃખી કેમ થાય છે ? તારી સ્થિરતા તને તારી પાસે જ સુખનો નિધિ બતાવશે. (માટે સ્થિર થા !)

**ભાવાર્થ** : દરેક જીવ, સ્વરૂપે અનંત-અક્ષય સુખરૂપ છે, તેથી જ સર્વ જીવો સુખને ઇચ્છે છે અને સુખ માટે પ્રયત્ન કરે છે. પણ આ સુખ પોતાના સ્વરૂપમાં છે તેનું તેને જ્ઞાન-ભાન નથી. તેથી સુખની શોધમાં તે અનાદિ કાળથી બહાર ભટકે છે, આકાશપાતાળ એક કરવા જેવા પ્રયત્નો કરે છે અને વારંવાર નિરાશ, હતાશ થાય છે. જો બહારથી-બાહ્ય પદાર્થોમાંથી સુખ મેળવવાની ઊલટી મહેનત છોડીને આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિર થાય તો તે સ્થિરતા જ તેને પોતાનામાં રહેલો અનંત સુખનો અનુભવ કરાવે. બાહ્ય વસ્તુમાં સાચું સુખ છે જ નહિ, તેથી જે વસ્તુ જ્યાં નથી ત્યાંથી તે કેમ મળે ?

એક વૃદ્ધા ડોશી સાંજના સમયે કપડું સાંધતાં સોય પડી જવાથી શોધવા લાગી, પણ સંધ્યાનો સમય હોવાથી ત્યાં અંધારું થયું, ત્યારે તેણે વિચાર્યું કે પ્રકાશમાં શોધું તો જડે. પછી તે સુધરાઈની બત્તીનો રાજમાર્ગ ઉપર પ્રકાશ હોવાથી ત્યાં જઈ સોયને શોધવા લાગી. તે માર્ગે પસાર

થતા એક સજ્જનને ડોશી પ્રત્યે દયા પ્રગટી, તેથી તેણે પૂછ્યું, "માજી ! શું શોધો છો ?" ડોશીએ કહ્યું, "ભાઈ ! મારી સોય પડી ગઈ છે તે શોધું છું." તે સજ્જન પણ શોધવા લાગ્યા, પણ સોય ક્યાંય ન મળવાથી પુનઃ પૂછ્યું, "માજી ! સોય ક્યાં પડી ગઈ છે ?" ડોશી બોલ્યાં, "ભાઈ ! સોય તો મારા ઘરના આંગણે પડી ગઈ છે, પણ ત્યાં અંધારું હોવાથી અહીં પ્રકાશમાં શોધું છું." સજ્જને કહ્યું, "માજી ! સોય જ્યાં પડી ગઈ હોય ત્યાંથી મળે, અહીં શોધવાથી શી રીતે મળે ! અને પછી ડોશીના ઘર આંગણે શોધ કરી સોય મેળવી આપી.

એમ આત્મા જે સુખ આત્મામાં છે, તેને બહાર શોધે છે, તો કેવી રીતે મળે ? માટે બહારના અનિત્ય પદાર્થોમાંથી સુખ મેળવવાની મિથ્યા પ્રવૃત્તિ છોડી અંતરાત્મામાં સ્થિર થઈ ત્યાં સુખને શોધવું જોઈએ.

અસ્થિરતાથી થતી હાનિ જણાવી સ્થિરતા માટે ઉપદેશ આપતાં જણાવે છે કે—

**ज्ञानदुग्धं विनश्येत, लोभविक्षोभकुर्चकैः ।**
**अम्लद्रव्यादिवाऽस्थैर्या–दिति मत्वा स्थिरो भव ॥२॥**

અર્થ : ખાટા પદાર્થથી દૂધ બગડી જાય તેમ લોભના વિકાર (વિકલ્પો) રૂપ કૂર્ચાઓથી જ્ઞાનરૂપી દૂધ બગડી જાય છે, એમ સમજીને સ્થિર (શાન્ત) થા !

ભાવાર્થ : બાહ્ય વસ્તુમાં સુખને શોધવું એ મિથ્યા છે. જેમ જેમ બાહ્ય વસ્તુમાં સુખને શોધે છે તેમ તેમ

જીવ આત્માના સ્વરૂપથી દૂરાતિદૂર થતો જાય છે. તેનું આત્મા સંબંધી અજ્ઞાન વધતું જાય છે અને એ અજ્ઞાન જેમ જેમ વધે તેમ તેમ સુખ દૂર થાય છે–દુ:ખ વધતું રહે છે. ખાટા પદાર્થથી દૂધ બગડે તેમ બાહ્ય વસ્તુઓના લોભથી અને લોભજન્ય વિવિધ વિકલ્પોથી જ્ઞાનરૂપી દૂધપણ બગડી જાય છે, માટે બાહ્ય વસ્તુઓની મમતા મૂકીને આત્મસ્વરૂપમાં સ્થિર થવું હિતકર છે.

બાહ્ય–અભ્યંતર વૃત્તિની વિષમતાને કુલટા સ્ત્રીની ઉપમા દ્વારા સમજાવે છે—

**अस्थिरे हृदये चित्रा, वाङ्नेत्राकारगोपना ।**
**पुंश्चल्या इव कल्याण–कारिणी न प्रकीर्तिता ॥३॥**

**અર્થ :** કુલટા સ્ત્રીની જેમ ચિત્ત ચંચળ હોય છતાં (મિથ્યા) વાણી અને નેત્રોના બાહ્ય આકારથી વિવિધ રીતે તેને છુપાવવું, તે કલ્યાણકારક કહ્યું નથી.

**ભાવાર્થ :** જેનું ચિત્ત રાગ–દ્વેષના કે વિષય-કષાયોના વિવિધ વિકલ્પોથી અસ્થિર-ચંચળ હોય, છતાં બહારથી વાણી અને નેત્રોના હાવભાવથી લોકમાં સારા દેખાવવા માટે પ્રયાસ કરે, તે પરપુરુષમાં આસક્ત છતાં પોતાના પતિને હાવભાવથી પ્રસન્ન કરી પોતાનાં દુરાચરણને છુપાવનારી કુલટા સ્ત્રીની જેમ માયાવી ગણાય, તેથી તેની લોકોને બતાવવા પૂરતી બહારની તે ચેષ્ટા કલ્યાણ કરતી નથી. આચાર, વિચાર અને ઉચ્ચાર ત્રણે જેના પ્રશસ્ત છે, તે જ કલ્યાણ સાધે છે.

અહીં એટલો વિશેષ સમજવો કે મન મલિન છતાં અન્ય જીવોને હાનિ ન પહોંચે અર્થાત્ તેનું અનુકરણ કરીને બીજા પણ ઊલટું આચરણ ન કરે, તે હેતુથી બાહ્ય આચાર ઉચ્ચાર પ્રશસ્ત કરે અને એના બળે આંતરિક વિચારને પણ પ્રશસ્ત બનાવવા પ્રયત્નો કરે, તેનો આશય સ્વ-પર હિત કરવાનો હોવાથી તે અનુચિત નથી, પણ માત્ર અન્યને ઠગવા માટે જ જે બહારથી સારું આચરણ કરે અને મનમાં મલિનતા સેવે તે સ્વ-પર ઉભયને હાનિકર્તા હોવાથી હિતકર નથી. કેવળ પૌદ્ગલિક સુખની તીવ્ર આશંસાથી કરાતી ધર્મક્રિયા એ કપટક્રિયા છે. ચિત્તશુદ્ધિ એ સર્વ ક્રિયાઓનું સાધ્ય છે. પ્રાથમિક અવસ્થામાં ક્રિયાઓ ચિત્તને શુદ્ધ કરે છે અને પછી શુદ્ધ ચિત્ત ક્રિયાઓની શુદ્ધિ-વૃદ્ધિ કરી અંતિમ પ્રકર્ષને સિદ્ધ કરે છે. તાત્પર્ય કે જેનું ચિત્ત શુદ્ધ નથી અથવા જેને ચિત્તશુદ્ધિનું લેશમાત્ર ધ્યેય પણ નથી, તેની ક્રિયા કોઈ રીતે કલ્યાણકારક બનતી નથી.

મનની મલિનતાના કારણે સારી ક્રિયા પણ નિષ્ફળ થાય તેમાં દોષ ક્રિયાનો નથી, તે હકીકત જણાવતાં કહે છે કે—

**अन्तर्गतं महाशल्यमस्थैर्यं यदि नोद्धृतम् ।**
**क्रियौषधस्य को दोषः, तदा गुणमयच्छतः ॥४॥**

અર્થ : જો અસ્થિરતારૂપ અંદરના મહાશલ્યને દૂર ન કરે તો ક્રિયારૂપ ઔષધ લાભ ન કરે તેમાં ક્રિયાનો કયો દોષ ગણાય ? અર્થાત્ એમાં ક્રિયાનો કોઈ દોષ નથી.

**ભાવાર્થ** : શરીરમાં જો મળ વગેરે શલ્ય હોય તો તેની શુદ્ધિ કર્યા વિના સારી દવા પણ આરોગ્યપ્રદ બનતી નથી, તેમાં દવાનો દોષ ગણાય નહિ, તેમ આત્મામાં પણ જડ–અનિત્ય–પૌદ્ગલિક વસ્તુઓની ઇચ્છારૂપ શલ્ય રહ્યું હોય તો ધર્મક્રિયારૂપ ઔષધ સફળ ન થાય, તેમાં ધર્મ-ક્રિયાનો જરા પણ દોષ નથી, કિન્તુ તેમાં પૌદ્ગલિક ઇચ્છા-ઓનો જ દોષ છે. દવા રોગનાશ માટે કરાય છે તેમ ધર્મ-ક્રિયાઓ આત્માના રાગ–દ્વેષાદિ દોષોનો ક્ષય કરવા માટે કરવાની કહી છે, તેને બદલે પૌદ્ગલિક પદાર્થોનો પક્ષ-રાગ કરે, તેથી તેને ધર્મક્રિયા સફળ ન થાય તો તે ક્રિયાનો દોષ નથી.

ચિત્તસ્થિરતાને પામેલા યોગીઓનું સ્વરૂપ જણાવતાં કહે છે કે–

**स्थिरता वाङ्मनःकायै–र्येषामङ्गाऽङ्गितां गता ।**
**योगिनः समशीलास्ते, ग्रामेऽरण्ये दिवा निशि ॥५॥**

**અર્થ** : જેઓને મન–વચન-કાયા દ્વારા સ્થિરતા એકમેક બની ગઈ છે તે યોગીઓ ગામમાં કે જંગલમાં, રાત્રિમાં કે દિવસે સમભાવવાળા હોય છે.

**ભાવાર્થ** : જે મહાત્માઓની સ્થિરતા મન-વચન-કાયાની સાથે ચંદન અને સુગંધની જેમ એકીભાવને પામે છે, અર્થાત્ જેઓનાં મન–વચન–કાયા બાહ્ય આશંસારૂપ ચંચળ-

તાને તજીને સ્થિર બન્યાં છે, તે યોગીઓને કોઈ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ કે ભાવમાં રાગ-દ્વેષ થતો નથી. અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં તેઓ સર્વત્ર સમતા-સમાધિનો સુખદ અનુભવ કરી શકે છે. વિવિધ સંકલ્પ-વિકલ્પરૂપ અસ્થિરતા જ અસમાધિ દ્વારા સર્વ દુઃખોનું કારણ બને છે.

હવે ચિત્ત સ્થિરતાનો મહિમા જણાવે છે-

**स्थैर्यरत्नप्रदीपश्चेद्, दीप्रः सङ्कल्पदीपजैः**
**तद्विकल्पैरलं धूमैरलंधूमैस्तथाऽऽश्रवैः ॥६॥**

અર્થ: જો (આત્મામાં) સ્થિરતારૂપી રત્નનો દીપક દેદીપ્યમાન (જળહળે) છે, તો સંકલ્પોરૂપ દીવાથી પ્રગટતા વિકલ્પોરૂપ ધૂમાડાઓથી અને અતિમલિન પાપોથી સર્યું.

ભાવાર્થ: જો આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિર થાય તો તેને નિર્વિકલ્પ શુદ્ધ એવો આત્મપ્રકાશ મળે છે કે જેથી તેને અહંભાવરૂપ સંકલ્પો અને મમતારૂપ વિકલ્પો પ્રગટતા નથી, અને એ સંકલ્પ-વિકલ્પજન્ય પાપ પ્રવૃત્તિ પણ થતી નથી. અનાદિકાળથી આત્મભાન ભૂલીને પર પદાર્થોમાં અહંકાર કરવાથી અને તે પદાર્થોની મમતા કરવાથી જ આત્મા કર્મ-મેલથી મલિન થાય છે અને તેના પ્રભાવે થતી પાપક્રિયાઓથી દુઃખી થાય છે.

અસ્થિરતાથી થતી હાનિને જણાવે છે-

**उदीरयिष्यसि स्वान्तादस्थैर्यं पवनं यदि ।**
**समाधेर्धर्ममेघस्य, घटां विघटयिष्यसि ॥७॥**

અર્થ : જો અંતઃકરણમાંથી અસ્થિરતારૂપી પવનને પ્રગટ કરીશ, તો તું સમાધિરૂપ ધર્મનાં વાદળોની ઘટાને વિખેરી નાખીશ.

**ભાવાર્થ** : જેમ આકાશમાં વાદળો પવન રહિત સખ્ત ગરમીથી બંધાય છે અને પવનરહિત ગરમીથી વરસે છે, તેમ સમાધિ પણ ચંચળતા રહિત બાહ્ય અનુષ્ઠાનોથી પ્રગટે છે અને તે સમાધિ જેનાથી સંપૂર્ણ આત્મપ્રકાશ (કેવળજ્ઞાન) પ્રગટે તેવા ધર્મને (શુકલધ્યાનને) આત્મામાં પ્રગટ કરે છે. આ સમાધિ ચિત્તની સ્થિરતારૂપ છે. પવનથી વાદળો વિખરાઈ જાય તેમ અસ્થિરતાથી તે સમાધિ નાશ પામે છે અને પરિણામે તેનાથી પ્રગટ થનાર ધર્મમેઘ (વાદળો) વિખરાઈ જાય છે. તેથી આત્મપ્રકાશ કે જે સર્વજ્ઞતારૂપ કેવળજ્ઞાનની પ્રાપ્તિ છે તે અટકી જાય છે. શાસ્ત્રની પરિભાષામાં આ ધર્મમેઘની વ્યાખ્યા નીચે પ્રમાણે છે.

મહાત્મા પતંજલી ઋષિ આ સમાધિના ૧–સંપ્રજ્ઞાત અને ૨–અસંપ્રજ્ઞાત એમ બે પ્રકારો કહે છે. તેમના મતે ચિત્તની સંકિલષ્ટ (અશુદ્ધ) વૃત્તિઓનો અભાવ તે પહેલી સંપ્રજ્ઞાત સમાધિ છે અને સંકિલષ્ટ અસંકિલષ્ટ સર્વ વૃત્તિઓનો અભાવ તે બીજી અસંપ્રજ્ઞાત સમાધિ છે. ધર્મમેઘ સમાધિ એ સંપ્રજ્ઞાત સમાધિની સર્વોત્કૃષ્ટ અવસ્થા છે.

જૈન તત્ત્વજ્ઞાનની દષ્ટિએ ક્ષપકશ્રેણિવાળાનું કેવળજ્ઞાન પ્રાપ્તિ પૂર્વેનું શુકલધ્યાન તે સંપ્રજ્ઞાત સમાધિરૂપ છે, કારણ કે તેમાં સંકિલષ્ટવૃત્તિઓનો નિરોધ હોય છે અને કેવળ-

જ્ઞાનીને અસંપ્રજ્ઞાત સમાધિ ગણાય છે કે જેમાં સર્વથા ચિત્તવૃત્તિઓનો નિરોધ હોય છે.જૈનો આ અસંપ્રજ્ઞાત સમાધિના પણ સયોગ કેવળજ્ઞાન અવસ્થા અને અયોગ કેવળજ્ઞાન અવસ્થા એમ બે વિભાગ માને છે. તાત્પર્ય કે પાતંજલ યોગદર્શનમાં કહેલા ધર્મમેઘને જૈનો અયોગી કે સયોગીની કેવળજ્ઞાન અવસ્થા કહે છે. ચિત્તની અસ્થિરતારૂપ પવનથી આ ધર્મમેઘ (સમાધિરૂપ વાદળો) વિખરાઈ જાય, તેથી કેવળજ્ઞાન પ્રગટાવનાર ધર્મરૂપી મેઘ વરસે નહિ (શુક્લ-ધ્યાન પ્રગટે નહિ), પરિણામે કેવળજ્ઞાન પ્રગટ થતું અટકી જાય. તાત્પર્ય કે ચિત્તસ્થૈર્યથી એવો ધર્મ (સમાધિ) પ્રગટે છે કે જે કેવળજ્ઞાન પ્રગટ કરી આત્માને સર્વજ્ઞ બનાવે છે.

આ સ્થિરતા એ જ તત્ત્વથી ચારિત્ર છે તે કહે છે—

**चारित्रं स्थिरतारूपमतः सिध्धेष्वपीष्यते ।**
**यतन्तां यतयोऽवश्यमस्या एव प्रसिध्धये ॥८॥**

અર્થ: ચારિત્ર સ્થિરતારૂપ છે, તેથી સિદ્ધોમાં પણ ચારિત્ર મનાય છે, માટે હે સાધુઓ! આ સ્થિરતાની જ સંપૂર્ણ સિદ્ધિ માટે અવશ્ય પ્રયત્ન કરો!

ભાવાર્થ: ઉપર જણાવ્યા પ્રમાણે સ્થિરતા એ ચારિત્ર છે અને સિદ્ધોમાં પણ (શૈલેશિજન્ય) સર્વોત્કૃષ્ટ સ્થિરતા હોવાથી તેઓને અનંત અરિત્ર માન્યું છે, માટે સાધુતાને પામીને આત્માએ આ સ્થિરતાને સંપૂર્ણ સિદ્ધ કરવી જોઈએ. (કે તેના પ્રભાવે મગ્નતા અને મગ્નતાથી પૂર્ણતા પ્રગટ થાય.)

આ સ્થિરતા મોહાધીન જીવને પ્રગટતી નથી, માટે હવે મોહત્યાગ અષ્ટકમાં મોહનો ત્યાગ કરવા જણાવે છે.

## ૪. મોહત્યાગ અષ્ટક

**अहं ममेति मन्त्रोऽयं, मोहस्य जगदान्ध्यकृत् ।**
**अयमेव हि नञ्पूर्वः, प्रतिमन्त्रोऽपि मोहजित् ॥१॥**

અર્થ : 'હું અને મારું' એવો આ મોહનો મંત્ર (મોહાધિષ્ટિત વિદ્યા) સમગ્ર જગતને અંધ કરે છે અને આ જ મંત્ર જ્યારે નકાર પૂર્વકનો ('નાહં-નમમ' એવો) વિરોધી બને છે ત્યારે તે મોહનો જય પણ કરે છે.

ભાવાર્થ : જીવ માત્રને અનાદિ કાળથી મોહના પ્રભાવે સંકલ્પ કરાવનાર અહંકાર અને વિકલ્પો કરાવનાર મમતા, બે મહારોગો લાગુ પડેલા છે, તેથી આત્મજ્ઞાન અંગે સર્વને અંધાપો છે. આ અંધાપો છે ત્યાં સુધી આત્માની સાચી ઓળખ થઈ શકતી નથી. અંધની જેમ જીવો વિશ્વમાં ભટકે છે અને દુઃખી થાય છે. અહંત્વ મમત્વનો આ રોગ ધર્મરાજના 'હું નથી અને મારું નથી' એ મંત્રથી નાશ થાય છે. તે પ્રતિમંત્ર 'હું અને મારું' એની પૂર્વે નકાર જોડવાથી થાય છે. 'હું અને મારું' એ માત્ર વ્યવહાર પૂરતી ઓપચારિક ભાષા છે, મોહમૂઢ બની તે ઔપચારિક ભાષાને તાત્ત્વિક માનવી એ અંધાપો છે, અન્યાય છે. જ્યારે

સમ્યગ્ જ્ઞાનના પ્રભાવે આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને જાણે છે, ત્યારે આ અંધાપો દૂર થતાં 'હું નથી અને મારું નથી' એ સત્યને પામે છે અને પોતાની અખંડ અનંત સુખસંપત્તિનો તે ભોગી બને છે.પરાયી વસ્તુને પોતાની માનવી એજ ઝઘડાનું કારણ છે, ઝઘડો એ જ સંસાર છે. અહંકાર અને મમકાર છૂટી જતાં સંસાર મટી જાય છે.

હવે અહંકાર અને મમકારને તજવાનો ઉપાય જણાવતાં કહે છે કે—

**शुद्धात्मद्रव्यमेवाऽहं, शुद्धज्ञानं गुणो मम ।**
**नान्योऽहं न ममान्ये, चेत्यदो मोहास्त्रमुल्बणम् ॥२॥**

**અર્થ** : હું શુદ્ધ આત્મદ્રવ્ય જ છું અને શુદ્ધ (કેવળ) જ્ઞાન એ મારો ગુણ છે. તે જ્ઞાનથી હું ભિન્ન નથી, અને અન્ય પદાર્થો મારા નથી, એવું આત્મભાન તે મોહને નાશ કરવા માટેનું તીવ્ર શસ્ત્ર છે.

**ભાવાર્થ** : હું ચેતન છું, ચૈતન્ય એ મારું ધન છે, એ સિવાયની વિશ્વમાં રહેલી સઘળી પૌદ્ગલિક જડ વસ્તુઓ મારી નથી, હું તો શુદ્ધ આત્મા છું, નિત્ય છું અને કેવળજ્ઞાન વગેરે મારા શુદ્ધ ગુણો તે જ મારી સંપત્તિ છે, ધન–ધાન્ય, કુંટુંબ, પરિવાર, દેહ વગેરે કંઈ મારું નથી. એ રીતે દીનતા તજીને આત્માને સમજાવવાથી મોહ નાશ પામે છે. જે પોતાનું છે તેને પોતાનું માનવું તે ન્યાય છે,

પરાયી વસ્તુમાં મમતા કરવી તે અન્યાય છે. ન્યાયથી મોહનો નાશ થાય છે. માટે પરવસ્તુમાં મમતા તજવી એ આત્મ-સંપતિને પામવાનો અને મોહના નાશનો પરમ ઉપાય છે.

અહંકાર–મમકારથી મુક્ત જીવ કર્મથી બંધાતો નથી, તે કહે છે–

**यो न मुह्यति लग्नेषु, भावेष्वौदयिकादिषु ।**
**आकाशमिव पङ्केन, नाऽसौ पापेन लिप्यते ॥३॥**

અર્થ : કર્મના કારણે આત્માને લાગેલા ઔદયિક વગેરે અનિત્ય ભાવોમાં જે આત્મા મુંઝાતો નથી, તે જેમ આકાશ કાદવથી ન લેપાય, તેમ પાપથી લેપાતો નથી.

ભાવાર્થ : શુભાશુભ કર્મોના ઉદયથી થતા તે તે બાહ્ય સંયોગોને ઔદયિક ભાવો કહેવાય છે અને તે કર્મજન્ય હોવાથી અનિત્ય હોય છે, તે ઉપરાંત આત્માના ગુણોને આવરનારાં (ઘાતી) કર્મોનાં આંશિક ક્ષયથી અને ઉપશમથી પ્રગટતા આંશિક અભ્યંતર ધર્મોને ક્ષાયોપશમિક અને ઔપશમિક ભાવ કહેવાય છે, તે પણ અધુરા અને નાશવંત હોય છે. આ કર્મના ઉદયથી, ક્ષયોપશમથી કે ઉપશમથી પ્રાપ્ત ભાવોમાં જે મુંઝાય છે–મમતા કરે છે, તે પોતાના પૂર્ણ સ્વરૂપને પ્રગટ કરી શકતો નથી. કિન્તુ નાશવંતમાં મમતા કરવારૂપ અને અપૂર્ણમાં પૂર્ણતા માનવારૂપ અજ્ઞાનને

કારણે તે કર્મોથી બંધાય છે. તેથી વિરુદ્ધ તેવા ઔદયિક વગેરે ભાવોમાં જે મમતા ન કરે તે જેમ આકાશ કાદવથી ન લેપાય તેમ કર્મોથી લેપાતો નથી.

વસ્તુતઃ કર્મોદય વગેરેથી થતા શુભાશુભ સંયોગ-વિયોગ માત્રથી જીવને કર્મબંધ થતો નથી, પણ તેમાં મમતા, રાગ–દ્વેષાદિ કરે તો કર્મબંધ થાય છે, કારણ કે કર્મબંધમાં મુખ્ય કારણ પરભાવમાં મમતાનાં પરિણામ છે, માટે ઉપર કહ્યા તે ઔદયિકાદિ ભાવોમાં મમતા નહિ કરનારને કર્મબંધ થતો નથી. શ્રી તીર્થંકર ભગવંતો વગેરે મોક્ષ-ગામી આત્માઓ ગૃહસ્થ જીવનમાં તે તે વ્યવહારો કરવા છતાં વૈરાગી (મમતા રહિત) હોવાથી કર્મોને બાંધતા નથી. ઉલટમાં અનાસક્ત ભાવે રાજ્યાદિ ભોગ ભોગવવાં છતાં કર્મોને ખપાવે છે. તેઓ જ્ઞાનથી નિશ્ચિતપણે જાણતા હોય છે કે આ ભોગકર્મ આ રીતે જ નિર્જરી શકે તેવું છે.

અહીં એ ખ્યાલમાં લેવાનું છે કે તેવા નૈષ્ઠિક શુદ્ધ વૈરાગ્ય વિના જેઓ તીર્થંકરો વગેરેનાં દૃષ્ટાંતોને આગળ કરીને ભોગોને ભોગવે છે, તેઓ તો કેવળ ભવભ્રમણ વધારી સંસારની ચારે ગતિમાં પરિભ્રમણ કરે છે.

મોહરહિત જ્ઞાની સંસારમાં રહેવા છતાં અને તે તે ભાવોને અનુભવવા છતાં રાગ–દ્વેષાદિ ખેદ પામતો નથી, તે હકીકત જણાવતાં કહે છે કે–

**पश्यन्नेव परद्रव्यनाटकं प्रतिपाटकम् ।**
**भवचक्रपुरस्थोऽपि, नामूढः, परिखिद्यति ॥४॥**

**અર્થ**: જ્ઞાની (મમતા રહિત) આત્મા સંસારચક્રરૂપ નગરમાં રહેલો છતાં, અને તે તે ગતિ–જાતિરૂપ પોળે પોળે ચાલતું ઉત્પતિ–વિનાશ વગેરે પુદ્‌ગલ દ્રવ્યોનું નાટક જોવા છતાં ખેદ કરતો નથી.

**ભાવાર્થ**: કર્મપરિણામ રાજાની રાજ્યધાનીરૂપ આ સંસારચક્ર નામના નગરમાં વસવા છતાં અને જીવોની વિવિધ ગતિઓ અને જાતિઓરૂપ પ્રત્યેક મહોલ્લામાં પરદ્રવ્ય એટલે પુદ્‌ગલનું સડણ–પડણ–વિધ્વંસન, અથવા જન્મ–જરા–મરણ વગેરે નાટકને જોવા છતાં (નિર્મમ) જ્ઞાની દુઃખી થતો નથી. તત્ત્વથી દુઃખ સંયોગ વિયોગમાં નથી. પણ તેમાં મમતા અને રાગ–દ્વેષાદિ કરવાથી છે. રાજ્યવૈભવ, શરીર, સમ્પતિ પુત્ર પરિવાર, વગેરેમાં રાગાદિ કરતો મૂઢ આત્મા જે વિવિધ દુઃખોને અનુભવે છે, તે જ સામગ્રી વચ્ચે અનાસક્ત ભાવે રહેનારા જ્ઞાનીઓ સંસાર સમુદ્રને તરી જાય છે. એથી જ કહ્યું છે કે વિષય–કષાય–ઇન્દ્રિઓને વશ બનેલો આત્મા પોતે જ સંસાર છે અને જ્ઞાનગુણથી તેમાં અનાસક્ત બનેલો તે જ આત્મા જ્યારે કષાયોને ઇન્દ્રિયોને જીતે છે ત્યારે મુક્તાત્મા છે. અહીં કર્મપરિણામ તે રાજા, સંસાર ચક્ર તે પાટનગર, એકેન્દ્રિયાદિ જાતિઓ તે મહોલ્લા-પોળો, જન્મ–મરણ, સુખ–દુઃખ, સંયોગ–વિયોગ વગેરે નાટક અને જ્ઞાની અમૂઢ આત્મા તે પ્રેક્ષક જાણવો.

જેમ સાચો પ્રેક્ષક નાટકમાં વિવિધ દૃશ્યો અને અભિનયો વગેરે જોઈને તેમાંથી બોધ મેળવે છે, તેમ જ્ઞાની-અમૂઢ આત્મા આ સંસાર નાટકને જોતો તેમાં રાગ-દ્વેષ નથી કરતો પણ સમ્યગ્ બોધને મેળવે છે, તેથી તે દુઃખ ને બદલે જ્ઞાનના આનંદને અનુભવે છે.

હવે મોહને સુરાપાનની ઉપમાથી વર્ણવે છે–

**विकल्पचषकैरात्मा, पीतमोहासवो ह्ययम् ।**
**भवोच्चतालमुत्तालप्रपञ्चमधितिष्ठति ।।५।।**

**અર્થ**: વિકલ્પોરૂપ (ચષક એટલે) મદિરાપાનની પ્યાલી-ઓ વડે મોહરૂપ મદિરાનું પાન કરતો આ જીવ નિશ્ચે (ઉચ્ચતાલ) ઊંચા હાથે તાળીઓ આપવામાં જ્યાં (ઉતાલ) શોભા મનાય છે એવા સંસારરૂપી દારૂના પીઠાનો આશ્રિત બને છે.

**ભાવાર્થ**: મદિરાપાન કરનાર જેમ આત્મભાન ભૂલીને જાહેરમાં વિવિધ અયોગ્ય ચેષ્ટાઓ કરે છે, પોતે કોણ છે? શું કરે છે? વગેરે ભાન ગુમાવે છે અને સજ્જનોની દયાનું પાત્ર બને છે, તેમ પૌદ્ગલિક આશંસારૂપ વિકલ્પોથી મોહ-મૂઢ બનેલો આત્મા પણ વિષય કષાયોમાં મૂર્છિત બનીને તેવી અહિતકર પ્રવૃત્તિઓ કરે છે કે જેથી સજ્જનોને કરુણા પ્રગટે છે. અને પરિણામે તે દારૂના પીઠા જેનો સંસારમાં ભટકે છે. આ કારણે જ જ્ઞાનીઓ મોહને મદિરા કહે છે.

સ્વયં શુદ્ધ છતાં મૂઢતાથી વિવિધ કલ્પિત આરોપો કરતો સંસારી જડ આત્મા તે કલ્પનાઓમાં જ કેવી રીતે મૂંઝાય છે, તે જણાવતાં કહે છે કે—

**निर्मलं स्फटिकस्येव, सहजं रूपमात्मनः ।**
**अध्यस्तोपाधिसम्बन्धो, जडस्तत्र विमुह्यति ॥६॥**

**અર્થ** : આત્માનું સહજ (સ્વાભાવિક) રૂપ સ્ફટિક જેવું નિર્મળ છે, તેમાં વિવિધ ઉપાધિઓનો સંબંધ કલ્પીને અવિવેકી જડ જીવ કલ્પિત રૂપમાં મૂંઝાય છે.

**ભાવાર્થ** : આત્માનું શુદ્ધ સ્વાભાવિક રૂપ સ્ફટિક જેવું નિર્મળ છે. પણ નિર્મળ સ્ફટિક ઉપર કાળા, રાતા, પીળા વગેરે પુષ્પાદિ પદાર્થોનો આરોપ કરવાથી તે જેમ કાળું, રાતું, પીળું વગેરે દેખાય છે; તેમ આત્મા ઉપર પણ 'હું ધનવાન, હું પુત્રવાન, હું સુખી, હું દુઃખી' વગેરે કલ્પનાનો આરોપ કરવાથી તેના શુદ્ધ સ્વરૂપને ભૂલીને તે કલ્પિત મિથ્યાસ્વરૂપમાં જીવ મૂંઝાય છે. અર્થાત્ મિથ્યા કલ્પનાઓથી પોતાના શુદ્ધ સ્વરૂપને ભૂલીને આરોપિત સ્વરૂપમાં મમતા કરીને મૂંઝાય છે. તત્ત્વથી કર્મજન્ય પર્યાયો જે મનુષ્યપણું વગેરે પામે છે, તે તેનું સાચું સ્વરૂપ નથી, પણ ક્ષણિક નાશવંત પર્યાયો છે. તેને સાચા માનવાથી શુદ્ધ સહજ સ્વરૂપનું જ્ઞાન–ભાન રોકાય છે અને મિથ્યા ભાવોમાં રાચતો જીવ સંસારમાં ભટકે છે.

अनारोपसुखं मोहत्यागादनुभवन्नपि ।
आरोपप्रियलोकेषु, वक्तुमाश्चर्यवान् भवेत् ॥७॥

**અર્થ** : મોહના ત્યાગથી પોતાના સહજ સુખને અનુભવતો પણ (યોગી) કલ્પિત સુખમાં પ્રીતિવાળા લોકોની સમક્ષ પોતાના તે અનુભૂત સુખનું વર્ણન કરતાં આશ્ચર્ય-વાળો બને છે.

**ભાવાર્થ** : કલ્પિત સુખમાં પ્રીતિ કરનાર લોકો એવા મૂઢ બની જાય છે, કે તેઓની સામે મોહની મંદતાથી (ક્ષયોપશમથી) આત્માના સ્વાભાવિક સુખને અનુભવતો યોગી જો પોતાના અનુભૂત તે સહજ સુખનું વર્ણન કરે, તો સાંભળનારાને તેઓની બુદ્ધિથી તે વર્ણન કરનાર આશ્ચર્ય પામેલો (હોય તેવો હાસ્યાસ્પદ) જણાય છે. અર્થાત્ કલ્પિત પૌદ્ગલિક સુખમાં મૂઢ બનેલો જીવ તેમાં એવો આગ્રહી બની જાય છે કે આત્માના શુદ્ધ સ્વરૂપની વાત પણ તેને હાસ્યાસ્પદ બને છે.

અથવા સહજ સુખનો અનુભવ અનિર્વચનીય હોય છે, તેને જણાવવાના શબ્દો ભાષામાં નથી, તે અનુભવથી જ સમજાય તેવું છે, એ કારણે બીજા મોહમૂઢ જીવોને તે કેવી રીતે સમજાવવું ? એમ અનુભવી તે યોગી આશ્ચર્યને પામે છે. ગ્રન્થકાર મહાત્માએ એક સ્તવનમાં સાચું જ કહ્યું છે કે—

"જિણુહિ પાયા તણુહિ છીપાયા, ન કહે કોઉ કે કાનમેં;
તાલી લાગી જબ અનુભવકી, તબ જાણે કોઉ સાનમેં."

તાત્પર્ય કે મોહની મંદતાથી પણ જીવ જે આત્માના સહજ સ્વરૂપનો આંશિક આનંદ અનુભવે છે તેની સરખામણીમાં પણ કલ્પિત બાહ્ય વિશિષ્ટ સંયોગોનું સુખ કોઈ વિસાતમાં નથી, તો સર્વથા મોહરહિત આત્માના આનંદનું વર્ણન કેવી રીતે–કેટલું કરી શકાય ? માટે સાચા શાશ્વત સુખના અર્થીએ બાહ્ય કૃત્રિમ અનિત્ય અને પરિણામે અતિ દુઃખ આપનારા એવા પૌદ્ગલિક તુચ્છ સુખના મોહને તજવો જોઈએ.

એ જ હકીકત હવે જણાવે છે—

**यश्चिद्दर्पणविन्यस्तसमस्ताचारचारुधीः ।**
**क्व नाम स परद्रव्येऽनुपयोगिनि मुह्यति ? ॥८॥**

**અર્થ** : પોતાના જ્ઞાનરૂપ આરીસામાં સમસ્ત (પાંચ) આચારો રૂપ આત્માના પ્રતિબિંબને (સ્વરૂપને) જે દેખે છે, તે નિર્મળ બુદ્ધિવાળો જ્ઞાની નિરુપયોગી એવા બાહ્ય (પર) કયા દ્રવ્યમાં મૂંઝાય ?

**ભાવાર્થ** : જ્ઞાનાચાર, દર્શનાચાર વગેરે પંચાચાર જેનું તાત્ત્વિક સ્વરૂપ છે, તે સ્વરૂપનો અનુભવ કરતો જ્ઞાની, એ આત્મજ્ઞાનરૂપ આરીસામાં નિરુપયોગી પર દ્રવ્યોના માત્ર પ્રતિબિંબને જોતાં કેમ મૂંઝાય ? અથવા તત્ત્વથી એક દ્રવ્ય બીજા દ્રવ્યને ઉપકાર–અપકાર કરતું નથી, એમ જાણ્યા પછી જ્ઞાની અન્ય પૌદ્ગલિક તુચ્છ દ્રવ્યમાં કેમ મૂંઝાય ? રાગ–દ્વેષ શા માટે કરે ?

આરીસામાં પડેલા પ્રતિબિંબથી આરીસાને કોઈ હર્ષ-શોક થતો નથી, તેમ જ્ઞાનસ્વરૂપ આત્માને પોતાના જ્ઞાનમાં સમસ્ત વિશ્વનું પ્રતિબિંબ પડે, અર્થાત્ જ્ઞાનથી સમગ્ર વિશ્વના સ્વરૂપને જાણે-દેખે, તો પણ તેને રાગ-દ્વેષાદિ વિકારો થાય નહિ. રાગ-દ્વેષાદિ વિકારો મોહજન્ય છે. નિર્મોહીને નિર્મળ કેવળજ્ઞાનમાં ત્રણે લોકના ત્રણે કાળના સર્વ ભાવો જણાય છે, તો પણ મોહના અભાવે રાગ-દ્વેષાદિ વિકારો થતા નથી. તાત્પર્ય કે રાગ-દ્વેષાદિ ભાવો મોહ-જન્ય છે. મોહનો નાશ થવાથી તે ભાવો નાશ પામે છે. માટે મોહત્યાગ કરવો અનિવાર્ય છે.

આ મોહનો ત્યાગ સમ્યગ્ જ્ઞાનથી થઈ શકે છે માટે હવે જ્ઞાનાષ્ટકમાં સમ્યગ્ જ્ઞાનનું સ્વરૂપ જણાવે છે.

## ૫. જ્ઞાન અષ્ટક

**मज्जत्यज्ञः किलाज्ञाने, विष्टायामिव शूकरः ।**
**ज्ञानी निमज्जति ज्ञाने, मराल इव मानसे ॥१॥**

**અર્થ** : જેમ ડુક્કર (ભૂંડ) વિષ્ટામાં રાગ કરે છે, તેમ પદાર્થના સારાસારથી અજ્ઞ (અવિવેકી) જીવ અજ્ઞાનમાં (મિથ્યા તત્ત્વમાં) રાચે છે. તેનાથી ઊલટું હંસ જેમ માનસ સરોવરમાં રાચે છે, તેમ જ્ઞાની (વિવેકી) જ્ઞાનમાં (વાસ્તવિકતામાં) આનંદ અનુભવે છે.

**ભાવાર્થ** : તત્ત્વથી પરને પોતાનું અને પોતાનું પરાયું માનવું તે અજ્ઞાન છે. ભૂંડ જેમ વિષ્ટામાં રાચે-માચે છે, તેમ અજ્ઞ જીવ પર વસ્તુમાં મમતા કરીને રાચે છે. શરીર, સંપત્તિ, કુટુંબ, પરિવાર વગેરે સંયોગથી મળેલા દેખાતા સર્વ પદાર્થો પારકા છે માટે તેમાં રાચવું તે મહાઅજ્ઞાન છે. જ્ઞાનીને સ્વ-પર પદાર્થનો વિવેક પ્રગટે છે, તેથી હંસ જેમ માનસ સરોવરમાં મહાલે છે, તેમ જ્ઞાની પોતાની સંપત્તિમાં મસ્ત રહે છે. જ્ઞાનાદિ ગુણો, ક્ષમાદિ ધર્મો કે સમતા-સમાધિ એ આત્મામાં રહેલી પોતાની સંપત્તિ હોવાથી જ્ઞાની તેમાં પરમ આનંદને અનુભવે છે.

સમ્યગ્ જ્ઞાનના એક પદનું પણ મહત્ત્વ ઘણું જ છે, તે કહે છે —

निर्वाणपदमप्येकं, भाव्यते यन्मुहुर्मुहुः ।
तदेव ज्ञानमुत्कृष्टं, निर्बन्धो नास्ति भूयसा ॥२॥

અર્થ : નિર્વાણ (મુક્તિનું) સાધક એક પદ પણ જો વારંવાર આત્મામાં ભાવિત કરવામાં આવે, તો તેટલું જ જ્ઞાન ઉત્કૃષ્ટ (પરિપૂર્ણ) છે. ઘણા જ્ઞાનનો આગ્રહ નથી.

**ભાવાર્થ** : ખોરાક લેવા માત્રથી જીવાતું નથી, પણ તેને પચાવવાથી તુષ્ટિ – પુષ્ટિ અને જીવન મળે છે, તેમ જ્ઞાન પણ ભણવા–જાણવા માત્રથી હિત થતું નથી. તેને પચાવવું પડે છે, આત્માને જ્ઞાનથી વાસિત કરવો જરૂરી છે. ભલે મુક્તિસાધક એક જ પદ હોય, પણ જો તેને વારંવાર ચિંતન–મનન દ્વારા ભાવિત કરવામાં આવે તો તે એક જ પદ પણ ઘણું છે, સંપૂર્ણ છે, ઘણા જ્ઞાનનો આગ્રહ નથી.

ગુરુના મુખે સાંભળેલા અર્થનો નિરંતર વારંવાર વિચાર કરવો તેને નિદિધ્યાસન કહેવાય છે. એક પદનું પણ શાસ્ત્ર અને શાસ્ત્રોક્ત યુક્તિથી મનન (નિદિધ્યાસન) કરવામાં આવે, તો તેટલું જ્ઞાન પણ મુક્તિ સાધી શકે છે. કોઠારમાં પડેલા બીજને વાવવાથી તેની શક્તિઓ ખીલે છે, કોઠારમાં પડ્યું રહેવાથી ખીલતી નથી. તેમ શ્રુતજ્ઞાન–ભણવા માત્રથી હિત થતું નથી. સ્ફટિકને પુષ્પના સાનિધ્યથી માત્ર ઉપરાગ થાય છે, પણ સ્ફટિક તદ્રૂપ બનતો નથી, તેમ શ્રુતજ્ઞાન–ભણવા માત્રથી માત્ર બાહ્ય હકીકત રૂપે બોધ થાય છે. આંતર પરિણ-

તિમાં અસર થતી નથી. આવું જ્ઞાન મોહને જીતી શકતું નથી. આ જ્ઞાનને શાસ્ત્રોમાં કોઠારમાં રહેલા બીજ જેવું શ્રુતજ્ઞાન કહ્યું છે.

એ જ શ્રુતજ્ઞાન સાંભળ્યા કે ભણ્યા પછી સૂક્ષ્મબુદ્ધિથી અને શાસ્ત્રસંગત સુંદર યુક્તિઓથી તેનું ચિંતન-મનન કરવાથી જ્યારે તે વિશાળ અને સૂક્ષ્મ બને છે, ત્યારે જળ-માં પડેલા તેલના બિંદુની જેમ તે વિસ્તૃત થાય છે, તેને ચિંતાજ્ઞાન કહે છે. મોક્ષસાધક એક પદ પણ ચિંતન દ્વારા સર્વ પદાર્થોનું જ્ઞાન કરાવે છે. તેથી જ કહ્યું છે કે "જે એકને સંપૂર્ણ જાણે છે, તે સર્વને જાણે છે અને જે સર્વને જાણે છે તે એકને પણ પરિપૂર્ણ જાણે છે." જેમ ભરત-ચક્રીને માત્ર વીંટીના અભાવે રૂપની અનિત્યતા જણાતા સર્વ પદાર્થોની અનિત્યતાનું જ્ઞાન થયું હતું. ચિંતાજ્ઞાન એ રીતે વ્યાપક બને છે.

એ રીતે જ્ઞાન વિસ્તૃત (વ્યાપક) થયા પછી જ્યારે શાસ્ત્રોક્ત વિધિ-નિષેધો પ્રત્યે કર્તવ્ય-અકર્તવ્ય તરીકે અતિ-શય શ્રદ્ધા પ્રગટે છે, ત્યારે તે આત્મામાં ભાવિત થવાથી ભાવના જ્ઞાન બને છે. એક પદ પણ આ રીતે ભાવિત બને છે, ત્યારે તે મોહનો ત્યાગ કરાવી આત્માને સહજ સ્વરૂપનો આનંદ ચખાડે છે. આ જ્ઞાન અશુદ્ધ પણ જાતિવંત રત્નની કાન્તિ જેવું હોવાથી પ્રથમના શ્રુતજ્ઞાનાદિ કરતાં વિશેષ પ્રકાશ આપે છે. આ જ્ઞાનથી જાણેલું યથાર્થ છે અને આવા

જ્ઞાનપૂર્વક કરાતી ક્રિયાને સફળ (મોક્ષસાધક) કહી છે. માટે થોડું પણ જ્ઞાન આત્મભાવિત કરવું જોઈએ.

અહીં ઘણા જ્ઞાનનો આગ્રહ નથી, એમ કહ્યું છે તે શ્રુતજ્ઞાનની ઉપેક્ષા માટે નહિ, પણ ભાવના જ્ઞાનનું મહત્ત્વ જણાવવા માટે છે એમ સમજવું. કારણ કે ચારિત્રગુણ જે મુક્તિનો સાધક છે, તેની રક્ષા, પુષ્ટિ અને વૃદ્ધિ જ્ઞાનથી જ થાય છે. એ રીતે જ્ઞાન પરમ ઉપાદેય છે, માટે તેમાં ઉદ્યમ સતત કરવો જોઈએ. ઉપરાંત તેને ચિંતન–મનન દ્વારા વિસ્તૃત અને સૂક્ષ્મ કરી આત્મામાં ભાવિત કરવું જોઈએ.

જ્ઞાન માત્ર બાહ્ય જગતને જ જાણવા માટે નહિ, પણ આત્મ સ્વરૂપને જાણવા માટે ઉપયોગી છે, એ વાત જણાવતાં કહે છે કે—

**स्वभावलाभसंस्कारकारणं ज्ञानमिष्यते ।**
**ध्यान्ध्यमात्रमतस्त्वन्यत्, तथा चोक्तं महात्मना ॥३॥**

**અર્થ** : જે જ્ઞાન આત્માને સ્વભાવની પ્રાપ્તિના સંસ્કારનું કારણ બને તે જ્ઞાન ઇચ્છવાયોગ્ય છે. એનાથી અન્ય જ્ઞાન તો માત્ર અંધકાર રૂપ છે. તે જ પ્રમાણે મહાત્મા પતંજલિ ઋષિએ કહ્યું છે. (મહાત્મા પતંજલિનું કથન હવે પછીના ચોથા શ્લોકમાં જણાવવામાં આવ્યું છે.)

**ભાવાર્થ** : વિશ્વમાં જે વસ્તુ પોતાનું કાર્ય સાધે તે વસ્તુ વાસ્તવિક મનાય છે. જે ભોજન ભૂખ ન ભાગે, કે

જળ તૃષ્ણાને શાન્ત ન કરે, તે આહાર–પાણી નિરર્થક છે, જે ઔષધ આરોગ્ય ન પ્રગટાવે તેનું કંઈ મૂલ્ય નથી; તે રીતે જે જ્ઞાનથી આત્માને પોતાના સ્વરૂપના સંસ્કાર ન પ્રગટે તે જ્ઞાન પણ કેવળ બુદ્ધિનો અંધાપો છે – ભારભૂત છે. પ્રકાશ જેમ પદાર્થના દર્શન માટે છે, તેમ જ્ઞાન આત્માના સ્વરૂપને અનુભવવા માટે છે, સમગ્ર વિશ્વને જાણે પણ પોતાના ઘરને ન જાણે તે જેમ ભૂલો પડેલો છે, તેમ બધું જાણવા છતાં પોતાનું (આત્માનું) સ્વરૂપ ન જાણે તો તે અંધ છે. તાત્પર્ય કે જે આત્મ સ્વરૂપનું દ્યોતક બને તે જ જ્ઞાન સમ્યગ્ છે, એ સિવાયનું બીજું ગમે તેટલું હોય તો પણ તે તત્ત્વથી અંધાપો છે.

મહાત્મા પતંજલિ એ વિષયમાં કહે છે કે –

**वादांश्च प्रतिवादांश्च वदन्तोऽनिश्चितांस्तथा ।**
**तत्त्वान्तं नैव गच्छन्ति, तिलपीलकवद् गतौ ॥४॥**

અર્થ : જેમાં તત્ત્વનો નિશ્ચય નથી, તેવા વાદો અને પ્રતિવાદોને કરતા વાદીઓ છ મહિના સુધી કંઠશોષ કરે, તો પણ ઘાંચીનો બેલ જેમ ગતિનો છેડો પામતો નથી, તેમ તેઓ અંતિમ તત્ત્વનિર્ણયને પામી શકતા નથી.

ભાવાર્થ : સ્વસ્વરૂપનો નિર્ણય જેઓએ કર્યો નથી, અર્થાત્ જ્ઞાન દ્વારા જેઓએ આત્મ સ્વરૂપને જાણ્યું નથી, તેવા પઠિત પંડિતો મહિનાઓ સુધી વાદો અને પ્રતિવાદો –

મંડન અને ખંડન કરે તો પણ ઘાંચીના બેલની જેમ ઠેરના ઠેર રહે છે. લેશ પણ પ્રગતિ કરતા નથી – કલ્યાણ સાધતા નથી.

માટે જ જે જ્ઞાન આત્મભાવિત થયું હોય તે જ જ્ઞાન બાહ્ય વાચાળતાથી મુક્ત કરીને આત્મહિતને સાધે છે – સુખસાધક બને છે.

એવા જ્ઞાનીનું સ્વરૂપ જણાવે છે–

**स्वद्रव्यगुणपर्याय–चर्या वर्या पराऽन्यथा ।**
**इति दत्तात्मसंतुष्टि–र्मुष्टिज्ञानस्थितिर्मुनेः ॥५॥**

**અર્થ** : પોતાના દ્રવ્યમાં, ગુણોમાં અને પર્યાયોમાં (ચર્યા=) વિચરવું–રમવું તે શ્રેષ્ઠ છે, તેનાથી અન્ય પરદ્રવ્ય, ગુણ, પર્યાયમાં રમણતા કરવી હિતકર નથી. આ પ્રમાણે જેણે આત્માને સંતોષ આપ્યો છે, એવી મુષ્ટિજ્ઞાનની—સંક્ષેપથી રહસ્યજ્ઞાનની સ્થિતિ–મર્યાદા મુનિને હોય છે.

**ભાવાર્થ** : પોતાના શુદ્ધ આત્મારૂપી દ્રવ્યમાં, શુદ્ધ જ્ઞાનાદિ કે ક્ષમાદિ ગુણોમાં અને શુદ્ધ પર્યાયોમાં રમણતા કરવી તે હિતકર છે, એ સિવાયનાં અન્ય દ્રવ્યોમાં, તેના ગુણોમાં કે પર્યાયોમાં રાગ કરવો હિતકર નથી, એટલું સંક્ષિપ્ત પણ જ્ઞાન મુનિને સર્વ તૃષ્ણાઓનો અને સંકલ્પ-વિકલ્પોનો નાશ કરી આત્મસંતોષ આપે છે.

ઉપર જણાવેલું સંક્ષિપ્ત પણ જ્ઞાન તત્ત્વથી સંપૂર્ણ

જ્ઞાન છે, કારણુ કે ચૌદપૂર્વોનું રહસ્ય અથવા સમગ્ર શ્રુતજ્ઞાનનો સાર એ જ છે.

અહીં દ્રવ્ય એટલે શુદ્ધ આત્મવસ્તુ. અને તેના ગુણો એટલે સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે. આ ગુણો સતત આત્માની સાથે જ રહેલા હોય છે તેને શુદ્ધ પર્યાયો દ્વારા પ્રગટ કરાય છે અને અશુદ્ધ પર્યાયોથી આવૃત્ત કરાય છે. પર્યાયો એટલે દ્રવ્યની ક્રમિક પ્રગટતી નાશ પામતી અવસ્થાઓ. તત્ત્વથી ગુણો તો આત્મામાં છે જ, પણ તે અશુદ્ધ (વૈભાવિક) પર્યાયોથી અવરાયેલા છે, તેને શુદ્ધ (સ્વાભાવિક) પર્યાયો દ્વારા પ્રગટ કરવાના છે. માટે જ સ્વમાં રમણુતા કરવાનો ઉપદેશ છે. સ્વરૂપમાં રમણુતા એ શુદ્ધ પર્યાય છે, તેથી તેના બળે ગુણો પ્રગટે છે અને પરમાં મમતા એ અશુદ્ધ પર્યાય છે, તેના બળે ગુણો અવરાય છે. માટે અહીં સ્વદ્રવ્ય-ગુણુ-પર્યાયમાં રમણુતાનો (સમાધિનો) ઉપદેશ છે.

આ જ્ઞાન મોહની ગ્રન્થીને તોડનારું છે. આવું જ્ઞાન થાય તો બીજા પ્રયત્નોની આવશ્યક્તા નથી, એ માટે કહ્યું છે કે

**अस्ति चेद् ग्रन्थीभिद् ज्ञानं, किं चित्रैस्तंन्त्रयन्त्रणैः ? ।**
**प्रदीपाः क्वोपयुज्यन्ते ? तमोघ्नी दृष्टिरेव चेत् ॥६॥**

અર્થ : જો (પરપદાર્થમાં રાગ-દ્વેષાદિ કરવારૂપ) મોહની ગ્રંથીને તોડનારું જ્ઞાન પ્રગટયું છે તો તેને શાસ્ત્રોક્ત વિવિધ અનુષ્ઠાનોના બંધનથી શું પ્રયોજન છે? જેની દૃષ્ટિ જ અંધકારને હણે છે તેને દીપકો કયાં ઉપયોગી થાય?

**ભાવાર્થ :** પરવસ્તુમાં મમતાની ગાંઠ કે જે જીવને અનાદિ કાળથી હોય છે, તે તૂટવાથી સ્વમાં જ સમતા કરાવનારું જો શુદ્ધ જ્ઞાન પ્રગટે તો પછી તેને શાસ્ત્રોમાં કહેલાં વિવિધ અનુષ્ઠાનોના બંધનની કોઈ આવશ્યક્તા રહેતી નથી. કારણ કે બધાં અનુષ્ઠાનોનું ધ્યેય વિભાવમાંથી મુક્ત થઈ સ્વભાવમાં રમણતા (સમતા-સમાધિ) કરાવવાનું છે. તે રમણતા જો જ્ઞાનના એક અંશથી પણ પ્રગટે તો તેટલું પણ તે શુદ્ધ જ્ઞાન પર્યાપ્ત છે. જો દૃષ્ટિ જ રાત્રીના અંધકારને ભેદીને પણ વસ્તુને સ્પષ્ટ જોઇ શકે, તો દીપકના પ્રકાશની શું જરૂર છે? તેવી જ રીતે જે જ્ઞાન મોહરૂપી રાત્રીના અંધકારને તોડીને શુદ્ધ આત્મ સ્વરૂપનું દર્શન કરાવે છે તેને વિવિધ બાહ્ય અનુષ્ઠાનો રૂપી દીપકો નિરુપયોગી છે. તાત્પર્ય કે શાસ્ત્રોક્ત વિવિધ અનુષ્ઠાનો બહિર્ભાવમાંથી મુક્ત થઈ સ્વભાવ-માં રમણતા માટે છે. તે સ્વરમણતા ન પ્રગટે ત્યાં સુધી અનુષ્ઠાનો ઉપયોગી છે, સ્વરૂપ રમણતા પ્રગટ્યા પછી તેમનું કાર્ય પૂર્ણ થાય છે. જે મહાત્માને ગ્રંથીભેદથી સ્વરૂપરમણતાકારક જ્ઞાન પ્રગટ્યું છે તેને ક્રિયાનુષ્ઠાનો માત્ર વ્યવહારના પાલન પૂરતાં જ કરણીય છે.

અથવા ગ્રંથીભેદરૂપ સમ્યક્ત્વપૂર્વકનું સમ્યગ્ જ્ઞાન પ્રગટ થયા પછી પણ તે સમ્યક્ત્વની રક્ષા શુદ્ધિ અને વૃદ્ધિ માટે જ્ઞાનાભ્યાસની તો આવશ્યકતા છે જ, છતાં અહીં જે ક્રિયા-નુષ્ઠાનની નિરર્થકતા કહી છે તે તત્ત્વસંવેદન નામના જ્ઞાનની ઉપાદેયતા અને વિષય પ્રતિભાસ જ્ઞાનની નિરર્થકતા જણાવવા

માટે છે. શાસ્ત્રમાં શ્રુત-ચિંતા અને ભાવનાજ્ઞાન ઉપરાંત બીજી રીતે પણ જ્ઞાનના ત્રણ પ્રકારો નીચે પ્રમાણે કહ્યા છે.

(૧) **વિષય પ્રતિભાસ જ્ઞાન :** માત્ર વસ્તુ અમુક છે એટલું જ જણાવનારું હોય, ઉપાદેયના વિવેક વિનાનું બાલકના જ્ઞાન જેવું મિથ્યાત્વીનું શુષ્કજ્ઞાન.

(૨) **આત્મપરિણતિમત્ જ્ઞાન :** આ જ્ઞાનમાં વસ્તુ હેય, ઉપાદેય કે ઉપેક્ષણીય છે, એવો વિવેક પ્રગટે છે, પણ આચરણ હોતું નથી. આ જ્ઞાન અવિરતિ સમક્તિ દૃષ્ટિ જીવોને  ાય છે.

(૩) **તત્ત્વસંવેદન જ્ઞાન :** આ જ્ઞાન હેય, ઉપાદેયાદિ વિવેક કરાવવા સાથે ત્યાજ્યનો ત્યાગ અને ઉપાદેયનો સ્વીકાર કરાવે છે, તે મુખ્યતયા નિર્મળ-ભાવ ચારિત્રવાળા મુનિઓને હોય છે.

માટે અહીં જે ગ્રન્થીભેદવાળા જ્ઞાનીને અનુષ્ઠાનોના બંધનની જરૂર નથી, એમ કહ્યું, તે તત્ત્વસંવેદન જ્ઞાનની મહત્તા જણાવવા કહ્યું છે. અન્યથા ક્રિયાની તો આવશ્યક્તા મોહનો નાશ ન થાય ત્યાં સુધી છે. ધ્યાન પણ ક્રિયારૂપ છે. શાસ્ત્રોમાં જ્ઞાનપૂર્વકની ક્રિયાથી મુક્તિ કહી છે. ક્રિયા એ ચારિત્રરૂપ છે અને મુક્તિનું અનંતર કારણ ચારિત્ર છે. માત્ર આત્મશુદ્ધિ વધે તેમ તેમ ક્રિયાનું સ્વરૂપ બદલાતું રહે છે. તેથી "ક્રિયા નિરર્થક છે, જ્ઞાનથી જ મુક્તિ છે" એમ માની ક્રિયાનો અપલાપ કરવા માટે આ કથન નથી, કિન્તુ શુદ્ધ જ્ઞાનની મહત્તા અને શુષ્ક-વિવેક વિનાના નિષ્ફળ જ્ઞાનની નિરર્થકતા જણાવવા માટે છે.

થોડા પણ સમ્યગ્ જ્ઞાનમાં ભવભ્રમણ ટાળવાની શક્તિ છે તે હકીકત જણાવવા માટે કહે છે કે—

**मिथ्यात्वशैलपक्षच्छिद् ज्ञानदम्भोलिशोभितः ।**
**निर्भयः शक्रवद्योगी, नन्दत्यानन्दनन्दने ॥७॥**

અર્થ : પર્વત જેવા મિથ્યાત્વના પક્ષનો છેદ કરનારા એવા જ્ઞાનરૂપી વજ્રથી શોભતો યોગી (જ્ઞાની) ઇન્દ્રની જેમ આત્માનંદરૂપી નંદન વનમાં નિર્ભયપણે વિચરે છે.

ભાવાર્થ : વજ્ર પર્વતને તોડે તેમ જે જ્ઞાન જીવના મિથ્યાત્વરૂપ પર્વતને તોડે છે, તેવા જ્ઞાનમાં મસ્ત યોગી મિથ્યાત્વનો નાશ કરીને, ઇન્દ્ર જેમ નંદન વનમાં ખેલે તેમ સહજ સ્વરૂપાનંદનું સુખ અનુભવે છે. તાત્પર્ય કે જે જ્ઞાન મિથ્યાત્વના અંધાપાને દૂર કરી આત્મ સ્વરૂપના આનંદનો અનુભવ કરાવે તે જ્ઞાન તત્ત્વથી શુદ્ધ જ્ઞાન છે અને તે ક્રમશઃ સર્વ બંધનોમાંથી મુક્ત કરી આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરાવે છે.

તત્ત્વથી જ્ઞાન એ જ આત્માનું સાચું ધન છે, તેને હવે અહીં વિવિધ ઉપમાઓથી ઓળખાવતાં જણાવે છે કે—

**पीयूषमसमुद्रोत्थं, रसायनमनौषधम् ।**
**अनन्यापेक्षमैश्वर्यं, ज्ञानमाहुर्मनीषिणः ॥८॥**

અર્થ : પંડિતો જ્ઞાનને સમુદ્રમાંથી નહિ પ્રગટેલું

છતાં અમૃત, ઔષધિ વિનાનું પણ રસાયણ અને અન્ય કોઈ વસ્તુની અપેક્ષા વિનાનું પણ ઐશ્વર્ય કહે છે.

ભાવાર્થ : પંડિતોએ શુદ્ધ જ્ઞાનને ત્રણ ઉપમાઓ આપી છે, પહેલી ઉપમામાં સમુદ્રમાંથી નહિ પ્રગટેલું અમૃત કહ્યું છે. તે બહારના સમુદ્રમાંથી નહિ પણ આત્માના અનંત ઊંડાણમાંથી પ્રગટેલો શુદ્ધ પ્રકાશ એ જ સાચું અમૃત છે, કારણ કે મરણને જીતીને જીવને તે અજર-અમર બનાવે છે. મરણ વખતે જે જ્ઞાન ખસી જાય અને મરણના ભયથી આત્મા દીન બને તે તાત્ત્વિક જ્ઞાન નથી. શુદ્ધ જ્ઞાન તો મરણને મહોત્સવ બનાવનારું અમૃત છે, કારણ કે સાચો જ્ઞાની જેણે આત્માને જાણ્યો છે તે મરણને સહર્ષ ભેટે છે, મરણને કષ્ટરૂપ નહિ પણ અગણિત કષ્ટોમાંથી–બંધનોમાંથી મુક્ત કરનાર મંગળ માને છે. એમ મરણને મંગળ બનાવનાર હોવાથી જ્ઞાન એ આત્માનું શુદ્ધ અમૃત છે. તેવા જ્ઞાનથી આપણે જ આપણા મરણને મંગળ મહોત્સવ બનાવી અમર બની શકીએ.

બીજી ઉપમામાં જ્ઞાનને ઔષધિઓ વિનાનું રસાયણ કહ્યું છે. રસાયણ જેમ શરીરના રોગોનો નાશ કરે છે તેમ જ્ઞાન પણ આત્માના રાગ–દ્વેષ–કામ-ક્રોધ–મદ–મત્સર વગેરે સર્વ રોગોનો નાશ કરી આત્માને નીરોગી બનાવે છે. સ્વરૂપાનંદમાં મગ્ન બનાવે છે અને અવરાયેલા સર્વ ગુણોને પ્રગટ કરી અનંત શક્તિરૂપ પુષ્ટિ આપે છે, માટે તે આત્માનું શુદ્ધ શ્રેષ્ઠ રસાયણ છે.

ત્રીજી ઉપમામાં જ્ઞાનને બીજી કોઈ વસ્તુની અપેક્ષા વિનાનું ઐશ્વર્ય કહ્યું છે. જગતમાં બધાં ઐશ્વર્યો પરસાપેક્ષ અને નાશવંત છે, ઈન્દ્રાસન હોય કે ચક્રવર્તીપણું હોય, કોઈ સ્વાધીન નથી, બધું પરાધીન છે. એક દિવસ નાશ પામી તે જીવની કારમી હાંસી કરાવે છે. જ્ઞાન એવું ઐશ્વર્ય છે કે તેમાં વિશ્વની અન્ય કોઈ વસ્તુની અપેક્ષા રહેતી નથી. જ્ઞાની સ્વયં પોતાની અનંત ઋદ્ધિનો શાશ્વત આનંદ ભોગવે છે. આવા અનુપમ જ્ઞાનનું વર્ણન કયા શબ્દોમાં કેટલું કરી શકાય ?

હવે આવો જ્ઞાની ઉપશમનો જે આનંદ ભોગવે છે, તેનું વર્ણન શમાષ્ટકથી કરે છે.

## ૬. શમ અષ્ટક

**विकल्पविषयोत्तीर्णः, स्वभावालम्बनः सदा ।**
**ज्ञानस्य परिपाको यः, स शमः परिकीर्तितः ॥१॥**

**અર્થ :** ઈષ્ટ–અનિષ્ટ વિષયોના વિકલ્પોથી પર અને જેમાં સદા આત્માના શુદ્ધ સ્વભાવનું પ્રતિબિંબ છે, તેવો જે જ્ઞાનનો પરિપાક તેને શમ કહેવાય છે.

**ભાવાર્થ :** બાહ્ય વસ્તુઓનો ઈષ્ટાનિષ્ટપણાનો વિચાર –વિકલ્પ જેમાંથી સર્વથા દૂર થયો છે અને જેમાં સદા આત્માના શુદ્ધ સ્વરૂપનો જ પ્રકાશ છે, એવું પરિપક્વ જ્ઞાન તેને શમ કહેવાય છે. આ શમ એ જ સમતા છે, કે જે યોગનો ચોથો પ્રકાર છે.

યોગનાં પાંચ અંગો નીચે પ્રમાણે કહેલાં છે.

(૧) શાસ્ત્રાનુસારે જીવ–અજીવ વગેરે તત્ત્વોનું ચિંતન તે અધ્યાત્મયોગ છે. તેનાં ૧ અશુભ કર્મોનો ક્ષય, ૨ સત્ત્વ ગુણનો (વીર્યોલ્લાસનો) વિકાસ, ૩ ચિત્તની સ્થિરતા અને ૪ રત્નની કાન્તિતુલ્ય સ્થિર શુદ્ધ બોધ, એ ચાર ફળો છે.

(૨) એ જ અધ્યાત્મનો કામ–ક્રોધાદિ દુષ્ટ વૃત્તિઓ રહિત વારંવાર દૃઢ અભ્યાસ તે **બીજો ભાવનાયોગ** છે.

તેનાં ૧. કામ–ક્રોધાદિ વિકલ્પોની નિવૃત્તિ, ૨. જ્ઞાનાદિ ગુણોના ચિંતનની પ્રવૃત્તિ અને ૩. શુદ્ધ ચૈતન્યની વૃદ્ધિ, એ ત્રણ ફળો છે.

(૩) પવનરહિત ઘરમાં રહેલા સ્થિર દીપકની જેમ કોઈ એક વિષયમાં ઉપયોગ રૂપ ચિત્તની સ્થિરતા, તે ત્રીજો ધ્યાનયોગ છે અને તેનાં ૧ સર્વ કાર્યોમાં અન્ય આલંબન રહિત સ્વાશ્રયીભાવ, ૨ ચિત્તની સ્થિરતા અને ૩ ભવ-પરંપરાનો વિચ્છેદ, એ ત્રણ ફળો છે.

(૪) અન્ય વિષયોમાં અજ્ઞાનથી થતી ઇષ્ટાનિષ્ટપણાની કલ્પનાને તજી સમભાવ ધારણ કરવો, તે ચોથો સમતા યોગ છે. એને જ અહીં શમ જાણવો. તેનાં ૧ તપજન્ય લબ્ધિઓનો સ્વાર્થે ઉપયોગ ન કરવો, ૨ ઘાતીકર્મોનો ક્ષયોપશમ અને ૩ પરાપેક્ષા રૂપ બંધનનો સર્વથા નાશ, એ ત્રણ ફળો છે.

(૫) કર્મરૂપ અન્ય સંયોગથી થતી માનસિક ચંચળતા (વિકલ્પો)નો અને શારીરિક હલનચલનાદિ ક્રિયાનો સમૂળ નિરોધ, તે પાંચમો વૃત્તિસંક્ષયયોગ છે. અહીં માનસિક વિકલ્પોના નિરોધથી કેવળજ્ઞાન અને શારીરિક ક્રિયાઓના નિરોધથી શૈલેશી અવસ્થા પ્રગટે છે. આ યોગનાં કેવળજ્ઞાન, શૈલેશી અને નિર્વાણ એ ત્રણ ફળો કહ્યાં છે.

વળી શમનો મહિમા વર્ણવે છે કે—

**अनिच्छन् कर्मवैषम्यं, ब्रह्मांशेन समं जगत् ।**
**आत्माभेदेन यः पश्येदसौ मोक्षंगमी शमी ॥२॥**

અર્થ : કર્મજન્ય વિષમતાને નહિ ગણતાં પરમાત્મ સ્વરૂપનો અંશ સર્વમાં સમાન છે, એમ સમજી સર્વ જગતને (જીવોને) જે પોતાના તુલ્ય દેખે છે તે શમવાળો આત્મા મોક્ષગામી છે.

ભાવાર્થ : વિવિધ જીવોની કર્મજન્ય બાહ્ય ભિન્ન ભિન્ન અવસ્થાને અનુરૂપ તેઓની સાથે ઉચિત વ્યવહાર કરવા છતાં તત્ત્વથી સર્વ જીવો સ્વરૂપે સમાન છે, એમ માની સર્વને પોતાના આત્મા તુલ્ય માનનારના રાગ–દ્વેષાદિ શાન્ત થઈ જાય છે. આવા શમભાવમાં વર્તતો જીવ મુક્તિને પામી શકે છે. સર્વ જીવોને આત્મતુલ્ય માનવાનું વિધાન દ્રવ્યાર્થિક નયથી સમજવું. ગાય–ભેંસ, બ્રાહ્મણ–ચંડાલ, રંક–રાવ, મનુષ્ય-પશુ વગેરે તે તે જીવોની કર્મજન્ય વર્તમાન અવસ્થાઓ તેના કર્મજન્ય પર્યાયો છે; તેને અનુસારે ઉચિત વ્યવહાર કરવા છતાં દરેકનો આત્મા સ્વરૂપે સમાન–મારા આત્મા તુલ્ય છે, એમ માની અન્યના સુખ દુઃખને પોતાના સુખ દુઃખ સમાન માને છે તે સાચો શમી મુક્તિને પામી શકે છે.

વ્યવહારમાં પણ સ્વપુત્રાદિ રોગી છતાં આત્મીય ભાવે તેને નિરોગી બનાવવાનો પ્રયત્ન કરાય છે, તિરસ્કાર કરાતો નથી; તેમ જીવમાત્ર તત્ત્વથી પરમાત્મ તુલ્ય છે, જે વિવિધતા દેખાય છે તે કર્મજન્ય રોગરૂપ છે, માટે કોઈને દુષ્ટ માની તિરસ્કારાદિ નહિ કરતાં રોગી માની તેનો તે રોગ નાશ થાય તેવું વર્તન કરવું જોઈએ. તેને દુષ્ટ માનવો તે અજ્ઞાન છે, કારણ કે તેથી દ્વેષ-તિરસ્કાર વગેરે પ્રગટે છે

રોગી છતાં સ્વરૂપે આત્મતુલ્ય માનવો તે જ્ઞાન છે, તેનાથી આત્મીયતા પ્રગટે છે. આ આત્મીય ભાવ એ જ શમનો પ્રાણ છે અને તેના દ્વારા જ જીવ પરમાત્મા બની શકે છે.

બાહ્ય અનુષ્ઠાનો શમનું કારણ છે, તે જણાવે છે—

**आरुरुक्षुर्मुनिर्योगं, श्रयेद्बाह्यक्रियामपि ।**
**योगारूढः शमादेव, शुध्ध्यत्यन्तर्गतक्रियः ॥३॥**

અર્થ : સમાધિયોગ ઉપર ચઢવાને ઈચ્છતો મુનિ બાહ્ય (આવશ્યકાદિ) ક્રિયાઓનો આશ્રય સ્વીકારે, પણ યોગારુઢ–યોગ ઉપર ચઢેલો પુરુષ તો અભ્યંતર ક્રિયાપૂર્વકના શમથી જ શુદ્ધ થાય છે.

ભાવાર્થ : યોગ અર્થાત્ શમ–સમાધિને પ્રાપ્ત કરવા માટે બાહ્ય અનુષ્ઠાનો આવશ્યક છે, શુદ્ધ–ધર્મનાં અનુષ્ઠાનોથી મલિન વૃત્તિઓનો નિરોધ અને પરિણામે શમ–સમાધિ પ્રગટ કરી શકાય છે. માળ ઉપર ચઢવા માટે સીડીનો આશ્રય લેવો પડે છે. સીડીના આલંબનથી જેમ ચઢવાની શક્તિ પ્રગટ થાય છે અને માળ ઉપર પહોંચાય છે, તેમ બાહ્ય અનુષ્ઠાનોના આલંબનથી આત્મામાં સમાધિરૂપ શમ પ્રગટે છે. માળ ઉપર પહોંચ્યા પછી જેમ સીડી નિરર્થક છે તેમ શમ પ્રગટચા પછી બાહ્ય અનુષ્ઠાનોનું કાર્ય પુરું થાય છે. પછી તો શમના બળે જ આંતરિક શુદ્ધિ કરતો આત્મા સર્વથા શુદ્ધ થાય છે.

ઔષધની જરૂર આરોગ્ય પ્રગટાવવા પૂરતી છે. નિરોગી થયા પછી ઔષધ જરૂરી નથી. બાળકને માતાના હાથની

સહાય ગમનશક્તિ પ્રગટ કરવા પૂરતી છે, ચાલવાની શક્તિ પ્રગટયા પછી જરૂરી નથી. તેમ બાહ્ય વિવિધ અનુષ્ઠાનો શમ–સમાધિ પ્રગટાવવા માટે ઉપયોગી છે, પછી તેની આવશ્યકતા નથી. પછી તો સ્વયં શક્તિથી ગમન કરી શકાય છે તેમ શમ પ્રગટ્યા પછી એના બળે જ અભ્યંતર અસંગક્રિયા કરતો સંપૂર્ણ શુદ્ધ થાય છે. અહીં પ્રીતિ–ભક્તિ અને વચન-ક્રિયા તે બાહ્ય અનુષ્ઠાનો અને અસંગક્રિયા તે અભ્યંતર ક્રિયા જાણવી. આ પ્રીતિ વગેરે ચારે અનુષ્ઠાનોનું સ્વરૂપ પાછળ સત્તાવીશમા યોગાષ્ટકના સાતમા શ્લોકમાં કહેવાશે.

શમનો ઉપાય અને ફળ જણાવતાં કહે છે કે—

ध्यानवृष्टे–र्दयानद्याः, शमपूरे प्रसर्पति ।
विकारतीरवृक्षाणां, मूलादुन्मूलनं भवेत् ॥४॥

અર્થ : ધ્યાનરૂપ વર્ષાથી દયા નદીનું શમરૂપી પૂર વધી જતાં કાંઠે રહેલા વિકારરૂપી વૃક્ષોનું મૂળથી ઉન્મૂલન થાય છે.

ભાવાર્થ : ધ્યાનરૂપ વર્ષા થવાથી દયારૂપી નદીમાં શમ-રૂપ પૂરની વૃદ્ધિ થાય છે. અર્થાત્ ધ્યાન દ્વારા ભાવકરુણા-માંથી શમ પ્રગટે છે, શમનું કારણ ધ્યાન છે, માટે પૂર્વે પહેલા શ્લોકમાં ધ્યાનયોગ પછી ચોથો શમ (સમતા) યોગ કહ્યો છે. આ શમ પ્રગટ્યા પછી સંકલ્પ–વિકલ્પરૂપ વિવિધ વિકારો નાશ પામે છે, એ સમાધિ જ શમનું ફળ છે.

શમથી જે આત્મહિત થાય છે, તે શમ વિના વિવિધ કષ્ટક્રિયાઓથી પણ થતું નથી. એ વાત જણાવે છે—

**ज्ञानध्यानतपःशील–सम्यक्त्वसहितोऽप्यसौ ।**
**तं नाप्नोति गुणं साधु, यं प्राप्नोति शमान्वितः ॥५॥**

**અર્થ :** શમયુક્ત સાધુ જે ગુણને પ્રાપ્ત કરે છે, તે ગુણને જ્ઞાન–ધ્યાન–તપ–શીલ–સમ્યક્ત્વ વગેરે ગુણોથી યુક્ત છતાં શમરહિત સાધુ પ્રાપ્ત કરતો નથી.

**ભાવાર્થ :** જ્ઞાન–ધ્યાન–તપ–શીલ–સદાચાર–સમ્યક્ત્વ વગેરેથી પ્રયત્ન કરવા છતાં વીતરાગતા કેવળજ્ઞાન વગેરે ગુણો શમ વિના પ્રાપ્ત થતા નથી. અર્થાત્ એ જ્ઞાન–ધ્યાનાદિ યુક્ત અનુષ્ઠાનો પણ શમની પ્રાપ્તિથી જ વિશેષ ફળ આપે છે. તાત્પર્ય કે કેવળજ્ઞાનાદિ વિશેષ ગુણોની પ્રાપ્તિમાં શમ મુખ્ય હેતુ છે. શ્રુતજ્ઞાનાદિ ગુણોથી શમ અને શમ દ્વારા કેવળજ્ઞાનાદિ પ્રગટે છે, માટે જ્ઞાનાદિ ગુણોવાળા આત્માએ શમ પ્રગટાવવાના ધ્યેયથી સર્વ અનુષ્ઠાનો કરવાં જોઈએ.

શમવાળા આત્માનું મહત્ત્વ વર્ણવે છે—

**स्वयंभूरमणस्पर्द्धिवर्द्धिष्णुसमतारसः ।**
**मुनिर्येनोपमीयेत, कोपि नाऽसौ चराचरे ॥६॥**

**અર્થ :** જે મુનિનો સમતા રસ સ્વયંભૂરમણ સમુદ્રની સ્પર્ધા કરતો હોય તેમ વૃદ્ધિ પામે છે, તે શમવાળા મુનિની

સાથે સરખાવી શકાય તેવો કોઈ પણ પદાર્થ સમગ્ર વિશ્વમાં પણ નથી.

ભાવાર્થ : તિર્છાલોકના છેડે સર્વથી મોટો અસંખ્યાત યોજન પહોળો જે છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર છે, તેની પણ સ્પર્ધા કરતો એટલે તેથી પણ અધિક વધતો સમતા રસ જે મુનિમાં હોય છે, તે મુનિની સાથે સરખાવી શકાય તેવો કોઈ પદાર્થ આ સમગ્ર વિશ્વમાં નથી. તાત્પર્ય કે શમરસનો આનંદ કોઈની સાથે સરખાવી ન શકાય તેવો અનિર્વચનીય-અનુભવગમ્ય છે.

પુનઃ શમનો પ્રભાવ જણાવે છે—

**शमसूक्तसुधासिक्तं, येषां नक्तंदिनं मनः ।**
**कदापि ते न दह्यन्ते, रागोरगविषोर्मिभिः ॥७॥**

અર્થ : (શમનો પ્રભાવ એવો અદ્ભુત છે કે-) રાત્રિ-દિવસ જેઓનું મન શમનો મહિમા ગાતાં વચનો-રૂપી અમૃતથી સિંચાય છે, તેઓ રાગરૂપી સર્પના ઝેરની ઊર્મિઓ (રાગ-દ્વેષાદિના વિકલ્પો) વડે કદી પણ બળતા નથી.

ભાવાર્થ : શમનો સાક્ષાત્ અનુભવ તો કોઈ રીતે સમજાવી ન શકાય તેવો અનિર્વચનીય છે જ, પણ માત્ર તેનાં સુભાષિતો (મહિમાવાચક વાક્યો) પણ એવાં અમૃત-તુલ્ય છે, કે જે પુણ્યવાન તેનું રાત્રિ-દિવસ શ્રવણ-મનન કરે છે, તેનું મન કદાપિ રાગરૂપી ફણિધરના ઝેરી વિકલ્પોથી

બળતું નથી. તાત્પર્ય કે તેના મનમાં રાગના વિકલ્પો શાન્ત થઈ જાય છે, નિર્વિકલ્પ દશાને તે પ્રાપ્ત કરે છે અને ચંચળથી પણ અતિચંચળ, કોઈ રીતે વશ ન થઈ શકે તેવું પણ મન નિત્ય શમનું વર્ણન સાંભળવાથી શાન્ત-સ્થિર થઈ જાય છે.

શમના પ્રભાવે મુનિ આત્મ સામ્રાજ્યનો કેવો આનંદ અનુભવે છે તે જણાવે છે.

**गर्जद्ज्ञानगजोत्तुङ्ग–रङ्गद्ध्यानतुरङ्गमाः ।**
**जयन्ति मुनिराजस्य, शमसाम्राज्यसम्पदः ॥८॥**

અર્થ : જેમાં ગર્જના કરતા જ્ઞાનરૂપી હાથીઓ અને ઊંચે નાચતા ધ્યાનરૂપી અશ્વો છે, તેવી મુનિરાજની શમ-રૂપી સામ્રાજ્યની સંપત્તિ સદા જયવંતી વર્તે છે.

ભાવાર્થ : સમગ્ર વિશ્વની ઉપર જેઓનું વર્ચસ્વ છે, તે મોહ અને અજ્ઞાન જેવા મહાશત્રુઓ ઉપર પણ મુનિરાજની શમભાવરૂપી સંપત્તિ (સેના) વિજય મેળવે છે. તેમાં જ્ઞાનરૂપી હાથીઓ ગર્જના કરતા હોય છે અને ધ્યાન-રૂપી અશ્વો ઊછળી ઊછળીને નાચતા હોય છે. તાત્પર્ય કે ઉપશમભાવને પામેલા મુનિરાજ જ્ઞાન–ધ્યાન વડે આત્માના મહાવૈરી અંતરંગ શત્રુઓનો પણ વિજય મેળવી શકે છે.

આ શમ માટે ઇન્દ્રિયોનો જય અનિવાર્ય છે, તેથી હવે તેનું વર્ણન ઇન્દ્રિયજય અષ્ટકમાં કરે છે.

## ૭. ઇન્દ્રિયજય અષ્ટક

**बिभेषि यदि संसारान्‌–मोक्षप्राप्तिं च कांक्षसि ।**
**तदेन्द्रियजयं कर्तुं, स्फोरय स्फारपौरुषम् ॥१॥**

**અર્થ** : જો તું સંસારથી ડરતો હોય અને મોક્ષ મેળવવાને ઇચ્છતો હોય, તો ઇન્દ્રિયોનો જય કરવા ઉગ્ર પરાક્રમને ફોરવ !

**ભાવાર્થ** : ઇન્દ્રિયોનો જય કર્યા વિના બાહ્ય સંસારરૂપ જન્મ-મરણ કે સંયોગ–વિયોગાદિના અને અભ્યંતર સંસાર-રૂપ રાગ–દ્વેષ–કામ-ક્રોધાદિનાં કષ્ટોથી છુટાય તેમ નથી. માટે જો આ બાહ્ય-અભ્યંતર ઉભય કષ્ટોરૂપ સંસારથી ભય જાગ્યો હોય અને મુક્તિના સહજ સ્વાભાવિક સુખને મેળવવાની ઇચ્છા પ્રગટી હોય તો ઇન્દ્રિયોનો જય કરવા ઉગ્ર પરાક્રમને પ્રગટ કરવું જોઈએ.

ઇન્દ્રિયોનો જય એટલે તત્ત્વથી વિષયોનો વિરાગ છે, વિષયોના ભોગોમાં અનાસક્ત બનવું, રાગ–દ્વેષને વશ નહિ થવું તે ઇન્દ્રિયોનો જય છે.

જ્યાં સુધી ભોગોમાં રાગ-દ્વેષ થાય, ત્યાં સુધી ભોગો-નો ત્યાગ કર્તવ્ય છે એટલું જ નહિ પણ તે અનિવાર્ય છે.

વિશ્વ વ્યવસ્થા એવી છે કે મનુષ્ય જેમ જેમ પ્રાપ્ત ભોગાદિનો ત્યાગ – વિરાગ કરે, તેમ તેમ અધિકાધિક ભોગાદિ સામગ્રી મળે. પરંતુ ત્યાં વૈરાગ્યશીલ મનુષ્ય વિરાગની શક્તિ અધિકાધિક કેળવી અંતે ત્રણે લોકની સંપત્તિ મળવા છતાં વિરાગી જ બને છે અને મોહનો પૂર્ણ વિજય પ્રાપ્ત કરે છે. વિરાગી બનવા માટે પ્રાથમિક કક્ષામાં ત્યાગ અત્યંત ઉપયોગી અને અનિવાર્ય છે, પણ મોહનો આખરી વિજય તો વૈરાગ્યથી જ થાય છે. તેમાં ત્યાગ એ વૈરાગ્યની પ્રાપ્તિ માટે અને રક્ષા માટે ખાસ ઉપયોગી છે.

હવે વિષયોના રાગની ભયંકરતા વર્ણવે છે—

**वृद्धास्तृष्णाजलापूर्णैरालवालैः किलेन्द्रियैः ।**
**मूर्छामतुच्छां यच्छन्ति, विकारविषपादपाः ॥२॥**

**અર્થ** : વિષયતૃષ્ણા રૂપ જળથી ભરેલા ઇન્દ્રિયોરૂપી ક્યારાઓથી વધેલા (પોષેલા) વિવિધ વિકારોરૂપી વિષવૃક્ષો આત્માને ગાઢ મૂર્છિત (મૂઢ) કરે છે.

**ભાવાર્થ** : જળથી ભરેલા ક્યારાઓથી જેમ વૃક્ષો વધે છે, તેમ વિષયતૃષ્ણારૂપી જળથી પુષ્ટ બનેલા ઇન્દ્રિયોરૂપ ક્યારાઓથી પોષાયેલા વિકારરૂપી ઝેરી વૃક્ષો આત્માને મોહ-ગ્રસ્ત અર્થાત્ મૂઢ બનાવે છે.

ઈન્દ્રિયોને જેમ જેમ વિષયોથી તૃપ્ત કરવામાં આવે તેમ તેમ તેના વિકારો વધે છે અને વધેલા વિકારો આત્માને મોહમૂઢ બનાવી વિષયાસક્ત કરી દે છે. દારૂપાનથી મૂઢ બનેલો દારૂનો દાસ બની તેની પાછળ જિંદગી ગુમાવે છે, તેમ વિષયોમાં આસક્ત બનેલો જીવ તેનો દાસ બની મહામૂલા માનવભવને નિરર્થક ગુમાવે છે, અને શમ સામ્રાજ્યના અનુત્તર સહજ સુખથી વંચિત રહે છે. વિષયેચ્છા વિષયોના ભોગથી કદાપિ શમતી નથી, ઉત્તરોત્તર વધતી જાય છે. માટે જ જ્ઞાનીઓ ત્યાગ-વિરાગને સાધે છે અને તેનો જ ઉપદેશ કરે છે.

ઇન્દ્રિયો વિષયભોગથી કદાપિ તૃપ્ત થતી નથી, તે કહે છે—

**सरित्सहस्रदुष्पूरसमुद्रोदरसोदरः ।**
**तृप्तिमान् नेन्द्रियग्रामो, भव तृप्तोऽन्तरात्मना ॥३॥**

**અર્થ** : હજારો નદીઓથી પણ પૂર્ણ ન થાય તેવા સમુદ્રના અતળ ઊંડાણ જેવો અતૃપ્ત – ભૂખ્યો ઇન્દ્રિયોનો સમૂહ કોઈ રીતે ધરાય તેવો નથી, માટે અંતરાત્મ ભાવથી તૃપ્ત બન !

ભાવાર્થ : વિષયોની તૃષ્ણા એવી વિષમ છે કે જેમ જેમ તેને દૂર કરવા વિષયોનું સેવન કરવામાં આવે તેમ તેમ

તે વધે જ છે, પરિણામે માનવભવમાં તૃપ્તિ ન થતાં તિર્યંચ ગતિમાં જવું પડે, ત્યાં તૃષ્ણા એવી વધી જાય કે વિષ્ટા, માંસભક્ષણ વગેરે દુર્ગંછનીય વિષયોથી પણ તૃપ્તિ થાય નહિ, પરિણામે ત્યાંથી નરકમાં જવું પડે, કે જ્યાં તૃષ્ણાની અતિશય કારમી પીડા છતાં વિષયોની લેશ પણ પ્રાપ્તિ નહિ. એમ વિષય–તૃષ્ણાને વશ સંસારમાં વિવિધ ગતિ – જાતિઓનાં અનંતા દુઃખો આત્માએ વેઠયાં તો પણ તૃપ્તિ થઈ નથી. હજારો નદીઓથી પણ ન ભરાય તેવાં સમુદ્ર જેવો ઇન્દ્રિયોનો સમૂહ છે તે કોઈ પણ રીતે વિષયોથી કદાપિ તૃપ્ત થવાનો નથી, માટે એ તૃષ્ણાનાં દુઃખોને ટાળવા માટે અંતરાત્માથી તૃપ્ત થવું જોઈએ. અંતરાત્મામાં જે સ્વાધીન સ્વાભાવિક સુખ છે તેનો સ્વાદ એવો છે કે તેને ચાખ્યા પછી વિષયભોગજન્ય બાહ્ય સુખની ઇચ્છા પણ રહેતી નથી. અને એ જ સાચી તૃપ્તિ છે.

પાંચે ઇન્દ્રિયોના વિવિધ વિપુલ વિષયો પ્રત્યેક જીવે અનંતી વાર ભોગવ્યા છે તો પણ આજ સુધી તૃપ્તિ નથી થઈ, તે જ પ્રમાણ છે કે વિષયભોગથી કદાપિ તૃપ્તિ થતી નથી. તેના ત્યાગપૂર્વકના વૈરાગ્યથી જ અંતરાત્મસુખનો (સંતોષનો) અનુભવ થાય છે અને એ અનુભવનો લેશ પણ એવો છે કે જેની સામે ત્રણે લોકના, ત્રણે કાળનાં વિષયોનો સ્વાદ પણ કથિર તુલ્ય બની જાય છે.

ઇન્દ્રિયો આત્માને કેવી રીતે પરવશ બનાવે છે તે કહે છે—

आत्मानं विषयैः पाशैर्भववासपराङ्मुखम् ।
इन्द्रियाणि निबध्नन्ति, मोहराजस्य किंकराः ॥४॥

અર્થ : સંસાર વાસથી કંટાળેલા–પરાંગમુખ બનેલા આત્માને પણ મોહરાજાના સેવકોરૂપ ઇન્દ્રિયો (મોહના આદેશથી) વિષયોરૂપી બંધનોથી બાંધે છે.

ભાવાર્થ : મોહમૂઢતાથી પોતાની જણાતી પણ ઇન્દ્રિયો તત્ત્વથી પોતાની નથી, પણ મોહરાજાના ચાકરો છે. જડ પુદ્ગલોની રચનારૂપ હોવાથી તે જડ છે, તેથી જ તે આત્માને જડ પ્રત્યે આકર્ષિત કરે છે અને જડ વિષયોમાં રાગ કરાવીને એ રાગરૂપ બંધનથી આત્માને સંસારમાં બાંધી રાખે છે.

ચૈતન્ય સ્વરૂપ આત્માને જડ સુખો કેવી રીતે સુખી કરી શકે ? તત્ત્વથી તો પરાયા જડની ઇચ્છા માત્ર કરવી તે પણ અન્યાય છે, પછી જડના ભોગનું તો પૂછવું જ શું ? તે મહાઅન્યાય છે અને એ અન્યાયને કારણે જ જીવ દુ:ખી થાય છે. તે ચેતન છે તો તેણે ચૈતન્યનો ભોગ કરવો તે ન્યાય છે. એ ન્યાયનું પાલન જ એને સુખી કરી શકે.

વિષયોથી મૂઢ આત્મા કેવો અંધ બને છે. તે કહે છે—

गिरिमृत्स्नां धनं पश्यन्, धावतीन्द्रियमोहितः ।
अनादिनिधनं ज्ञानं, धनं पार्श्वे न पश्यति ॥५॥

અર્થ : ઇન્દ્રિયોના વિષયોમાં મૂઢ બનેલો જીવ પર્વતની માટીને પણ ધનરૂપે જોતો તેને મેળવવા દોડે છે (રખડે છે), પણ તદ્દન પોતાની પાસે હોવા છતાં અનાદિ અનંત એવા જ્ઞાનરૂપ ધનને જોઈ શકતો નથી.

ભાવાર્થ : વિશ્વમાં ધન તરીકે મનાતું સુવર્ણ–ચાંદી કે રત્નો વગેરે બધું તત્ત્વથી તો જડ હોવાથી પર્વતની માટીરૂપ જ છે, નાશવંત છે, છતાં ઇન્દ્રિયોના સુખમાં મૂઢ બનેલો જીવ તેને ધન માની તેની પ્રાપ્તિ માટે દોડાદોડ કરે છે, આકાશ–પાતાળને એક કરવા જેટલો પ્રયત્ન કરે છે, પણ પોતાની પાસે જ રહેલા સ્વાધીન, શાશ્વત અને અવિનશ્વર જ્ઞાન ધનને જોતો નથી.

જ્ઞાન એ પરમ આનંદ છે, તેનું વર્ણન કરવાના શબ્દો વિશ્વમાં નથી, છતાં તુચ્છ ધનની તેને ઉપમા એ કારણે આપી છે કે જીવને ધનનો રાગ છે, તેને એ સમજાવવાનું છે કે જે ધનને મેળવવામાં, સાચવવામાં અને ભોગવવામાં પણ વિવિધ દુઃખો સહન કરવાં પડે છે, અને એમ છતાં એને છોડીને ખાલી હાથે ચાલ્યા જવું પડે છે, તેવા બાહ્ય કલ્પિત ધનને છોડીને આત્મામાં રહેલા અખૂટ અનંત શાશ્વત જ્ઞાનરૂપ ધનને પ્રગટ કરવા પ્રયત્ન કર ! આ જ્ઞાનનું દર્શન (અનુભવ) થતાં જ વિષયોના બંધનથી બાંધનારી પાપી ઇન્દ્રિયોની તાત્ત્વિક ઓળખ થાય છે અને તરત જ વિષયોની અભિલાષા તૂટી જાય છે. બાહ્ય શબ્દાદિ વિષયોની જેમ શ્રી અરિહંતની વાણી, શ્રી સિદ્ધ ભગવંતોનું રૂપ, શ્રી આચાર્યોના

સદાચારની સુવાસ, શ્રી ઉપાધ્યાયોના સ્વાધ્યાયનો રસ, મુનિઓની પવિત્રતાનો સ્પર્શ આદિ અભ્યંતર શબ્દાદિ વિષયો પણ આત્મામાં છે તેનું અવગાહન કરી તેમાં મસ્ત બને છે અને ક્રમે ક્રમે જ્ઞાન-ધ્યાનમાં મસ્ત બની આત્મા સ્વરૂપ ભોગનો આનંદ લૂંટે છે.

મોહમૂઢ આત્માઓ વિષયમાં કેવા ઘેલા બને છે તે કહે છે—

**पुरः पुरः स्फुरत्तृष्णा, मृगतृष्णानुकारिषु ।**
**इन्द्रियार्थेषु धावन्ति, त्यक्त्वा ज्ञानामृतं जडाः ॥६॥**

અર્થ : જેઓની તૃષ્ણા ઉત્તરોત્તર વધતી રહે છે, તે જડ પુરુષો જ્ઞાનરૂપ અમૃતને તજીને ઝાંઝવાના નીર જેવા (ભ્રામક) ઇન્દ્રિયોના વિષયોમાં દોડે છે.

ભાવાર્થ : અપેક્ષાથી વિચારીએ તો ઇન્દ્રિયો એ તો વિવેકી-જનો માટે મોહને જીતવા માટેની પુણ્યથી પ્રાપ્ત થયેલી જીવન સામગ્રી છે. ભયંકર તો વિષયોની તૃષ્ણા-અભિલાષા છે, શાસ્ત્રોમાં ઘટનારૂપે કહ્યું છે કે મોહરાજાનો પાટવીપુત્ર રાગકેસરી છે, તેનો મંત્રી વિષયાભિલાષ છે અને પાંચે ઇન્દ્રિયો વિષયાભિલાષની પુત્રીઓ છે; વિષયાભિલાષના બળે તે સંસારનો બધો પ્રપંચ સરજે છે. જો પૂર્વે જણાવ્યું તે જ્ઞાન-ધનનો ઉપયોગ કરી જીવ આ વિષયાભિલાષના પ્રપંચને સમજે તો એ જ ઇન્દ્રિયોના નિગ્રહ દ્વારા મોહનો પરાભવ કરી મુક્ત થઈ શકે છે. માત્ર જરૂર છે જ્ઞાન દ્વારા વસ્તુ તત્ત્વને જાણવાની. એ જ્ઞાન

સ્વાધીન છે, જીવ તેનો ઉપયોગ કરે તો પુણ્યથી મળેલી ઇન્દ્રિયો દ્વારા વિષયોનો વિરાગ કેળવીને રાગકેસરીનો નાશ કરી શકે, અને મૃગતૃષ્ણા જેવા ભ્રામક વિષય સુખને તજી આત્મગુણોના (તૃપ્તિના) સહજ આનંદનો ભોક્તા બને. મહાત્મા કુરગડુ, નંદિષેણ, સ્થૂલભદ્રજી, ભરતચક્રી વગેરે એનાં દૃષ્ટાંતો છે.

એક એક ઇન્દ્રિયની પણ પરવશતા પ્રાણઘાતક છે તે કહે છે—

**पतङ्गभृङ्गमीनेभ–सारङ्गा यान्ति दुर्दशाम् ।**
**एकैकेन्द्रियदोषाच्चेद् , दुष्टैस्तैः किं न पञ्चभिः ॥७॥**

અર્થ : જો પતંગિયા, ભ્રમરો, માછલાં, હાથીઓ અને મૃગલાં, માત્ર એક–એક ઇન્દ્રિયોને વશ બનીને પણ દુઃખી થાય છે, તો દુષ્ટ એવી તે પાંચે ઇન્દ્રિયો શું અનર્થ ન કરે ?

ભાવાર્થ : રૂપના રાગથી પતંગીયા, ગંધના રાગથી ભમરાઓ, રસલુબ્ધ માછલાંઓ, સ્પર્શ (કામ) રાગથી હાથીઓ અને શબ્દના (ગીતના) રાગથી હરિણો પ્રાણ ગુમાવે છે, એ જગપ્રસિદ્ધ છે; જો એક–એક ઇન્દ્રિયના વિષયથી પણ તેમની દુર્દશા થાય છે તો પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં લુબ્ધ બનેલા માનવની કેવી ભયંકર દુર્દશા થાય ? તે શાન્ત ચિત્તે વિચારવા જેવું છે.

કસાઈ બોકડાને ખૂબ ખવરાવે છે ત્યારે તે મસ્ત બને છે, પણ તેને ખ્યાલ નથી કે એ જ કસાઈ એક દિવસ ગળું કાપવાનો છે !

જળો માટે પણ એવું જ છે, માણુસ રોગીષ્ટ લોહીથી બચવા જળો મુકાવે છે. તે લોહીને ચૂસીને જળો પુષ્ટ બને છે, પણ પછી તેને નીચોવી નાખવામાં આવશે ત્યારે ભયંકર દુઃખ થવાનું છે, એને તે જાણુતી નથી.

એમ વિષયોને ભોગવતાં તો માણુસ આનંદ માને છે પણ તે મૂઢને એ ખ્યાલ નથી કે તેના પરિણામે નરકાદિનાં આકરાં અસહ્ય દુઃખો ભોગવવાં પડશે.

ખરેખર ! વિષયો વિષ કરતાંય ભૂંડા છે, વિષ એક જ જન્મમાં પ્રાણુ લે છે, વિષયો અનેક જન્મ-મરણુ કરાવે છે.

ઇન્દ્રિયોનો વિજેતા જ સાચો વિજયી છે, તે કહે છે—

**विवेकद्वीपहर्यक्षैः, समाधिधनतस्करैः ।**
**इन्द्रियैर्यो न जीतोऽसौ, धीराणां धुरि गण्यते ॥८॥**

અર્થ : વિવેકરૂપી હાથીનો નાશ કરનાર સિંહ જેવી અને સમાધિરૂપ ધનને ચોરનારી દુષ્ટ એવી ઇન્દ્રિયોથી જે હાર્યો નથી, તે પુણ્યાત્મા ધીર પુરુષોમાં અગ્રેસર ગણુાય છે.

ભાવાર્થ : જે વિવેકરૂપી હસ્તિ, મોહની સેનાને જીતીને આત્માને વિજય અપાવે છે, તેનો નાશ કરવામાં ઇન્દ્રિયો સિંહ જેવી અને જે સમાધિરૂપ સહજ સંપત્તિને ચોરનારી છે તે ઇન્દ્રિયોને જીતે તે જ સાચો ધીર-વીર-મહાવીર છે.

રણુભૂમિમાં સેંકડો હજારો શસ્ત્રોના ઘાને ઝીલીને વિજય મેળવે છે તે લોકમાં ધીર-વીર મનાતો પણુ વિષયોની

સામે પામર દીન બને છે. વિશ્વમાં સેંકડો યુદ્ધ કરે, છ ખંડનું રાજ્ય મેળવે, પણ જો ઇન્દ્રિયોને જીતી નહિ, તો તે પામર છે. વિષયેચ્છાનો નાશ જેણે કરી આત્માનું સંતોષરૂપ સહજ સામ્રાજ્ય મેળવ્યું છે, તે જ વિશ્વમાં સાચો વિજેતા છે.

આ ઇન્દ્રિયોનો જય કરવા માટે ત્યાગ એ પરમ ઉપાય છે માટે હવે ત્યાગ અષ્ટકમાં ત્યાગનું સ્વરૂપ વર્ણવે છે.

## ૮. ત્યાગ અષ્ટક

**संयतात्मा श्रये शुद्धोपयोगं पितरं निजम् ।**
**धृतिमम्बां च पितरौ, तन्मां विसृजत ध्रुवम् ॥१॥**

અર્થ : હે માતા-પિતાજી! હવે સંયત બનતો હું મારા શુદ્ધ ઉપયોગરૂપ પરમપિતાનો અને ધૃતિરૂપ મારી માતાનો આશ્રય કરું છું. માટે હવે તમે મને અવશ્ય છોડો!

ભાવાર્થ : અહીં એ સમજવાનું છે કે પ્રત્યેક જીવને એક બાહ્ય અને બે અભ્યંતર એમ ત્રણ કુટુંબો હોય છે. બહારનું કુટુંબ તો જન્મે જન્મે નવું હોય છે અને આખરે છૂટી જાય છે કે સ્વયં છોડવું પડે છે. અભ્યંતર કુટુંબમાં એક મોહકુટુંબ અને બીજું ધર્મકુટુંબ છે. આ ધર્મકુટુંબ એ જ આત્મા અથવા આત્મસ્વરૂપ છે, એ જ તેના ગુણો અને એ જ તેની સાચી શાશ્વત સંપત્તિ છે. તેના અનાદરથી જીવ દુઃખી છે, જો તેનો સંબંધ સ્વીકારે તો બધાં દુઃખોથી મુક્ત થઈ સહજાનંદી બની શકે. માટે અહીં તેના સંબંધને બાંધવા બાહ્ય કુટુંબનો ત્યાગ કરવાનું વિધાન છે.

તત્ત્વથી જીવને કંઈ મેળવવાનું છે જ નહિ, જે મિથ્યા પકડેલું છે તેને છોડવાનું છે. પણ અજ્ઞાનવશ જીવ નવું નવું મેળવવાની જ મહેનત કરે છે અને જેમ જેમ તે મેળવવાના પ્રયત્નો કરે છે તેમ તેમ તત્ત્વથી વધારે દુઃખી થાય

છે, પોતાની વસ્તુને ગુમાવતો જાય છે. માટે અહીં પોતાનું મેળવવા માટે પરાયું તજવાનું જણાવે છે. જ્યાં સુધી પરાયું પકડી રાખે ત્યાં સુધી પોતાનું પ્રગટ થતું જ નથી. માટે અહીં પ્રથમ ગૃહસ્થ જીવનમાં નિરુપયોગી પાપકાર્યો છોડવાનાં છે અને માતા–પિતાદિ પૂજ્ય વર્ગની ઉપાસના કરવાની છે. કારણ કે એ ઉપાસના વિના પ્રાયઃ સંયમને યોગ્ય વિકાસ થતો નથી. જ્યારે સંયમની યોગ્યતા પ્રગટે ત્યારે બાહ્ય માતા-પિતાદિ સ્વજનોના સંબંધનો ત્યાગ કરીને અભ્યંતર ધર્મકુટુંબનો સંબંધ બાંધવાનો છે અને તેની સેવા માટે સાધુધર્મની બાહ્ય ક્રિયાઓ કરવાની છે. એના પરિણામે જ્યારે ધર્મકુટુંબનો સંબંધ દૃઢ થાય છે, પ્રમાદ (પરભાવ-ની વૃત્તિઓ) ઉપર અંકુશ આવે છે, ત્યારે તે સાધુધર્મની બાહ્ય ક્રિયાઓ પણ છોડવાની હોય છે અને અભ્યંતર ક્રિયાથી ધર્મકુટુંબની સેવા કરવાની હોય છે, તેમ કરતાં વિકાસ વધી જાય છે ત્યારે સંપૂર્ણ સ્વાશ્રયી બનવા માટે મોહનો નાશ કરી સ્વાવલંબની બની કેવળજ્ઞાનાદિ ગુણો પ્રગટાવવાના છે. જેમ નીચેનું પગથિયું છોડયા વિના સીડીના ઉપરના પગથિયે ચઢાતું નથી તેમ આત્માને પણ ઊર્ધ્વીકરણ માટે ક્રમશઃ નીચી કક્ષાઓને છોડીને ઊંચી કક્ષાનો આશ્રય લેવાનો છે, અને છેવટે સર્વ પરાશ્રય છોડી સંપૂર્ણ સ્વાશ્રયી બનવાનું છે, એમ સર્વથા પરાલંબનનો ત્યાગ એ જ મુક્તિ છે. માટે અહીં સંયમી બનતાં અભ્યંતર શુદ્ધ ઉપયોગરૂપ પિતાને અને ધૈર્યરૂપ માતાને સ્વીકારવા માટે બાહ્ય માતા–પિતાને છોડવાનું કહ્યું છે. તેમાં શુદ્ધ આત્મસ્વરૂપનો ઉપયોગ તે પિતા

અને સુખ-દુઃખાદિમાં સમાધિરૂપ ધૈર્ય તે માતા જાણવી. તે માતા-પિતા શુદ્ધ આત્માને-પરમાત્મભાવરૂપ પુત્રને જન્મ આપનારા છે. અર્થાત્ આત્માને પરમાત્મા બનાવનારાં છે.

હવે બંધવોના સંબંધને છોડવા જણાવે છે—

युष्माकं सङ्गमोऽनादि-र्बन्धवोऽनियतात्मनाम् ।
ध्रुवैकरूपान् शीलादिबन्धूनित्यधुना श्रये ।।२।।

અર્થ : હે બંધુઓ! તમારો સંબંધ પ્રવાહથી અનાદિ છે. અનિશ્ચિત સ્વરૂપવાળો છે. (તેનો ત્યાગ કરીને) હવે નિત્ય એક જ રૂપવાળા શીલ વગેરે (મારા અભ્યંતર) બંધુઓનો હું આશ્રય કરું છું.

ભાવાર્થ : જન્મે જન્મે મનુષ્યને નવા નવા ભાઈઓના સંબંધ થાય છે અને તૂટે છે. એથી તેઓ નિયત સાથે રહેનારા સાચા આત્માના બંધુઓ નથી, એટલે પ્રારંભમાં માતા-પિતાની જેમ ભાઈઓનો સંબંધ જરૂરી છે, પણ આખર તો સાચા નિત્ય બંધવોનો સંબંધ જ સ્થિર ટકી શકે. તેથી અહીં કહ્યું છે કે પ્રવાહથી અનાદિ છતાં સંયોગ સંબંધ હોવાથી હે બંધુઓ! તમારો સંબંધ અનિયત છે, તેથી હવે નિશ્ચિત એકરૂપવાળા શિયળ, સત્ય, શમ, દમ, સંતોષ વગેરે ગુણોરૂપી શાશ્વત બંધુઓનો આશ્રય કરું છું. તાત્પર્ય કે સંયમ સ્વીકારતાં પહેલાં અનિશ્ચિત સંબંધવાળા બંધુઓનો સંબંધ પણ છોડવાનો છે, એ બાહ્ય સંબંધ છૂટે તો જ ગુણોનો સંબંધ જોડાય. જેઓ સંયમ સ્વીકારવા છતાં ગૃહસ્થ જીવનના

સંબંધોનો રાગ છોડે નહિ, તેના ગુણો પ્રગટી શકે નહિ કારણ કે બાહ્ય ઉપાધિ જ આંતર પ્રકાશમાં બાધક છે. તેને છોડવાથી જ આંતરિક ગુણો પ્રગટ થાય છે. માટે બાહ્ય સંબંધોની મમતા છોડીને આત્માનું સમતા સ્વરૂપ પ્રગટાવવું જરૂરી છે.

હવે સ્ત્રી અને જ્ઞાતિજનોના સંબંધને છોડવા કહે છે કે—

**कान्ता मे समतैवैका, ज्ञातयो मे समक्रियाः ।**
**बाह्यवर्गमिति त्यक्त्वा, धर्मसंन्यासवान् भवेत् ॥३॥**

**અર્થ :** એક સમતા જ મારી (શાશ્વતી) પત્ની છે અને સમાન આચારવાળા (મુનિવરો) મારા જ્ઞાતિજનો છે, એ રીતે બાહ્ય સંબંધીઓ રૂપ ઉપાધિને તજીને આત્મા ધર્મ-સંન્યાસી થાય. અર્થાત્ ઔદયિક ભાવના સંબંધોનો ત્યાગ કરી આત્મા ક્ષયોપશમ ભાવવાળો થાય.

**ભાવાર્થ :** પહેલાં કહ્યું તેમ નીચેનું પગથિયું છોડે તે જ ઉપર ચઢી શકે. અહીં જે માતા–પિતા–બંધુવર્ગ–પત્ની અને જ્ઞાતિજનો વગેરેના બાહ્ય સંબંધો તે સ્નેહરાગ કે કામરાગ રૂપે હોવાથી મોહના ઉદયરૂપ છે. તેને તજ્યા વિના મોહના ક્ષયોપશમથી (વૈરાગ્યથી) પ્રગટતા ક્ષાયોપશમિક ગુણોનો સંબંધ થઇ શકે નહિ. માટે અહીં માતા–પિતાદિ બાહ્ય સંબંધીઓનો (ઔદયિક ભાવોનો) સંન્યાસ એટલે ત્યાગ કરવા જણાવ્યું છે.

આ વિષયને સમજવા થોડું વિશેષ વિચારીએ. શાસ્ત્રોમાં યોગના ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ એમ ત્રણ પ્રકારે કહ્યા છે. અહીં યોગ એટલે ધર્મવ્યાપાર એવો અર્થ સમજવો. તેમાં ૧–ઇચ્છાયોગ એટલે ધર્મ આરાધવાની ઇચ્છા હોય પણ પૂર્ણ–શુદ્ધ આરાધી ન શકે તેવા આત્માનો સાતિચાર ધર્મવ્યાપાર. ૨–શાસ્ત્રયોગ એટલે શક્તિ અનુસાર અપ્રમાદીનો શાસ્ત્રાનુસારી દોષરહિત અખંડ ધર્મવ્યાપાર અને ૩–સામર્થ્યયોગ એટલે શાસ્ત્રમાં સામાન્ય રૂપે કહેલો હોય છતાં સાધક પોતાના સામર્થ્યથી વિશિષ્ટ રૂપે કરે, તે ધર્મવ્યાપાર.

આ સામર્થ્યયોગના (૧) ધર્મસંન્યાસ અને (૨) યોગસંન્યાસ એમ બે ભેદો છે. તેમાં વળી ધર્મસંન્યાસના તાત્ત્વિક અને અતાત્ત્વિક એમ બે ભેદો છે. ઉપર કહ્યા તે કર્મના ઉદયના (રાગાદિના) બળે જોડેલા સંબંધોનો ત્યાગ કરવો તે પ્રવ્રજ્યાકાળે અતાત્ત્વિક ત્યાગ અને મોહના આંશિક ક્ષયથી (ક્ષયોપશમથી) પ્રગટેલા છાદ્મસ્થિક (આંશિક) ગુણોનો ત્યાગ તે તાત્ત્વિક ધર્મસંન્યાસ કહ્યો છે. તે ક્ષપક શ્રેણિમાં અપ્રમત્તભાવમાં વર્તતા જીવને મોહનો ક્ષય થતાં સુધી હોય છે.

બીજા પ્રકારનો યોગસંન્યાસ જીવને શૈલેશી અવસ્થામાં ત્રણે યોગના નિરોધરૂપ હોય છે.

ઉપર ત્રણ શ્લોકોમાં અતાત્ત્વિક ધર્મસંન્યાસ કહ્યો. હવે ચોથા શ્લોકમાં તાત્ત્વિક ધર્મસંન્યાસનું અને સાતમા

શ્લોકમાં યોગસંન્યાસનું વિધાન છે, એમ આ અષ્ટકમાં ઔદયિક–ક્ષાયોપશમિક બધા બાહ્યભાવોનો ત્યાગ કરવા જણાવ્યું છે, તેનું કારણ એ છે કે પૂર્ણતારૂપ શુદ્ધ સંપૂર્ણ આત્મસંપત્તિને પ્રગટ કરવા માટે તે અનિવાર્ય છે.

હવે ક્ષાયોપશમિક ભાવનો ત્યાગ કરવા જણાવે છે કે—

**धर्मास्त्याज्याः सुसङ्गोत्थाः, क्षायोपशमिका अपि।**
**प्राप्य चन्दनगन्धाभं, धर्मसंन्यासमुत्तमम् ॥४॥**

અર્થ : ચંદનગંધ જેવા (સ્વાભાવિક) ધર્મસંન્યાસને પામે ત્યારે સત્સંગથી પ્રગટેલા (નમિત્તિક) ક્ષાયોપશમિક ધર્મો પણ તજવા યોગ્ય બને છે.

ભાવાર્થ : પૂર્વ શ્લોકમાં વિવેચનમાં જણાવ્યો તે તાત્ત્વિક ધર્મસંન્યાસ પ્રગટ થતાં ક્ષયોપશમજન્ય (આંશિક અથવા નમિત્તિક) ધર્મો ત્યાજ્ય બની જાય છે, તેના ત્યાગથી ક્ષાયિક (પૂર્ણ–સહજ સ્વરૂપ કેવળજ્ઞાનાદિ) ધર્મો (ગુણો) પ્રગટે છે. માટે આ ધર્મસંન્યાસ યોગ તાત્ત્વિક છે. ગંધ બે જાતની હોય : (૧) સ્વાભાવિક, (૨) નૈમિત્તિક, ચંદનગંધ ચંદનના સ્વભાવરૂપ છે, તેમ તાત્ત્વિક ધર્મસંન્યાસજન્ય (ક્ષાયિક ભાવના) ગુણો આત્માના સ્વભાવરૂપ છે. તેને પ્રગટાવવા માટે બીજા ઔપચારિક ગંધો જેવા પરિણામે નાશવંત અને જે આલંબનથી પ્રગટેલા હોય, તે ક્ષાયોપશમિક ધર્મો (નમિત્તિક હોવાથી) ત્યાજ્ય બને છે.

હવે ગુરુનો આશ્રય પણ સ્વાશ્રયીભાવ પ્રગટે ત્યાં સુધી ઉપયોગી છે તે જણાવે છે—

गुरुत्वं स्वस्य नोदेति, शिक्षासात्म्येन यावता ।
आत्मतत्त्वप्रकाशेन, तावत्सेव्यो गुरूत्तमः ॥५॥

અર્થ : જ્યાં સુધી ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષા એ બન્ને શિક્ષાના સમ્યક્ પાલનથી પોતાના આત્મામાં ગુરુ-પણું ન પ્રગટે ત્યાં સુધી ઉત્તમ ગુરુ સેવવા યોગ્ય છે.

ભાવાર્થ : આત્મા સ્વરૂપે કેવળજ્ઞાનરૂપ ગુણ દ્વારા સ્વયં ગુરુ છે, પણ આવરણોથી એ ગુરુપણું અપ્રગટ છે, શાસ્ત્રોક્ત બે પ્રકારની શિક્ષા કે જે જ્ઞાન અને ક્રિયારૂપ છે, તેને આત્મસાત્ કરવા દ્વારા જે કેવળજ્ઞાન પ્રગટે, તે જ તેનું ગુરુપણું છે. માટે તે ન પ્રગટે ત્યાં સુધી તેને પ્રગટાવવા ઉત્તમ ગુરુની સેવા અવશ્ય કર્તવ્ય છે, કાર્યસિદ્ધ થતાં કારણની કારણતા નષ્ટ થાય છે, અર્થાત્ તેની જરૂર રહેતી નથી. તેમ બાહ્ય ગુરુની ઉપાસનાપૂર્વક જ્ઞાન-ક્રિયાનો અભ્યાસ કેવળજ્ઞાનરૂપ ગુરુત્વ પ્રગટાવવામાં કારણ છે, તે પ્રગટ્યા પછી તે બાહ્ય ગુરુની સેવા પૂર્ણ થાય છે.

અહીં ત્રણ બાબતો ધ્યાનમાં લેવા જેવી છે : એક જ્ઞાન-ક્રિયા ઉભય આત્મસાત્ થયા વિના આત્મગુણો પ્રગટતા નથી, બીજી ઉત્તમ ગુરુની ઉપાસનાથી જ એ બન્ને શિક્ષાઓ આત્મસાત્ થાય છે અને ત્રીજી એના દ્વારા ગુરુત્વ પ્રગટ્યા પછી ગુરુ ઉપાસનાનું કાર્ય પૂર્ણ થાય છે. વસ્તુતઃ તાત્ત્વિક ગુરુપણું માત્ર જ્ઞાન ભણવાથી કે યથેચ્છ ક્રિયાઓ કરવાથી પ્રાપ્ત થતું નથી, પણ ગુરુની ઉપાસના (વિનય)પૂર્વક જ્ઞાન-

ક્રિયાના અભ્યાસથી પ્રગટે છે. અર્થાત્ કેવળજ્ઞાનરૂપ ગુરુત્વ પ્રગટાવવા શિષ્યભાવ કેળવવો પડે છે અને તે ગુરુના આલંબન વિના કેળવાતો નથી, માટે ગુરુ બનતાં પહેલાં શિષ્ય બનવાની અને તે માટે ગુરુતત્ત્વની ઉપાસનાની જરૂર જણાવી છે. અહીં પણ આત્મામાં ગુરુત્વ પ્રગટે પછી જ તેની જરૂર રહેતી નથી એમ જણાવ્યું છે.

હવે જ્ઞાનાચાર વગેરે પંચાચારનું પાલન પણ ત્યારે પૂર્ણ થાય છે તે જણાવે છે—

ज्ञानाचारादयोऽपीष्टाः, शुद्धस्वस्वपदावधि ।
निर्विकल्पे पुनस्त्यागे, न विकल्पो न वा क्रिया ॥६॥

**અર્થ :** જ્ઞાનાચાર વગેરે આચારોનું પાલન પણ પોતાના તે તે શુદ્ધ પદની (જ્ઞાનાદિ ગુણની) પ્રાપ્તિ સુધી જ ઇષ્ટ છે. અને નિર્વિકલ્પ સમાધિરૂપ ત્યાગ સિદ્ધ થતાં કોઈ વિકલ્પ કે કોઈ ક્રિયા રહેતી નથી.

**ભાવાર્થ :** જ્ઞાનાચાર વગેરે પાંચે આચારોનું પાલન તે તે ગુણોને પ્રગટ કરવામાં કારણભૂત હોવાથી તે જ્ઞાનાદિ ગુણોના પ્રગટીકરણરૂપ કાર્ય સિદ્ધ થતાં સુધી જરૂરી છે. પછી તેની જરૂર રહેતી નથી. તાત્પર્ય કે કેવળજ્ઞાન પ્રગટે ત્યાં સુધી જ્ઞાનાચાર, ક્ષાયિક સમકિત પ્રગટે ત્યાં સુધી દર્શનાચાર, સ્વરૂપરમણતારૂપ યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ સુધી ચારિત્રાચાર, પરમ શુક્લધ્યાનની પ્રાપ્તિ સુધી તપાચાર અને સંપૂર્ણ આત્મવીર્ય પ્રગટતાં સુધી વીર્યાચારના

પાલનની આવશ્યકતા છે. એ પાંચે આચારોના પાલનમાં પણ 'અમુક કરણીય છે અમુક કરણીય નથી' વગેરે વિકલ્પો રહે, ત્યાં સુધી તે સવિકલ્પ દશા છે. જ્યારે સર્વ ગુણોની સિદ્ધિ થવાથી કંઈ કરવાનું ન રહે, ત્યારે તે નિર્વિકલ્પ દશા કહેવાય છે, કારણ કે તે અવસ્થામાં કોઈ વિકલ્પ કે કોઈ ક્રિયા કરવાની રહેતી નથી. પછી તો સર્વ વિકલ્પરહિત સ્વાનુભવરૂપ શુદ્ધ ઉપયોગ જ વર્તે છે. શમાષ્ટકમાં ત્રીજા શ્લોકમાં "યોગારૂઢ આત્મા અભ્યંતર ક્રિયારૂપ શમ દ્વારા શુદ્ધ થાય છે" એમ જે કહ્યું તે આ નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગ જ સમજવો.

**योगसंन्यासतस्त्यागी, योगानप्यखिलांस्त्यजेत् ।**
**इत्येवं निर्गुणं ब्रह्म, परोक्तमुपपद्यते ॥७॥**

અર્થ : (એમ ક્રમશઃ ત્યાગ કરતો) ત્યાગી છેલ્લે યોગસંન્યાસથી સઘળા યોગોને પણ તજે. એ પ્રમાણે અન્ય દર્શનમાં કહેલ નિર્ગુણ બ્રહ્મ (આ અવસ્થામાં) ઘટે છે.

**ભાવાર્થ** : પૂર્વે કહ્યા પ્રમાણે ક્રમશઃ ત્યાગ કરતો ત્યાગી છેલ્લે જ્યારે યોગોનો ત્યાગ કરે, ત્યારે યોગસંન્યાસરૂપ સર્વ યોગોનો પણ ત્યાગ (નિરોધ) થાય છે. પર એટલે સાંખ્યદર્શનમાં આત્માને સ્વરૂપે નિર્ગુણ બ્રહ્મ કહ્યો છે તે આ અવસ્થામાં ઘટે છે. પરંતુ સર્વથા આત્માને ગુણરહિત ( જ્ઞાનાદિ સ્વભાવરૂપ ગુણોથી પણ રહિત ) માનવો તે અઘટિત છે. કારણ કે ગુણો એ આત્માનું સ્વરૂપ છે, તેનાથી સર્વથા રહિત તે ક્યારેય હતો નહિ અને બનશે

પણ નહિ, એમ બને તો તેનું અસ્તિત્વ જ નાશ પામે. વળી કોઈ દ્રવ્યનો (પદાર્થનો) સર્વનાશ તો થતો જ નથી. માટે સાંખ્યો જે આત્માને નિર્ગુણ માને છે તે અહીં કહ્યા તે ધર્મસંન્યાસ અને યોગસંન્યાસરૂપે ઔપાધિક ગુણોના અને યોગોના ત્યાગ રૂપે ઘટે. તત્ત્વથી મુક્તાત્મા ઔપાધિક ઔદયિક કે ક્ષાયોપશમિક ભાવોનો અને જડસ્વરૂપ મન–વચન–કાયા રૂપ યોગોનો ત્યાગ કરે છે. શુદ્ધ કેવળજ્ઞાનાદિ ગુણોનું પ્રગટીકરણ તો તેની સ્વરૂપાવસ્થા છે, તેનો ત્યાગ થાય જ નહિ.

એ જ વાત હવે જણાવે છે—

**वस्तुतस्तु गुणैः पूर्णमनन्तैर्भासते स्वतः ।**
**रूपं त्यक्तात्मनः साधोर्निरभ्रस्य विधोरिव ॥८॥**

અર્થ : જેમ વાદળરહિત ચંદ્ર પોતાના શુદ્ધ તેજથી સ્વયં પ્રકાશે છે, તેમ જેણે (સર્વ વિભાવનો) ત્યાગ કર્યો છે તે સાધુનું અનંત ગુણોથી પૂર્ણ એવું સ્વરૂપ સ્વયમેવ પ્રકાશે છે.

**ભાવાર્થ** : વાદળરહિત ચંદ્ર જેમ પોતાના સહજ તેજથી સ્વયં પ્રકાશે છે, તેમ સર્વ વિભાવ–પરભાવનો ત્યાગ થતાં પ્રગટેલા અનંતા ગુણો વડે સાધુનું પૂર્ણ સ્વરૂપ પણ સ્વયં પ્રકાશે છે. અર્થાત્ વૈભાવિક ગુણો દૂર થતાં સ્વાભાવિક ગુણો પ્રગટે છે, માટે મુક્તાત્મા સર્વથા નિર્ગુણ નહિ પણ પૂર્ણ શુદ્ધ ગુણોથી યુક્ત છે, એમ માનવું તે પરમ

સત્ય છે. આ અષ્ટકમાં આત્માના સહજ સ્વભાવને પ્રગટ કરવા ક્રમશઃ વૈભાવિક અને નૈમિત્તિક ભાવોનો ત્યાગ કરવો એ જ એક ઉપાય જણાવ્યો છે અને તે વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ સંગત છે.

આ ત્યાગ માટે જ્ઞાનપૂર્વકની ક્રિયા પણ અનિવાર્ય છે, માટે હવે ક્રિયાષ્ટકમાં ક્રિયાનું સ્વરૂપ જણાવે છે.

## ૯. ક્રિયા અષ્ટક

ज्ञानी क्रियापरः शान्तो, भावितात्मा जितेन्द्रियः ।
स्वयं तीर्णो भवाम्भोधेः, परांस्तारयितुं क्षमः ॥१॥

**અર્થ :** જ્ઞાની, ક્રિયામાં તત્પર, શાન્ત, ભાવનાથી ભાવિત અને ઇન્દ્રિયવિજેતા એવો આત્મા સંસારસમુદ્રથી પોતે તરેલો છે અને બીજાને તારવા સમર્થ બને છે.

**ભાવાર્થ :** અહીં જ્ઞાન, ક્રિયા, ઉપશમ, ભાવના અને ઇન્દ્રિયજય, એ આત્માને સંસારમાંથી તરવાના ક્રમિક ઉપાયો છે, એમ સૂચવી જે મહાત્મા આ પાંચે સાધનથી સંસાર-સમુદ્રથી તરવા યોગ્ય બને છે—તરે છે, તે બીજાઓને પણ તારી શકે છે, એમ જણાવ્યું છે.

જ્ઞાનપૂર્વક કરેલી ક્રિયા ઉપશમરૂપ કાર્યની સિદ્ધિ કરે છે. ઉપશમ એટલે સંસારના બીજભૂત રાગ-દ્વેષ વગેરેનો જય, એ જય કર્યા પછી જ ભાવનાઓ દ્વારા સંવેગની વૃદ્ધિ દ્વારા આત્મવીર્ય પ્રગટ થાય છે અને તેના બળે ઇન્દ્રિયોનો જય (વિષય વિરાગ) પ્રગટે છે. આવો વિરાગ તે આત્માનું સ્વરૂપ છે, તે જેનામાં પ્રગટ્યો હોય તે બીજાઓને પણ ભવસમુદ્રમાંથી પાર ઉતારી શકે છે. જે પોતે ડૂબી રહ્યો હોય તે બીજાને કેમ તારી શકે? જે પોતાનું હિત સાધે તે તત્ત્વથી પરનું હિત સાધી શકે છે. અથવા

સ્વહિતના લક્ષ્યવાળો બીજાનું હિત કરી શકે છે. સાધ્ય સ્વહિત છે, અને પરહિત તેનું સાધન છે. જેમ સ્વહિતના લક્ષ્ય વિનાનો પોતાનું હિત સાધી શકે નહિ, તેમ સ્વહિતનું સાધન જે પરહિત છે, તેની ઉપેક્ષા કરે તે પણ પોતાનું હિત સાધી શકે નહિ. આ જ વાતને અપેક્ષાએ પરહિતને સાધે તે પોતાનું હિત સાધે છે, એમ 'ચઉપન્ન પુરુષ ચરિય' વગેરે ગ્રંથોમાં જણાવી છે.

હવે દૃષ્ટાન્તપૂર્વક ક્રિયારહિત જ્ઞાનની નિરર્થકતાને જણાવે છે—

**क्रियाविरहितं हन्त, ज्ञानमात्रमनर्थकम् ।**
**गतिं विना पथज्ञोऽपि, नाप्नोति पुरमीप्सितम् ॥२॥**

**અર્થ:** માર્ગનો જાણ પણ ગમનની ક્રિયા વિના ઇચ્છિત નગરે પહોંચતો નથી, તેમ ક્રિયા વિનાનું એકલું જ્ઞાન મોક્ષરૂપ ફળ સાધવાને અસમર્થ છે.

**ભાવાર્થ :** બે હાથ વિના તાલી લાગે નહિ, બે પગ વિના ચલાય નહિ, બે ચક્ર વિના રથ ચાલી શકે નહિ, તેમ જ્ઞાન અને ક્રિયા ઉભયના યોગ વિના કાર્યની સિદ્ધિ થાય નહિ. એકલું જ્ઞાન નિષ્ફળ છે. અલબત્ત, ક્રિયા જ્ઞાનપૂર્વકની જ સફળ છે, પણ એથી ક્રિયાની મહત્તા ઘટતી નથી. પ્રમાદને વશ કોઈ જ્ઞાની ક્રિયાનાં કષ્ટોથી ગભરાઈને દૂર ભાગે તો શું કાર્ય સિદ્ધ થઈ શકે ? રોગનું નિદાન અને ઔષધ જાણ્યા પછી પણ શું ઔષધ લીધા વિના આરોગ્ય

મળે ? આ વિશ્વમાં એવું કયું કાર્ય છે જે ક્રિયા વિના સિદ્ધ થતું હોય ? તે તે ભૂમિકાને યોગ્ય તે તે કાર્યમાં માનસિક, વાચિક અને કાયિક કે આધ્યાત્મિક, કોઇ ને કોઈ ક્રિયા હોય જ છે. ખરી ભૂખ લાગ્યા પછી શું બેસી રહેવાય છે, કે ભોજન માટે ઉદ્યમ કરવા લાગે છે ? એમ તત્ત્વથી જેને સાચું જ્ઞાન પ્રગટે છે, તે ક્રિયા વિના રહી શકતો જ નથી. સાચું જ્ઞાન પણ તે જ છે કે જે ક્રિયાની પ્રેરણા આપે છે. એકલા જ્ઞાનથી સંતોષવૃત્તિ એ મિથ્યાજ્ઞાન છે. તે પ્રમાદ અને મોહનો પક્ષ કરાવી સંસારમાં ભટકાવે છે. દરેક ધર્મ-શાસ્ત્રોમાં ક્રિયાથી જ જ્ઞાનની સફળતા જણાવી છે.

એ જ વાત હવે જણાવે છે—

**स्वानकुलां क्रियां काले, ज्ञानपूर्णोऽप्यपेक्षते ।**
**प्रदीपः स्वप्रकाशोऽपि, तैलपूर्त्यादिकं यथा ।।३।।**

અર્થ : જેમ દીપક સ્વયં પ્રકાશરૂપ છે, તો પણ 'તેલ પૂરવું" વગેરે તે તે કાળે તે તે ક્રિયાની અપેક્ષા રાખે છે, તેમ પૂર્ણજ્ઞાની પણ તે તે અવસરે આત્માને અનુકૂળ તે તે ક્રિયાની અપેક્ષા રાખે છે.

ભાવાર્થ : કોઈ પણ કાર્ય તેને અનુરૂપ તે તે ક્રિયા વિના સિદ્ધ થતું નથી, દીપકનો પ્રકાશ પોતાનો છે—સ્વયં પ્રકાશે છે, તો પણ પ્રકાશને પ્રગટાવવા માટે તેલ—વાટ વગેરેની તેને પણ જરૂર રહે જ છે. તેમ આત્મા સ્વરૂપે સત્ ચિદાનંદ સ્વરૂપ છે, તો પણ તે સ્વરૂપ પ્રગટ કરવા તે

તે કાળે તે સ્વરૂપને પ્રગટાવવામાં અનુકૂળ તે તે ક્રિયાઓની તેને અપેક્ષા રહે જ છે.

માટીમાં ઘટ રહેલો છે, માટે તેમાંથી પ્રગટ થાય છે. જેમાં જે ન હોય તે તેમાંથી પ્રગટ થાય જ નહિ. દૂધમાં ઘી છે, તો તેને પ્રગટ કરી શકાય છે. પણ તે સ્વયં પ્રગટ થતું નથી, તે તે કાળે ક્રમશઃ તે તે ક્રિયા કરવી પડે છે. ઘટ પ્રગટ કરવા પ્રથમ માટીને કેળવવાની, અને તે પછી તેને પકાવવાની, એમ તે તે અવસ્થામાં તે તે ક્રિયા કરવાથી જ ઘટ પ્રગટે છે. એમાં એક પણ ક્રિયા વિના ચાલે નહિ, તેમ ક્રમ વિના ક્રિયા કરે તો પણ ઘટ બને નહિ. એ રીતે દૂધમાં ઘી છે. તેને પ્રગટાવવા ક્રમશઃ તેનું દહીં, મંથન, માખણુ અને તેને તાપ આપે તો જ ઘી પ્રગટ થાય છે; તેમ આત્મામાં રહેલા તાત્ત્વિક ગુણો કે જે તેનું સ્વરૂપ છે, તેને પ્રગટ કરવા માટે પણ તે તે અવસ્થામાં તે તે પ્રકારની ક્રિયા ક્રમશઃ કરવી જ પડે છે. ક્રિયા વિના કોઈ પણ કાર્યની સિદ્ધિ કદાપિ થતી નથી. જ્ઞાનની જેટલી મહત્તા છે, તેટલી કે અપેક્ષાએ તેથી અધિક મહત્તા ક્રિયાની છે. જ્ઞાન તો વ્યવહારનયથી બીજાનું પણ લઈ શકાય છે, પણ ક્રિયા તો સ્વયં કરવી પડે છે. રોગી પોતાના રોગને કે ઔષધને ન જાણે-ન સમજે તો તેને વૈદ્ય સમજાવી શકે, પણ ઔષધ ખાવાની ક્રિયા તો સ્વયં કરવી જ પડે, તે વિના સેંકડો વૈદ્યોનું જ્ઞાન પણ કંઈ કરી શકે નહિ, તેમ અહીં ક્રિયા વિના માત્ર જ્ઞાનથી સિદ્ધિ થાય નહિ.

ક્રિયાનો અનાદર કરનારને હિતશિક્ષા આપતાં જણાવે છે કે—

**ब्राह्यभावं पुरस्कृत्य, ये क्रियां व्यवहारतः ।**
**वदने कवलक्षेपं विना, ते तृप्तिकाङ्क्षिणः ।।४।।**

અર્થ : ક્રિયાના બાહ્યભાવને આગળ કરીને જેઓ ક્રિયાનો અપલાપ કરે છે, તેઓ મુખમાં કોળિયો નાખ્યા વિના જ તૃપ્તિને ઇચ્છે છે.

ભાવાર્થ : "ક્રિયા તો બાહ્યભાવ (પુદ્ગલની પ્રવૃત્તિ) છે, આત્મા તો ચેતન છે. પુદ્ગલની જડ ક્રિયાથી આત્માને લાભ ન થાય" એમ ક્રિયાની જડતાને આગળ કરીને જેઓ ક્રિયાનો નિષેધ કરે છે, તેઓ ભોજન લીધા વિના જ તૃપ્તિને ઇચ્છનારા (જેવા અજ્ઞાની) છે.

વસ્તુતઃ આત્માના ગુણો ચૈતન્યરૂપ છે, તેના ઉપર જડ કર્મોનાં આવરણો લાગેલાં છે, તેને દૂર કરવાથી જ ગુણો પ્રગટ થઈ શકે, માટે પુદ્ગલનાં આવરણોને દૂર કરવા પૌદ્ગલિક ક્રિયા વિના ચાલે જ નહિ. લોખંડને કાપવા લોખંડની અને ઝેરને મારવા ઝેરની જરૂર પડે છે, તેમ કર્મોને તોડવા પૌદ્ગલિક તે તે ક્રિયાની અનિવાર્યતા છે. શું ભણવાની તે તે શારીરિક ક્રિયા વિના જ્ઞાન પ્રગટે ? ભોજનની ક્રિયા વિના તૃપ્તિ થાય ? ન જ થાય. તેવી જ રીતે જડ કર્મોના નાશ માટે બાહ્યક્રિયા ઉપાદેય છે. હા, એટલું જરૂરી છે, કે જે ક્રિયાથી પાપકર્મોનો બંધ થાય

તે ક્રિયા હિતકર નથી, પણ "ક્રિયા તો પુદ્ગલનો ધર્મ છે, તેનાથી તો પુણ્યબંધ થાય, કર્મો તૂટે નહિ" વગેરે માનવું તે બરાબર નથી. શુભ પુણ્યનો બંધ એ તો પાપ નાશનું પ્રબળ સાધન છે. પાપ એ લાકડાં છે અને તેને બાળવા માટે પુણ્ય એ અગ્નિ છે. પાપભાવ છે ત્યાં સુધી પુણ્યની કરણી ઉપાદેય છે. વ્યવહાર દશામાં શુભક્રિયા અત્યંત ઉપાદેય છે. પેટના મળનો નાશ દીવેલથી થાય, ઘી પીવાથી ન થાય. જેમ દીવેલ મળશુદ્ધિ કરીને સ્વયં નીકળી જાય છે, તેમ શુભપુણ્ય કર્મ, પાપનો નાશ કરી સ્વયં છૂટી જાય છે. જ્યાં સુધી જડનો સંબંધ અને મમતા છે, ત્યાં સુધી તેના પ્રતિકાર સ્વરૂપ શુભક્રિયા વિના ચાલે જ નહિ. જેમ જેમ જડનો સંબંધ ઘટે તેમ તેમ મમતા ઘટે, અને મમતા જેમ જેમ મટે તેમ તેમ ક્રિયાનું સ્વરૂપ પણ બદલાય. સર્વથા જડનો સંબંધ છૂટયા પછી ક્રિયાની જરૂર નથી. પણ જડમાં બંધાયેલો-મમતાવાન શુભ ક્રિયા વિના કેમ છૂટી શકે ?

સમ્યક્ ક્રિયાની ઉપાદેયતા સિદ્ધ કરતાં કહે છે કે—

**गुणवद्बहुमानादे-र्नित्यस्मृत्या च सत्क्रिया ।**
**जातं न पातयेद्भाव-मजातं जनयेदपि ॥५॥**

અર્થ : ગુણવંતોના બહુમાન વગેરેથી અને ગ્રહણ કરેલા નિયમોને હંમેશાં સંભારવા વડે શુભક્રિયા પ્રગટેલા ભાવની રક્ષા કરે છે, અને નહિ પ્રગટેલા પણ ભાવને પ્રગટ કરે છે.

**ભાવાર્થ** : જ્યાં સુધી આત્મા સંપૂર્ણ શુદ્ધ થાય નહિ ત્યાં સુધી આત્માની શુદ્ધિ કરે તેવી જ્ઞાનપૂર્વકની શાસ્ત્રાનુસારે કરાતી શુભક્રિયા ગુણીનું બહુમાન અને સ્વીકારેલા વ્રતાદિના સતત સ્મરણ વગેરે દ્વારા આત્મામાં પ્રગટેલી શુદ્ધિની રક્ષા કરે છે, અને ઉત્તરોત્તર વિશેષ શુદ્ધિને પ્રગટ કરે છે. આત્મશુદ્ધિ ક્રિયાને વિશિષ્ટ બનાવે છે અને વિશિષ્ટ ક્રિયા આત્માને સવિશેષ શુદ્ધ કરે છે.

જેમ ઉચિત ન્યાયપૂર્વકના વ્યાપારથી ધન-ઉત્સાહ વધે છે, અને એ વધેલા ધન અને ઉત્સાહથી વ્યાપાર વધે છે. ધનના રાગીનો વ્યાપાર ધનની સાથે જેમ ઉત્સાહની પણ વૃદ્ધિ કરે છે, તેમ મુક્તિના રાગીની ક્રિયા પુણ્યની સાથે પરિણામને (અધ્યવસાયસ્થાનકોને) પણ વધારે (શુદ્ધ કરે) છે, અને એ વધેલા પરિણામ ક્રિયાનું બળ વધારે છે. એ રીતે પરસ્પર વૃદ્ધિ થતાં આત્મા જયારે પૂર્ણ શુદ્ધ થાય છે, ત્યારે બાહ્ય ક્રિયા પૂર્ણ થાય છે, અને સ્વરૂપરમણતારૂપ ક્રિયા ચાલુ રહે છે. આ સ્વરૂપરમણતારૂપ ક્રિયા તો સિદ્ધોમાં પણ સતત હોય છે.

ક્ષાયોપશમિકભાવપૂર્વકની ક્રિયાની ઉપકારકતા જણાવે છે—

**क्षायोपशमिके भावे, या क्रिया क्रियते तया ।**
**पतितस्यापि तद्भावप्रवृद्धिर्जायते पुनः ॥६॥**

અર્થ : ક્ષાયોપશમિક ભાવમાં વર્તતા આત્મા વડે જે ક્રિયા કરાય તે ક્રિયા વડે, ક્રિયાથી પડી ગયેલાને પણ ફરીથી તેના ભાવની વૃદ્ધિ થાય છે.

ભાવાર્થ : ક્ષાયોપશમિક ભાવ એટલે મોહનો આંશિક ક્ષય–ઉપશમ થતાં જીવનમાં પ્રગટેલી આંશિક શુદ્ધિ. આ શુદ્ધિના બળે જે ક્રિયા કરવામાં આવે છે, તેનાથી મંદ પડેલા ભાવની પણ તે ક્રિયાના પ્રભાવે પુનઃ વૃદ્ધિ થાય છે. અહીં રોગીની ચિકિત્સાનું સ્વરૂપ ધ્યાનમાં લેવા જેવું છે. જેમ જ્વર-વાળા રોગીને વધતા જ્વરમાં ઔષધ ગુણ કરતું નથી, પણ સમયનો પરિપાક થતાં તેનો વેગ મંદ પડે છે, ત્યારે વિધિ-પૂર્વક લીધેલું યોગ્ય ઔષધ ક્રમશઃ જ્વરનો નાશ કરે છે. તેમ જીવને પણ કર્મોનો રોગ અનાદિ કાળથી લાગુ પડેલો છે, મુક્તિ થવામાં અમુક સમય બાકી રહે ત્યારે જીવનો તે કર્મ-રોગ કાળ બળે મંદ પડે છે, અને ત્યારે ચૈતન્યનો આંશિક વિકાસ થાય છે. આ અવસ્થાને જૈનદર્શનની પરિભાષામાં ચરમાવર્ત કાળ કહેવાય છે. આ આંશિક વિકાસ પછી તેમાં વૃદ્ધિ કરે તેવી શાસ્ત્રાનુસારી તે તે અવસ્થાને અનુરૂપ યોગ્ય ક્રિયારૂપ ઔષધ લેવાથી ક્રમશઃ કર્મરોગ ઘટતો જાય છે. અને ક્ષયોપશમ ભાવથી પડી ગયેલા જીવને ફરીથી પણ તે ભાવ ઉત્પન્ન થાય છે, અને તેને સત્–ચિદ્–આનંદરૂપ સ્વભાવની (આરોગ્યની) વૃદ્ધિ થતી રહે છે. એ ક્રિયા અને ભાવની પરસ્પર શુદ્ધિથી સંપૂર્ણ આરોગ્ય પ્રગટે છે.

છદ્મસ્થને ક્રમશઃ ગુણવૃદ્ધિ માટે ક્રિયા અનિવાર્ય છે તે કહે છે—

**गुणवृद्ध्यै ततः कुर्यात्, क्रियामस्खलनाय वा ।**
**एकं तु संयमस्थानं, जिनानामवतिष्टते ॥७॥**

અર્થ : તેથી ગુણની વૃદ્ધિ માટે અથવા પ્રગટેલા ગુણોથી ન પડી જવાય તે માટે ક્રિયાને કરવી જોઈએ. એક સંયમસ્થાન તો રાગ-દ્વેષથી મુક્ત એવા વીતરાગને સ્થિર રહે છે.

**ભાવાર્થ** : જ્યાં સુધી સંપૂર્ણ ગુણો પ્રગટે નહિ, ત્યાં સુધી ક્રિયા અનિવાર્ય છે. કારણ કે ક્રિયા નહિ કરવાથી પ્રગટેલા પણ આંશિક ગુણો પુનઃ અવરાઈ જાય છે. ક્રિયાના પ્રભાવે પ્રગટેલા ગુણોની રક્ષા અને તેમાં વૃદ્ધિ પણ થાય છે. પૂર્ણ આરોગ્ય પ્રગટ્યા પહેલાં ઔષધને છોડી દેવાથી પ્રગટેલું આરોગ્ય નાશ પામે છે, તેથી જેમ પૂર્ણ આરોગ્ય પ્રગટતાં સુધી ઔષધ જરૂરી છે તેમ ગુણોનો સંપૂર્ણ પ્રાદુર્ભાવ ન થાય ત્યાં સુધી તે તે અવસ્થાને અનુરૂપ તે તે ક્રિયા અનિવાર્ય છે. એક સંયમસ્થાન (એટલે સંપૂર્ણ ઉત્કૃષ્ટ શુદ્ધિ) તો જેઓનો મોહ નાશ થયો હોય તે નિર્મોહી (સર્વજ્ઞ) આત્માઓને સ્થિર હોય છે. તે પૂર્વે તો ગુણો અસંપૂર્ણ પ્રગટ્યા હોય છે, તેને પૂર્ણ કરવા ક્રિયા અનિવાર્ય છે. કોઈ પણ કાર્ય અધૂરું છોડી દેવાથી થયું હોય તે પણ નાશ પામે છે, અને ચાલુ રાખવાથી પૂર્ણ થાય છે. આ અષ્ટકના છઠ્ઠા શ્લોકમાં ધર્મક્રિયા ક્યારે કરવી તે કહ્યું છે. અને આ સાતમા શ્લોકમાં તે ક્યાં સુધી કરવી તે જણાવ્યું છે.

હવે જિનાજ્ઞાપાલનથી અસંગક્રિયાની પ્રાપ્તિ થાય છે તે કહે છે—

वचोऽनुष्ठानतोऽसङ्गा, क्रिया सङ्गतिमङ्गति ।
सेयं ज्ञानक्रियाऽभेदभूमिरानन्दपिच्छला ॥८॥

**અર્થ** : વચનાનુષ્ઠાનથી (પરિણામે જે) અસંગ અનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે, તે આ આનંદ ઝરતી જ્ઞાન અને ક્રિયાની અભેદભૂમિરૂપ એકતા છે.

**ભાવાર્થ** : શાસ્ત્રોમાં અનુષ્ઠાનના પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ, એમ ચાર પ્રકારો કહ્યા છે, તે ઉત્તરોત્તર ગુણના પ્રકર્ષરૂપ છે, તેનું વર્ણન પાછળ ૨૭મા અષ્ટકમાં કરવાનું છે, તો પણ અહીં સામાન્યથી સમજવું કે જેમ પુત્રને પ્રથમ અજ્ઞ અવસ્થામાં માતા પ્રત્યે (સ્નેહ) પ્રીતિ હોય છે, પછી તેના ઉપકારોનું જ્ઞાન થતાં ભક્તિ (પૂજ્યભાવ) પ્રગટે છે. કૃતજ્ઞતાનો એથી પણ અધિક વિકાસ થતાં તેની આજ્ઞાને પૂર્ણ પાળે છે, અને એ અભ્યાસથી છેવટે સજ્જન મનુષ્ય માતાની આજ્ઞા વિના, સ્વભાવથી જ તેની સેવા કરે છે, તેમ અહીં પણ પ્રાથમિક કક્ષામાં જીવને ધર્મ, ધર્મસાધનો અને ધર્મોપદેશક વગેરે પ્રતિ પ્રીતિ પ્રગટે છે, પછી તેના ઉપકારો સમજાય છે. ત્યારે કૃતજ્ઞતા–ભક્તિ–પૂજ્યભાવ પ્રગટે છે અને કૃતજ્ઞતાની અધિક વૃદ્ધિ–શુદ્ધિ થતાં જિનેશ્વરદેવોની આજ્ઞા તેને અનુલ્લંઘનીય બની જાય છે, ત્યારે જિનાજ્ઞાના બળે તેની સર્વ પ્રવૃત્તિ જિનવચનાનુસારિણી બને છે. તેને વચના-

નુષ્ઠાન કહેલું છે, પછી દંડના બળે ભ્રમી ઉત્પન્ન થયા પછી જેમ કુલાલચક્ર દંડ વિના સ્વયં ભમે છે તેમ જિન-વચનના પણ આલંબન વિના જ જીવની સર્વ પ્રવૃત્તિ સ્વા-ભાવિક બને છે, તેને અસંગ અનુષ્ઠાન કહ્યું છે. અહીં વચન અનુષ્ઠાન ક્રમશઃ સિદ્ધ થતાં જ્યારે અસંગાનુષ્ઠાન બને છે, ત્યારે બંનેનો ભેદ મટી જાય છે અને તે બન્ને એકરૂપ બની જાય છે. આ એકતામાં વચનાનુષ્ઠાનરૂપે શુદ્ધ જ્ઞાનોપયોગ અને અસંગાનુષ્ઠાન રૂપે શુદ્ધ વીર્યોલ્લાસ બન્ને એકરૂપ બને છે, માટે તે અવસ્થા સ્વરૂપાનંદના અમૃતને ઝરતી જ્ઞાન–ક્રિયા ઉભયનયની એકતારૂપ છે. જ્યાં સુધી પૂર્ણતા પ્રાપ્ત થતી નથી ત્યાં સુધી જ્ઞાન–ક્રિયા બન્ને પરસ્પર સાપેક્ષ બની અન્યોન્ય વૃદ્ધિ કરે છે, અને જ્ઞાન પૂર્ણ થતાં ક્રિયા પૂર્ણ થાય છે, ત્યારે કાર્યકારણભાવ મટી બન્ને એકીભાવને પામે છે.

એ રીતે જ્ઞાન અને ક્રિયાની પૂર્ણતા થતાં જે તૃપ્તિનો સ્વાભાવિક આનંદ પ્રગટે છે, તેનું વર્ણન હવે પછીના તૃપ્તિ અષ્ટકમાં જણાવે છે—

# ૧૦. તૃપ્તિ અષ્ટક

**पीत्वा ज्ञानामृतं भुक्त्वा, क्रियासुरलताफलम् ।**
**साम्यताम्बूलमास्वाद्य, तृप्तिं याति परां मुनिः ॥१॥**

**અર્થ** : મુનિ ક્રિયારૂપ કલ્પવેલીનું ફળ ખાઈને, જ્ઞાન-રૂપ અમૃતનું પાન કરીને અને સમતારૂપી તાંબૂલ આરોગીને અત્યન્ત તૃપ્તિને પામે છે.

**ભાવાર્થ** : શરીર-જીવન માટે આહાર-પાણી અને તેની ઉપર લોકમાં તાંબૂલ જરૂરી મનાય છે. તેમ અરૂપી આત્માને પણ તે તે આહાર-પાણી વગેરે જરૂરી છે. શરીરની પુષ્ટિથી આત્મા પુષ્ટ થતો નથી, આત્માની તૃપ્તિ માટે તો તેને અનુકૂળ ભોજન જોઈએ. સત્ ક્રિયા આત્માનું ભોજન છે, જ્ઞાન એ અમૃતજળ છે અને એ બન્ને પચાવનાર સમતા એ તાંબૂલ છે. તત્ત્વથી જ્ઞાનનું ફળ ક્રિયા અને ક્રિયાનું ફળ સમતા છે. મુનિઓ પાંચે પ્રકારના સ્વાધ્યાયમાં લીન રહી, સમિતિ-ગુપ્તિ આદિ સત્ ક્રિયાનું સેવન કરી સમતાનો એવો અવર્ણનીય આનંદ અનુભવે છે, કે જેની સામે વિશ્વના સર્વ બાહ્ય પદાર્થોનો આનંદ તુચ્છ છે.

આ જીવે બાહ્ય વિવિધ ભોજનો કરીને અને વિવિધ પીણાંનું પાન કરીને રાગ-દ્વેષના ભોગ બની અશાન્તિની એવી આગ સળગાવી છે, કે જે અનંતાનંત જન્મો થવા

છતાં હજુ શાન્ત થતી નથી. એને શાન્ત કરવાનો અને શાશ્વત તૃપ્તિ પ્રાપ્ત કરવાનો આ શ્રેષ્ઠ આધ્યાત્મિક ઉપાય કરીને આજ પૂર્વે અનંતા જીવો તૃપ્ત થયા છે. તૃપ્તિનો એ જ સાચો માર્ગ છે.

સમ્યગ્ જ્ઞાનીને પોતાના ગુણોથી જ સદા તૃપ્તિ થાય છે. તેથી બાહ્ય વિષયોનું તેને પ્રયોજન નથી એ વાત કહે છે—

स्वगुणैरेव तृप्तिश्चेदाकालमविनश्वरी ।
ज्ञानिनो विषयैः किं तैर्यैर्भवेत्तृप्तिरित्वरी ॥२॥

અર્થ : જો જ્ઞાની પુરુષોને પોતાના ગુણોથી જ કદી નાશ ન પામે તેવી (શાશ્વતી) અખંડ તૃપ્તિ (હોય) છે, તો તેઓને તે વિષયોનું શું પ્રયોજન છે, કે જેનાથી અલ્પકાલીન તૃપ્તિ થાય.

ભાવાર્થ : વિષયોથી અલ્પકાળ માટે તૃપ્તિનો અનુભવ થાય છે, તે પણ ભ્રમણા છે, તત્ત્વથી તો વિષયો જેમ જેમ ભોગવવામાં આવે તેમ તેમ અતૃપ્તિની આગ વધે છે. પ્રત્યેક જીવે અનંતા કાળથી અનંતા જન્મો કર્યા, તેમાં સમુદ્રોથી પણ અધિક જળપાન કર્યાં તથા પર્વતોના ઢગ જેટલા આહારને આરોગ્યા, પણ હજુ તૃપ્તિ થઈ નથી. એ સર્વને અનુભવ સિદ્ધ છે, તો પણ મોહમૂઢ જીવો એ જ આહાર પાણીની તીવ્ર ઇચ્છા કરે છે, અને એમાં રાગ-દ્વેષ કરીને કર્મો બાંધી સંસારના કારમાં દુઃખોને અનુભવે છે.

જ્ઞાનીઓ જ્ઞાનથી આ હકિકતને જાણે છે, તેથી તુચ્છ-મિથ્યા તૃતિને કરનારા વિષયોને તજીને તેઓ જ્ઞાન, ક્રિયા અને સમતારૂપ પાન–ભોજન અને તાંબૂલ આરોગે છે, અને તેના પ્રભાવે શાશ્વતી તૃપ્તિને પામે છે. સાચા યોગીને જ્ઞાનક્રિયાનો આનંદ ઉત્તરોત્તર વધે છે, અને વિષયોની ઇચ્છા મરતી જાય છે. જેના પરિણામે તે શાશ્વતી તૃપ્તિનો શાશ્વત આનંદ અનુભવે છે. અહીં જ્ઞાનને જળ, ક્રિયાને ભોજન અને સમતાને તામ્બૂલ કહ્યું છે, તે આધ્યાત્મિક વિજ્ઞાનથી સિદ્ધ છે.

ઉપશમભાવના અનુભવથી ઇન્દ્રિયોને અગોચર એવી જે તૃપ્તિ થાય છે, તે ષડ્રસના ભોજનથી પણ શકય નથી, તે કહે છે—

**या शान्तैकरसास्वादाद्, भवेत्तृप्तिरतीन्द्रिया ।**
**सा न जिव्हेंद्रियद्वारा, षड्रसास्वादनादपि ॥३॥**

**અર્થ :** શાન્તરસરૂપ અદ્વિતીય રસના અનુભવથી ઇન્દ્રિયોને અગોચર (અગમ્ય) એવી જે આત્મ-તૃપ્તિ થાય છે, તે જિહ્વા દ્વારા ષડ્રસોના આસ્વાદનથી પણ થતી નથી.

**ભાવાર્થ :** અનુપમ શાન્તરસના અનુભવથી કેવળ અનુભવગમ્ય ઇન્દ્રિયોથી ન સમજાય તેવી જે પરમાનંદરૂપ તૃપ્તિ થાય છે, તે જિહ્વા ઇન્દ્રિયથી કરેલાં ષડ્રસ ભોજનથી પણ થતી નથી.

અહીં એ સૂચન છે કે જીવને પ્રગટાવ્યા શાન્તરસ વિના આ વિશ્વમાં કદાપિ ક્યાંય પણ શાન્તિ મળે તેમ નથી, ભલે તે આકાશ–પાતાળ એક કરવા જેટલો ઉદ્યમ કરે, પણ જે વસ્તુ જ્યાં નથી ત્યાંથી તે કેમ મળે ? ચૈતન્યસ્વરૂપ આત્માને પુદ્ગલોના ભોગથી તૃપ્તિ થાય, એ કદી શકય નથી. એ માટે તો એણે માર્ગ બદલવો જ પડશે. શાન્ત-રસ કે જે ચૈતન્યસ્વરૂપ છે, તેને પ્રગટ કરી તેનું આસ્વા-દન કરવું પડશે. તત્ત્વથી શાસ્ત્રોમાં જે કોઈ સમ્યક્ ક્રિયા-ઓ કરવાનું વિધાન છે, તે શાન્તરસને પ્રગટાવવા માટે છે.

આ શાન્તરસનું વર્ણન કરતાં જણાવ્યું છે, કે જ્યાં પૌદ્ગલિક દુઃખ નહિ–પૌદ્ગલિક સુખની ઇચ્છા નહિ, પુદ્-ગલની ચિંતા નહિ, જયાં રાગ નહિ, દ્વેષ નહિ અને જ્યાં કોઈ ઇચ્છા જ નહિ, તે શાન્તરસને સર્વ રસોમાં તે રાજા હોવાથી રસાધિરાજ કહ્યો છે.

તેની પ્રાપ્તિ માટેના ઉપાયો તરીકે ગુરુકુળવાસ, અધ્યાત્મ વિષયક શાસ્ત્રોનું શ્રવણ–વાચન–ચિંતન–મનન તથા અનિત્યાદિ અને મૈત્ર્યાદિ ભાવનાઓનું વારંવાર મનન, અપરાધી પ્રત્યે પણ પરોપકાર વૃત્તિ અને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ વગેરે વ્રતોની સાથે વિવિધ નિયમોનું પાલન વગેરેનું સેવન કરવું જોઇએ.

સાચી અને મિથ્યા બન્ને તૃપ્તિનું સ્વરૂપ જણાવે છે—

संसारे स्वप्नवन् मिथ्या, तृप्ति स्यादाभिमानिकी ।
तथ्या तु भ्रान्तिशुन्यस्य, साऽऽत्मवीर्यविपाककृत् ॥३॥

અર્થ : સંસારમાં સુખોથી (માની લીધેલી) અભિમાનરૂપ તૃપ્તિ સ્વપ્નની તૃપ્તિ જેવી મિથ્યા છે. સાચી તૃપ્તિ તો અભ્રાન્તને (સમ્યગ્ જ્ઞાનીને) હોય છે. (અને) તે જ આત્માની શકિતને (ગુણોને) પકાવનારી (પુષ્ટ કરનારી) છે.

ભાવાર્થ : સ્વપ્નમાં 'મેં મિષ્ટાન્નનું ભોજન કર્યું' એવું દેખે, તેથી કંઈ ભૂખ ભાગે નહિ, તૃપ્તિ થાય નહિ, તેમ વિષયોમાં માની લીધેલાં મિથ્યા સુખોથી આત્માને તૃપ્તિ થાય નહિ, દેહાધ્યાસના કારણે વિષયોથી થતી ક્ષણિક ઇન્દ્રિયોની તૃપ્તિને પોતાની તૃપ્તિ માનીને જીવ ઠગાય છે. વસ્તુતઃ વિષયોથી દેહની તૃપ્તિ કે પુષ્ટિ થતી નથી, ઉત્તરોત્તર તૃષ્ણા વધે છે, પણ ભ્રમણાથી (દેહમાં આત્મપણાની મિથ્યા બુદ્ધિથી) જીવ ઠગાય છે. સાચી તૃપ્તિ તો દેહ અને આત્માની ભિન્નતા જેનાથી સમજાય તેવા જ્ઞાનથી યુક્ત સમ્યગ્ જ્ઞાનીને થાય છે, તેની વિષયોની ઇચ્છા જ મરવા લાગે છે, અને આત્મગુણોનો–આત્માના સામર્થ્યનો વિકાસ (વૃદ્ધિ) થાય છે. તત્ત્વથી આત્મગુણોનો વિકાસ વિષયના વિરાગથી થાય છે, અને તે વિકાસ જ સાચી તૃપ્તિ છે.

પુદ્ગલોથી આત્મા કદાપિ પુષ્ટ ન થાય તે જણાવે છે—

**पुद्गलैः पुद्गलास्तृप्तिं, यान्त्यात्मा पुनरात्मना ।**
**परतृप्तिसमारोपो, ज्ञानिनस्तन्न युज्यते ॥५॥**

અર્થ : પુદ્ગલોથી પુદ્ગલો તૃપ્તિ (ઉપચય)ને પામે (વધે–પુષ્ટ થાય) અને આત્માથી (ચૈતન્યાદિ ગુણોથી) આત્મા

તૃપ્તિને પામે, છતાં પુદ્ગલોની તૃપ્તિને (પુષ્ટિને) આત્માની તૃપ્તિ માનવારૂપ મિથ્યા ઉપચાર કરવો તે જ્ઞાનીને ઘટિત નથી.

ભાવાર્થ : આત્મા અને પુદ્ગલ બન્ને દ્રવ્યો પરસ્પર ભિન્ન સ્વભાવવાળા છે, તેથી પુદ્ગલના સંયોગથી પુદ્ગલો જ પુષ્ટ થાય અને આત્મગુણોની વૃદ્ધિથી (પ્રગટીકરણથી) આત્મા પુષ્ટ થાય એ સ્વભાવસિદ્ધ છે, છતાં અન્યની તૃપ્તિથી પોતાની તૃપ્તિ થાય છે એમ માનવું તે સાચાજ્ઞાનીને માટે યોગ્ય નથી. અર્થાત્ પુદ્ગલની તૃપ્તિથી આત્મવિકાસ માનવો તે અજ્ઞાન છે.

પૂર્વે પૂર્ણતાષ્ટકમાં જણાવ્યું છે તેમ બાહ્યપદાર્થોથી આત્મા પૂર્ણ બનવાને બદલે અપૂર્ણ (અતૃપ્ત) બને છે, અને બાહ્ય જડ પદાર્થોને જેમ જેમ છોડે છે, તેમ તે પોતાના ગુણોથી પૂર્ણ થાય છે.

શું શરીરમાં સોજાની જાડાઈ થવાથી શક્તિ વધી છે એમ કહી શકાય ? કદાપિ નહિ, શક્તિ ઘટવાથી સોજા પ્રગટે છે. માટે તો શક્તિ પ્રગટાવવા સોજા ઉતારવાનો પ્રયત્ન કરવો પડે છે, અને જેમ જેમ સોજા ઊતરે છે, તેમ તેમ આરોગ્ય (શરીરશક્તિ) વધે છે. એ રીતે આત્માની સાચી પુષ્ટિ (ગુણ વૃદ્ધિ) માટે પણ પુદ્ગલોના ભોગને છોડવા પડે છે. એ કારણે જ અનંત ઉપકારી પરમાત્માએ પુદ્ગલોનો ત્યાગ અને વૈરાગ્ય કરવા ઉપદેશ્યું છે, અને એ રીતે ત્યાગ–વૈરાગ્ય દ્વારા અનંત આત્માઓ આજ પૂર્વે સાચી શાશ્વતી તૃપ્તિને પામીને તેના શુદ્ધ આનંદને ભોગવી રહ્યા છે.

સામાન્ય મનુષ્ય તો આ આત્મતૃપ્તિને પણ સમજી શકતા નથી. તો તેના આનંદને તે શી રીતે અનુભવે ? એ વાત જણાવે છે—

**मधुराज्यमहाशाकाऽग्राह्ये बाह्ये च गोरसात् ।**
**परब्रह्मणि तृप्तिर्या, जनास्तां जानतेऽपि न ॥६॥**

અર્થ : (મધુરાજ્ય=) સુંદર (સુખપ્રદ) રાજ્યની મોટી આશાવાળાથી પણ મેળવી ન શકાય. અને (ગોરસાત્=) વાણીના રસથી (પ્રયોગથી) પણ ગ્રાહ્ય (એટલે વર્ણવી પણ ન શકાય.) તેવા (પરબ્રહ્મણિ=)પરમાત્મ તત્ત્વમાં જે (સ્વભાવરમણતારૂપ) તૃપ્તિ છે, તેને સામાન્ય મનુષ્યો તો જાણતા પણ નથી.

અથવા બીજો અર્થ–(મધુર આજ્ય=) સુંદર ઘી અને વિવિધ શાકથી પ્રાપ્ત ન થઈ શકે એવી, (ગોરસાત્=) દૂધ, દહીં આદિથી પણ (બાહ્ય=) પર–ભિન્ન, (અર્થાત્ સુંદર ઘી, વિવિધ શાક અને દૂધ, દહીં વગેરેથી પણ પર-મુક્ત) એવા પરમાત્મતત્ત્વમાં જે (સ્વગુણોના આનંદની) તૃપ્તિ હોય છે, તેને સામાન્ય જીવો જાણતા પણ નથી, તો તેના સ્વાદને તો તે કેવી રીતે અનુભવી શકે ?

**ભાવાર્થ : કેવળ બાહ્ય પુદ્‌ગલોના ભોગોમાં તૃપ્તિનો આનંદ માનનારા મિથ્યાજ્ઞાની જીવો આત્માના શુદ્ધ-સ્વરૂપાનંદને જાણી પણ શકતા નથી. તો તેનો અનુભવ**

તો કરે જ કેમ ? જેણે આત્માનું સ્વરૂપ, તેનું સ્વભાવ-સિદ્ધ સુખ વગેરે જાણ્યું પણ નથી તેવા સામાન્ય માનવો આત્માની સ્વભાવરમણતારૂપ તૃપ્તિનો અનુભવ કોઈ રીતે ન કરી શકે.

અજ્ઞાનીને પુદ્ગલ ભોગથી ઝેર તુલ્ય વિષયોની ઈચ્છા વધે છે અને જ્ઞાનીને આત્મધ્યાનથી અમૃતના ઓડકાર પ્રગટે છે, તે વાત જણાવે છે—

**विषयोर्मिविषोद्गारः, स्यादतृप्तस्य पुद्गलैः ।**
**ज्ञानतृप्तस्य तु ध्यानसुधोद्गारपरम्परा ॥७॥**

**અર્થ** : પુદ્ગલો વડે તૃપ્તિ માનનાર એવા મોહમૂઢ આત્માને પુદ્ગલોથી (વિષયભોગથી) વિષયોના વિકલ્પો રૂપ વિષના ઓડકાર પ્રગટે છે, અને જ્ઞાનતૃપ્ત (જ્ઞાની આત્મ સ્વરૂપમાં રમનાર)ને તો ધ્યાન (આત્મધ્યાન) રૂપ અમૃતના ઓડકારની પરંપરા ચાલે છે.

**ભાવાર્થ** : વિષયોથી તૃપ્તિ મેળવનાર અતૃપ્તને જેમ જેમ વિષયો ભોગવે તેમ તેમ વિષયોની ઇચ્છારૂપ ઝેરના ઓડકાર આવે છે, અર્થાત્ વધતી જતી વિષયોની ઇચ્છારૂપ ઝેરના ઓડકાર આવે છે અને એ ઝેરથી આત્માનું મૃત્યુ થાય છે. અર્થાત્ આત્માના ભાવપ્રાણ રૂપ જ્ઞાનાદિ ગુણો નાશ પામે છે, અવરાઈ જાય છે. અને આત્મજ્ઞાનથી જે મહાત્મા પુરુષ તૃપ્તિને અનુભવે છે, તેને તો શુદ્ધ-

ધ્યાનરૂપ અમૃતના ઓડકારની પરંપરા ચાલે છે, તેને અમૃત તુલ્ય આત્મધ્યાન દ્વારા જ્ઞાનાદિ ભાવપ્રાણો પ્રગટ થાય છે. પૂર્ણ શાશ્વત જીવનને તે પ્રાપ્ત કરે છે. તાત્પર્ય કે અજ્ઞાનીને વિષયોના ભોગથી વિષયોની ઇચ્છા વધતી જાય છે અને આત્માના જ્ઞાનાદિ ભાવપ્રાણો અવરાઇ જાય છે અને જ્ઞાનીને એટલે કે વિષયો પ્રત્યે વિરાગીને આત્મગુણોને પ્રગટાવનારા ઉત્તમ ભાવો પ્રગટે છે. જેના પ્રભાવે તે તૃપ્તિનો અખંડ-શાશ્વત આનંદ અનુભવતો (પરબ્રહ્મ) પરમાત્મા બને છે.

વિષયરાગી ઇન્દ્રાદિ પણ સદા દુઃખી છે અને જ્ઞાની એવો સાધુ સદા તૃપ્તિના સુખને અનુભવે છે, એ વાત જણાવે છે—

**सुखिनो विषयातृप्ता, नेन्द्रोपेन्द्रादयोऽप्यहो ।**
**भिक्षुरेकः सुखी लोके, ज्ञानतृप्तो निरञ्जनः ॥८॥**

અર્થ : અહો ! આશ્ચર્ય છે, કે આ લોકમાં (ભોગવવા છતાં) વિષયોથી તૃપ્તિ નહિ પામતા ઇન્દ્રો અને ચક્રવર્તીઓ વગેરે કોઇ પણ સુખી નથી, માત્ર (વિષયોથી વિરક્ત) આત્મજ્ઞાનથી તૃપ્ત એવો કર્મમેલથી (અથવા ભાવકર્મરૂપ રાગ-દ્વેષાદિ આંતર શત્રુઓથી) રહિત એવો એક ભિક્ષુ-સાધુ જ સુખી છે.

**ભાવાર્થ** : વિષયોની વિશિષ્ટ સામગ્રી પામેલા,

વિષયોને ભોગવનારા, છતાં અતૃપ્ત ઇન્દ્રો અને રાજા મહારાજાઓ વગેરે સર્વે પણ સુખને બદલે માનસિક અસમાધિથી રિબાતા અને કષાયોથી પીડાતા હોય છે, માત્ર વિષયોથી વિરક્ત રાગ-દ્વષાદિ અંતરંગ શત્રુઓનો વિજેતા એવો જ્ઞાનાનંદથી તૃપ્ત એક મુનિ જ વિષય સામગ્રીના અભાવે પણ ઉપશમના આનંદને અનુભવતો અલૌકિક સુખને ભોગવે છે.

એ રીતે આત્મસ્વરૂપમાં તૃપ્ત-વિષયોથી પર બનેલો આત્મા સંસારમાં વર્તવા છતાં કર્મોથી લેપાતો નથી, એ જણાવવા હવે નિર્લેપ અષ્ટક વર્ણવે છે.

## ૧૧. નિર્લેપ અષ્ટક

**ससारे निवसन् स्वार्थसज्जः कज्जलवेश्मनि ।**
**लिप्यते निखिलो लोको, ज्ञानसिद्धो न लिप्यते ॥१॥**

અર્થ : કાજળના ઘર જેવા આ સંસારમાં વસતો અને (સંસારમાં જ) સ્વાર્થ સાધવામાં તત્પર (અજ્ઞ) એવો સઘળો લોક કર્મથી (રાગ-દ્વેષાદિથી) લેપાય છે, પણ જેને જ્ઞાન સિદ્ધ (આત્મસાત્) થયું છે, તેવો જ્ઞાની લેપાતો નથી.

ભાવાર્થ : અજ્ઞાનીને સંસારમાં સર્વ પદાર્થો રાગ-દ્વેષમાં નિમિત્તો બનતા હોવાથી તે આત્માને કાજળની જેમ મલિન કરે છે, તેવો (અજ્ઞાની) કાજળની કોટડી જેવા આ સંસારમાં વર્તતો સ્વ-પરના વિવેક વિનાનો અને સંસાર-માંથી (બાહ્ય-પૌદ્ગલિક ધન-સ્વજનાદિ ભાવોમાંથી) સ્વાર્થ (સુખ) સાધવામાં સજ્જ, અજ્ઞ સર્વલોક (હેય-ઉપાદેયના વિવેકના અભાવે જિનાજ્ઞાની વિરાધના કરતો) કર્મથી (રાગ-દ્વેષાદિથી) લેપાય છે. પણ જેને જડ-ચેતનનો સ્વ-પરનો વિવેક કરાવ-નારું સમ્યગ્ જ્ઞાન સિદ્ધ થયું છે. અર્થાત્ મન-વચન-કાયાની સર્વ ક્રિયા સમ્યગ્ જ્ઞાનાનુસારી છે, તેવો જ્ઞાની (જિનાજ્ઞાની પૂર્ણ આરાધના કરતો, રાગ-દ્વેષાદિનો વિજય કરતો નવાં કર્મોથી) લેપાતો નથી.

તેવો જ્ઞાની કર્મથી કેમ લેપાતો નથી તે હવે કહે છે—

**नाऽहं पुद्गलभावानां, कर्ता कारयिताऽपि च ।**
**नाऽनुमन्ताऽपि चेत्यात्मज्ञानवान् लिप्यते कथम् ? ॥२॥**

**અર્થ** : હું પૌદ્ગલિક ભાવોનો કર્તા નથી, કરાવનાર પણ નથી અને અનુમોદન કરનાર પણ નથી. એવો આત્મજ્ઞાની કેવી રીતે લેપાય ? અર્થાત્ કર્મબંધ કેમ કરે ?

**ભાવાર્થ** : હું શુદ્ધ આત્મદ્રવ્ય છું, ચેતન છું, મારું સ્વરૂપ ચૈતન્ય છે, તે હું જડ ક્રિયા કેમ કરી શકું ? માટે મારા શુદ્ધ સ્વરૂપથી હું પૌદ્ગલિક ક્રિયાનો કરનાર, કરાવનાર અને અનુમોદનાર પણ નથી, એમ જે પૌદ્ગલિક ભાવોમાં પોતાનું કર્તૃત્વ માનતો નથી, તે આત્મા કર્મથી લેપાતો નથી.

શુદ્ધ નયથી એક દ્રવ્ય બીજા દ્રવ્યને કંઈ કરી શકતું નથી, આત્મા સ્વગુણોનો કર્તા છે, અને કર્મો પૌદ્ગલિક ભાવોના કર્તા છે. છતાં 'હું પૌદ્ગલિક ભાવોનો કર્તા છું' એમ માનવું તે અજ્ઞાન છે, અને તે અજ્ઞાનથી કર્મબંધ થાય છે. પરંતુ જે શુદ્ધ તત્ત્વજ્ઞાની છે, તેને કર્મબંધ થતો નથી.

અહીં જૈનદર્શન માન્ય વિવિધ નયોથી આત્મામાં કર્તૃત્વ અકર્તૃત્વ કેવી રીતે ઘટે છે તે વિચારીએ, કે જેથી આ વિષયને અને પછીના વિષયોને પણ સ્પષ્ટ સમજી શકાય.

૧. શુદ્ધદ્રવ્યાર્થિક નય કે જે શુદ્ધદ્રવ્યને જ વસ્તુ માને છે, તે નયની અપેક્ષાએ આત્મા કોઈ જ ભાવોનો કર્તા નથી,

પોતાના શુદ્ધભાવનો પણ કર્તા નથી. આ નય પદાર્થને કુટસ્થ નિત્ય(સ્વ–પર કોઇ પ્રવૃત્તિરહિત) માને છે, તેથી આ નયની દૃષ્ટિએ દરેક દ્રવ્ય પોતે પોતાનામાં પણ કંઈ પ્રવૃત્તિ કરતાં નથી, અને જો પ્રવૃત્તિ જ ન હોય તો કર્તૃત્વ કેમ ઘટે ? માટે તેના મતે દરેક દ્રવ્યો ઉદાસીન છે, કશું જ કરતાં નથી. જેમ આકાશ ઉદાસીન હોવાથી કોઈ રંગથી લેપાતું નથી, તેમ આત્મદ્રવ્ય પણ ઉદાસીન હોવાથી કોઇ કર્મથી લેપાતું નથી. આ નય આત્માને સદૈવ શુદ્ધસ્વરૂપવાન માને છે. અર્થાત્ દીપક અને જ્યોતિ જેમ ભિન્ન નથી, તેમ આત્મા અને તેનું શુદ્ધ સ્વરૂપ ભિન્ન નથી. તેનું શુદ્ધ સ્વરૂપ તે જ પોતે આત્મા છે, તેથી તેને કંઈ કરવાપણું નથી.

અહીં પ્રશ્ન થાય કે આત્મા જ્ઞાની છે તો તે જાણવાની ક્રિયા તો કરે જ છે, પછી તે કર્તા કેમ નહિ ? તેનું સમાધાન એ છે કે જે ન હોય તેવું નવું સર્જન કરવાની અપેક્ષાએ આત્માને અકર્તા માન્યો છે, હોય તેને જાણવાની દૃષ્ટિએ નહિ. જેમ દીપક તે તે ભાવોને પ્રકાશ્યા કરે છે, નવું સર્જન કરતો નથી, એ દૃષ્ટિએ અકર્તા છે.

એમ છતાં પ્રશ્ન થાય કે આત્માને પરભાવોનો કર્તા ભલે ન માનો ! પણ સ્વભાવનો કર્તા કેમ નહિ ? તેનું સમાધાન એ છે કે જો આત્માને સ્વભાવનો કર્તા માનીએ તો સ્વભાવની ઉત્પત્તિ પૂર્વે તે સ્વભાવરહિત જડ હતો એમ માનવું પડે, અને જો જડ હોય તો ગમે તેટલા પ્રયત્ને પણ તે ચેતન બને જ નહિ, એમ અસંગતિ થાય, માટે

શુદ્ધ દ્રવ્યાર્થિક નય આત્માને સ્વભાવનો પણ અકર્તા માને છે. "દ્રવ્ય થકી અવિચલિત અખંડિત નિજગુણ આતમરાયારે." આ દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ આત્મા શુદ્ધસ્વભાવનો કર્તા નથી, પણ માત્ર શુદ્ધ સ્વભાવનો ધારક છે.

૨. **શુદ્ધ પર્યાયાર્થિક નય :** શુદ્ધ પર્યાયને સત્ માનનારા શુદ્ધપર્યાયાર્થિક નયના મતે આત્મા શુદ્ધસ્વભાવનો કર્તા છે. આ નય માને છે, કે દરેક પદાર્થ પોતાના ભાવોનો (ગુણ–પર્યાયોનો) જ કર્તા છે. પરદ્રવ્યના ભાવોનો કર્તા નથી. કારણ કે જો એક દ્રવ્ય બીજા–પર દ્રવ્યના ભાવોનો કર્તા બને તો તે પરદ્રવ્યરૂપ બની જાય, અને તેનો પોતાનો નાશ થઈ જાય, એમ આત્માને પુદ્ગલભાવોનો કર્તા માનવાથી નાશ સ્વીકારવો પડે, માટે આત્મા પરભાવોનો નહિ પણ પોતાના જ શુદ્ધ ભાવોનો કર્તા છે. આ નય શુદ્ધ પર્યાયાર્થિક હોવાથી તે શુદ્ધપર્યાયોને આશ્રયીને વિચારે છે, અને પર્યાયો તો પ્રતિક્ષણ ઉત્પત્તિ અને નાશધર્મવાળા છે, તેથી એના મતે આત્મા પ્રતિક્ષણ પોતાના શુદ્ધભાવોનો કર્તા છે. આ શ્લોકમાં આત્માને પુદ્ગલભાવોનો અકર્તા આ દૃષ્ટિએ કહ્યો છે.

૩. **ઋજુસૂત્રનયથી :** આત્મા રાગાદિક વિભાવોનો પણ કર્તા છે. આ નયનું એ મન્તવ્ય છે, કે આત્મા સ્વયં જ્યારે જે જે ભાવે પરિણમે છે, ત્યારે તે તે ભાવોનો તે કર્તા બને છે, અન્યથા તેને કર્મબંધ ન થાય. એ રીતે આ નય નિજમાં પરભાવનું કર્તવ્ય માને છે. પણ પરમાં પોતાનું કતૃત્વ માનતો નથી.

અહીં એ પ્રશ્ન થાય કે જો આત્મા નિજમાં પરભાવનો કર્તા છે, તો તે નિજમાં પરદ્રવ્યનો કર્તા કેમ નહિ? તેનું સમાધાન એ છે કે તે નિજમાં સ્વ–પર ઉભયદ્રવ્યની ક્રિયા કરે તો એક દ્રવ્યમાં ઉભય દ્રવ્યોની ક્રિયાનો પ્રસંગ આવે, અને શ્રીજિનમતમાં એક દ્રવ્યમાં બે દ્રવ્યોની ક્રિયા માન્ય નથી, તેથી જિનાજ્ઞાનો વિરોધ થાય. પુનઃ પ્રશ્ન થાય કે જો એક દ્રવ્યમાં સ્વ–પર બે ક્રિયા સંમત નથી, તો આત્મામાં કર્મનો બંધ કેમ ઘટે? તેનું સમાધાન એ છે, કે સંસારી આત્મા પોતાના રાગાદિ અશુદ્ધ ભાવોને કરે છે, ત્યારે તે અશુદ્ધ ભાવોનું આલંબન પામીને કાર્મણુવર્ગણાનાં પુદ્ગલો સ્વયં તે તે જ્ઞાનાવરણાદિ કર્મ રૂપે પરિણમે છે. જેમ લોહચુંબક પોતે કાંઇ કરતું નથી, તો પણ તેની પાસે રહેલું લોખંડ સ્વયં આકર્ષાઇને લોહચુંબકને ચોંટે છે, તેલની ચીકાશવાળા શરીરે ઊડતી રેતીના રજકણો સ્વયં ચોંટે છે, તેમ પોતામાં રાગાદિ વિભાવને કરવાથી જીવને કર્મરૂપી રજ સ્વયં ચોંટે છે. આમ ઋજુસૂત્રનયના મતે આત્મા સ્વમાં અશુદ્ધભાવોનો કર્તા છે, પણ કર્મબંધ આદિ પૌદ્ગલિક ક્રિયાનો કર્તા નથી.

પુનઃ એ પ્રશ્ન થાય કે જો કર્મ પુદ્ગલો સ્વયં આત્માને ચોંટે છે, તો જીવને કર્મનો કર્તા કેમ કહેવાય? તેનું સમાધાન એ છે કે વાદળ જળને વરસાવે છે, છતાં તે ધાન્યને વરસાવે છે, એમ કહેવાય છે. તેમાં કારણ એ છે કે તેણે વરસાવેલા જળથી ધાન્ય પાકે છે. એ રીતે આત્મા રાગાદિ

વિભાવને કરે છે, તેના કારણે કર્મો તેને સ્વયં ચોંટે છે, તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને આત્માને કર્મનો કર્તા કહેવાય છે. તત્ત્વથી તો તે કર્મનો કર્તા નથી, પણ રાગાદિ વિભાવનો કર્તા છે.

૪. **નૈગમ અને વ્યવહાર :** આ બે નયો ઉપચારને પણ માનતા હોવાથી તેઓની દૃષ્ટિએ આત્મા કર્મનો પણ કર્તા છે. આ નયો માને છે કે આત્મા જે રાગાદિભાવોને કરે છે, તેનું સુખ–દુઃખાદિ ફળ કાળાન્તરે આવતું હોવાથી રાગાદિ અને સુખદુઃખાદિના કાર્યકારણ ભાવને સાંધનાર વચ્ચે કોઈ નિમિત્ત માનવું જોઈએ, તે નિમિત્ત કર્મ છે. અર્થાત્ આત્મા રાગાદિ ભાવોને કરે છે, તેનાથી કર્મ બાંધે છે, અને તે કર્મ કાળાન્તરે સુખદુઃખાદિ ફળને આપે છે. બીજી યુક્તિ એ પણ છે કે આત્મામાં રાગાદિ ભાવો અને કર્મ-પુદ્ગલો ક્ષીર-નીરની જેમ એવાં એકમેક બની રહે છે, કે જેથી આ રાગાદિ ભાવો અને આ કર્મપુદ્ગલો, એવો ભેદ કરવો દુષ્કર છે, તેથી જો આત્મા રાગાદિનો કર્તા છે, તો કર્મનો પણ કર્તા છે. એ રીતે રાગાદિ ભાવોની જેમ આત્મા કર્મનો પણ કર્તા છે, એમ નૈગમ-વ્યવહાર નયોનું મંતવ્ય છે.

હવે આત્મા અને પુદ્ગલના ભેદને જે માને છે, તે કર્મથી લેપાતો નથી. એ વાત જણાવે છે—

**लिप्यते पुद्गलस्कन्धो, न लिप्ये पुद्गलैरहम् ।**
**चित्रव्योमाञ्जनेनेव, ध्यायन्निति न लिप्यते ।।३।।**

અર્થ : જેમ વિચિત્ર વર્ણવાળું આકાશ અંજનથી લેપાતું નથી, તેમ હું પુદ્ગલોથી લેપાતો નથી, પુદ્ગલોથી (તો) પુદ્ગલોનો સમૂહ લેપાય છે, એવું ધ્યાન કરતો આત્મા લેપાતો નથી.

ભાવાર્થ : કર્મો એ જ કાર્મણ નામનું શરીર છે, તે દરેક આત્માને અનાદિકાળથી લાગેલું અભ્યંતર શરીર છે. જ્યારે જીવ રાગાદિભાવોને કરે છે, ત્યારે કાર્મણ વર્ગણામાં પુદ્ગલો કર્મરૂપે પરિણમીને એ કાર્મણ શરીરમાં મળી જાય છે. તત્ત્વથી કાર્મણ શરીર પણ કર્મના સમૂહરૂપ હોવાથી પુદ્ગલરૂપ જ છે, તેથી તેમાં જે નવાં કર્મો મળે છે, તે પુદ્ગલની સાથે જ જોડાય છે, આત્માની સાથે જોડાતા નથી. હા, કાર્મણ શરીરનો સંબંધ આત્માની સાથે છે પણ તેથી કર્મ આત્માને લાગે છે એમ કહેવાય નહિ. કારણ કે આત્માને કાર્મણ શરીર સાથે સંયોગ સંબંધ છે, તાદાત્મ્ય સંબંધ નથી. સંયોગ સંબંધ તાત્ત્વિક નથી, ઔપચારિક છે. જેમ આકાશમાં ઇન્દ્રધનુષ્ય વગેરે વિવિધ વર્ણોનો સંબંધ થવા છતાં આકાશ તેનાથી લેપાતું નથી, તેમ આત્મા પણ કાર્મણ શરીરનો સંયોગ છતાં તેનાથી લેપાતો નથી.

નિશ્ચયનયના મતે આત્મા કદાપિ પુદ્ગલોના સંબંધથી લેપાતો–બંધાતો નથી. જેમ નિર્મળ સ્ફટિક વિવિધ વર્ણનાં વસ્ત્ર વગેરેના સંબંધથી તે તે વર્ણવાળું દેખાય છે, પણ તત્ત્વથી તે તે વર્ણોમય બનતું નથી, તેમ આત્મા પણ કર્મથી જોડાવા છતાં પુદ્ગલમય બનતો નથી, સ્ફટિકની જેમ અલિપ્ત

જ રહે છે. કર્મોના સંબંધથી તે રાગી-દ્વેષી વગેરે દેખાય છે, પણ તત્ત્વથી તો રાગાદિથી અને કર્મોથી રહિત તે શુદ્ધ જ છે.

હવે સર્વ ક્રિયા ચિત્તશુદ્ધિ માટે ઉપયોગી છે, અને જો આત્મા તત્ત્વથી શુદ્ધ જ છે, તો તેને આવશ્યકાદિ ક્રિયાઓનું શું પ્રયોજન છે? તેનું સમાધાન કરતાં કહે છે કે—

**लिप्तता ज्ञानसम्पात-प्रतिघाताय केवलम् ।**
**निर्लेपज्ञानमग्नस्य, क्रिया सर्वोपयुज्यते ॥४॥**

અર્થ : 'હું નિર્લેપ છું' એવા જ્ઞાનમાં મગ્ન આત્માને સઘળી ક્રિયામાત્ર 'આત્મા કર્મથી લિપ્ત છે.' એવા (મિથ્યા) જ્ઞાનના સંભવને રોકવા માટે જ ઉપયોગી છે.

ભાવાર્થ : જેમ નીરોગીને રોગથી બચવા માટે પણ પથ્યપાલન ઉપયોગી છે, તેમ શુદ્ધ આત્માને અશુદ્ધચિત્તથી બચવા માટે આવશ્યકાદિ સર્વ ક્રિયાઓ ઉપયોગી છે. શુદ્ધ આત્માને પણ તેને જ્યાં સુધી મોહનો ઉદય છે, ત્યાં સુધી ચિત્તની મલિનતા સંભવિત છે, માટે 'કર્મ જડ છે, હું ચેતન છું, નિર્લિપ્ત છું' એવાં શુદ્ધ જ્ઞાનમાં વર્તતા આત્માને પણ મોહના ઉદયથી 'હું કર્મથી લેપાયેલો છું' એવી ભ્રાન્તિ થવાનો સંભવ છે, તેમાંથી બચવા માટે આવશ્યકાદિ સઘળી ક્રિયાઓ ઉપયોગી છે.

હવે લિપ્તતા અને અલિપ્તતાનું ફળ જણાવે છે—

**तपःश्रुतादिना मत्तः, क्रियावानपि लिप्यते ।**
**भावनाज्ञानसम्पन्नो, निष्क्रियोऽपि न लिप्यते ॥५॥**

**અર્થ** : તપ, શ્રુત વગેરેનો મદ કરનાર ક્રિયાવાન પણ કર્મોથી લેપાય છે, અને ભાવનાજ્ઞાનથી યુક્ત ક્રિયા રહિત હોવા છતાં તે આત્મા લેપાતો નથી.

**ભાવાર્થ** : આત્માના સ્વરૂપને પ્રાપ્ત કરાવનારા શુદ્ધ સંસ્કારને પોષક એવા ભાવનાજ્ઞાનથી યુક્ત ભવ્યાત્માને જેમ જેમ જ્ઞાન અને ક્રિયા વધે છે, તેમ તેમ ઉપશમ ભાવ વધે છે, અહંકારને બદલે નમ્રભાવ પ્રગટે છે, સર્વ જીવો પ્રત્યે આત્મ-તુલ્યપરિણુતિ પ્રગટે છે, તેથી તે બાહ્યક્રિયા રહિત હોય તો પણ અભ્યંતર ઉપશમભાવના યોગે તે કર્મથી લેપાતો નથી. તપ અને શ્રુત અર્થાત્ ક્રિયા અને જ્ઞાનનો ઉદ્યમ કરવા છતાં પણ જો તેને મદ થાય તો જીવ કર્મબંધથી લેપાય છે. ગમે તેટલું જ્ઞાન ભણે અને કષ્ટ-ક્રિયા કરે પણ જેને મદ થાય તે કર્મથી ભારે થાય છે. પૂ. ઉપાધ્યાયજી મહારાજે બહુ સરળ ભાષામાં આ વાત કહી છે કે—

"જ્ઞાન–ધ્યાન–હય–ગયવરે, તપ–જપ–શ્રુત પરતંત–સલુણે,
છંડી શમ પ્રભુતા લહે, મુનિ પણ પરિગ્રહવંત–સલુણે."

અર્થાત્ નમ્રભાવ પ્રગટ્યા વિના જ્ઞાન–ક્રિયા અહંકારજનક બનીને આત્માને કર્મબંધનું કારણ બને છે. માટે આત્મ-

પરિણતિમત્ એવા ભાવનાજ્ઞાનથી યુક્ત એવો અહંકારમુક્ત મુનિ કર્મથી લેપાતો નથી.

અવસ્થાભેદે લિપ્તતા અલિપ્તતા ઉભય દૃષ્ટિથી લાભ થાય છે. તે કહે છે—

**अलिप्तो निश्चयेनात्मा, लिप्तश्च व्यवहारतः ।**
**शुध्ध्यत्यलिप्तया ज्ञानी, क्रियावान् लिप्तया दृशा ॥६॥**

**અર્થ** : નિશ્ચયનયના મતે જીવ કર્મથી બંધાયેલો નથી અને વ્યવહાર નયથી જીવ કર્મથી બંધાયેલો છે. જ્ઞાની અલિપ્ત (નિશ્ચય) દૃષ્ટિ વડે શુદ્ધ થાય છે અને ક્રિયાવાન લિપ્ત (વ્યવહાર) દૃષ્ટિથી શુદ્ધ થાય છે.

**ભાવાર્થ** : અહીં કર્મયોગી અને જ્ઞાનયોગી બે પ્રકારના સાધકને ઉદ્દેશીને શુદ્ધિના ભિન્ન ભિન્ન બે ઉપાયો જણાવ્યા છે. પ્રાથમિક અવસ્થામાં સાધકની દૃષ્ટિ વ્યવહારુ હોય છે, તેથી તે આત્માને કર્મથી બંધાયેલો માને છે અને તેને તોડવાના ઉદ્દેશથી આવશ્યક વગેરે ક્રિયા કરતો ચિત્તશુદ્ધિને પામે છે. અહીં સુધી તેને કર્મયોગી કહેવાય છે. પછી ચિત્તશુદ્ધિ થતાં જ્યારે નિશ્ચય દૃષ્ટિ પ્રગટે છે, ત્યારે તેને "આત્મા, કર્મથી અલિપ્ત-શુદ્ધ-બુદ્ધ-નિરંજન છે." એવું પોતાના શુદ્ધ સ્વરૂપનું જે જ્ઞાન થાય છે, તે જ્ઞાનથી જ તે શુદ્ધ થાય છે. આ અવસ્થામાં તે જ્ઞાનયોગી કહેવાય છે. જેમ સિંહનું બચ્ચું પણ વણઝારના પોઠિયા સાથે રહેલું, જ્યાં સુધી પોતાને પોઠિયા તુલ્ય માને છે, ત્યાં

સુધી તે વણઝારના સહકારથી જીવન ગુજારે છે, અને જ્યારે તેને 'હું તો સિંહ છું.' એવું ભાન થાય છે, ત્યારે સ્વયં પોતાના બળથી જીવે છે. તેમ આત્મા પણ પોતાને બંધાયેલો માને છે, ત્યારે તે બંધન તોડવાના પ્રયત્નો (ક્રિયાઓ) કરે છે. અને જ્યારે એને પોતાના શુદ્ધ સ્વરૂપનું ભાન થાય છે, ત્યારે શુદ્ધ જ્ઞાનના બળે તે પરભાવથી રહિત (મુક્ત) બને છે. એ રીતે પ્રથમ વ્યવહારનયની ક્રિયાની ઉપાદેયતા છે, અને ચિત્તશુદ્ધિ થયા પછી નિશ્ચયની (જ્ઞાનયોગની) ઉપાદેયતા છે. છતાં જેઓ પ્રાથમિક અવસ્થામાં જ ક્રિયાનો અનાદર કરીને જ્ઞાનને માત્ર જ મહત્ત્વ આપી પોતાની ભૂમિકાને ઉચિત એવી ક્રિયાઓનો ત્યાગ કરે છે, તેઓને તો ઉપરના ગુણસ્થાનકની પણ પ્રાપ્તિ થતી નથી, અને તેથી તેઓ જ્ઞાન અને ક્રિયા ઉભયથી માર્ગ ભ્રષ્ટ થઈ સંસારમાં રખડે છે.

**ज्ञानक्रियासमावेशः, सहैवोन्मीलने द्वयोः ।**
**भूमिकाभेदतस्त्वत्र, भवेदेकैकमुख्यता ॥७॥**

**અર્થ** : જ્ઞાન અને ક્રિયા બન્નેનો સાથે જ વિકાસ થતો હોવાથી (તત્ત્વથી તો) જ્ઞાન–ક્રિયા બન્નેની એકતા હોય છે, તથાપિ (અહીં સાધકની યોગ્યતા રૂપ) ભૂમિકાના (ગુણસ્થાનકના) ભેદથી એક એકની મુખ્યતા (અને બીજાની ગૌણતા જણાવી) છે.

**ભાવાર્થ** : સાધક પ્રાથમિક દૃષ્ટિમાં ક્રિયાને મહત્ત્વ આપે છે, ત્યારે પણ (જ્ઞાન રહિત ક્રિયા નિષ્ફળ હોવાથી) ક્રિયા

સાથે ગૌણુપણે જ્ઞાન પણ હોય જ છે. માત્ર તે અવસ્થામાં તેને ક્રિયા મુખ્ય અને જ્ઞાન ગૌણુભાવે હોય છે. પછી જ્યારે ચિત્તશુદ્ધિ થતાં આત્માના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન–ભાન થાય છે, ત્યારે તેની સાધનામાં જ્ઞાન મુખ્ય હોય છે, અને ક્રિયારહિત જ્ઞાન પાંગળુ હોવાથી જ્ઞાન સાથે ક્રિયા ગૌણુપણે પણ હોય જ છે. એમ સાધકની યોગ્યતાને આશ્રયીને પ્રથમ કક્ષામાં તેને ક્રિયાની મુખ્યતા હોય છે, અને જ્ઞાનની ગૌણુતા હોય છે. તે પછી ઉત્તર કક્ષામાં જ્ઞાનની મુખ્યતા અને ક્રિયાની ગૌણુતા હોય છે. વસ્તુતઃ તો જ્ઞાન-ક્રિયા બન્ને સાથે હોય છે.

**सज्ञानं यदनुष्ठानं, न लिप्तं दोषपङ्कतः ।**
**शुद्धबुद्धस्वभावाय, तस्मै भगवते नमः ॥८॥**

અર્થ : જ્ઞાન સહિત જેની ક્રિયા દોષરૂપ કાદવથી ખરડાતી નથી, તે શુદ્ધ (ક્રિયા) અને બુદ્ધ (જ્ઞાન) સ્વભાવવાળા ભગવંતને નમસ્કાર થાઓ!

ભાવાર્થ : જે મહાત્માની ક્રિયા જ્ઞાનપૂર્વકની છે, તેને ક્રિયાના ગર્વરૂપ દોષ લાગતો નથી, અર્થાત્ જ્ઞાનપૂર્વકની શુદ્ધ ક્રિયાથી જેનો આત્મા ઉપશમ ભાવને પામ્યો છે, તે ક્રિયાથી શુદ્ધ અને જ્ઞાનથી બુદ્ધ સ્વભાવવાળા ભગવાન (પરમ યોગીને) નમસ્કાર થાઓ.

અહીં એ રહસ્ય જણાવ્યું છે, કે આત્માના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થવાથી આત્માને પુદ્ગલનો સંગ વિકારરૂપ જણાય છે. તેથી ક્રિયા દ્વારા યોગી પુદ્ગલના સંગથી છૂટવા

પ્રયત્ન કરે છે. આવી સમજપૂર્વકની ક્રિયા તેને અહંકારનું કારણ બનતી નથી, પણ સ્વરૂપાનંદનો અનુભવ કરાવે છે. શું શરીરનો બાહ્ય મેલ કે અંદરનો તાવ ઊતરે ત્યારે સજ્જનને અહંકાર થાય ? ન જ થાય. ઊલટો મેલ કે તાવ ઊતર્યાનો આનંદ થાય. તેમ જ્ઞાનપૂર્વકની ક્રિયા દ્વારા જે મહાત્માને ઉપશમ વધે છે, અને મદરૂપ દોષ થતો નથી તે વારંવાર વંદનીય છે તેને નમસ્કાર થાઓ ! કારણ કે તે જ સાચો યોગી છે, જ્ઞાની છે અને સ્વ-પર હિતસાધક છે.

હવે આવા યોગીને જે નિઃસ્પૃહતા પ્રગટે છે, તે નિઃસ્પૃહતાનું વર્ણન કરે છે—

## ૧૨. નિસ્પૃહતા અષ્ટક

**स्वभावलाभात् किमपि, प्राप्तव्यं नाऽवशिष्यते ।**
**इत्यात्मैश्वर्यसम्पन्नो, निःस्पृहो जायते मुनिः ॥१॥**

અર્થ : જીવને પોતાના સ્વભાવના પ્રગટીકરણ સિવાય અન્ય કંઈ પણ મેળવવાનું બાકી રહેતું નથી, તેથી આત્માના ઐશ્વર્યને પામેલો મુનિ નિઃસ્પૃહ બને છે.

**ભાવાર્થ** : જીવ જે કંઈ કરે છે કે મેળવે છે, તેમાં તેને પોતાના સુખ સિવાય બીજું કંઈ મેળવવાનું હોતું નથી, તે સર્વ પ્રયત્નો સુખ માટે જ કરે છે. આ સુખ પોતાના અશ્વર્યમાં છે અને એવું ઐશ્વર્ય પોતાના શુદ્ધ-સ્વભાવમાં જ રહેલું છે, તેથી શુદ્ધસ્વભાવને પ્રગટ કરવા સિવાય બીજું કંઈ કરવાનું નથી, માટે પોતાના ઐશ્વર્યને પામેલો મુનિ નિઃસ્પૃહ બને છે.

સ્પૃહાવાન અને નિઃસ્પૃહ કેવો હોય છે, તે જણાવે છે—

**संयोजितकरैः के के, प्रार्थ्यन्ते न स्पृहावहैः ? ।**
**अमात्रज्ञानपात्रस्य, निःस्पृहस्य तृणं जगत् ॥२॥**

અર્થ : સ્પૃહાવાળા જીવો બે હાથ જોડીને કોને કોને પ્રાર્થના નથી કરતા ? (સર્વને પ્રાર્થે છે) ત્યારે અતિશય

જ્ઞાનના પાત્ર એવા નિઃસ્પૃહીને આખું જગત તૃણ તુલ્ય હોય છે.

**ભાવાર્થ** : જેને પોતાની શુદ્ધ સંપત્તિનું જ્ઞાન નથી અને પરપદાર્થમાં સુખ માને છે, તેવો અજ્ઞાની સુખ માટે કોની પાસે શું શું નથી માગતો ? જે કોઈ મળે તેની પાસે તેણે માનેલી સુખસામગ્રીની તે યાચના કરે છે. અર્થાત્ અજ્ઞાનથી જીવ અનાદિ કાળથી ભિખારીની જેમ રાત્રી-દિવસ મેળવવાની અને માગવાની મિથ્યા પ્રવૃત્તિ કર્યા જ કરે છે, તો પણ તેની ભૂખ લેશ પણ ભાંગતી નથી; કારણ કે તે મોહમૂઢ છે, અજ્ઞાની છે, તેથી વિરુદ્ધ જે પોતાનું સુખ પોતાના આત્મામાં જ જાણે છે, દેખે છે અને તેથી પર-પદાર્થની સ્પૃહાથી રહિત છે, તે અતિશાયી જ્ઞાનને પામેલા નિઃસ્પૃહને સમગ્ર વિશ્વ પણ તૃણ તુલ્ય છે. તૃણની જેમ તે બાહ્ય સંયોગોને છોડી દે છે.

સ્પૃહાની ભયંકરતા વર્ણવે છે—

**छिन्दन्ति ज्ञानदात्रेण, स्पृहाविषलतां बुधाः ।**
**मुखशोषं च मूर्छां च, दैन्यं यच्छति यत्फलम् ॥३॥**

**અર્થ** : જે (સ્પૃહારૂપી વિષની વેલડી જીવને) મુખનો શોષ, મૂર્છા અને દીનતારૂપી ફળોને આપે છે, તે સ્પૃહા-રૂપ વિષની વેલીને જ્ઞાનીઓ જ્ઞાનરૂપી દાતરડાથી કાપી નાખે છે.

**ભાવાર્થ** : બાહ્ય સંયોગોમાં સુખની ભ્રમણાવાળા

અજ્ઞાનીને જે બાહ્ય પદાર્થોની સ્પૃહા હોય છે, તે વિષવેલડી જેવી છે. વિષવેલડી જેમ જીવને મુખશોષ, મૂર્છા અને દીન-તાને પ્રગટ કરે તેમ આ સ્પૃહા જેની તેની સામે પ્રાર્થના કરવાથી મુખશોષ, માંગ્યું મળે ત્યારે મૂર્છા-રાગ અને ન મળે તો દીનતા કરાવે છે. આવી દુઃખદાયક સ્પૃહારૂપી વિષ-વેલડીને જ્ઞાનીઓ સમ્યગ્જ્ઞાનરૂપી દાતરડાથી કાપી નાખે છે અર્થાત્ જ્ઞાનીને પોતાનો અધ્યાત્મનો અખૂટ ખજાનો જાણ્યા પછી બાહ્ય સુખ-સામગ્રીની સ્પૃહા નાશ પામે છે. જીવને ચારે ગતિમાં જે દુઃખ ભોગવવાં પડે છે તેમાં તત્ત્વથી આત્મ-જ્ઞાનનો અભાવ જ કારણ છે. આત્માના શુદ્ધસ્વરૂપને જાણ્યા પછી દુઃખ સ્પર્શતું પણ નથી.

આ દુષ્ટ સ્પૃહાને છોડવાનો ઉપદેશ કરતાં કહે છે કે—

**निष्कासनीया विदुषा, स्पृहा चित्तगृहाद् बहिः ।**
**अनात्मरतिचाण्डाली–सङ्गमङ्गीकरोति या ॥४॥**

**અર્થ** : આત્માથી ભિન્ન એવા પુદ્ગલમાં પ્રીતિરૂપ ચંડાલણીનો સંગ કરનારી જે સ્પૃહા છે, તેને જ્ઞાની પુરુષે પોતાના મનમંદિરમાંથી બહાર કરવી જોઈએ.

**ભાવાર્થ** : અનાત્મા એટલે જડ–પુદ્ગલ અથવા રાગ-દ્વેષાદિ દોષો તેની પ્રીતિરૂપ ચંડાલણીનો સંગ કરનારી સ્પૃહા, તે ચંડાલણી કરતાં પણ દુષ્ટ છે. તેણે ભવે ભવે અનંત ઋદ્ધિના સ્વામી પણ આત્માને ભિખારીથી પણ ભિખારી બનાવ્યો છે, ભયંકર પાપો કરાવ્યાં છે, પ્રાયઃ તે સર્વ જીવો-

ને પીડાકારક છે અને ચારે ગતિમાં રખડાવીને દુઃખી કર્યા છે. સ્પૃહાને વશ પડેલા જીવો કેવાં કેવાં અકાર્યો કરે છે અને દુઃખી થાય છે, તે સંસારમાં સર્વત્ર પ્રત્યક્ષ છે. આવી દુષ્ટા સ્પૃહાને જ્ઞાની પુરુષે મનમંદિરમાંથી બહાર કરવી જોઈએ. કારણુ કે સ્પૃહાને દૂર કરી નિઃસ્પૃહતાથી મનને પવિત્ર બનાવ્યા પછી જ પરમકૃપાળુ પરમાત્માને ત્યાં પધરાવી શકાય છે અને સર્વ સંતાપની નિવૃત્તિ મેળવી શકાય છે.

સ્પૃહાને વશ પડેલો જીવ તૃણુથી પણુ હલકો થવા છતાં સંસારસમુદ્રમાં ડૂબે છે, તે જણાવે છે—

**स्पृहावन्तो विलोक्यन्ते, लघवस्तृण–तूलवत् ।**
**महाश्चर्यं तथाप्येते, मज्जन्ति भववारिधौ ।।५।।**

અર્થ : જગતમાં સ્પૃહાના દાસ જીવો તૃણુ અને આકડાના રૂની જેમ અતિ હલકા (કિંમત વિનાના-તુચ્છ) દેખાય છે. તો પણુ આશ્ચર્ય છે કે તેઓ સંસારસમુદ્રમાં ડૂબે છે.

ભાવાર્થ : સ્પૃહાને વશ પડેલા જીવો ભિખારી જેવા હોય છે. તત્ત્વથી તો સાચા જ્ઞાની સિવાય જગતમાં પ્રાયઃ સર્વ જીવો રાત-દિવસ કોઈ ને કોઈ રીતે ભીખ માગતા જ હોય છે, કહેવાતા શ્રીમંતો પણુ લક્ષ્મીના ભૂખ્યા હોય છે અને વિવિધ રીતે સર્વ કોઈ લક્ષ્મીની ભીખ માગતા હોય છે. જેની પાસે અનંતી સાચી લક્ષ્મી છે તે આત્મા પણુ અજ્ઞાનથી આવું જીવન જીવે છે તે મોહની કરામત છે,

તેનાથી છૂટવું તે જ સાચી શ્રીમંતાઈ છે. સ્પૃહાવંત જીવના જીવનની કિંમત ઘટી જવાથી તે ઇજ્જતથી તૃણ અને આકડાના રૂથી પણ હલકો બની જાય છે છતાં કર્મોનો ભાર વધી જવાથી તે સંસારમાં ડૂબે છે–રખડે છે. એમ જાણી બાહ્ય સુખ-સામગ્રીની સ્પૃહા તજીને અભ્યંતર લક્ષ્મીને પ્રગટાવવા જીવનમાં સંતોષને વિકસાવવો એ આ શ્લોકનો ઉપદેશ છે.

એક કવિએ કહ્યું છે કે આવા હલકા પણ જીવને વાયુ ખેંચી જતો નથી તેનું કારણ એ છે કે વાયુને પણ ભય લાગે છે કે મારી પાસે આવે તો મારી પાસે પણ કંઈ માગણી કરે, માટે એનાથી દૂર રહેવું સારું !

નિઃસ્પૃહ કદી પોતાને પ્રસિદ્ધ કરતો નથી, એ વાત જણાવે છે—

**गौरवं पौरवन्द्यत्वात्, प्रकृष्टत्वं प्रतिष्ठया ।**
**ख्यातिं जातिगुणात् स्वस्य, प्रादुष्कुर्यान्न निःस्पृहः ॥६॥**

અર્થ : નિઃસ્પૃહ આત્મા લોકને વન્દનીય હોવાથી પોતાને મળતી મોટાઈને, માન-પ્રતિષ્ઠાથી પ્રાપ્ત થયેલી પોતાની ઉત્તમતાને અને ઉત્તમ જાતિ-કુળ, વગેરે ગુણોથી મળેલી પ્રસિદ્ધિને પ્રગટ કરતો નથી –બીજાને આગળ બોલી-ને જણાવતો નથી.

**ભાવાર્થ** : નિઃસ્પૃહ આત્મા લોકપૂજ્યતા વગેરે પોતાની મોટાઈને, માન–પ્રતિષ્ઠા વગેરે ઉત્તમતાને અને ઉત્તમ કૂળ-જાતિ વગેરેથી ફેલાયેલી કીર્તિને બીજાની સમક્ષ પ્રસિદ્ધ કરતો

નથી. અર્થાત્ આત્મશ્લાઘાથી તે પર રહે છે. જે આત્મા પોતાના ગુણો બીજાની સામે જાહેર કરે છે, તે બદલામાં સામા પાસેથી કંઇ ને કંઈ, છેવટે માન પણ મેળવવાને ઇચ્છતો હોય છે. જેને બીજાની પાસેથી કંઈ મેળવવાની સ્પૃહા નથી તેને પોતાના ગુણો બીજાની સામે ગાવાનું કંઇ કારણ નથી.

આ શ્લોકનો સાર એ છે કે બીજાની પાસેથી તુચ્છ સ્વાર્થ સાધવા માટે કે પ્રશંસા મેળવવા માટે આપણે કિંમતિ-અમૂલ્ય ગુણોને વેચી દેવા ન જોઇએ. જે માન-પૂજા કે તુચ્છ સ્વાર્થ માટે પોતાના ગુણો ગાય છે, ગવરાવે છે કે બીજા ગાય તેથી ખુશી થાય છે, તે પોતાના અમૂલ્ય ગુણોને તુચ્છ ક્ષણિક આભિમાનિક સુખની ખાતર વેચી દે છે–ગુમાવે છે અને નિર્ગુણ બની જાય છે.

હવે નિઃસ્પૃહીના આનંદને વર્ણવતાં કહે છે કે—

**भूशय्या भैक्षमशनं, जीर्णं वासो वनं गृहम् ।**
**तथापि निःस्पृहस्याहो ! चक्रिणोऽप्यधिकं सुखम् ॥७॥**

અર્થ : અહો ! આશ્ચર્ય છે કે નિઃસ્પૃહને શય્યા માટે ભૂમિ, ભોજન ભિક્ષાથી મેળવેલું, વસ્ત્ર જીર્ણ અને ઘર તરીકે વન હોય છે, તો પણ તેને ચક્રવર્તી કરતાં પણ અધિક સુખ હોય છે.

ભાવાર્થ : નિઃસ્પૃહ આત્માને બાહ્ય વસ્તુની અપેક્ષા

હોતી નથી તેથી ભૂમિ ઉપર શયન કરે, ભિક્ષાથી ભોજન મેળવે, વસ્ત્રો જીર્ણ હોય અને ઘર-બાર વિનાનો વનમાં રહેતો હોય, તો પણ તે ચક્રવર્તી કરતાં પણ અધિક સુખનો અનુભવ કરે છે.

તાત્પર્ય એ છે કે બાહ્ય મહેલ-મહેલાતોનાં, રાજ્ય વૈભવનાં કે ઇન્દ્રાસનનાં સુખો મળે, તો પણ તે તૃષ્ણાને– સ્પૃહાને વધારનારાં હોવાથી સ્પૃહા વધતી જાય છે અને તેને મેળવવાનાં વિવિધ દુઃખો સહન કરવાં પડે છે, માટે સ્પૃહાવંતને સ્વપ્ને પણ સુખ હોતું નથી, જે સુખ માને છે તે મિથ્યા કલ્પના છે. સાચું સુખ તો સંતોષમાં છે– નિઃસ્પૃહતામાં છે, તેથી નિઃસ્પૃહ મુનિને બાહ્ય સુખની સામગ્રીનો અભાવ છતાં તે સંતોષથી ચક્રવર્તી કરતાં પણ અધિક સુખી હોય છે.

આ શ્લોકનો ઉપદેશ એ છે કે સાચા સુખના અર્થીએ બાહ્ય સુખની સ્પૃહાને તજીને સંતોષનો–નિઃસ્પૃહતાનો આનંદ ચાખવો જોઇએ. એ કારણે જ જ્ઞાનીઓ ભોગને તજીને યોગને સ્વીકારે છે અને તેથી તેઓને રાજા-મહારાજાઓ પૂજે તો પણ નિઃસ્પૃહ બની સ્વતંત્રતાનો સ્વાધીન આનંદ અનુભવે છે.

સુખ-દુઃખનું સાચું સ્વરૂપ જણાવતાં કહે છે કે—

**परस्पृहा महादुःखं, निःस्पृहत्वं महासुखम् ।**
**एतदुक्तं समासेन, लक्षणं सुखदुःखयोः ॥८॥**

**અર્થ :** પરસ્પૃહા એ મહાદુઃખ છે અને નિઃસ્પૃહતા એ મહાસુખ છે, એ પ્રમાણે (જ્ઞાનીઓએ) સુખ-દુઃખનું લક્ષણ સંક્ષેપથી કહ્યું છે.

**ભાવાર્થ :** તત્ત્વથી પરાધીનતા-પરતંત્રતા એ જ દુઃખ છે–સૌથી મોટી જેલ કરતાં પણ અધિક દુઃખ પરાધીનતા—પરસ્પૃહાનું છે. જેને પરસ્પૃહા નથી, તેને આ જગતમાં કોઈ પણ પ્રકારનું દુઃખ નથી. માટે નિઃસ્પૃહતા એ જ મોટામાં મોટું સુખ છે. આ સુખ-દુઃખનું આટલું જ લક્ષણ જ્ઞાનીઓએ સંક્ષેપમાં કહ્યું છે. એનો સાર એ છે કે દુઃખથી મુક્ત થવું હોય અને સુખ અનુભવવું હોય તો બાહ્ય-જડ પદાર્થોની સ્પૃહા છોડીને નિઃસ્પૃહ બનો ! સર્વ અનુષ્ઠાનોનો સાર પણ એ જ છે કે મમતાને તજીને સમતા-સમાધિનો આનંદ ભોગવો !

આ નિઃસ્પૃહતા મૌનથી સિદ્ધ થાય છે, માટે હવે મૌનનું સ્વરૂપ જણાવે છે—

# ૧૩. મૌન અષ્ટક

**मन्यते यो जगत्तत्त्वं, स मुनिः परिकीर्तितः ।**
**सम्यक्त्वमेव तन्मौनं, मौनं सम्यक्त्वमेव वा ॥१॥**

અર્થ : જે જગતના યથાર્થ સ્વરૂપને અથવા જગતને તત્ત્વરૂપે જાણે છે તેને મુનિ કહ્યો છે. (તત્ત્વથી મુનિપણું એ મૌન છે અને મુનિને જગતનાં તત્ત્વોની શ્રદ્ધા–સમકિત હોય છે) તેથી સમ્યક્ત્વ એ જ મૌન, અથવા મૌન એ સમ્યક્ત્વ જ છે.

**ભાવાર્થ** : તત્ત્વથી સમ્યક્ત્વ એટલે જગતના સ્વરૂપની જ્ઞાનપૂર્વકની યથાર્થ શ્રદ્ધા. મુનિને નિશ્ચયનયથી એ શ્રદ્ધા હોય જ છે, તેથી મુનિના ધર્મને મૌન કહો કે સમ્યક્ત્વ કહો, બન્ને એક જ છે.

આ વર્ણન એવંભૂત નયની દૃષ્ટિએ કર્યું છે, એવંભૂત નયની માન્યતા છે કે—તે જ જ્ઞાન જ્ઞાન ગણાય કે તેને અનુરૂપ શ્રદ્ધા પ્રગટાવે, અને શ્રદ્ધા તે જ યથાર્થ ગણાય કે જે તે પ્રમાણે આચરણ કરાવે. અર્થાત્ જ્ઞાન, શ્રદ્ધા અને આચરણ એમ ત્રણેનો યોગ હોય તો જ સમ્યક્ત્વ સમ્યક્ત્વ મનાય. આવું સમ્યક્ત્વ મુનિમાં જ હોય, કારણ કે મુનિમાં જ જ્ઞાન–શ્રદ્ધા સાથે આત્મરમણતા રૂપ ચારિત્ર હોય છે. આત્મરમણતા એ જ તે નયના મતે મુનિપણું એટલે મૌન છે.

તેથી સમ્યક્ત્વ એ જ મૌન (મુનિપણું) અને મૌન (મુનિપણું) તે સમ્યક્ત્વ જ છે, એમ સિદ્ધ થયું.

અથવા એવંભૂત નયના મતે કાર્ય–કારણનો ભેદ નથી, જે કારણ તે જ કાર્યરૂપ બને છે. અહીં સમ્યક્ત્વ એ મુનિ-ધર્મનું-મૌનનું કારણ છે, તેથી પણ સમ્યક્ત્વ એ જ મૌન અને મૌન તે સમ્યક્ત્વ જ છે, એમાં ભિન્નતા નથી.

નિશ્ચયથી આત્મા અને ગુણોનો અભેદ છે, તેને જણા-વતાં કહે છે કે—

**आत्माऽऽत्मन्येव यच्छुद्धं, जानात्यात्मानमात्मना ।**
**सेयं रत्नत्रये ज्ञप्तिरुच्याचारैकता मुनेः ॥२॥**

અર્થ : આત્મા આત્મામાં જ આત્મા વડે જે શુદ્ધ આત્માને જાણે છે, તે આ જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ ત્રણ રત્નોમાં જ્ઞાન, શ્રદ્ધા અને આચારની એકતા મુનિને હોય છે.

ભાવાર્થ : જ્ઞાતા હોવાથી નિશ્ચયનયના મતે આત્મા પોતે કર્તા છે, શુદ્ધ આત્માને જાણે છે માટે કર્મ પણ પોતે જ છે, જ્ઞાનગુણરૂપ પોતાના સ્વરૂપ દ્વારા જાણે છે માટે કરણ પણ પોતે જ છે અને પોતાનામાં (તે ગુણસ્વરૂપ આત્માને) જાણે છે માટે અધિકરણ-આધાર પણ પોતે જ છે. એમ મુનિનું આ પ્રકારનું આત્મજ્ઞાન તે જ્ઞાન, દર્શન અને ચારિત્ર ત્રણની એકતારૂપ છે, કારણ કે જાણવાની ક્રિયામાં શુદ્ધ આત્મબોધ તે જ્ઞાન છે, બોધથી થતો આત્મસ્વરૂપનો નિર્ધાર–

નિર્ણય, તે રુચિ એટલે શ્રદ્ધા છે અને એ રુચિદ્વારા થતો સ્વરૂપ રમણતારૂપ અભેદ પરિણામ તે આચાર એટલે ચારિત્ર છે.

એમ મુનિને એવંભૂત નયથી જ્ઞાન, દર્શન અને ચારિત્ર, એ ત્રણ જુદાં નથી, એક જ આત્મસ્વરૂપ છે, માટે મુનિને જ્ઞાનાદિ ત્રણ રત્નોમાં અભેદ પરિણતિ હોય છે, અર્થાત્ આ જ્ઞાન, આ દર્શન અને આ ચારિત્ર એવી ભિન્નતા રહેતી નથી. એક રસ બની ગયેલા દૂધ–સાકરમાં આ દૂધ અને આ સાકર એવો ભેદ પાડી શકાતો નથી તેમ નિશ્ચયનયથી આત્મસ્વરૂપ બની ગયેલા શુદ્ધ ગુણોમાં આ જ્ઞાન, આ દર્શન, આ ચારિત્ર, એવો ભેદ ઉપલબ્ધ થતો નથી.

હવે આ જ્ઞાનાદિ નયભેદે ભિન્ન છે તે કહે છે—

**चारित्रमात्मचरणात्, ज्ञानं वा दर्शनं मुनेः ।**
**शुद्धज्ञाननये साध्यं, क्रियालाभात् क्रियानये ॥३॥**

**અર્થ**: શુદ્ધજ્ઞાનનયના મતે મુનિને ચારિત્ર, જ્ઞાન, કે દર્શન આત્મસ્વરૂપમાં રમણતાથી સિદ્ધ થાય છે અને ક્રિયાનયના મતે મુનિને (જ્ઞાન–શ્રદ્ધાના ફળસ્વરૂપ) ક્રિયાની પ્રાપ્તિથી (જ્ઞાન-દર્શન-ચારિત્ર) સિદ્ધ થાય છે.

**ભાવાર્થ**: આ શ્લોકમાં મુનિને (આત્માને) જ્ઞાન-દર્શન-ચારિત્રની પ્રાપ્તિ ભિન્ન ભિન્ન નયના મતે કેવી રીતે સિદ્ધ થાય છે તે જણાવતાં કહે છે કે જે નય ક્રિયાથી જ સર્વ કાર્યોની સિદ્ધિ માને છે તે ક્રિયાનયના મતે જ્ઞાન અને શ્રદ્ધા-

થી ક્રિયા કરે તેને જ જ્ઞાન-દર્શન-ચારિત્રની સિદ્ધિ થાય છે. અર્થાત્ ગમે તેટલું જ્ઞાન કે શ્રદ્ધા હોય, પણ આવશ્યકાદિ તે તે ક્રિયાઓ ન કરે તો જ્ઞાનાદિ સિદ્ધ ન થાય. તેના મતે તરવાની કળાનો જાણકાર પણ જો તરવાની ક્રિયા ન કરે (હાથ-પગ ન ચલાવે) તો તરી શકે નહિ. તાત્પર્ય કે – ભણવાની ક્રિયાથી જ્ઞાન, જિનપૂજા–ભક્તિ વગેરેથી દર્શન અને આવશ્યકાદિ ક્રિયાથી ચારિત્રની સિદ્ધિ થાય, એ ક્રિયા નયનો મત છે.

બીજો જ્ઞાનનય કે જે જ્ઞાનને જ તત્ત્વ માને છે, તેના મતે તો આત્મરમણતાથી એટલે આત્માના શુદ્ધ સ્વ-રૂપમાં રમણતાથી જ્ઞાન, દર્શન અને ચારિત્રની સિદ્ધિ થાય છે. શુદ્ધાત્મરમણતા રહિતને જ્ઞાન,દર્શન કે ચારિત્ર એક પણ સિદ્ધ થતું નથી. અર્થાત્ શુદ્ધાત્મરમણતા વિનાનાને ચારિત્રની આવશ્યકાદિ ક્રિયાઓ કરે તો પણ તેને ચારિત્ર નથી. તેમ જ્ઞાન અને દર્શન પણ નથી.

અહીં પ્રશ્ન થાય કે આત્મસ્વરૂપ રમણતા વિના ચારિત્રની સિદ્ધિ ભલે ન માનો ! પણ ચતુર્થાદિ ગુણસ્થાને દર્શનમોહનો ક્ષયોપશમાદિ થતાં સમ્યગ્ દર્શન માન્યું છે અને જ્યાં દર્શન હોય ત્યાં જ્ઞાન પણ હોય જ, તો તેને જ્ઞાન–દર્શન કેમ ન મનાય ? તેનું સમાધાન એ છે કે જે ગુણ પોતાનું ફળ ન આપે તે ગુણને શુદ્ધ નિશ્ચયનય ગુણ માનતો નથી. સુરાપાનથી વિવિધ હાનિ થાય છે એમ જાણવા

અને માનવા છતાં સુરાપાનને છોડે નહિ, તો તેના જાણવા માનવાનું કંઈ ફળ નથી, તેની સમજણ અને શ્રદ્ધા મિથ્યા છે, તેમ આ નયના મતે જ્ઞાન-દર્શન પ્રગટવા છતાં આત્મ-રમણતારૂપ ચારિત્ર સિદ્ધ ન થાય, ત્યાં સુધી તે જ્ઞાન, દર્શન નિષ્ફળ છે. માટે શુદ્ધ જ્ઞાનનય સ્વરૂપરમણતાથી જ્ઞાન, દર્શન અને ચારિત્રની સિદ્ધિ માને છે.

એ જ વાતને હવે બે શ્લોકોથી જણાવે છે કે—

यतः प्रवृत्तिर्न मणौ, लभ्यते वा न तत्फलम् ।
अतात्त्विकी मणिज्ञप्ति–र्मणिश्रद्धा च सा यथा ॥४॥
तथा यतो न शुद्धात्म–स्वभावाचरणं भवेत् ।
फलं दोषनिवृत्तिर्वा, न तज्ज्ञानं न दर्शनम् ॥५॥

અર્થ : જેમ મણિનું જ્ઞાન હોવા છતાં મણિ મેળવવાની પ્રવૃત્તિ ન થાય, અથવા પ્રવૃત્તિ કરવા છતાં (મણિની પ્રાપ્તિરૂપ) ફળ ન મળે તે મણિનું જ્ઞાન અને મણિની શ્રદ્ધા અતાત્ત્વિકી (અવાસ્તવિક–મિથ્યા) છે.

તેમ જેનાથી શુદ્ધ આત્મ સ્વભાવમાં ચરણું એટલે રમ-ણતારૂપ આચરણ ન થાય અથવા (આચરણ કરવા છતાં) રાગાદિ દોષોની નિવૃત્તિ ન થાય, તે જ્ઞાન જ્ઞાન નથી અને દર્શન દર્શન નથી.

ભાવાર્થ : અહીં નિશ્ચયનયના મતે ક્રિયાનયની અને જ્ઞાનનયની મુખ્યતાથી જ્ઞાન-દર્શન--ચારિત્રની સિદ્ધિ માની

છે. તો પણ ક્રિયારહિત જ્ઞાન અને જ્ઞાનરહિત ક્રિયા નિષ્ફળ છે, તેથી ક્રિયાની મુખ્યતા હોય ત્યારે પણ ગૌણપણે જ્ઞાન અને જ્ઞાનની મુખ્યતામાં ગૌણપણે ક્રિયા પણ માનવી જ જોઈએ. જેમ ઉદ્યમથી કમાણી અને કમાણીથી ઉદ્યમ વધે છે, તેમ અહીં પણ જ્ઞાન-શ્રદ્ધા દ્વારા ક્રિયા અને ક્રિયાદ્વારા જ્ઞાન-શ્રદ્ધા વધે છે, અને એ રીતે સાપેક્ષભાવે વધતાં ક્રિયા અને જ્ઞાન પરાકાષ્ઠાને પામે છે, ત્યારે બન્ને અભિન્ન—એકરૂપ બની જાય છે. ક્રિયા વ્યવહાર નયપ્રધાન છે અને જ્ઞાન નિશ્ચયનયપ્રધાન છે. છતાં વ્યવહાર-નિશ્ચય બન્ને પરસ્પર સાપેક્ષ બને છે ત્યારે જ (અંધ-પંગુની જેમ) કાર્યસાધક બને છે.

સાચા મુનિનું (મૌનનું) સ્વરૂપ જણાવતાં કહે છે કે—

**यथा शोफस्य पुष्टत्वं, यथा वा वध्यमण्डनम् ।**
**तथा जानन् भवोन्माद–मात्मतृप्तो मुनिर्भवेत् ॥६॥**

અર્થ : મુનિ સોજાની પુષ્ટતાને, અથવા વધ્યના (ફાંસી વગેરે દેહાન્ત દંડ પામેલાના અંત સમયે) શણગારને, જેમ (પરિણામે અહિતકર માને છે) તેમ સંસારને ઉન્માદરૂપ (બાહ્ય સુખ—સામગ્રી કે માન—સન્માન વગેરેને અહિતકર) માનતો મુનિ આત્મગુણોમાં સંતોષી—તૃપ્ત બને છે.

ભાવાર્થ : જેમ શરીરે સોજા રોગરૂપ છે અને ફાંસી વગેરે દેહાન્ત દંડ પામેલાને છેલ્લે કરેણના ફૂલહાર વગેરે શણગાર મરણની નિશાની છે, તેમ પુણ્ય પ્રાપ્ય સુખ-સામગ્રીને

પણ સંસારના ઉન્માદ (કર્મરોગ) રૂપ જાણતો મુનિ પોતાના જ્ઞાનાદિ ગુણોથી તૃપ્ત બને છે. બાહ્ય સુખ-સમ્પત્તિ કે માન-સન્માનનાં સુખોમાં લીન થવાથી પરિણામે તે અનેક મરણને આપનારાં બને છે, એમ તે માને છે.

આ આત્મતૃપ્તિરૂપ મૌનનું સ્વરૂપ જણાવતાં કહે છે કે—

**सुलभं वागनुच्चारं, मौनमेकेन्द्रियेष्वपि ।**
**पुद्गलेष्वप्रवृत्तिस्तु, योगानां मौनमुत्तमम् ॥७॥**

**અર્થ :** વાણીના અનુચ્ચારરૂપ મૌન તો એકેન્દ્રિય જીવોમાં પણ સુલભ છે, પરંતુ પુદ્ગલોમાં યોગોની જે અપ્રવૃત્તિ, તે જ મૌન ઉત્તમ છે.

**ભાવાર્થ :** વચન નહિ બોલવારૂપ મૌન તો એકેન્દ્રિય જીવોને પણ સહજ સુલભ છે, તેઓને જીભ હોતી જ નથી, એ મૌન તો દરેક જીવે અનંતાનંત (પુદ્ગલપરાવર્ત) કાલ સુધી એકેન્દ્રિયપણામાં પાળ્યું છે. તાત્ત્વિક મૌન તો મન, વચન અને કાયયોગથી પુદ્ગલોમાં પ્રવૃત્તિ ન થવી તે છે.

તત્ત્વથી જીવને પાંચ ઇન્દ્રિયોની પ્રાપ્તિ પુણ્યથી (આવરણોના ક્ષયોપશમથી) થાય છે, માટે તે આત્મગુણોની સાધના માટેનું સાધન છે, છતાં મોહવશ જીવને શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ વગેરે પુદ્ગલના ગુણોનો પક્ષ અનાદિ

કાલથી હોવાથી તે ઇન્દ્રિયો દ્વારા જીવ તે પુદ્‌ગલ ધર્મોના સુખમાં ફસાઈ જાય છે. તત્ત્વથી ઇન્દ્રિયો પુદ્‌ગલના સુખ ભોગવવા માટે નથી, પણ તેનો વૈરાગ્ય કેળવી પ્રાન્તે વીતરાગ થવા માટે છે. માટે પુદ્‌ગલના શબ્દાદિ ગુણો પ્રત્યે વૈરાગ્ય કેળવી તેમાં અનાસક્ત બનવું, તે શ્રેષ્ઠ મૌન મુનિનો ધર્મ છે. આ મૌન મુનિને સંસારમાં પણ મુકિતનો આનંદ આપે છે અને પરિણામે મુક્તિને પ્રાપ્ત કરાવે છે, માટે શ્રેષ્ઠ છે.

આવું ઉત્તમ મૌન આત્મપરિણત મુનિને હોય છે. તે કહે છે—

**ज्योतिर्मयीव दीपस्य, क्रिया सर्वाऽपि चिन्मयी ।**
**यस्यानन्यस्वभावस्य, तस्य मौनमनुत्तरम् ॥८॥**

અર્થ : જેમ દીપકની સર્વ ક્રિયા (હિલચાલ) પ્રકાશમય હોય છે, તેમ જેની સઘળી ય ક્રિયા જ્ઞાનમય છે, જે અન્ય પદાર્થમાં પરિણમતો નથી, (સ્વરૂપમાં રમણતા કરે છે) તેનું મૌન સર્વથી શ્રેષ્ઠ છે.

ભાવાર્થ : જેમ દીપકની હાલવું, ચાલવું, ઊંચે વધવું, તિરછું વર્તવું, વગેરે સઘળી પ્રવૃત્તિ કેવળ પ્રકાશરૂપ હોય છે, તેમ જે આત્માની સર્વપ્રવૃત્તિ સ્વભાવરમણતામાં પરિણમે છે, અર્થાત્ જેની મન, વચન, કાયાની સર્વ પ્રવૃત્તિ વિભાવમાંથી મુક્ત કરી સ્વભાવની સિદ્ધિ કરે છે, તે મહા-

ત્માનું મૌન સર્વોત્કૃષ્ટ છે. આ મૌન એ જ મુનિનું તાત્ત્વિક ચારિત્ર છે, તત્ત્વજ્ઞાન અને રુચિ દ્વારા મુનિ આ ચારિત્રને સિદ્ધ કરે છે અને એ ચારિત્રથી સર્વકર્મથી મુક્ત થઈ અજરામર બને છે. માટે એવું ચારિત્રરૂપ મૌન તે સર્વોત્કૃષ્ટ મૌન છે.

આ મૌનનું મૂળ વિદ્યા છે માટે હવે તેનું સ્વરૂપ જણાવે છે.

## ૧૪. વિદ્યા-અષ્ટક

**नित्यशुच्यात्मताख्याति-रनित्याशुच्यनात्मसु ।**
**अविद्या तत्त्वधीर्विद्या, योगाचार्यैः प्रकीर्तिता ॥१॥**

**અર્થ :** યોગાચાર્યોએ અનિત્યમાં નિત્યપણાની, અપવિત્રમાં પવિત્રતાની અને અનાત્મામાં આત્મપણાની ખ્યાતિને (બુદ્ધિને) અવિદ્યા કહી છે અને જે જેવું હોય તેમાં તેવી તત્પણાની બુદ્ધિને વિદ્યા કહી છે.

**ભાવાર્થ :** તત્ત્વ એટલે તત્પણું, અર્થાત્ જે જેવું હોય તેને તત્પણે (તેવું) માનવું-જાણવું તે સત્ય હોવાથી વિદ્યા અર્થાત્ સમ્યગ્જ્ઞાન છે અને જે જેવું ન હોય તેને તેવું માનવું તે અતત્ત્વમાં તત્ત્વ માનવારૂપ હોવાથી અવિદ્યા અર્થાત્ મિથ્યાજ્ઞાન છે, એમ યોગદૃષ્ટિને પામેલા પતંજલિ ઋષિ વગેરે યોગાચાર્યોએ કહ્યું છે. અહીં જૈનાચાર્યોને બદલે યોગાચાર્યો કહેવામાં એ આશય છે કે જૈન-અજૈન કોઈ પણ સમ્યગ્ બુદ્ધિવાળા આત્માનું કથન સમ્યક્ હોય તે જિનવચન છે. જૈનદર્શનને વ્યક્તિ સાથે સંબંધ નથી, તત્ત્વ (સત્ય) સાથે સંબંધ છે. જ્યાં જ્યાં તત્ત્વ છે ત્યાં ત્યાં જૈનત્વ છે.

અનાદિ કાળથી જીવને મિથ્યાત્વનો ઉદય હોવાથી સત્યને અસત્ય – અસત્યને સત્ય, નિત્યને અનિત્ય, અનિત્યને

નિત્ય, પવિત્રને અપવિત્ર, અપવિત્રને પવિત્ર તથા જડને ચેતન અને ચેતનને જડ વગેરે માનવારૂપ મિથ્યાબોધ છે, તે મટે તો જ સત્યની ઓળખ થાય અને તો જ સ્વ-પરનો વિવેક થાય. એ વિવેક પ્રગટે તો જ પુરુષાર્થ દ્વારા સાચા સુખની પ્રાપ્તિ કરી શકે. માટે અહીં તત્ત્વબુદ્ધિનું સ્વરૂપ સમજાવ્યું છે.

આત્મા નિત્ય, પવિત્ર અને ચૈતન્યસ્વરૂપ છે, છતાં તે અનિત્ય, અપવિત્ર અને જડ એવા પુદ્ગલમાં આત્માનું સુખ શોધે છે, તે તેની ભ્રમણા છે, અવિદ્યા છે, માટે તે દૂર કરી નિત્ય, પવિત્ર એવા ચૈતન્યવંતને આત્મા માનવો તે વિદ્યા છે.

આ વિદ્યાનો મહિમા વર્ણવે છે—

**यः पश्येन्नित्यमात्मान-मनित्यं परसङ्गमम् ।**
**छलं लब्धुं न शक्नोति, तस्य मोहमलिम्लुचः ॥२॥**

**અર્થ** : જે આત્માને નિત્ય (સદા અવિનાશી) અને પરપુદ્ગલના સંગને અનિત્ય (વિનશ્વર) દેખે છે, તેના છિદ્રને (દોષને) પામવા (ઠગવા) મોહ ચોર સમર્થ થતો નથી.

**ભાવાર્થ** : મોહ આત્માને અજ્ઞાનની સહાયથી ભૂલ કરાવીને વશ કરી શકે છે. આ ભૂલ આત્મા અવિદ્યાથી—અજ્ઞાનથી કરે છે, જો અવિદ્યાનો નાશ થાય તો આત્મા જડ—ચેતનને, શત્રુ—મિત્રને, હિતાહિતને, અને મોહને

પણ પિછાની શકે, પછી મોહ તેના છિદ્રને પામી શકે નહિ અને તેને વશ કરી શકે નહિ. કારણ કે પ્રકાશ થતાં જ ચોર જેમ ભાગી જાય છે, તેમ વિદ્યા જ્ઞાનનો પ્રકાશ થતાં જ મોહરૂપી ચોર ભાગી છૂટે છે. તેનું જોર અવિદ્યા હોય ત્યાં સુધી જ ચાલે છે.

એ જ વાતને સ્પષ્ટ જણાવે છે—

तरङ्गतरलां लक्ष्मी–मायुर्वायुवदस्थिरम् ।
अदभ्रधीरनुध्याये–दभ्रवद् भङ्गुरं वपुः ॥६॥

અર્થ: (અદભ્રધીઃ) નિપુણ બુદ્ધિવાળો આત્મા લક્ષ્મીને સમુદ્રનાં મોજાં જેવી ચપળ, આયુષ્યને વાયુની જેમ અસ્થિર અને શરીરને વાદળના જેવું નાશવંત (છે એમ) વારંવાર વિચારે.

ભાવાર્થ: નિપુણ બુદ્ધિવાળો – જ્ઞાની – વિદ્યાવાન આત્મા તત્ત્વથી લક્ષ્મીને સમુદ્રનાં મોજાં જેવી ચપળ છે, આયુષ્ય વાયુની જેમ અસ્થિર છે અને શરીર પણ વાદળાની જેમ ક્ષણ વિનશ્વર છે. એમ વિચારે છે, ત્યારે મોહનું જોર ભાંગી જાય છે. કારણ કે જીવને મૂઢ બનાવવામાં લક્ષ્મી, જીવન અને શરીર એ ત્રણ મુખ્ય નિમિત્તો છે. તેની સાચી ઓળખના અભાવે જીવ મોહમૂઢ બનીને વિવિધ ખટપટોમાં ફસાય છે. વિદ્યા પ્રગટતાં જ જ્યારે એ ત્રણેના તાત્ત્વિક સ્વરૂપનું જ્ઞાન-ભાન જીવને થાય છે, ત્યારે તેનાથી વિરક્ત થઈ તે મોહનો પરાભવ કરી શકે છે.

હવે શરીરમાં પવિત્રતાનો ભ્રમ કેવો વિષમ છે તે જણાવે છે—

शुचिन्यप्यशुचीकर्तुं, समर्थेऽशुचिसंभवे ।
देहे जलादिना शौच-भ्रमो मूढस्य दारुणः ॥४॥

અર્થ : પવિત્ર પણ વસ્તુઓને અપવિત્ર કરવામાં સમર્થ અને અશુચિમાંથી બનેલા એવા મલિન પણ શરીરમાં પાણી વગેરેથી તેને પવિત્ર બનાવવાનો મૂઢ આત્માનોભ્રમ અતિ ભયંકર છે.

ભાવાર્થ : આહાર, પાણી, વસ્ત્ર, પુષ્પ, વિલેપન વગેરે સર્વ પવિત્ર વસ્તુઓને શરીર ક્ષણમાં અપવિત્ર બનાવે છે પણ પોતે કોઈ રીતે પવિત્ર બનતું નથી, એ શરીરનું સામર્થ્ય આબાલ-વૃદ્ધ પ્રસિદ્ધ છે, વળી તે અશુચિમાંથી ઉત્પન્ન થયું છે, અશુચિથી પોષાયેલું છે, અને અશુચિથી ભરેલું છે, એ પણ પ્રસિદ્ધ છે. છતાં તેને જળ વગેરેથી પવિત્ર બનાવવાનો મૂઢ જીવનો ભ્રમ પ્રત્યક્ષ જોવા, જાણવા અને સમજવા છતાં દૂર ન થાય તેવો અતિ ભયંકર છે.

હવે આત્માની પવિત્રતા વિષે જણાવે છે કે—

यः स्नात्वा समताकुण्डे, हित्वा कश्मलजं मलम् ।
पुनर्न याति मालिन्यं, सोऽन्तरात्मा परः शुचिः ॥५॥

અર્થ : જે સમતારૂપી કુંડમાં સ્નાન કરીને પાપજન્ય મેલને દૂર કરીને પુનઃ મલિનતાને પામતો નથી, તે અંતરાત્મા અત્યંત પવિત્ર છે.

ભાવાર્થ : મિથ્યાદૃષ્ટિ એટલે બહિરાત્મા અને ચોથાથી બારમા ગુણસ્થાનકવાળો સમકિતદૃષ્ટિ તે અંતરાત્મા તથા સ્નાતક–કેવળજ્ઞાની એટલે પરમાત્મા, એમ આત્માના અવસ્થા–ભેદે ત્રણ પ્રકારો છે. તેમાં અંતરાત્મા સમકિતદૃષ્ટિ પ્રગટવાથી મિથ્યાત્વરૂપ મેલથી રહિત થયેલો હોવાથી તેટલા અંશે તે પાપ–મેલથી રહિત હોય છે અને ભવિષ્યમાં શેષ કર્મોરૂપી મેલને સમતા દ્વારા દૂર કરી ઉત્કૃષ્ટથી અર્ધપુદ્ગલ પરાવર્તમાં તે સંપૂર્ણ સ્નાતક મેલરહિત બને છે, તે પછી પુનઃ તેને કર્મોનો મેલ લાગતો નથી માટે તે અત્યંત પવિત્ર છે, એમ અહીં ભાવિ નયની અપેક્ષાએ તેને અત્યંત પવિત્ર કહ્યો છે. વળી પાપકર્મ રૂપી મેલને દૂર કરવાનો ઉપાય સમતા કહી. તેમાં એ સમજવાનું છે કે બાહ્ય સંયોગ–વિયોગમાં રાગ-દ્વેષ વગેરે સંકલ્પ–વિકલ્પોને કરવાથી કર્મો બંધાય છે માટે લોકસ્થિતિના સ્વરૂપને વિચારી શુભાશુભ સંયોગ–વિયોગમાં રાગ–દ્વેષને વશ નહિ થતાં સમતારૂપી સામાયિકની સાધના કરવી જોઈએ. વિદ્યાવંત (સમ્યગ્જ્ઞાની) એ સિદ્ધિ કરી શકે છે. માટે અર્થાપત્તિએ વિદ્યાના બળે આત્મા સમતારૂપી અમૃતના કુંડમાં સ્નાન કરીને પાપ મેલને દૂર કરી શકે છે એમ જણાવ્યું છે.

અહીં જે અંતરાત્મા પુનઃ મલિનતાને પામતો નથી, એમ કહ્યું છે, તે સિદ્ધાન્તિક મતે સમકિતવંત આત્મા પુનઃ ઉત્કૃષ્ટ સ્થિતિનું કર્મ નથી બાંધતો તે અપેક્ષાએ સમજવું.

હવે પુદ્ગલમાં આત્મભાવરૂપ અવિદ્યા, એ વિચિત્ર પાશ છે તે સમજાવે છે—

आत्मबोधो नवः पाशो, देह–गेह–धनादिषु ।
यः क्षिप्तोऽप्यात्मना तेषु, स्वस्य बन्धाय जायते ॥६॥

અર્થ : દેહ-ઘર અને ધન વગેરેમાં મારાપણાની બુદ્ધિ (મમતા) થવી તે એક અલૌકિક કોટિનો પાશ (બંધન) છે. કે જે પાશ આત્માએ દેહાદિને વિષે નાખ્યો છે તો પણ આત્માના પોતાના જ બંધને માટે થાય છે. (એ એની અલૌકિકતા છે.)

ભાવાર્થ : શરીર ઘર અને ધન વગેરે પર વસ્તુમાં મમતારૂપ બંધન કરવા છતાં આશ્ચર્ય છે કે તે કદાપિ બંધાતા નથી, તેને મમતાથી બાંધનાર આત્મા પોતે જ બંધાય છે. તાત્પર્ય કે જીવ ગમે તેટલી મમતા કરે તો પણ શરીર–ઘર–ધન વગેરે કદી કોઈના થયા નથી અને થવાનાં પણ નથી, છૂટી જ જાય છે. ઊલટું આત્મા પોતે જ તે મમતાથી બંધાય છે અને પરિણામે પરાધીનપણે ચારે ગતિમાં રખડે છે. માટે પરપદાર્થમાં મમતા કરવી તે અવિદ્યા છે. તેને તજીને

પોતાના ગુણમાં (સ્વરૂપમાં) મમતા કરવી તે વિદ્યા છે, એ વિદ્યા આત્માને શરીરાદિના બંધનથી છોડાવી મુક્તિના પરમોત્કૃષ્ટ સ્વાધીન સુખને આપે છે.

હવે વિદ્યાનો મહિમા અને ફળ જણાવે છે—

**मिथोयुक्तपदार्थाना–मसंक्रमचमत्क्रिया ।**
**चिन्मात्रपरिणामेन, विदुषैवानुभूयते ॥७॥**

**અર્થ** : પરસ્પર મળેલા (જીવ અને પુદ્ગલરૂપ) પદાર્થોના અસંક્રમનો (ભેદનો) ચમત્કાર, માત્ર જ્ઞાનની પરિણુતિવાળો વિદ્વાન જ અનુભવી શકે છે.

**ભાવાર્થ** : અનાદિ કાળથી જીવ અને પુદ્ગલ બન્ને ભિન્ન છતાં ખીર-નીરની જેમ પરસ્પર એ રીતે ઓતપ્રોત મળી ગયા છે કે જેથી 'આ શરીર અને આ જીવ, આ પુદ્ગલના પર્યાયો અને આ જીવના પર્યાયો,' એવો ભેદ માત્ર જ્ઞાનની પરિણુતિવાંળો વિશિષ્ટ જ્ઞાની જ અનુભવી શકે છે. તે બન્નેનો ભેદ છે એ વાત અજ્ઞાનીને તો ચમત્કારરૂપ ભાસે છે. અર્થાત્ જીવ અને પુદ્ગલનું ભેદજ્ઞાન થયા વિના વિવેક પ્રગટતો નથી અને વિવેક પ્રગટ્યા વિના હેય-ઉપાદેયનો વિભાગ થઈ શકતો નથી, માટે જ અજ્ઞાની જીવ પરપદાર્થમાં હું અને મારું માની ઠગાય છે. સમ્યગ્જ્ઞાની (વિદ્યાવંત) આત્મા એ ભેદને જાણે છે, તેથી જડને પરપદાર્થ માની તેનાથી છૂટી શકે છે અર્થાત્ વિદ્યા સ્વ-પરનો વિવેક કરાવી આત્માને જડના બંધનથી છોડાવી મુક્તિરૂપ ફળ આપે છે.

આ વિદ્યાના બળે યોગીને આત્મામાં પરમાત્મ દર્શન થાય છે તે કહે છે—

**अविद्यातिमिरध्वंसे, दृशा विद्याञ्जनस्पृशा ।**
**पश्यन्ति परमात्मानमात्मन्येव हि योगिनः ॥८॥**

**અર્થ** : અવિદ્યા (અજ્ઞાન) રૂપ અંધકારનો નાશ થતાં વિદ્યારૂપ અંજનને સ્પર્શેલી દૃષ્ટિથી યોગીઓ નિશ્ચે પોતાના આત્મામાં જ પરમાત્માનું દર્શન કરે છે.

**ભાવાર્થ** : તત્ત્વથી આપણો આત્મા જ પરમાત્મા છે પણ અજ્ઞાન-અવિદ્યાના અંધકારથી તેનું સાચું દર્શન થઈ શકતું નથી. યોગી મહાત્માઓને એ અવિદ્યાનો અંધકાર દૂર થવાથી વિદ્યારૂપ અંજનને પામેલી દૃષ્ટિ વડે તેઓ નિશ્ચે આત્મામાં જ પરમાત્માનું દર્શન કરે છે. તાત્પર્ય કે અજ્ઞાનથી જીવ–આત્માનાં સુખને બહાર શોધે છે, જ્યારે તેનું અજ્ઞાન ટળે છે ત્યારે અનંત સુખમય પોતાનું પરમાત્મ સ્વરૂપ પોતામાં (આત્મામાં) જ દેખાય છે. માટે અવિદ્યારૂપ અંધકારને દૂર કરી જ્ઞાનચક્ષુ પ્રગટ કરવા જોઈએ. એ જ આત્માનું સાચું નેત્ર છે, એનાથી જ વસ્તુતત્ત્વનો યથાર્થ બોધ થાય છે અને એ બોધ થતાં જ અનાદિ ભ્રમ દૂર થઈ સાચો મુક્તિનો માર્ગ મળે છે.

હવે વિદ્યાના ફળરૂપ વિવેકનું સ્વરૂપ જણાવે છે.

## ૧૫. વિવેક અષ્ટક

**कर्म जीवं च संश्लिष्टं, सर्वदा क्षीरनीरवत् ।**
**विभिन्नीकुरुते योऽसौ, मुनिहंसो विवेकवान् ॥१॥**

**અર્થ :** સર્વદા દૂધ અને પાણીની જેમ એકમેક થયેલા કર્મને અને જીવને જે મુનિરૂપી હંસ જુદા કરે છે (જાણે છે) તે વિવેકી છે.

**ભાવાર્થ :** જીવ અને કર્મનો સંયોગ અનાદિકાળથી ખીર–નીરની જેમ ઓતપ્રોત છે, તેને હંસ જેમ દૂધ અને પાણીને પોતાની ચાંચથી ભિન્ન કરી પાણીને છોડી દૂધનું પાન કરે છે, તેમ જે મુનિરૂપી હંસ જ્ઞાનરૂપી ચાંચથી પુદ્ગલરૂપ કર્મને ભિન્ન કરીને જીવના શુદ્ધ સ્વરૂપના આનંદને ચાખે છે, અનુભવે છે તે સાચો વિવેકી છે.

અહીં એ વાત જણાવી છે કે જ્ઞાનથી જાણ્યા પછી પણ હેયનો ત્યાગ અને ઉપાદેયનો સ્વીકાર કરે તેને વિવેક કહેવાય છે. આ વિવેક જ્યારે પ્રગટે છે ત્યારે જ જ્ઞાન સફળ થાય છે, અથવા સમ્યગ્જ્ઞાન આવો વિવેક પ્રગટાવે છે. માત્ર જાણવાથી કંઈ ફળ નથી. જાણ્યા પછી પણ હેય–ઉપાદેયનો વિભાગ કરી હેયનો ત્યાગ કરે ત્યારે જ

ઉપાદેયની પ્રાપ્તિરૂપ કાર્યની સિદ્ધિ થાય છે. આ વિવેક એ જ તત્ત્વથી ચારિત્ર છે.

વિવેકની દુર્લભતા જણાવે છે—

**देहात्माद्यविवेकोऽयं, सर्वदा सुलभो भवे ।**
**भवकोट्याऽपि तद्भेद-विवेकस्त्वतिदुर्लभः ॥२॥**

અર્થ : સંસારમાં દેહ અને આત્માના અભેદરૂપ આ અવિવેક (તો) સર્વદા સુલભ છે, તેના ભેદરૂપી વિવેક જ ક્રોડો ભવોથી પણ (પ્રાપ્ત ન થાય તેવો) અતિદુર્લભ છે.

**ભાવાર્થ** : સંસારમાં સર્વ જીવોને શરીરમાં આત્મબુદ્ધિરૂપી અવિવેક સર્વદા હોય છે, પ્રાયઃ સર્વ જીવો દેહના દુઃખે દુઃખ અને દેહના સુખે સુખ અનુભવતા હોય છે. તેઓને આત્માના સુખ-દુઃખનો વિચાર પણ અતિદુર્લભ હોય છે. આવી દઢ વાસનાથી સર્વ જીવો અનાદિકાળથી બદ્ધ હોય છે, તે વાસના પ્રત્યક્ષ જોવા-જાણવા છતાં અને ગુર્વાદિથી એ ઉપદેશ સાંભળવા છતાં ન છૂટે તેવી દઢ હોય છે, આ વાસનારૂપી અવિવેક તો પ્રાયઃ સર્વ જીવોને સુલભ છે પણ તેનો વિવેક એટલે આત્મા અને દેહાદિ પુદ્ગલ બન્ને પરસ્પર ભિન્ન છે. એવું ભેદજ્ઞાન અને એ જ્ઞાનના પ્રભાવે દેહના પક્ષનો ત્યાગ તે ક્રોડો ભવોની સાધનાથી પ્રાપ્ત થાય તેવો અતિદુર્લભ છે. ભલે તેની પ્રાપ્તિ અતિદુર્લભ હોય છતાં તે વિવેકની પ્રાપ્તિ અનિવાર્ય છે, કારણ કે તેની પ્રાપ્તિ વિના કોઈ રીતે આત્માની મુક્તિ શક્ય નથી, માટે

જ તત્ત્વથી જ્ઞાની કરતાં પણ વિવેકીને મહાન કહેવામાં આવ્યો છે.

હવે અવિવેકનું ફળ જણાવે છે—

**शुद्धेऽपि व्योम्नि तिमिराद्, रेखाभिर्मिश्रिता यथा।**
**विकारैर्मिश्रिता भाति, तथात्मन्यविवेकतः ॥३॥**

અર્થ : જેમ તિમિરના રોગથી શુદ્ધ પણ આકાશમાં રેખાઓથી મિશ્રપણું (આકાશ રેખાવાળું) દેખાય છે તેમ અવિવેકના કારણે શુદ્ધ પણ આત્મામાં વિકારોથી મિશ્રતા દેખાય છે.

ભાવાર્થ : જીવને આત્મા રાગી–દ્વેષી–ક્રોધી–માની–કપટી–લોભી–કામી વગેરે દેખાય છે, તે તેના અવિવેકનું કારણ છે. અવિવેકથી પુદ્ગલના (કર્મના) વિકારોને તે આત્માના વિકારો માની લે છે, તેથી આત્મા ક્રોધાદિ વિકારવાળો દેખાય છે. "તત્ત્વથી આત્મા શુદ્ધ બુદ્ધ નિરંજન નિરાકાર છે, જે ક્રોધાદિ દેખાય છે, તે તો કર્મજન્ય વિકારો છે" એવી વિવેકદૃષ્ટિ ખૂલે તો આત્માનું શુદ્ધ સ્વરૂપ દેખાય. પછી તે શુદ્ધ સ્વરૂપને પ્રગટાવવાની રુચિ તીવ્ર બને અને તેના સમ્યગ્ ઉપાયોમાં પ્રવૃત્ત બની પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરનારો બને.

શુદ્ધ આકાશમાં પણ જેમ નેત્રના તિમિર નામના રોગથી વિવિધ રંગની રેખાઓ દેખાય છે, તેમ અવિવેકના

કારણે શુદ્ધ પણ આત્મામાં વિવિધ વિકારોની મિશ્રતા દેખાય છે અને તેથી રાગ–દ્વેષાદિ કરતો જીવ સંસારમાં રખડે છે, કારણ કે સંસારનું મૂળ અજ્ઞાન અને તજ્જન્ય અવિવેક છે.

પુનઃ પણ અવિવેકનું ફળ જણાવે છે—

**यथा योधैः कृतं युद्धं, स्वामिन्येवोपचर्यते ।**
**शुद्धात्मन्यविवेकेन, कर्मस्कन्धोर्जितं तथा ॥४॥**

અર્થ : જેમ યોદ્ધાઓએ કરેલા યુદ્ધનો સ્વામિમાં (રાજાદિમાં) આરોપ કરાય છે, તેમ અવિવેકથી કર્મ સ્કન્ધના વિલાસને શુદ્ધ આત્મામાં આરોપ કરાય છે.

ભાવાર્થ : ઉપચારથી સુભટોએ કરેલા યુદ્ધનો આરોપ જેમ રાજા વગેરેમાં કરાય છે, 'રાજા યુદ્ધ કરે છે' એમ બોલાય છે, તેમ (તત્ત્વથી આત્માએ નહિ કરેલા) કર્મના સમૂહથી કરાતા રાગ–દ્વેષાદિ ભાવોનો શુદ્ધ આત્મામાં આરોપ કરાય છે. જીવ રાગી છે, દ્વેષી છે, ક્રોધી છે વગેરે કહેવાય છે તે ઉપચાર માત્ર છે. વસ્તુતઃ આત્મા તો જડનો અકર્તા છે. જો ચેતન દ્રવ્ય જડ ક્રિયા કરે તો ચેતનને બદલે જડ બની જાય અર્થાત્ આત્માનો નાશ થઈ જાય, એ કોઈ રીતે સંગત નથી. માટે આત્મા ક્રોધી છે, કર્મો બાંધે છે, જન્મે છે, મરે છે વગેરે શુદ્ધ નય સ્વીકારતો નથી. પોતાના અવિવેકના કારણે શુદ્ધ આત્માને દોષિત માનવાથી તેના પ્રત્યે ક્રોધાદિના પરિણામ થાય, તેનાથી કર્મોનો બંધ થાય

અને જન્મ-મરણનાં કષ્ટો સહવાં પડે, એમ અવિવેક સંસારનું ફળ છે.

પુનઃ દૃષ્ટાન્તપૂર્વક એ વાત જણાવે છે—

इष्टकाद्यपि हि स्वर्णं, पीतोन्मत्तो यथेक्षते ।
आत्माऽभेदभ्रमस्तद्वद्, देहादावविवेकिनः ॥५॥

અર્થ : જેમ ધતૂરાના પાનથી ઉન્માદી જીવ ઈંટ વગેરેને પણ સોના રૂપે જુએ છે તેમ અવિવેકીને દેહ વગેરેમાં આત્માના અભેદરૂપ ભ્રમ (પ્રગટે) છે.

ભાવાર્થ : જેમ કોઈએ ધતૂરાનું પાન કર્યું હોય, તેથી ઉન્માદને વશ ઈંટને સોનું માને-સોનું છે એમ કહે તો તે સત્ય નથી, તેમ અવિવેકને વશ જીવ, દેહ વગેરે પર વસ્તુથી આત્માને અભિન્ન માને-જુદા ન માને તે તેનો મિથ્યા ભ્રમ છે, સત્ય નથી.

અવિવેક અને વિવેકનું કારણ જણાવે છે—

इच्छन्न न परमान् भावान्, विवेकाद्रेः पतत्यधः ।
परमं भावमन्विच्छन्, नाऽविवेके निमज्जति ॥६॥

અર્થ : પરમ ભાવોને એટલે આત્માના શુદ્ધ ગુણોને નહિ ઈચ્છતો આત્મા વિવેકરૂપ પર્વતથી નીચે પડે છે અને એ પરમ ભાવને વારંવાર ઈચ્છતો આત્મા અવિવેકમાં ડૂબતો નથી.

ભાવાર્થ : સાધકને વિવેકના પ્રભાવે પ્રથમ કક્ષામાં રાગ–દ્વેષ કષાયો વગેરેની મંદતા અને તેના પ્રભાવે વિવિધ લબ્ધિઓ વગેરે ગુણો પ્રાપ્ત થાય છે, તેનો દુરુપયોગ કરતો અથવા તેના અભિમાનને વશ થયેલો તે જયારે આત્માના શુદ્ધ જ્ઞાનાદિ શ્રેષ્ઠ ગુણોની ઇચ્છા છોડી દે છે, ત્યારે વિવેક-રૂપી પર્વતથી તે નીચે પડે છે. અહીં વિવેકને પર્વત જણા-વ્યો છે, તેમાં એ હેતુ સંભવે છે કે પર્વતથી પડતાં જેમ અધિક માર લાગે છે, તેમ વિવેકથી પ્રગટેલા ગુણોના અભિમાનથી કે તુચ્છ ઐહિક સ્વાર્થ માટે તેનો ઉપયોગ કરવાથી (જેટલું કર્મ ગુણ રહિતને બંધાય તેનાથી) અધિક કર્મ તેને બંધાય છે અર્થાત્ નિર્ગુણીની અપેક્ષાએ ગુણોનો દુરુપયોગ કરનાર વધારે કર્મ બાંધે છે.

એથી વિરુદ્ધ જે વારંવાર પરમ ભાવને (આત્માના શુદ્ધ ગુણોને) ઇચ્છે છે, તે અવિવેકમાં ડૂબતો નથી, અર્થાત્ તેનો વિવેક ઉત્તરોત્તર શુદ્ધિ અને વૃદ્ધિ પામતો તેને કર્મના બંધનથી મુક્ત કરે છે.

આ કારણે જ મુનિ સંયમના બળે પ્રાપ્ત ગુણોનો અહંકાર ન કરે અને પ્રાપ્ત થયેલી લબ્ધિઓનો પોતાના તુચ્છ ઐહિક સ્વાર્થ માટે ઉપયોગ ન કરે, એમ શાસ્ત્રોમાં જણાવ્યું છે.

પાતંજલ યોગદર્શનમાં એક વિષયનો વૈરાગ્ય અને બીજો ગુણોનો વૈરાગ્ય એમ વૈરાગ્યના બે પ્રકારો જણાવ્યા છે. તે પણ આ રીતે સંગત થાય છે. વિષયોનો વૈરાગ્ય દુષ્કર છે તેથી પણ ગુણોનો વૈરાગ્ય દુષ્કર–દુષ્કરતમ છે.

મહાત્મા સ્થૂલભદ્રની સ્પર્ધા કરનાર સિંહગુફાવાસી મુનિ સિંહની ગુફાના દ્વારે ચાર મહિના ઉપવાસ કરી અખંડ કાયોત્સર્ગમાં રહી વિષયોનો વૈરાગ્ય કરી શકયા, પણ પોતાની તપોલબ્ધિરૂપ ગુણના અભિમાને ચઢીને શ્રી સ્થૂલભદ્રજીની સ્પર્ધારૂપ અવિવેકથી પડયા અને મહાત્મા સ્થૂલભદ્રજીથી ધર્મને પામેલી શ્રાવિકાએ તેમને વિવેક પ્રગટાવી પુનઃ માર્ગે ચઢાવ્યા.

**आत्मन्येवात्मनः कुर्यात्, यः षट्कारकसङ्गति ।**
**क्वाऽविवेकज्वरस्यास्य, वैषम्य जडमज्जनात् ॥७॥**

**અર્થ** : જે સ્વ આત્મામાં જ આત્માના છ કારકની સંગતિ કરે એને પુદ્ગલમાં મગ્નતાથી થતા અવિવેકરૂપી જ્વરની વિષમતા કયાં (રહે) ?

**ભાવાર્થ** : ‘ પુદ્ગલ અને આત્મા બન્ને ભિન્ન છે ’ એવા ભેદ જ્ઞાનરૂપ વિવેક દ્વારા જે સ્વ આત્મામાં જ આત્માની સર્વ પ્રવૃત્તિરૂપ છ કારકોને સંગત કરે, તેને (પુદ્ગલના આશ્રયનો અભાવ હોવાથી) પુદ્ગલના રાગથી થતો અવિવેકરૂપ જ્વર કેમ પીડી શકે ? અર્થાત્ નજ પીડી શકે.

અહીં છ કારકની સંગતિ આ પ્રમાણે થઇ શકે :

૧ આત્મા સહજભાવે સ્વયં જ્ઞાતા હોવાથી કર્તા છે.

૨ જાણવાની ક્રિયાનું ફળ જે જ્ઞાન, તેનો આધાર આત્મા છે અર્થાત્ તેનું જ્ઞેય પણ સ્વ સ્વરૂપ છે, માટે આત્મા કર્મ છે.

૩ જાણવાનું સાધન જે કરણ તે જ્ઞાનોપયોગ પણ પોતે જ છે, કારણ કે શુદ્ધ આત્મા જ્ઞાનોપયોગ સ્વરૂપ છે.

૪ સંપ્રદાન એટલે ક્રિયા જેને માટે કરાય તે પણ આત્મા જ છે, કારણ કે શુદ્ધ આત્માને જાણવાની ક્રિયા આત્મા માટે જ કરવાની છે.

૫ અપાદાન એટલે ભિન્ન થવાની મર્યાદા-હદ-ભૂમિ. અહીં શુદ્ધ આત્મા એ પૂર્વ જ્ઞાનપર્યાયથી અન્ય ઉત્તર જ્ઞાન પર્યાય જાણવાનો છે, માટે પૂર્વ પર્યાય તે અપાદાન છે તેનો આધાર પણ આત્મા પોતે જ હોવાથી તે સ્વયં અપાદાન પણ છે.

૬ જેમાં ક્રિયારૂપ પ્રવૃત્તિ થાય તે અધિકરણ. અહીં શુદ્ધ આત્માને જાણવાની ક્રિયા પણ પોતાનામાં જ હોય છે. માટે તે અધિકરણ પણ છે.

તાત્પર્ય કે આત્મા આત્મા વડે, આત્મા માટે આત્માથી (પૂર્વ પર્યાયથી ભિન્ન) આત્માને (ઉત્તર પર્યાયને) આત્મામાં જ જાણે તે ષટ્કારક સંગતિ સમજવી.

હવે વિવેક વડે આત્મા કર્મનો નાશ શી રીતે કરે તે કહે છે—

**संयमास्त्रं विवेकेन, शाणेनोत्तेजितं मुनेः ।**
**धृतिधारोल्बणं कर्म, शत्रुच्छेदक्षमं भवेत् ॥८॥**

અર્થ : વિવેકરૂપી શાણ (સરાણ) વડે અત્યંત તેજસ્વી (તીક્ષ્ણ બનાવેલું) ધૈર્યરૂપી ધારાથી ઉગ્ર (બનેલું) મુનિનું સંયમરૂપી શસ્ત્ર કર્મરૂપ શત્રુનો છેદ કરવામાં સમર્થ બને છે.

ભાવાર્થ : સંયમ દ્વારા કર્મનો છેદ કરવાનો હોવાથી મુનિને સંયમ એ શસ્ત્રરૂપ છે. આ સંયમરૂપ શસ્ત્ર વિવેક-રૂપી સરાણથી તેજસ્વી–તીક્ષ્ણ બને છે અને ધૈર્યરૂપી ધારાથી ઉગ્ર બને છે ત્યારે તે શસ્ત્રથી કર્મ શત્રુનો છેદ કરીને મુનિ સર્વ કર્મ મુક્ત થાય છે અર્થાત્ સંયમ જ્યારે વિવેક દ્વારા સંતોષયુક્ત બને છે ત્યારે કર્મનિર્જરારૂપ કર્મની સિદ્ધિ થાય છે. એમ સંયમમાં જડ–ચેતનના ભેદજ્ઞાનરૂપ વિવેક અને એ વિવેક દ્વારા પ્રગટેલી નિરીહતા ભળે છે, ત્યારે તે સંયમ કર્મનો નાશ કરી મુક્તિ આપે છે,

હવે વિવેકથી પ્રગટ થતા મધ્યસ્થ ભાવનું વર્ણન કરે છે.

## ૧૬. મધ્યસ્થતા અષ્ટક

स्थीयतामनुपालम्भं, मध्यस्थेनाऽन्तरात्मना ।
कुतर्ककर्करक्षेपैस्त्यज्यतां बालचापलम् ॥१॥

અર્થ : શુદ્ધ અંતરંગ પરિણામ વડે મધ્યસ્થ–રાગ-દ્વેષથી પર બનીને ઉપાલંભ (ઠપકો) ન આવે તેવી રીતે રહો. કુયુક્તિરૂપ કાંકરા નાખવાની બાલ્યાવસ્થાની ચપળતાનો ત્યાગ કરો.

ભાવાર્થ : મધ્યસ્થ ભાવ મોહના ક્ષયોપશમજન્ય હોવાથી ગુણ છે, આગ્રહ–દુરાગ્રહ તેનો વિરોધી છે અને તે મોહજન્ય હોવાથી દુર્ગુણ છે, માણસ મધ્યસ્થ ભાવને ધારણ કરે છે ત્યારે નિર્દોષ બને છે, કારણ કે પ્રાયઃ પ્રત્યેક પદાર્થ અનેક ધર્માત્મક હોવાથી તે તે અપેક્ષાપૂર્વક સ્વ-ધર્મનો સ્વીકાર કરવો તે જ ન્યાય છે, માટે આત્માએ તત્ત્વનો સ્વીકાર કરવા માટે મધ્યસ્થ બનવું જોઈએ. મધ્ય-સ્થમાં નિર્દોષતા છે માટે (બાહ્યવૃત્તિએ તે તે વ્યવહાર કરવા છતાં) અંતરાત્માથી મધ્યસ્થ ભાવે રહેવું. કોઈ એક જ પક્ષને એકાંતપણે સિદ્ધ કરવા કુતર્કોરૂપ કાંકરાને ફેંકી બાલ ચાપલ્ય કરવું નહિ.

જેમ શરીરની બાલ-યૌવન-પ્રૌઢ વગેરે અવસ્થાઓ હોય છે, તેમ આત્માની પણ તે અવસ્થાઓ હોય છે. બાળકની જેમ હઠીલો, આગ્રહી સ્વભાવ (વયથી વૃદ્ધ હોય તો પણ) બાળકપણાનો અજ્ઞાનનો સૂચક છે. બાળક અવસ્થા પૂર્ણ થતાં વયના પરિણામે જેમ પારિણામિકી બુદ્ધિ પ્રગટે છે, ત્યારે પ્રાયઃ મનુષ્ય સમજદાર શાણો બને છે તેમ આત્માનો પણ ભવ-બાલ્યકાલ પૂર્ણ થતાં સ્વભાવે જ શાણો-મધ્યસ્થ બને છે. પછી વર્ષથી તે બાળક કે વૃદ્ધ હોય તો પણ દરેક તત્ત્વને અનાગ્રહ ભાવે સમજવા કોશિષ કરે છે અને સત્યને સ્વીકારે છે. આ અવસ્થા પ્રગટે છે ત્યારે જ તે ધર્મપ્રાપ્તિને યોગ્ય બને છે. અન્યથા જેમ જેમ જ્ઞાન-બુદ્ધિ અધિક તેમ તેમ આગ્રહ અધિક હોય છે અને તે આગ્રહને વશ 'સાચું એ મારું' માનવાને બદલે 'મારું એ જ સાચું' કરવા વિવિધ કુયુક્તિઓનો આશ્રય કરી સત્યને બદલે મિથ્યા માર્ગે ચઢી જાય છે, એ કારણે જ સમ્યગ્દર્શનવાળાના (મધ્યસ્થના) જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહ્યું છે અને મિથ્યાત્વીના (આગ્રહીના) જ્ઞાનને શાસ્ત્રમાં મિથ્યાજ્ઞાન કહ્યું છે. જ્ઞાન દ્વારા વિવેક અને વિવેકથી પણ માધ્યસ્થ્ય પ્રગટે છે, ત્યારે જ સત્ય તત્ત્વની પ્રાપ્તિ થાય છે, માટે માધ્યસ્થ્ય ગુણ જરૂરી છે એમ જાણવું.

મધ્યસ્થ અને આગ્રહીનું સ્વરૂપ જણાવે છે—

**मनोवत्सो युक्तिगवीं, मध्यस्थस्यानुधावति ।**
**तामाकर्षति पुच्छेन, तुच्छाग्रहमनःकपिः ॥२॥**

અર્થ : મધ્યસ્થનો મનરૂપી વાછરડો યુક્તિરૂપી ગાયની પાછળ દોડે છે–અનુસરે છે અને તુચ્છાગ્રહીનો મનરૂપી વાંદરો યુક્તિરૂપી ગાયને પૂંછડાથી પકડીને (પોતાની તરફ) ખેંચે છે.

ભાવાર્થ : વાછરડો જેમ પોતાની માતા ગાયની પાછળ ચાલે, તેમ મધ્યસ્થનું મન યુક્તિરૂપી ગાયની પાછળ પાછળ ચાલે છે. અર્થાત્ યુક્તિને અનુસરે છે અને તુચ્છ (મિથ્યા) આગ્રહીનું મન વાંદરો જેમ ગાયનું પૂંછડું ખેંચે, તેમ યુક્તિને પાછળથી એટલે કુયુક્તિથી પોતાના તરફ ખેંચે છે.

અહીં મનને વાછરડાની અને વાંદરાની ઉપમા આપી છે તેમાં મધ્યસ્થ અને આગ્રહીના સ્વભાવનું સૂચન છે. વાછરડો જેમ માતાનું દૂધપાન કરી પોષણ મેળવે છે, તેમ મધ્યસ્થ આત્મા યુક્તિનો આશ્રય કરી તત્ત્વજ્ઞાનરૂપ દૂધપાનથી આત્માને પુષ્ટ કરે છે, તેથી વિરુદ્ધ આગ્રહી વાંદરો ગાયને પૂંછડાથી ખેંચે તેમ યુક્તિને કુયુક્તિ દ્વારા તોડે છે, દૂધપાનરૂપ તત્ત્વથી વંચિત રહે છે અને અજ્ઞાનથી જંગલ જેવી ભવ અટવીમાં ભટકતો થાય છે.

મધ્યસ્થનું સ્વરૂપ જણાવે છે—

**नयेषु स्वार्थसत्येषु, मोघेषु परचालने ।**
**समशीलं मनोयस्य, स मध्यस्थो महामुनिः ॥३॥**

અર્થ : પોતપોતાના અર્થમાં સત્ય અને બીજાને મિથ્યા ઠરાવવામાં નિષ્ફળ એવા સર્વનયોમાં જેનું મન સમાન ભાવવાળું છે તે મહામુનિ મધ્યસ્થ છે.

ભાવાર્થ : નય એટલે અપેક્ષા, અપેક્ષિત સત્ય. હરેક નયો પોતપોતાની અપેક્ષાએ સાચા છે માટે જ પોતાને સત્ય માનવા છતાં બીજાને મિથ્યા નથી માનતો તે સુનય છે–સત્યવાદી છે. એવા સ્વ સ્વ અપેક્ષાએ સત્ય અને બીજાને પણ મિથ્યા નહિ માનનારા સર્વ નયોમાં જેને સમાનભાવ છે તે મધ્યસ્થ હોવાથી મહામુનિ છે, અથવા તે મહામુનિ મધ્યસ્થ છે.

ઉદાહરણ તરીકે, જે પુત્રની માતા છે તે પોતાના ભાઈની બહેન પણ છે. પોતાના પતિની પત્ની પણ છે અને તેના પિતાની પુત્રી પણ છે. એમ વિવિધ સંબંધો ધરાવનાર તેનો પુત્ર માતા માને અને બીજા તેના સંબંધોને પણ તે તે અપેક્ષાએ સત્ય માને તો તે વાસ્તવિક જ્ઞાતા (મધ્યસ્થ) છે. અને ન માને તો તેને માતાની પૂર્ણ–સત્ય ઓળખ નથી. તેમ પદાર્થના અમુક ધર્મોને માને અને બીજા ધર્મોનો વિરોધ કરે તેને પદાર્થનું વાસ્તવિક (પૂર્ણ) જ્ઞાન નથી. અંશમાં પૂર્ણતા માનવારૂપ મિથ્યાજ્ઞાન છે. માટે બધા નયોમાં સમાનવૃત્તિવાળો મધ્યસ્થ છે, મહામુનિ છે. અર્થાત્ જેમ જેમ આત્મા મહાન બને છે, તેમ તેમ તે એકાન્ત દુરાગ્રહને તજી મધ્યસ્થ બને છે. આવો મધ્યસ્થ જ યથાર્થ તત્ત્વને પામી શકે છે.

મધ્યસ્થ રાગ-દ્વેષથી પર હોય છે તે કહે છે—

**स्वस्वकर्मकृतावेशाः, स्वस्वकर्मभुजो नराः ।**
**न रागं नाऽपि च द्वेषं, मध्यस्थस्तेषु गच्छति ॥४॥**

**અર્થ** : "મનુષ્યો પોતપોતાના કર્મને પરવશ થયેલા છે અને પોત પોતાના કર્મના ફળને ભોગવનારા છે" એમ જાણી તે મનુષ્યોની પ્રવૃત્તિમાં મધ્યસ્થ પુરુષ રાગને પ્રાપ્ત થતો નથી. કારણ કે તત્ત્વથી અશુભ કે શુભ પણ કર્મો એ આત્માનું બળ નથી તેથી કર્મવશ પડેલો જીવ જે પ્રવૃત્તિ કરે છે તે તત્ત્વથી આત્માની નથી એમ માની તત્ત્વનો જાણ મધ્યસ્થ બહારથી તે તે રીતે તેઓની સાથે ઔચિત્ય પ્રવૃત્તિ કરવા છતાં અંતરંગથી મધ્યસ્થ રહે છે.

મધ્યસ્થનું કર્તવ્ય જણાવે છે—

**मनः स्याद् व्यापृतं यावत्, परदोष-गुणग्रहे ।**
**कार्यं व्यग्रं वरं तावन्मध्यस्थेनाऽऽत्मभावने ॥५॥**

**અર્થ** : જ્યાં સુધી મન પારકા દોષ અને ગુણને ગ્રહણ કરવામાં પ્રવર્તેલું હોય ત્યાં સુધી મધ્યસ્થ પુરુષે તેને આત્માના ચિંતનમાં વ્યગ્ર કરવું-જોડવું તે શ્રેષ્ઠ છે.

**ભાવાર્થ** : બીજાના ગુણ-દોષને જોવા તે પરાયી ચિંતા છે અને પોતાના ગુણ દોષને જોવા તે સમાધિનું કારણ છે. ચિંતન પછી સમાધિ અને અંતે નિર્વિકલ્પદશા

સાધ્ય છે. તેમાં બીજાના દોષ જોવાથી તો હાનિ જ થાય એટલે પ્રાથમિક કક્ષામાં બીજાના દોષ છોડીને ગુણ જોવા એ કર્તવ્ય છે, પણ આખરે તો આત્માને શુદ્ધ કરવાનો છે તો પોતાનો દોષ–ગુણ જોયા જાણ્યા વિના તે શકય ન બને માટે બીજાના દોષ–ગુણ જોતાં મનને પોતાના દોષ–ગુણ જોવામાં લીન બનાવવું એ પરગુણ જોવા કરતાં ય શ્રેષ્ઠ છે. મધ્યસ્થ આત્મા વિશિષ્ટ કક્ષાને પામેલો હોવાથી તેણે બીજાના દોષ–ગુણ જોવાને બદલે પોતાના દોષ–ગુણ જોવામાં મનને જોડવું, એ શ્રેષ્ઠ (વિશેષ હિતકર) છે. તાત્પર્ય કે બીજાના દોષ જોવાથી તો હાનિ થાય, ગુણ જોવાથી લાભ થાય પણ એથી અધિક લાભ પોતાના દોષ–ગુણ જોવાથી થાય. તેમાં તાત્પર્ય એ છે કે પરને વિષે મનને જોડવું તે ચિંતન સ્વરૂપ છે અને પોતાના આત્મામાં મનને જોડવું તે સમાધિ સ્વરૂપ છે. માટે પરના દોષ–ગુણ જોવાને બદલે પોતાના દોષ–ગુણ જોવા એ શ્રેષ્ઠ છે.

હવે મધ્યસ્થ ભાવથી થતા હિતને જણાવે છે—

**विभिन्ना अपि पन्थानः, समुद्रं सरितामिव ।**
**मध्यस्थानां परं ब्रह्म, प्राप्नुवन्त्येकमक्षयम् ॥६॥**

અર્થ : જેમ નદીઓના ભિન્ન ભિન્ન પણ માર્ગો (છેલ્લે) સમુદ્રમાં મળે છે, તેમ મધ્યસ્થ આત્માઓના ભિન્ન ભિન્ન પણ માર્ગો અંતે એક અક્ષય–પરમબ્રહ્મને પામે છે. પરમાત્મ સ્વરૂપને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ** : નદીઓ જુદા જુદા સ્થાને વહેતી પણ આખરે એક અક્ષય સમુદ્રમાં ભળી જાય છે તેમ મધ્યસ્થોના [અપુનર્બંધક, સમ્યગ્દર્શન, દેશવિરતિ, સર્વવિરતિ, પ્રમત્ત-ભાવ અપ્રમત્તભાવ વગેરે અવસ્થાઓમાં] ભિન્ન ભિન્ન પણ આરાધનાના પ્રકારો અંતે અક્ષય એવા એક પરમાત્મભાવને પામે છે. તાત્પર્ય કે મધ્યસ્થ આત્માની સર્વ પ્રકારની આરાધના અંતે મુક્તિ પ્રાપક બને છે.

પગે ચાલો, રેલવેથી, મોટરથી કે પ્લેનથી મુસાફરી કરો પણ આખરે જેમ મોડા વહેલા સૌ પોતાના ઈષ્ટ સ્થાને પહોંચે છે, તેમ નાની મોટી સર્વ આરાધનાનો ઉદ્દેશ જો એક જ સમભાવ છે તો મોડા વહેલા તે ઇષ્ટસિદ્ધિને કરી શકે છે. એમ મધ્યસ્થની સર્વ આરાધના હિતકર છે.

મધ્યસ્થ આત્મા પક્ષ–પ્રતિપક્ષથી દૂર રહે છે તે કહે છે—

**स्वागमं रागमात्रेण, द्वेषमात्रात् परागमम् ।**
**न श्रयामस्त्यजामो वा, किन्तु मध्यस्थया दृशा ।।७।।**

**અર્થ** : (મધ્યસ્થ કહે છે કે) અમે માત્ર રાગથી સ્વ આગમનો આશ્રય (સ્વીકાર), કે માત્ર દ્વેષથી પર આગમનો ત્યાગ કરતા નથી, કિન્તુ મધ્યસ્થ દૃષ્ટિથી કરીએ છીએ.

**ભાવાર્થ** : મધ્યસ્થ આત્મા રાગ–દ્વેષને વશ થઈને કોઈ વસ્તુનો સ્વીકાર કે પરિહાર કરતો નથી પણ મધ્યસ્થ ભાવે ગુણ–દોષને વિચારી સત્યનો સ્વીકાર અને અસત્યનો પરિહાર કરે છે. એમ અહીં મધ્યસ્થ આત્મા જણાવે છે કે

અમે માત્ર રાગને વશ થઈ અમારા આગમનો સ્વીકાર કે માત્ર દ્વેષને વશ થઈને પર આગમનો ત્યાગ નથી કરતા, કિન્તુ મધ્યસ્થ દૃષ્ટિથી ગુણ-દોષને વિચારી હિતકરનો સ્વીકાર અને અહિતકરનો પરિહાર-ત્યાગ કરીએ છીએ.

મધ્યસ્થની વિશાળ દૃષ્ટિ જણાવતાં કહે છે કે—

**मध्यस्थया दृशा सर्वेष्वपुनर्बन्धकादिषु ।**
**चारिसंजीवनीचारन्यायादाशास्महे हितम् ॥८॥**

અર્થ : (મધ્યસ્થદૃષ્ટિ આત્મા પોતાનું મંતવ્ય જણાવે છે કે) અમે અપુનર્બંધકાદિક આદિ સર્વ પ્રત્યે મધ્યસ્થ દૃષ્ટિથી ચારિસંજીવનીનો ચારો ચરાવવાના ન્યાયથી કલ્યાણની આશા કરીએ છીએ.

ભાવાર્થ : મધ્યસ્થની દૃષ્ટિ ઉદાર બને છે તેથી તે નાના મોટા સર્વ ગુણોમાં પરિણામે હિતનું દર્શન કરે છે, તે વાતનું સ્પષ્ટીકરણ કરતાં જણાવે છે કે મધ્યસ્થ દૃષ્ટિથી અમે ચારિસંજીવની ચારના ન્યાયે અપુનર્બંધકાદિ પહેલા ગુણસ્થાનકવાળાથી ઉત્તરોત્તર ગુણસ્થાનકને પામેલા સર્વ આત્માઓમાં હિતની (કલ્યાણની) આશા (ઇચ્છા) રાખીએ છીએ.

ચારિસંજીવની ન્યાય માટે શાસ્ત્રમાં કહેલ દૃષ્ટાન્ત આ પ્રમાણે છે. એક સ્ત્રીએ પોતાના પતિને વશ કરવા તેને મંત્રેલી ઔષધી (કામણ) ખવડાવી, તેના પ્રભાવે તે

વશ થયો પણ માનવને બદલે બળદ બની ગયો. તેથી બાઈ અતિદુઃખી થઇ, પણ પતિ હોવાથી તેનું પાલન કરતી રહી. એકદા જંગલમાં તેને ઘાસ ચરાવવા ગયેલી અને ત્યાં વૃક્ષ નીચે તે બેઠી હતી, ત્યાંથી આકાશમાર્ગે જતા ચારણ–વિદ્યાધરના મુખે સાંભળ્યું કે "તે બળદ પતિને જે ચારો ચરાવી રહી છે તેમાં એક સંજીવની ઔષધી પણ ઊગેલી છે. બળદ જો તેનું ભક્ષણ કરે તો પુરુષ બની જાય" પણ બાઈ તે ઔષધીને ઓળખતી નથી તેથી તેણે ઊગેલા સઘળા ઘાસને ક્રમશઃ કાપી કાપીને બળદને ખવડાવવા માંડ્યું. તેમાં સંજીવનીનો છોડ પણ ખાવામાં આવવાથી બળદ પુનઃ પુરુષ બની ગયો.

આ દૃષ્ટાન્તનો ઉપનય એ છે કે ઔષધિની ઓળખ વિના પણ તેના ધ્યેયથી તેણે સઘળી વનસ્પતિનો ઉપયોગ કર્યો તો તેમાં ક્રમશઃ સંજીવની ઔષધિની પણ પ્રાપ્તિ થઇ તેમ અપુનર્બંધકાદિ પહેલા ગુણસ્થાનકવર્તી જીવો તત્ત્વથી મોક્ષમાર્ગને જાણતા નથી છતાં પોતાને માન્ય દર્શનમાં પણ મોક્ષમાર્ગને (અનુકૂળ દાન–દયા–પરોપકાર વગેરે કરતાં પરિણામે મોક્ષમાર્ગને) પણ પામે છે અને ઉત્તરોત્તર આરાધક બની અંતે મુક્તિ મેળવે છે.

અપુનર્બંધક વગેરેનું સ્વરૂપ આ પ્રમાણે છે.

**અપુનર્બંધક** : યથાપ્રવૃત્તિકરણથી કર્મોની સ્થિતિને ઘટાડતો અંતઃ કોડાકોડી સાગરોપમ જેટલી કરે, તે પછી તેમાં રાગ–દ્વેષાદિ મંદ થઈ જવાથી પુનઃ ઉત્કૃષ્ટ (અંતઃ

કોડાકોડ સાગરોપમથી અધિક) સ્થિતિને બાંધે નહિ તે નિયમા શુકલપાક્ષિક હોય એટલે ઉત્તરોત્તર આત્મવિકાસને યોગ્ય હોય, આધ્યાત્મિક વિકાસની પ્રાથમિક ભૂમિકાને પામેલો હોવાથી પાપકર્મોમાં તીવ્ર આસક્તિ રહિત હોય, સંસારની ભયાનકતાનું ભાન થવાથી સંસાર પ્રત્યે તીવ્ર આદર ન હોય, સર્વત્ર ઔચિત્ય વ્યવહારને આચરે. (આ અપુનર્બંધકનું લક્ષણ જાણવું.)

**માર્ગાભિમુખ અને માર્ગપતિતઃ** અહીં માર્ગ એટલે મોક્ષમાર્ગ અર્થાત્ દુરાગ્રહ, વિષય તૃષ્ણારૂપ વક્રતા વગેરે ટળવાથી પ્રગટેલા મધ્યસ્થતા, સંતોષ વગેરે પ્રાથમિક ગુણો. આ ગુણોની સન્મુખ એટલે રુચિવાળો (અપુનર્બંધક) તે માર્ગાભિમુખ અને એ ગુણોને પામેલો તે માર્ગપતિત. અહીં માર્ગપતિતનો અર્થ માર્ગને પામેલો-માર્ગે ચડેલો, એ પ્રમાણે જાણવો.

**સમકિતદષ્ટિઃ**ઉત્તરોત્તર વિશુદ્ધિરૂપ અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ અને અંતઃકરણરૂપ અધ્યવસાયોના બળે મિથ્યાત્વ મોહનીય કર્મનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થવાથી પ્રાપ્ત થયેલ આત્માની શુદ્ધ તત્ત્વરુચિ, સંસાર પ્રત્યે નિર્વેદ (કંટાળો-થાક) રાગ-દ્વેષાદિ દોષોથી મુક્ત થવાની તીવ્ર તાલાવેલી, સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્યવૃત્તિ, દ્રવ્ય - ભાવ દયા અને જિનવચન પ્રત્યે અટલ વિશ્વાસ વગેરે સમકિતનું લક્ષણ જાણવું.

નિર્ભય હોય તે જ મધ્યસ્થ બની શકે માટે હવે નિર્ભયતાનું વર્ણન કરે છે.

## ૧૭. નિર્ભયતા અષ્ટક

**यस्य नास्ति परापेक्षा, स्वभावद्वैतगामिनः ।**
**तस्य किं न भयभ्रान्ति–क्लान्तिसन्तानतानवम् ॥१॥**

**અર્થ** : માત્ર સ્વભાવ – આત્મ સ્વરૂપમાં લીન જે મહાત્માને પર (પૌદ્ગલિક સુખ વગેરેની) અપેક્ષા નથી તેને તે તે વિવિધ ભયોની ભ્રમણાના થાકની પરંપરામાં ન્યૂનતા (ઘટાડો) કેમ ન થાય ? અર્થાત્ ભયોનો ઘટાડો થાય જ.

**ભાવાર્થ** : તત્ત્વથી ભય તેને જ હોય છે કે જે પરાયી વસ્તુમાં મમતા – માલિકી કે ભોગ કરે છે, કારણ કે તે અન્યાય કરે છે. પોતાની વસ્તુના માલિક બનવામાં કે ભોગવવામાં કોઈ ભય નથી, કારણ કે તે પોતાની છે. પોતાના ઘરમાં પ્રવેશ કરનાર કે રહેનાર નિર્ભય હોય છે અને પરાયા ઘરમાં પ્રવેશ કરનાર અન્યાયી, ચોર વગેરે મનાય છે. તથા હંમેશાં તે ભયભીત રહે છે માટે જે મહાત્મા સ્વ–પરને જાણે છે અને સ્વમાં રમે (રહે) છે, પરની ઇચ્છા પણ કરતો નથી તે નિર્ભય બને છે, જેને પરઘરમાં પ્રવેશ કરતા ભય લાગે છે, તેને બીજાનો ભય નડતો નથી એમ અહીં પણ આત્મા પરની સ્પૃહા તજીને સ્વઘરમાં સ્વ સ્વરૂપમાં રમે (રહે) તેને ભય કેમ હોય ? અર્થાત્ તેના સર્વ ભયો નાશ પામે છે. આત્મધન એવું છે કે તે કોઇથી લૂંટાતું નથી અને

ગમે તેટલું ભોગવવા છતાં ખૂટતું નથી. પરધન એવું છે કે ગમે તેટલા પ્રયત્ને પોતાનું થતું નથી, છૂટી જ જાય છે અને જેમ જેમ ભોગવાય તેમ તેમ ખૂટે છે, માટે જે મહાત્મા પર પૌદ્ગલિક સુખોની અપેક્ષા ત્યજીને સ્વસ્વરૂપને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે તેને સર્વ ભયો ઘટતાં ઘટતાં નાશ પામે છે, અને પોતે સર્વથા નિર્ભય બને છે.

સંસારી જીવોને પીડનારા સાત ભયો નીચે પ્રમાણે છેઃ

૧ **ઇહલોક ભય** : સ્વજાતિથી (મનુષ્યને મનુષ્યથી) ભય.

૨ **પરલોક ભય** : વિજાતિથી (મનુષ્યને દેવાદિથી) ભય.

૩ **આદાન ભય** : ધન સંપત્તિ વગેરે ચોરાઈ-લૂંટાઈ જવા વગેરેનો ભય.

૪ **આજીવિકા ભય** : ભરણ-પોષણ વગેરે આજીવિકાનો ભય.

૫ **અકસ્માત ભય** : અણધારી આપત્તિનો (ધરતીકંપ, વીજળી પડવા વિગેરેનો) ભય.

૬ **અપકીર્તિ ભય** : અપયશ થવાનો ભય અને

૭ **મરણ ભય** : મૃત્યુનો ભય.

આ સાત ભયોથી પ્રાયઃ સંસારી – અજ્ઞ જીવ સદા મૂંઝાતો હોય છે, તેમ થવામાં પરવસ્તુની મમતા અને સંગ્રહ એ જ મુખ્ય કારણ છે. જેને પરની અપેક્ષા નથી તેને આ સાતમાં એક પણ ભય નડતો નથી.

હવે તાત્ત્વિક સુખનું વર્ણન કરે છે—

**भवसौख्येन किं भूरि-भयज्वलनभस्मना ।**
**सदा भयोज्झितं ज्ञानसुखमेव विशिष्यते ॥२॥**

**અર્થ** : ઘણા ભયોરૂપી અગ્નિથી ભસ્મીભૂત બનેલા સાંસારિક સુખથી શું ? સદા ભયરહિત જ્ઞાનનું સુખ એ જ વિશિષ્ટ છે.

**ભાવાર્થ** : સાંસારિક પૌદ્‌ગલિક સુખોની પાછળ વિવિધ ભયોની આગ જલતી હોય છે, એથી તત્ત્વથી તે સુખ નથી. જે મેળવવામાં, સાચવવામાં, ભોગવવામાં અને ભોગવ્યા પછી પણ વિવિધ જાતના ભયથી હૃદય સળગતું હોય તેને સુખ માનવું એ કેવળ મોહજન્ય કલ્પના છે. સાચું સુખ તો નિર્ભયતામાં અને સ્વાધીનતામાં છે, માટે સદાય ભયથી રહિત એવું જ્ઞાનસુખ તે જ વિશિષ્ટ સુખ છે.

હવે જ્ઞાનનું સુખ કેવું વિશિષ્ટ છે તે જણાવે છે—

**न गोप्यं क्वापि नारोप्यं, हेयं देयं च न क्वचित् ।**
**क्व भयेन मुनेः स्थेयं, ज्ञेयं ज्ञानेन पश्यतः ॥३॥**

**અર્થ** : જ્ઞાનથી જ્ઞેયને (આત્માને) જાણતા-જોતા મુનિને ક્યાંય કંઈ છુપાવવા જેવું નથી, ક્યાંય રાખી મૂકવા (સંઘરવા) જેવું નથી, તેમ ક્યાંય તજવાનું કે આપવાનું નથી, તે મુનિનો ભય ક્યાં રહી શકે ?

ભાવાર્થ : ભય સઘળાય પરવસ્તુની મમતાને કારણે છે. પોતાની વસ્તુમાં ભય ક્યાંય થતો નથી. તેથી માત્ર જ્ઞાનમાં રમણતા કરનાર (આત્મસ્વરૂપને અને ભવનાટકને જ્ઞાનથી જોતાં) મુનિને ક્યાંય છુપાવવાનું, રક્ષણ કરવાનું, બીજે સ્થાપન કરવાનું (મૂકવાનું), તજવાનું કે આપવાનું છે જ નહિ; તો તેનો ભય ક્યાં રહે ? અર્થાત્ મમતારહિત માત્ર જ્ઞાનાનંદને ભોગવતો મુનિ મરણથી પણ નિર્ભય છે, તો બીજા ભયો તો તેને સ્પર્શે જ કેવી રીતે ? માટે સંસારમાં નિર્ભય માત્ર આત્મસંતુષ્ટ મુનિ જ છે.

હવે આત્મજ્ઞાની જ્ઞાનશસ્ત્રથી ભયાનક પણ શત્રુઓને હણે છે તે કહે છે—

**एक ब्रह्मास्त्रमादाय, निघ्नन् मोहचमूं मुनिः ।**
**बिभेति नैव संग्राम-शीर्षस्थ इव नागराट् ॥४॥**

અર્થ : એક બ્રહ્મ એટલે આત્મ સ્વરૂપ શસ્ત્રને પકડીને મોહની સેનાને હણતો મુનિ યુદ્ધમાં મોખરે રહેલા નાગરાટ્ એટલે ગજેન્દ્રની જેમ લેશ પણ ભયને પામતો નથી.

ભાવાર્થ : જેની પાસે મંત્રાધિષ્ઠિત કરેલું શસ્ત્ર હોય તે સુભટ યુદ્ધથી લેશ પણ ડરતો નથી. યુદ્ધભૂમિમાં મોખરે રહેલો ઐરાવણ હાથી, જેમ લેશ પણ ભયને પામતો નથી, તેમ એક આત્મજ્ઞાનરૂપ શસ્ત્રને ધારણ કરતો મુનિ, મોહની સેનાનો પરાભવ કરતો લેશ પણ ભય પામતો નથી.

સંસારનાં યુદ્ધો હિંસક હોય છે, તે યુદ્ધોથી વિજયની પ્રાપ્તિ કે શત્રુને હણવાની માન્યતા કલ્પના માત્ર છે. તત્ત્વથી તો બાહ્ય યુદ્ધથી બાહ્ય–અભ્યંતર બંને પ્રકારના શત્રુઓ વધે છે અને જીવ હારે છે, અને મોહનો જ જય થાય છે, એ કારણે મુનિઓ બાહ્યયુદ્ધથી વિરામ કરીને આત્મસ્વરૂપ રમણતા–સમતારૂપ શસ્ત્રથી અહિંસક યુદ્ધને કરે છે. આ યુદ્ધથી મોહરૂપ શત્રુઓનો એવો નિર્મૂળ નાશ થાય છે કે પછી બાહ્ય–અભ્યંતર કોઈ શત્રુ તેના રહેતા નથી. આત્મ-જ્ઞાનરૂપ શસ્ત્રથી મોહને હણવો એ અહિંસક યુદ્ધ છે. મુનિ એ યુદ્ધમાં અતિ નિર્ભય હોય છે.

હવે આત્મજ્ઞાનરૂપી મયૂર ભયરૂપી સર્પોને ભગાડે છે તે કહે છે—

**मयूरी ज्ञानदृष्टिश्चेत्, प्रसर्पति मनोवने ।**
**वेष्टनं भयसर्पाणां, न तदानन्दचन्दने ॥५॥**

અર્થ : જ્ઞાનદૃષ્ટિરૂપી મોરલી (ઢેલ) જો મનરૂપી વનમાં વિચરે છે, તો સ્વરૂપાનંદરૂપી ચંદન વૃક્ષ ઉપર ભયરૂપી સર્પો વીંટાઈ શકતા નથી.

ભાવાર્થ : મોર સર્પનો શત્રુ હોય છે. મોરને કે તેના માત્ર એક પીંછાને પણ જોતાં જ સર્પો નાસ-ભાગ કરે છે. વળી સર્પોને ચંદનની ગંધ અતિપ્રિય હોવાથી તથા ચંદનનું વૃક્ષ શીતળ હોવાથી સર્પો ચંદનના વૃક્ષને વીંટાઈને રહે છે. અહીં એ પ્રસંગને અધ્યાત્મદૃષ્ટિએ

ઘટાવીને મુનિની નિર્ભયતાનું વર્ણન કરે છે કે જ્ઞાનદષ્ટિરૂપ મોરલી જો મનરૂપ વનમાં વિચરે તો ભયરૂપી સર્પો મુનિના જ્ઞાનાનંદરૂપી ચંદનવૃક્ષને વીંટી શકે નહિ. અર્થાત્ જેના મનોમંદિરમાં આત્મજ્ઞાનનો પ્રકાશ પ્રગટે છે તેનો ભયરૂપી અંધકાર નાશ પામે છે.

હવે આત્મજ્ઞાનરૂપ બખ્તર કર્મ સામેના યુદ્ધમાં મુનિને નિર્ભય બનાવે છે તે કહે છે—

**कृतमोहास्त्रवैफल्यं, ज्ञानवर्म बिभर्ति यः ।**
**क्व भीस्तस्य क्व वा भङ्गः, कर्मसङ्गरकेलिषु ॥६॥**

અર્થ : મોહના શસ્ત્રોને નિષ્ફળ કરનાર જ્ઞાનરૂપ બખ્તરને જે ધારણ કરે છે, તે મહામુનિને કર્મ સાથેની યુદ્ધ ક્રીડામાં ભય પણ ક્યાં અને હાર પણ ક્યાં ? અર્થાત્ તે નિર્ભયતાથી વિજયને મેળવે છે.

ભાવાર્થ : આત્મજ્ઞાન એક એવું ચમત્કારી બખ્તર છે કે તેને ધારણ કરનારને મોહનાં (રાગ-દ્વેષાદિ કોઈ) શસ્ત્રો લાગતાં નથી, બધાં નિષ્ફળ બને છે. તેથી આત્મજ્ઞાનમાં રમણતાવાળો મુનિ નિર્ભયપણે કર્મયુદ્ધમાં રમત માત્રમાં (વિના પ્રયાસે) વિજય વરે છે.

સિંહના બચ્ચાને પોતાના સત્ત્વનું ભાન ન હોય ત્યારે એક વૃક્ષના પાંદડાના અવાજથી પણ ગભરાય છે અને પોતે

સિંહ વનરાજ છે, એવું ભાન થતાં મોટા હાથીઓની ઘટાનો પણ રમતમાત્રમાં પરાભવ કરે છે, તેમ અનંતશક્તિવાળો આત્મા જ્યાં સુધી તે પોતાની શક્તિને જાણતો નથી ત્યાં સુધી સર્વત્ર ભય પામે છે. પણ જ્યારે તેને આત્મજ્ઞાન થાય છે, પોતાની જ્ઞાનાદિ સંપત્તિને તેને પિછાણે છે, ત્યારે પરવસ્તુથી નિરપેક્ષ બની તે પોતાના આત્મબળથી કર્મોની બળવાન પણ સેનાને બાળકની રમતની જેમ વિના પ્રયાસે જીતી શકે છે.

પુનઃ પણ નિર્ભયતાને વર્ણવે છે—

तूलवल्लघवो मूढा, भ्रमन्त्यभ्रे भयानिलैः ।
नैकं रोमाऽपि तैर्ज्ञानगरिष्ठानां तु कम्पते ॥७॥

**અર્થ** : અજ્ઞાનથી (આકડાના) રૂ જેવા હલકા મૂઢ આત્માઓને ભયરૂપી પવન આકાશમાં ભમાડે છે અને તે ભયો જ્ઞાનથી મહાન એવા આત્માઓનો તો એક રોમ પણ કંપાવી શકતા નથી.

**ભાવાર્થ** : અજ્ઞાનીને ભય છે. જ્ઞાની સદા નિર્ભય હોય છે. અથવા જે ભય પામે છે તે અજ્ઞાની (આત્મ-સંપત્તિથી અજાણ) છે અને જે નિર્ભય છે તે જ્ઞાની છે.

અજ્ઞાની પોતાને તુચ્છ–હલકો માને છે તેથી તે તે ભયો તેને આકડાના રૂને પવન જેમ આકાશમાં ભમાવે તેમ ભયભીત કરીને સંસારમાં ભમાવે છે. તેથી વિરુદ્ધ જ્ઞાની જ્ઞાનથી મહાન હોય છે. તેનો એક રોમ પણ એ ભયોથી

કંપતો નથી. અર્થાત્ જ્ઞાનીને સદા નિસ્પૃહતા હોવાથી તે નિર્ભય છે અને અજ્ઞાની તે તે જડ સુખોની સ્પૃહાવાળો હોવાથી યાચક જેવો હલકો બને છે. તેથી સાતે ભયો તેને સંસારમાં રખડાવે છે.

હવે ચારિત્રવંત જ્ઞાની સર્વથા નિર્ભય હોય છે તે જણાવે છે—

**चित्ते परिणतं यस्य, चारित्रमकुतोभयम् ।**
**अखण्डज्ञानराज्यस्य, तस्य साधोः कुतो भयम् ? ॥८॥**

અર્થ : અખંડ જ્ઞાનરૂપ સામ્રાજ્યને પામેલા જેના ચિત્તમાં કોઈનો જ્યાં ભય નથી એવું ચારિત્ર પરિણત થયું છે, તે સાધુને કોનાથી ભય છે ? અર્થાત્ તે નિર્ભય છે.

**ભાવાર્થ** : જ્ઞાન અને ચારિત્ર ઉભયના યોગે આત્મા નિર્ભય બને છે. એકલું જ્ઞાન કે જ્ઞાન નિરપેક્ષ ચારિત્ર તત્ત્વથી મિથ્યા છે, માટે અહીં જ્ઞાન–ક્રિયા ઉભયનો સમાયોગ જે મુનિમાં છે તે મુનિને કર્મનો કે મરણનો પણ ભય રહેતો નથી. જે જ્ઞાનપૂર્વકના ચારિત્રથી મરણને મહોત્સવ બનાવી શત્રુભૂત કર્મોનો નાશ કરી સર્વદા સંપૂર્ણ નિર્ભય બની શકે તેને ભય ક્યાંથી હોય ?

હવે આત્મ પ્રશંસા પરમાં આત્મબુદ્ધિથી થાય છે તે અનાત્મભાવરૂપ છે તેથી તેના પરિહાર માટે કહે છે.

## ૧૮. અનાત્મ પ્રશંસા અષ્ટક

गुणैर्यदि न पूर्णोऽसि, कृतमात्मप्रशंसया ।
गुणैरेवाऽसि पूर्णश्चेत्, कृतमात्मप्रशंसया ॥१॥

**અર્થ :** જો તું ગુણોથી પૂર્ણ નથી (અપૂર્ણ છે) તો આત્મપ્રશંસાનું કંઈ પ્રયોજન નથી, અને જો ગુણોથી પૂર્ણ જ છે, તો (પણ) આત્મપ્રશંસાનું કંઇ પ્રયોજન નથી.

**ભાવાર્થ :** સ્વમુખે પોતાની પ્રશંસા કરનાર મૂઢ આત્મા તત્ત્વથી પોતાની જ નિંદા કરે છે. કારણ કે સ્વ-પ્રશંસા કરવાનું કોઈ પ્રયોજન છે જ નહિ. જો પોતે ગુણથી અપૂર્ણ છે, તો પ્રશંસા કરવી મિથ્યા છે. અને પૂર્ણ છે, તો પણ પ્રશંસા કરીને કંઇ મેળવવાનું બાકી નથી, એમ અપૂર્ણને કે પૂર્ણને પણ પ્રશંસા નિષ્પ્રયોજન છે, છતાં પ્રશંસા કરે છે, ત્યારે તાત્ત્વિક દૃષ્ટિએ તે નિર્ગુણી ઠરે છે. અર્થાત્ પોતે જ પોતાની પ્રશંસા કરી કિંમત ગુમાવે છે.

સ્વપ્રશંસાથી હાનિ થાય તે જણાવે છે—

श्रेयोद्रुमस्य मूलानि, स्वोत्कर्षाम्भः प्रवाहतः ।
पुण्यानि प्रकटीकुर्वन्, फलं किं समवाप्यसि ॥२॥

અર્થ : (હે આત્મન્ !) તારા કલ્યાણરૂપ વૃક્ષનાં મૂળ એવાં પુણ્યોને સ્વઉત્કર્ષવાદરૂપ જળના પ્રવાહથી પ્રગટ કરતો તું શું ફળ પામીશ ?

ભાવાર્થ : વૃક્ષનાં મૂળ જમીનમાં દટાયેલાં ગુપ્ત હોય તો જ તે વૃક્ષ ટકે, તેની વૃદ્ધિ થાય અને તેમાં ફળો ઉત્પન્ન થાય, તેમ આત્મકલ્યાણરૂપ વૃક્ષના મૂળભૂત પુણ્યરૂપી મૂળિયાં છે, તે પોતાનો ઉત્કર્ષ ગાવાથી પ્રગટ થાય છે, અર્થાત્ આત્મપ્રશંસાથી પુણ્યનો નાશ થાય છે. ઊલટું અહંકારજન્ય પાપ બંધાય છે. એમ પુણ્યરૂપી મૂળિયાંનો અર્થાપત્તિએ નાશ થવાથી કલ્યાણ વેલડી સૂકાઈ જાય અને તેમાં ફળરૂપ આત્મસ્વરૂપની પ્રાપ્તિ અટકી જાય. એમ સ્વોત્કર્ષ પોતાના પતનનું કારણ બને છે. માટે જ્ઞાની પુરુષો પોતાના ગુણને ગાતાં નથી એટલું જ નહિ સાંભળતાં પણ મુખ નીચું કરી દે છે. કારણ કે સંપત્તિને ગુપ્ત રાખવાથી રક્ષણ થાય છે, તેમ ગુણોને પણ ગુપ્ત રાખવાથી જ તેની વૃદ્ધિ થાય છે. પ્રગટ કરવાથી નાશ થાય છે.

સ્વોત્કર્ષની વિચિત્રતા જણાવે છે—

**आलम्बिता हिताय स्युः, परैः स्वगुणरश्मयः ।**
**अहो ! स्वयं गृहीतास्तु, पातयन्ति भवोदधौ ॥३॥**

અર્થ : (ગુણોની વિચિત્રતા છે કે) પોતાના ગુણોરૂપી દોરડાંનો આશ્રય બીજાઓ કરે તો તેઓનું તે હિત કરે

(તારે) છે, અને પોતે જ પોતાના ગુણોને પકડે (ગાય) તો તે તેને સંસારસમુદ્રમાં ડૂબાવે છે.

**ભાવાર્થ** : ગુણોની એવી વિચિત્રતા છે કે એક ગુણીના ગુણનો બીજાઓ (સ્તુતિ વગેરે દ્વારા) આશ્રય કરે (પ્રશંસા કરે) તો તેના ગુણો વધે છે. અર્થાત્ તેનું હિત થાય છે. પણ પોતે પોતાના ગુણોનો આશ્રય (સ્વમુખે પ્રશંસા) કરે તો તેના ગુણો તેને સંસારમાં ડૂબાડે છે.

ઘડો અધૂરો છલકાય છે, પૂર્ણ ભરેલો છલકાતો નથી. તેમ ગુણથી અધૂરો (તત્ત્વથી નિર્ગુણી) પોતાના ગુણને ગાય છે તેમાં સ્વોત્કર્ષનું ધ્યેય હોય છે, અને તે વિભાવરૂપ હોવાથી પ્રાપ્ત ગુણોનો પણ નાશ થાય છે. માટે આત્મશ્લાઘા અકરણીય છે.

હવે સ્વોત્કર્ષને તજવાનો ઉપાય કહે છે—

**उच्चत्वदृष्टिदोषोत्थ–स्वोत्कर्षज्वरशान्तिकम् ।**
**पूर्वपुरुषसिंहेभ्यो, भृशं नीचत्वभावनम् ॥४॥**

**અર્થ** : ઉચ્ચપણાની દષ્ટિરૂપ દોષોમાંથી પ્રગટેલા આત્મપ્રશંસારૂપ તાવને શાન્ત કરનાર ઔષધ પૂર્વપુરુષસિંહોથી પોતાનું અત્યંત ન્યૂનપણું ભાવવું તે છે.

**ભાવાર્થ** : માણસ ત્યાં સુધી જ પોતાને મહાન–મોટો માની શકે છે, કે જ્યાં સુધી તેણે પૂર્વકાલે થઇ

ગયેલા અનેકાનેક મહાપુરુષોના ગુણોનું સ્મરણ કે ચિંતન કર્યું નથી. વર્તમાન અવસર્પિણી કાળના પ્રભાવે જેમ જેમ કાળ પસાર થાય તેમ તેમ જડ–ચેતન દરેક પદાર્થો પ્રાયઃ ન્યૂનગુણ–ધર્મવાળા બને છે. સામાન્ય નિયમ પ્રમાણે કહેવાય છે, કે "જે આજે છે તે આવતી કાલે નહિ મળે." એ રીતે જીવોના ગુણોમાં પણ ઉત્તરોત્તર ન્યૂનતા થતી જ રહે છે. એવી સ્થિતિમાં માણસને પોતાનું મહત્ત્વ ત્યાં સુધી જ જણાય છે, કે પૂર્વપુરુષોના અતિશ્રેષ્ઠ પુરુષાર્થમય જીવન-કવનને તે યાદ કરતો નથી.

ગુરુતત્ત્વની આરાધના આ રીતે પોતામાં લઘુતા-ભાવ પ્રગટાવી, મિથ્યાભિમાનને ઉતારી આંતર ચક્ષુને પ્રગટાવી સન્માર્ગે ચઢાવે છે.

જ્ઞાનીને બાહ્ય સંપત્તિનો મદ હોતો નથી, તે કહે છે—

**शरीररुपलावण्य–ग्रामारामधनादिभिः ।**
**उत्कर्षः परपर्यायै–श्चिदानंदघनस्य कः ? ॥५॥**

અર્થ : જ્ઞાન અને આનંદના સમૂહ એવા આત્માને શરીરનું રૂપ–લાવણ્ય તથા ગામ–આરામ (બાગબગીચા)–ધન વગેરે પરપર્યાયોથી ઉત્કર્ષ કેવો ?

ભાવાર્થ : જેને પોતાના અનંતજ્ઞાન અને ચારિત્રરૂપ અખૂટ ગુણો સ્વાધીન છે, તેને જગતના જીવોએ વારંવાર ભોગવીને ફેંકી દીધેલા પુદ્ગલના પરાયા વિકારો જે શરીર,

રુપ, સૌંદર્ય, કે ગામ-નગર, બાગબગીચા તથા ધનસંપત્તિ વગેરેનો ગર્વ કેમ ઘટે ?

આત્માની સંપત્તિ અને સૌંદર્ય નિર્વિકાર અવિનશ્વર છે. ગમે તેટલું ભોગવવા છતાં લેશ પણ ખૂટે-બગડે નહિ તેવું છે, અને તે પોતાની પાસે સ્વાધીન છે, એ જાણ્યા પછી જીવને જગતની એંઠ જેવા પુદ્ગલના વિકારોરૂપ રંગ-રાગ કે ધન-સંપત્તિ વગેરે બાહ્ય સંયોગો તુચ્છ લાગવાથી તેનો ઉત્કર્ષ-ગર્વ ગળી જાય છે. ઊલટામાં બાહ્ય સંયોગો તેને સ્વરૂપઆનંદમાં બાધક જણાય છે. તેથી તેનો ઉત્કર્ષ તો કરતો નથી, પણ તેને બંધન માને છે અને તેને છોડવામાં તે આનંદ માને છે.

જ્ઞાની મુનિને બાહ્ય ભાવોથી ઉત્કર્ષ ન થવાનું કારણ જણાવે છે—

**शुद्धाः प्रत्यात्मसाम्येन, पर्याया: परिभाविताः ।**
**अशुद्धाश्चापकृष्टत्वान्नोत्कर्षाय महामुनेः ॥६॥**

અર્થ : શુદ્ધ પર્યાયો પ્રત્યેક આત્મામાં સમાન હોવાથી અને અશુદ્ધપર્યાયો તુચ્છ હોવાથી (વિચારવંત) મહામુનિને તે ઉત્કર્ષ માટે થતા નથી.

**ભાવાર્થ : મહામુનિ** પોતાના શુદ્ધ જ્ઞાનથી જ્યારે આત્મસ્વરૂપને વિચારે છે, ત્યારે સર્વ આત્માઓના શુદ્ધ જ્ઞાનાદિ પર્યાયો સમાન હોવાથી તેમાં ઓછાવત્તાપણાનો ભેદ

રહેતો નથી, કારણ કે સર્વ જીવો શુદ્ધનયથી સ્વરૂપે સમાન છે, જે આત્મ સંપત્તિ નિગોદના આત્માને છે, તે તેટલી જ સિધ્ધિને પણ છે તેથી 'હું મોટો અને બીજા નાના' એવો ઉત્કર્ષ તેને થતો નથી. વળી સંસારી જીવોને કર્મના કારણે અશુદ્ધ જે પૌદ્‌ગલિક પર્યાયો હોય છે, તે ન્યૂનાધિક હોય છે. પણ તે જગતની એંઠરૂપ તુચ્છ નાશવંત હોવાથી પોતાને અધિક પ્રાપ્ત થયા હોય તો પણ નાશવંત અને સ્વરૂપાનંદમાં બાધક હોવાથી તેનો ઉત્કર્ષ (ગર્વ) મહામુનિને થતો નથી. અહંકાર કે દીનતા અજ્ઞાનીને જ હોય છે. જ્ઞાનીને બેમાંથી એક પણ દોષ હોતો નથી.

સ્વોત્કર્ષથી કેવી રીતે ગુણનાશ થાય છે, તે સમુદ્રના દૃષ્ટાંતથી જણાવે છે—

**क्षोभं गच्छन् समुद्रोऽपि, स्वोत्कर्षपवनेरितः ।**
**गुणौघान् बुद्बुदीकृत्य, विनाशयसि किं मुधा ॥७॥**

**અર્થ** : જેમ સમુદ્ર મર્યાદિત છતાં પવનથી પ્રેરાઈને પાણીના પરપોટા બનાવીને તેનો ફોકટ નાશ કરે છે, તેમ હે આત્મન્ ! તું ગુણનો સમુદ્ર છતાં ગર્વરૂપી પવનથી પ્રેરાઈ ને ગુણોના સમૂહોને (સ્વશ્લાઘાથી) પરપોટા તુલ્ય બનાવીને ફોકટ કેમ વિનાશ કરે છે ?

**ભાવાર્થ** : આત્માને હિતશિક્ષા રૂપે જણાવે છે કે સમુદ્ર એટલે મુદ્રા (મર્યાદા)વાળો પણ તું, સમુદ્ર જેમ પવનથી પ્રેરાઇ ને પાણીને પરપોટારૂપ બનાવી નાશ કરે છે

(મૂકવી નાંખે છે), તેમ ગર્વરૂપી પવનથી ક્ષોભ પામીને નિજ ગુણોના સમૂહને સ્વશ્લાઘાથી પરપોટારુપે પ્રગટ કરીને ફોકટ કેમ નાશ પમાડે છે? અર્થાત્ ગુણોનો ઉત્કર્ષ કરીને પ્રસિદ્ધ કરેલા ગુણો નાશ પામે છે : માટે જ્ઞાની મુનિ પોતાના ગુણોને સ્વમુખે તો બોલતા નથી, પણ બીજો પ્રશંસા કરે તો સાંભળી પણ શકતા નથી. સાંભળતાં લજ્જા પામે છે.

વૃક્ષને ફળો આવતાં જેમ વૃક્ષ નીચું નમે છે, તેમ તત્ત્વથી ગુણો જેમ જેમ પ્રગટે છે, તેમ તેમ આત્મા લઘુ બને છે, તેથી ગુણવાન આત્મા પોતાના ગુણોનો ઉત્કર્ષ કરતો નથી, પણ વધુ નમ્ર બને છે.

સાચો યોગી કેવો હોય છે તે કહે છે—

**निरपेक्षानवच्छिन्नाऽनन्तचिन्मात्रमूर्तयः ।**
**योगिनो गलितोत्कर्षा–पकर्षानल्पकल्पना ॥८॥**

અર્થ : જેઓને સ્વોત્કર્ષની અને પરાપકર્ષની બધી કલ્પનાઓ ગળી ગઈ છે, તે યોગીઓ નિરપેક્ષ, અમર્યાદિત અને અનંત એવા જ્ઞાનની માત્ર મૂર્તિઓ (જ્ઞાનસ્વરૂપ) છે.

ભાવાર્થ : જેઓને બાહ્ય સંપત્તિનો ઉત્કર્ષ કે દીનતા નથી તે જ સાચા યોગીઓ શુદ્ધ સંપૂર્ણ અનંત જ્ઞાનમાં રમણતા કરે છે. આત્માનું શુદ્ધ કેવળજ્ઞાન અન્ય કોઈ સહાયની અપેક્ષા વિનાનું, દેશ–કાળની મર્યાદારહિત, સર્વદેશ–સર્વકાળનું અને અનંત હોય છે, મતિઆદિ ક્ષાયોપશમિક જ્ઞાનો ઇન્દ્રિ-

યાદિની સહાયવાળાં, અમુક દેશ-કાળ પૂરતાં અને આખરે નાશ પામનારાં હોય છે. કેવળજ્ઞાન એ સર્વદોષોથી મુક્ત હોય છે. આવું કેવળજ્ઞાન તે યોગીઓ પ્રાપ્ત કરી શકે છે, કે જેઓને બાહ્ય સંયોગ-વિયોગમાં ઉત્કર્ષ કે દીનતા (હર્ષ-શોક) સ્પર્શી શકતાં નથી. અથવા તેવા યોગીઓ કેવળ-જ્ઞાનરૂપી લક્ષ્મીને પામી જ્ઞાનમય બને છે.

હવે સ્વશ્લાઘાના પરિહાર માટે જરૂરી તત્ત્વદૃષ્ટિનું વર્ણન કરે છે —

## ૧૯. તત્ત્વદૃષ્ટિ અષ્ટક

**रुपे रूपवती दृष्टि-र्दृष्ट्वा रुपं विमुह्यति ।**
**मज्जत्यात्मनि नीरुपे, तत्त्वदृष्टिस्त्वरुपिणी ॥१॥**

અર્થ : રૂપવાળી (ચક્ષુ) દૃષ્ટિ, રૂપી (જડ) વસ્તુમાં રૂપને જોઈને મોહમૂઢ બને છે, અને અરૂપી એવી તત્ત્વ-દૃષ્ટિ (જ્ઞાનચક્ષુ) અરૂપી આત્મામાં લીન બને છે.

ભાવાર્થ : બાહ્યનેત્રો પુદ્ગલની રચના છે, અરૂપી આત્મસ્વરૂપને જોવાની તેની શક્તિ નથી. તે તો બાહ્ય જડ પદાર્થોને જ દેખે છે અને એમાં જ સર્વસ્વ માની મૂઢ બને છે; પણ જ્યારે આત્માનું જ્ઞાનચક્ષુ પ્રગટે છે, અને એના બળે તેને પોતાનું દર્શન થતાં આત્મા પોતાની અનંત સુખ-સંપત્તિને દેખે છે, ત્યારે બાહ્ય રૂપ, રંગ તો તેને પોતાની આત્મ સંપત્તિના ભોગમાં વિઘ્નકર ભાસે છે, તેથી તેમાંથી છુટકારો (મુક્તિ) મેળવવા માટે જ તેની તાલાવેલી વધે છે. એવો અપૂર્વ આનંદ આત્મદર્શનમાં છે. તેની સામે બાહ્ય રૂપ-રંગ તો સર્વથા તુચ્છ છે.

બાહ્યદૃષ્ટિ અને તત્ત્વદૃષ્ટિનું દર્શન કેવું હોય તે કહે છે—

**भ्रमवाटी बहिर्दृष्टि-र्भ्रमच्छाया तदीक्षणम् ।**
**अभ्रान्तस्तत्त्वदृष्टिस्तु, नाऽस्यां शेते सुखाशया ॥२॥**

અર્થ : બાહ્યદૃષ્ટિ ભ્રમણાની વાડી છે અને તેનું દર્શન (દેખવું) તે ભ્રમણાની છાયા છે, (જ્યારે) તત્ત્વદૃષ્ટિ આત્મા તો અભ્રાન્ત (ભ્રમણારહિત) છે, તેથી તે આ (ભ્રમણાની છાયા)માં સુખની ઇચ્છાથી સૂતો (આશ્રય કરતો) નથી.

ભાવાર્થ : બાહ્યદૃષ્ટિ (બહારનું દર્શન) એ ભ્રમણાઓનો બગીચો છે. તેનાથી કદાપિ આત્મદર્શન થતું નથી, માટે તેનું દર્શન (દેખવું) તે જીવને માટે ભ્રમણા કરાવનાર છાયારૂપ છે. જેમ કોઈ માણસ શાન્તિની આશાથી વિષવૃક્ષની છાયાનો આશ્રય કરે તો, તેને સુખને બદલે વિષ-ઝેરની આપત્તિ ઊભી થાય છે, તેમ બાહ્યદૃષ્ટિથી જડ વસ્તુમાં સુખની કલ્પના કરનાર તે જડ વસ્તુનો આશ્રય કરે છે, તો આત્માને વિવિધ આપત્તિ ઊભી થાય છે. તેથી અભ્રાન્ત તત્ત્વદૃષ્ટિ (જ્ઞાની) આત્મા પુદ્ગલના રૂપ–રંગને જોઈને સુખની આશાથી તેનો આશ્રય કરતો નથી. તાત્પર્ય કે જ્ઞાનીને જડ વિષયો વિષતુલ્ય ભાસે છે. તેથી તે વિષયોથી દૂર રહી પોતાની આત્મસંપત્તિનો આનંદ અનુભવે છે, અને અજ્ઞાની જડ પદાર્થોમાં સુખ માની તેનો આશ્રય કરે છે, તેથી ઠગાય છે. દુઃખી–દુઃખી થાય છે. હરિણો ભ્રમણાથી મરુ મરિચિકાને જળ માની તેનું પાન કરવા દોડે છે, પણ જળની પ્રાપ્તિ થતી નથી. ઊલટું દોડવાથી શ્રમ અને તૃષ્ણા વધે છે, અને અંતે મરણને શરણ થાય છે, તેમ જડ વસ્તુમાં સુખનું દર્શન (મરુમરિચિકામાં જળના

દર્શન જેવું) મિથ્યા છે. અજ્ઞ જીવ એમાં સુખ દેખે છે. પણ તે મિથ્યા ભ્રમણા હોવાથી સુખને બદલે અધિકાધિક દુ:ખી થાય છે અને સંસાર અટવીમાં અથડાતો કુટાતો મૃત્યુને પ્રાપ્ત થાય છે.

વસ્તુ એક છતાં દૃષ્ટિભેદે થતા હિતાહિતને જણાવે છે—

ग्रामाऽऽरामादि मोहाय, यद् दृष्टं बाह्यया दृशा ।
तत्त्वदृष्टया तदेवान्त-र्नीतं वैराग्यसंपदे ॥३॥

અર્થ : બાહ્યદૃષ્ટિથી જોયેલાં ગામ-ઉદ્યાન વગેરે મોહનું કારણ બને છે. તેને જ તત્ત્વદૃષ્ટિથી અંતરમાં વિચારતાં તે વૈરાગ્યરૂપ સંપત્તિનું કારણ બને છે.

ભાવાર્થ : બાહ્યદૃષ્ટિથી જોયેલા બાહ્ય પદાર્થો—ગામ-નગર-બાગ-બગીચા વગેરે જીવને મોહમૂઢ કરે છે. તે જ પદાર્થો અંતરદૃષ્ટિથી વિચારતાં આત્માને વૈરાગ્યનું કારણ બને છે.

બાહ્ય ચર્મચક્ષુ માત્ર પદાર્થના વર્તમાન બાહ્યરૂપને જ દેખે છે. તેથી તેના પ્રત્યે મોહ (રાગ-દ્વેષાદિ) પ્રગટે છે, એ જ પદાર્થોને જ્ઞાનચક્ષુ તેના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ પૂર્ણસ્વરૂપે દેખે છે, તેથી રાગ-દ્વેષને બદલે વૈરાગ્ય પ્રગટે છે. વિશ્વના કોઈ પણ જડ પદાર્થનું જ્ઞાનદૃષ્ટિથી સ્વરૂપ વિચારતાં તેની અનિત્યતાદિ સ્પષ્ટ જણાય છે. તેથી મોહને બદલે વૈરાગ્ય પ્રગટે છે. જે વિશ્વ અજ્ઞાનીને રાગ-

દ્વેષનું કારણ બને છે, તે જ વિશ્વ જ્ઞાનીને વૈરાગ્ય જનક બને છે.

એ જ હકીકત સ્ત્રીના દૃષ્ટાન્તથી જણાવે છે—

बाह्यदृष्टेः सुधासारघटिता भाति सुन्दरी ।
तत्त्वदृष्टेस्तु सा साक्षात्, विण्मूत्रपिठरोदरी ॥४॥

અર્થ : જે રૂપસુંદરી સ્ત્રી બાહ્યદૃષ્ટિ (અજ્ઞ) જીવને અમૃતના રસથી ઘડેલી (સુખપ્રદ) ભાસે છે, તે સ્ત્રી તત્ત્વદૃષ્ટિને (જ્ઞાનીને) તો સાક્ષાત્ વિષ્ટા અને મૂત્રભરેલી હાંડલીરૂપ પેટવાળી (દુર્ગંછનીય) ભાસે છે.

ભાવાર્થ : બાહ્ય દૃષ્ટિથી જોનાર અજ્ઞાનીને જે સ્ત્રી સુંદર રૂપવાળી અમૃતરસથી ઘડેલી સુખપ્રદ જણાય છે, તે જ સ્ત્રી જ્ઞાનીને અશુચિના સ્થાનરૂપ સાક્ષાત્ વિષ્ટા અને મૂત્રથી ભરેલા ઉદરવાળી દુર્ગંછનીય જણાય છે, તેથી જ્ઞાનીને રાગ થતો નથી, પણ વરાગ્યની જ વૃદ્ધિ થાય છે.

એ જ વાતને શરીરના દૃષ્ટાન્તથી જણાવે છે—

लावण्यलहरीपुण्यं, वपुः पश्यति बाह्यदृग् ।
तत्त्वदृष्टिः श्वकाकानां, भक्ष्यं कृमिकुलाकुलम् ॥५॥

અર્થ : બાહ્યદૃષ્ટિવાળો જીવ શરીરને સુંદરતાનાં મોજાંથી પવિત્ર દેખે છે, અને તત્ત્વદૃષ્ટિ તેને કીડાઓના સમૂહથી ભરેલું, કુતરા–કાગડાઓનું ભક્ષ્ય જુએ છે.

ભાવાર્થ : બહિર્દષ્ટિ જીવને ચર્મચક્ષુથી શરીરમાં માત્ર ઉપરની ચામડી સુંદરતાના તરંગો જેવી પવિત્ર દેખાય છે, તે જ શરીરને અંતરાત્મા જ્ઞાન દષ્ટિથી કૃમિઓનું ઘર અને હાડ–માંસ–રુધિર વગેરે અશુચિના કોથળારૂપ દેખે છે.

પુનઃ બન્ને દષ્ટિનું સ્વરૂપ રાજભુવનના દૃષ્ટાન્તથી જણાવે છે—

गजाश्वैर्भूपभवनं, विस्मयाय बहिर्दशः ।
तत्राऽश्वेभवनात् कोऽपि, भेदस्तत्त्वदृशस्तु न ॥६॥

અર્થ : બહિર્દષ્ટિ આત્માને હાથીઓ અને ઘોડાઓથી શોભતું રાજભુવન વિસ્મય પમાડે છે, અને તત્ત્વદષ્ટિ આત્માને તે રાજભુવનમાં હાથી–ઘોડાના જંગલથી કોઈ વિશેષતા (ભિન્નતા) દેખાતી નથી.

ભાવાર્થ : હાથી, ઘોડા વગેરે વૈભવથી યુક્ત રાજમંદિર બહિર્દષ્ટિ આત્માને મોહ પ્રગટાવે છે. જ્ઞાનીને તો ત્યાં હાથી–ઘોડાના વનથી અધિક કંઈ પણ જણાતું નથી. અર્થાત્ તે રાજભવનને પણ માત્ર હાથી–ઘોડાના વન તુલ્ય સમજે છે. અને તેમાં તે જરા પણ આશ્ચર્ય પામતો નથી.

પુનઃ બીજી રીતે જણાવે છે—

भस्मना केशलोचेन, वपुर्धृतमलेन वा ।
महान्तं बाह्यदृग् वेत्ति, चित्साम्राज्येन तत्त्ववित् ॥७॥

**અર્થ** : બહિર્દષ્ટિ આત્મા ભસ્મ ચોળવાથી, કેશના લોચથી કે મેલ ધારણ કરવાથી તેવા શરીરવાળાને મહાત્મા સમજે છે, અને તત્ત્વદષ્ટા જ્ઞાનના આનંદ અનુભવનારને મહાત્મા સમજે છે.

**ભાવાર્થ** : બહિર્દષ્ટિ જીવની દષ્ટિમાં જડ–પુદ્ગલનું મહત્ત્વ હોય છે. તેથી તે ભસ્મ ચોળવાના, મસ્તક મૂંડવાના, કે મલમલિનગાત્રના કષ્ટથી પોતાને કે પરને મહાન સમજે છે. પણ વસ્તુતઃ ચિત્તમાં જ્ઞાનનો આનંદ નથી તો માત્ર તે કાયકષ્ટ છે. એવાં શારીરિક કષ્ટો તો નરક તિર્યંચાદિ માઠા ભવોમાં દરેક જીવો ઘણાં જ વેઠે છે. એથી મહાત્મા બની જવાતું હોય તો માનવ કરતાં પશુઓનો નંબર પ્રથમ આવે, તત્ત્વથી મહત્તા માત્ર કાયકષ્ટ સહવામાં નથી. એટલા જ માટે તત્ત્વદષ્ટા તો આત્મજ્ઞાનની પ્રભુતામાં મહત્ત્વ માને છે. અલબત્ત પ્રાથમિક અવસ્થામાં કાયકષ્ટ ઉપાદેય છે. પણ તત્ત્વથી તો કાયાને કષ્ટ હોય કે સુખસામગ્રી હોય, એ બન્નેથી પર રહી આત્મજ્ઞાનનો આનંદ અનુભવવો તેમાં જ મહત્ત્વ છે. જે આત્મા નિજ સ્વરૂપનો આનંદ અનુભવે છે, તે જ સાચો મહાત્મા છે.

તત્ત્વદષ્ટા મહાત્માઓનું મહત્ત્વ જણાવે છે—

**न विकाराय विश्वस्यो–पकारायैव निर्मिताः ।**
**स्फूरत्कारुण्यपीयुष–वृष्टयस्तत्त्वदृष्टयः ॥८॥**

**અર્થ** : સ્ફૂરાયમાન કરુણારૂપ અમૃતની વૃષ્ટિવાળા તત્ત્વદૃષ્ટિ આત્માઓ વિકારને માટે નહિ, પણ વિશ્વના ઉપકાર માટે જ ઉત્પન્ન કરેલા છે.

**ભાવાર્થ** : જેઓના અંતરમાંથી સતત કરુણારૂપ અમૃત વરસે છે અને લેશ પણ અહંકાર નથી, તેવા તત્ત્વદૃષ્ટિ આત્માઓ વિકાર (રાગ-દ્વેષાદિ) માટે નહિ, પણ વિશ્વના ઉપકારને માટે જ ઉત્પન્ન કરેલા છે.

તત્ત્વથી આવા તત્ત્વદૃષ્ટિ આત્માઓ જ વિશ્વમાં સાચા ઉપકારી છે, કે જેઓ પોતે તરે છે અને બીજાને તારે છે. માટે તેવાઓના જન્મ વિશ્વોપકારક છે. તેમનું અસ્તિત્વ માત્ર પણ જગતને આલંબનરૂપ બની ઉપકાર કરે છે, તો તેમની કરુણાભરી દૃષ્ટિનું તો પૂછવું જ શું ?

આ તત્ત્વદૃષ્ટિથી બહિર્દૃષ્ટિનો જ્યારે લોપ થાય છે, ત્યારે આત્મા પોતાની અનંત ઋદ્ધિનો સ્વામી બને છે. તે જણાવવા હવે સર્વસમૃદ્ધિ અષ્ટક વર્ણવે છે.

# २० सर्व समृद्धि अष्टक

**बहिर्दृष्टिप्रचारेषु मुद्रितेषु महात्मनः ।**
**अन्तरेवाऽवभासन्ते, स्फुटाः सर्वाः समृद्धयः ॥१॥**

અર્થ : બહિર્દષ્ટિના પ્રચારો (આકર્ષણો) અટકી જાય છે, ત્યારે તે મહાત્માને સર્વ સમૃદ્ધિઓ આત્મામાં જ સ્પષ્ટ ભાસે છે.

ભાવાર્થ : બહિર્દૃષ્ટિના પ્રચારો અર્થાત્ જડનાં આકર્ષણો અટકે છે, ત્યારે જ દૃષ્ટિ અંતર્મુખ બને છે, અને ત્યારે જ આત્માની અખંડ અનંત સ્વાધીન સંપત્તિનું દર્શન થાય છે. અથવા બીજી રીતે કહેવું હોય તો આત્માની શાશ્વતી સ્વાધીન સંપત્તિનું ભાન થાય છે, ત્યારે બાહ્યદષ્ટિનો લોપ થાય છે. આ કારણે જ જીવને અભ્યાસરૂપે બાહ્યપ્રલોભનોમાંથી મુક્ત થવાનો અને આત્મગુણોને વિકસાવવાનો વ્યવહાર-માર્ગ ઉપદેશ્યો છે.

જેથી પ્રથમ એ વ્યવહાર માર્ગનું આચરણ કર્યા વિના જ જેઓ બાહ્ય પ્રલોભનોમાં નિર્ભયપણે પ્રવૃત્તિ કરવા છતાં પોતાને તત્ત્વદષ્ટા માને-મનાવે છે, તે વાસ્તવિક માર્ગ નથી, તે તો ઝેર ખાઈને જીવનાર જેવો દયાપાત્ર છે.

સર્વ સમૃદ્ધિ આત્મામાં સ્વાધીન છે, એમ નથી જાણ્યું ત્યાં સુધી જ બાહ્યસુખનાં આકર્ષણો રહી શકે છે,

માટે આત્મસ્વરૂપને જણાવનારી તત્ત્વદષ્ટિનો આશ્રય કરવો એ જ સર્વ સમ્પત્તિની પ્રાપ્તિનો ઉપાય છે.

હવે ઉપમાથી આત્માની ઇન્દ્ર તુલ્યતા વર્ણવે છે—

**समाधिर्नन्दनं धैर्यं, दम्भोलिः समता शची ।**
**ज्ञानं महाविमानं च, वासवश्रीरियं मुनेः ॥२॥**

અર્થ : સમાધિરૂપી નંદનવન, ધૈર્યરૂપી વજ્ર, સમતારૂપી ઇન્દ્રાણી અને જ્ઞાનરૂપી મહાવિમાન, એમ મુનિને ઇન્દ્રતુલ્ય સમ્પત્તિ છે.

ભાવાર્થ : ઇન્દ્રને નન્દનવન, વજ્ર, ઇન્દ્રાણી અને મહાવિમાન, વગેરે પુણ્યથી મળેલી સંપત્તિ છે, તો મહામુનિને (ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતારૂપ) સમાધિરૂપી નંદનવન, મહા પરિષહોને જિતનારું ધૈર્યરૂપી વજ્ર, આત્માનંદને આપનારી સમતારૂપી ઇન્દ્રાણી અને સ્વાત્મબોધરૂપ મહાવિમાન, એ આધ્યાત્મિક સંપત્તિ હોય છે. તત્ત્વથી તો મુનિના આનંદનો અંશ પણ ઇન્દ્રને હોતો નથી. કારણ કે તે પરાયી વસ્તુનો ભોક્તા છે, અને મુનિ સ્વસંપત્તિનો ભોક્તા છે, તો પણ ઉપમાથી ઇન્દ્રની સરખામણી કરી, અહીં મહામુનિનું સ્વરૂપ જણાવ્યું છે.

હવે ચક્રવર્તીની તુલ્યતાથી મુનિનું વર્ણન કરે છે—

**विस्तारितक्रियाज्ञान—चर्म छत्रो निवारयन् ।**
**मोहम्लेच्छमहावृष्टिं, चक्रवर्ती न किं मुनिः ? ॥३॥**

અર્થ : ક્રિયારૂપી ચર્મરત્ન અને જ્ઞાનરૂપી છત્રરત્નને વિસ્તારતો અને તેના બળે મોહરૂપી મ્લેચ્છની (શત્રુની) મહાવૃષ્ટિનું નિવારણ કરતો મુનિ ચક્રવર્તી કેમ નહિ ?

ભાવાર્થ : ચક્રવર્તીને ચૌદરત્નો હોય છે. તેમાં ચર્મ-રત્ન અને છત્રરત્નથી તે જળના ઉપદ્રવથી પોતાનું અને સૈન્યનું રક્ષણ કરે છે. એ રીતે અહીં ઘટના કરી મુનિને પણ ચક્રવર્તી જણાવ્યા છે.

ક્રિયારૂપી ચર્મરત્નને નીચે (જળની ઉપર) અને જ્ઞાન-રૂપી છત્રરત્નને આકાશમાં વિસ્તારીને મોહરૂપ મ્લેચ્છરાજાની મહાવૃષ્ટિથી આત્માનું રક્ષણ કરતા મુનિને ચક્રવર્તી કેમ ન કહેવાય ? અર્થાત્ મુનિ ચક્રવર્તી છે.

અહીં મોહની રાગ–દ્વેષાદિ ઝેરી વૃષ્ટિથી જ્ઞાન અને ક્રિયા દ્વારા આત્માનું રક્ષણ કરતો મહામુનિ સ્વરાજ્યને સાધે છે. એમ આધ્યાત્મિક ચક્રવર્તીપણું જાણવું.

હવે મુનિને શેષનાગની ઉપમાથી વર્ણવે છે—

**नवब्रह्मसुधाकुण्ड–निष्ठाधिष्ठायको मुनिः ।**
**नागलोकेशवद्भाति, क्षमां रक्षन् प्रयत्नतः ॥४॥**

અર્થ : બ્રહ્મચર્યની નવવાડરૂપ અમૃતના નવકુંડોની નિષ્ઠાનો (સ્થિરતાનો) અધિષ્ઠાયક (સ્વામી) અને પ્રયત્ન-પૂર્વક ક્ષમાનું (પૃથ્વીનું) રક્ષણ (ધારણ) કરતો મુનિ નાગેન્દ્રની (શેષનાગની) જેમ શોભે છે.

**ભાવાર્થ : લૌકિક મત પ્રમાણે આ પૃથ્વીને શેષનાગ ધારણ કરે છે, અને તે નવ અમૃતકુંડોનો સ્વામી મનાય છે. એ ઘટનાથી મુનિને શેષનાગની ઉપમા આપતાં અહીં જણાવ્યું છે.**

બ્રહ્મચર્યની નવવાડોરૂપી નવ અમૃતના કુંડોમાં સ્થિરતાનો અધિષ્ઠાયક, અર્થાત્ નવવાડનું પાલન કરવા પૂર્વક શુદ્ધ બ્રહ્મચર્યનો સ્વામી અને અપ્રમત્તભાવે ક્ષમાધર્મનો (શેષનાગ પક્ષે પૃથ્વીનો) રક્ષક એવો મુનિ શેષનાગ–નાગેન્દ્ર-તુલ્ય શોભે છે.

હવે મહાદેવની ઉપમાથી મુનિને વર્ણવે છે—

**मुनिरध्यात्मकैलासे, विवेकवृषभस्थितः ।**
**शोभतेविरति–ज्ञप्ति गङ्गागौरीयुतः शिवः ।।५।।**

અર્થ : અધ્યાત્મરૂપ કૈલાસ પર્વત ઉપર, વિવેકરૂપી વૃષભ ઉપર બેઠેલા, વિરતિ અને જ્ઞાનરૂપી ગંગા અને પાર્વતી સહિત મુનિ મહાદેવની જેમ શોભે છે :

ભાવાર્થ : મહાદેવ કૈલાસ પર્વત ઉપર રહે છે, વૃષભ તેમનું વાહન છે, અને ગંગા–પાર્વતી તેઓની પત્નીઓ છે. તેમની સાથે મુનિને સરખાવે છે કે—

અધ્યાત્મરૂપ કૈલાસ પર્વતમાં વસતા, હેય–ઉપાદેયના નિશ્ચયરૂપી વિવેક વૃષભ ઉપર બેઠેલા અને વિરતિરૂપી ગંગા અને (જ્ઞપ્તિ=) જ્ઞાનરૂપી પાર્વતીથી યુક્ત એવા મુનિ મહાદેવની જેમ શોભે છે.

અહીં ચારિત્રધર્મનું સ્વરૂપ જણાવ્યું છે, જેમ કે–અધ્યાત્મના બળે હેય–ઉપાદેયનો વિવેક કરી જે જ્ઞાન અને ક્રિયામાં સતત ઉદ્યમ કરે, તે ચારિત્રવંત મુનિ સાચા મહાદેવ છે.

હવે મુનિને વિષ્ણુની સાથે સરખાવે છે—

**ज्ञानदर्शनचन्द्रार्क–नेत्रस्य नरकच्छिदः ।**
**सुखसागरमग्नस्य, किं न्यूनं योगिनो हरेः ॥६॥**

અર્થ : જ્ઞાન અને દર્શનરૂપ ચંદ્ર અને સૂર્ય એ બે જેઓને નેત્રો છે, નરકરૂપ અસુર (દૈત્ય)નો જેણે નાશ કર્યો છે અને સુખરૂપ સમુદ્રમાં જે મગ્ન છે, તે યોગીને વિષ્ણુથી શું ઓછું છે?

ભાવાર્થ : વિષ્ણુને ચંદ્ર અને સૂર્ય બે નેત્રો છે, દૈત્યોનો તે ઘાતક છે, અને અષાઢી (દેવપોઢી) એકાદશીથી ક્ષીર સમુદ્રમાં શેષનાગની શૈયામાં પોઢે છે. એવી વૈષ્ણવોની માન્યતા છે, તેની સાથે સમાનતા બતાવતાં મુનિનું વર્ણન કરતાં કહે છે કે :-

મુનિને ચંદ્ર અને સૂર્ય તુલ્ય જ્ઞાન અને દર્શન બે નેત્રો છે, મુનિ નરકરૂપ અસુરોના ઘાતક છે અને અનંત અક્ષય આત્મસુખરૂપ સમુદ્રમાં જે મગ્ન છે, તે મુનિને વિષ્ણુથી કંઈ ન્યૂન નથી.

અહીં જ્ઞાન અને દર્શન એ બે નેત્રો હોવાથી મુનિને નરકગતિરૂપ ખાડામાં પડવાનું નથી તથા સદા જે આત્મ-

સુખમાં મગ્ન રહે છે, તે યોગોની અપેક્ષાએ વિષ્ણુની સંપત્તિ પણ ઓછી ગણાય. છતાં અહીં ઉપમાથી ઘટના કરી છે.

હવે મુનિને બ્રહ્મા સાથે સરખાવે છે—

या सृष्टिर्ब्रह्मणो बाह्या, बाह्याऽपेक्षाऽवलम्बिनी ।
मुनेः पराऽनपेक्षाऽन्तगुंणसृष्टिस्ततोऽधिका ॥७॥

અર્થ : બ્રહ્માની બાહ્ય પદાર્થોની અપેક્ષાવાળી જે બાહ્ય વિશ્વરચનારૂપ સૃષ્ટિ છે, તેનાથી અધિક પર પદાર્થની અપેક્ષા વિનાની અંતરંગ ગુણોના પ્રગટીકરણરૂપ મુનિની સૃષ્ટિ છે.

ભાવાર્થ : બ્રહ્મા બાહ્ય વિશ્વના સૃષ્ટા મનાય છે, તેની અપેક્ષાયે અંતરગુણ રૂપ વિશ્વના સૃષ્ટા મુનિની સૃષ્ટિ અધિક છે.

બ્રહ્મા બાહ્ય સૃષ્ટિના સૃષ્ટા મનાય છે, અને યોગી એવા મુનિ આંતર ગુણ રૂપ અનંત સૃષ્ટિના સર્જક છે, તેથી બ્રહ્મા કરતાં પણ મુનિની સૃષ્ટિ અધિક છે.

એ રીતે ઇન્દ્ર, ચક્રવર્તી, નાગેન્દ્ર, બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ વગેરે જગતમાં જે ઈશ્વર તરીકે પૂજાય છે, તે સર્વથી પણ આત્મલક્ષ્મીરૂપ સર્વસમૃદ્ધિને પામેલો યોગી-મુનિ અધિક પૂજ્ય છે. એમ જણાવી આવા યોગીને અરિહંતપણું પણ દુર્લભ નથી, એ જણાવે છે કે—

रत्नैस्त्रिभिः पवित्रा या, स्रोतोभिरिव जाह्नवी ।
सिद्धयोगस्य साऽप्यर्हत्पदवी न दवीयसी ॥८॥

**અર્થ** : ત્રણ પ્રવાહથી પવિત્ર જે ગંગા તેની જેમ ત્રણ રત્નોથી પવિત્ર તે અરિહંતપદવી પણ યોગસિદ્ધ મહાત્માને દૂર નથી.

**ભાવાર્થ** : ગંગા ત્રણ પ્રવાહથી સ્વર્ગ-મૃત્યુ અને પાતાલરૂપ ત્રણ લોકમાં વહે છે, તેમ લોકોમાં મનાય છે. તેની સામે તીર્થંકરપણાનો પ્રભાવ પણ ત્રણ લોકમાં વર્તે છે, તેની સમાનતા વડે યોગીનું વર્ણન કરે છે કે–ત્રણ પ્રવાહથી પવિત્ર એવી જે ગંગા, તેના જેવી જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ત્રણ રત્નોથી પવિત્ર અરિહંતપદવી (તીર્થંકરપણું) તે પણ યોગસિદ્ધ મહાત્માને દૂર નથી.

અહીં અરિહંતપણાને ગંગાની સાથે સરખાવવામાં એ હેતુ સંભવે છે કે અન્ય ધર્મવાળાઓ ગંગાને સમગ્ર વિશ્વને પવિત્ર કરનારી માને છે. પણ તે પવિત્રતા માત્ર બાહ્ય શરીરની શુદ્ધિરૂપ છે, ત્યારે અહીં અરિહંતપણું ત્રણે લોકના આત્માઓને કર્મરૂપી મેલથી રહિત-પવિત્ર બનાવે છે. માટે તે પવિત્રતા તાત્ત્વિક છે, આધ્યાત્મિક છે.

આ રીતે બહિરાત્મ દૃષ્ટિનો લોપ થતાં પ્રગટતી અંતરાત્મદૃષ્ટિથી મળતી સર્વસમૃદ્ધિનું સ્વરૂપ જણાવી તેને પ્રગટ કરવામાં હેતુભૂત કર્મવિપાક ચિંતનનું વર્ણન કરે છે.

## ૨૧. કર્મ વિપાક ચિંતન અષ્ટક

**दुःखं प्राप्य न दीनः स्यात्, सुखं प्राप्य च विस्मितः ।**
**मुनिः कर्मविपाकस्य, जानन् परवशं जगत् ॥१॥**

**અર્થ :** જગતને કર્મવિપાકથી પરાધીન જાણતો મુનિ, દુઃખને પામીને દીન ન થાય અને સુખને પામીને વિસ્મય ન પામે.

**ભાવાર્થ :** સમગ્ર વિશ્વવર્તી જીવો કર્મના ઉદયને આધીન છે, એમ જ્ઞાનથી જાણતા મુનિને દુઃખમાં દીનતા કે સુખમાં આશ્ચર્ય થતું નથી.

સુખ–દુઃખમાં રાગ–દ્વેષના પરિણામ કરવાથી કર્મોનો બંધ થાય, પુનઃ તે કર્મોના ઉદયથી સુખ–દુઃખની પ્રાપ્તિ થાય, એમ દ્રવ્યકર્મ અને ભાવ કર્મનો પરસ્પર કાર્યકારણ ભાવ હોવાથી મુનિ ઉદયમાં આવેલાં કર્મોને રાગ–દ્વેષ (અહંકાર–દીનતા) વિના સમભાવથી ભોગવે. જેમ દેવું ન કરવું કે મુદત પાકયા પહેલાં ચૂકવી દેવું, એમાં સજ્જનતા છે, અને મુદતે લેણદાર લેવા આવે તેની સામે લડવું તે દુર્જનતા છે, તેમ કર્મ પણ ઉદયમાં ન આવે ત્યાં સુધી જિનાજ્ઞાના બળે વિવિધકરણો દ્વારા તેને ખપાવી દેવું જોઈએ; છતાં ન ખપે અને ઉદયમાં આવે તો તેને સમતાપૂર્વક ભોગવવું જોઈએ, એ સજ્જનતા છે–સાધુતા છે. એ શુદ્ધ વ્યવહાર ધર્મ છે.

નિશ્ચયથી તો કર્મ જડ છે. તે ચેતનને કંઈ લાભ-હાનિ કરતું નથી, એમ સમજી મુનિ તેના ઉદયમાં દીનતા કે આશ્ચર્ય પામે નહિ.

હવે પાપ કર્મના વિપાકનો મહિમા જણાવે છે—

**येषां भ्रूभङ्गमात्रेण, भज्यन्ते पर्वता अपि ।**
**तैरहो ! कर्मवैषम्ये, भूपैर्भिक्षापि नाप्यते ॥२॥**

અર્થ : જેઓના નેત્રની ભૃકુટી ફરકવા માત્રથી પર્વતો પણ તૂટી જાય, તેવા સમર્થ રાજાઓ પણ કર્મના અશુભવિપાક પ્રસંગે ભીખ પણ મેળવી શકતા નથી.

ભાવાર્થ : શુભ-પુણ્ય કર્મના પ્રભાવે જે રાજાની આંખ ફરકતાં પર્વત જેવા શત્રુઓ પણ ધ્રૂજી ઊઠે છે, તે રાજાઓ પણ જ્યારે તેમના પાપનો ઉદય થાય છે, ત્યારે ભીખ માગવા છતાં તેમને ભીખ ન મળવાથી તેઓ ભૂખે મરે છે.

પુણ્યમાં ગર્વ કે પાપના ઉદયમાં દીનતા કરવી તે મિથ્યા છે. તત્ત્વથી પુણ્ય-પાપ આત્માનું કંઈ હિત-અહિત કરી શકતું નથી. બાહ્ય સુખ-દુઃખ નાશવંત છે, એમ સમજી મુનિ તેમાં હર્ષ-શોક કરે નહિ.

એ રીતે પાપનો મહિમા વર્ણવી હવે પુણ્યનો પ્રભાવ જણાવે છે—

**जातिचातुर्यहीनोऽपि, कर्मण्यभ्युदयावहे ।**
**क्षणाद् रङ्कोपि राजा स्या-च्छत्रच्छन्नदिगन्तरः ॥३॥**

**અર્થ** : જાતિહીન અને બુદ્ધિરહિત એવો રંક પણ અભ્યુદય કરનારા (પુણ્ય) કર્મનો ઉદય થતાં ક્ષણમાત્રમાં છ ખંડ પૃથ્વીને એક છત્રથી ઢાંકનારો રાજાધિરાજ બને છે.

**ભાવાર્થ** : (પાપ કર્મના ઉદયે) હીન જાતિમાં જન્મેલો, બુદ્ધિ વિનાનો, એવો રંક હોય છતાં, (પાપોદય પૂર્ણ થતાં) જ્યારે પુણ્યનો ઉદય થાય છે, ત્યારે તે (પુણ્યના પ્રભાવે ) સમગ્ર વિશ્વમાં એકછત્રીય રાજ્યવાળો મોટો રાજા બને છે. એવો પ્રભાવ પુણ્યનો છે.

શુભાશુભ કર્મની વિષમતાને ઊંટની પીઠની ઉપમાથી વર્ણવે છે—

**विषमा कर्मणः सृष्टि–र्दृष्टा करभपृष्ठवत् ।**
**जात्यादिभूतिवैषम्यात्, का रतिस्तत्र योगिनः ।।४।।**

**અર્થ** : જાતિ વગેરે સંપત્તિની વિષમતા કરનારી હોવાથી કર્મની સૃષ્ટિ ઊંટની પીઠ જેવી વિષમ હોય છે. તેમાં યોગીને પ્રીતિ કેવી ? અર્થાત્ તેમાં યોગીને પ્રીતિ ન હોય.

ભાવાર્થ : શુભાશુભ કર્મના ઉદયે જીવ કોઈ વાર ઉચ્ચ કુળમાં તો કોઈ વાર નીચ કુળમાં જન્મે, કોઈ વાર રાજાધિરાજ તો કોઈ વાર રંકથી પણ રંક થાય, અને કોઈ વાર બૃહસ્પતિ જેવો પંડિત તો કોઈ વાર મૂર્ખશિરોમણિ બને. એમ ઊંચી–નીચી ઊંટની પીઠની જેમ કર્મની રચના વિષમ

છે. એવું જોતાં યોગીને (જ્ઞાનીને) તેમાં આનંદ કેમ થાય ? અર્થાત્ જ્ઞાની સંસારમાં કર્મના વિષમ વિપાકને જાણીને તેનાથી વિરક્ત બને છે.

પુનઃ કર્મની દુષ્ટતા વર્ણવે છે—

आरूढाः प्रशमश्रेणिं, श्रुतकेवलिनोऽपि च ।
भ्राम्यन्तेऽनन्तसंसार–महो दुष्टेन कर्मणा ॥५॥

અર્થ : અહો આશ્ચર્ય છે કે ઉપશમ શ્રેણી ઉપર ચઢેલા અને શ્રુતકેવળી એવા પણ મુનિવરોને દુષ્ટ કર્મ અનંત સંસારમાં ભમાવે છે.

ભાવાર્થ : અહો ! આશ્ચર્ય છે કે ગુણસ્થાનકની વૃદ્ધિરૂપ ઉપશમ શ્રેણીએ ચઢેલા અગિયારમા ગુણસ્થાને પહોંચેલા અને સંપૂર્ણ શ્રુતધર એવા ચૌદ પૂર્વધરોને પણ દુષ્ટ કર્મ અનંતકાળ સુધી સંસારમાં ભમાવે છે.

આત્મા તત્ત્વથી અનંત બળી છતાં કર્મનું બળ કોઈ વાર એવું જોર કરે છે, કે છેક મુક્તિની નજીક પહોંચેલા ઉપશમ શ્રેણીને પામેલા મહાજ્ઞાનીઓના જ્ઞાનને પણ નિષ્ફળ કરી ચારગતિરૂપ સંસારમાં અનંત કાળ સુધી ભટકાવે છે. માટે જ કહ્યું છે કે કોઈવાર આત્મા બળીયો તો કોઈ વાર કર્મ બળીયું. અર્થાત્ કર્મ સામેના યુદ્ધમાં અનેકવાર હાર–જીત કરતો આત્મા સંસારમાં રખડે છે અને વિજયની અણીએ પહોંચેલો પણ જીવ પુનઃ હારી જાય છે. માટે

કર્મનો લેશમાત્ર વિશ્વાસ કરવા જેવો નથી. કર્મ જીવને સુખ-સગવડ આપી તેમાં બેભાન બનાવી દુરુપયોગ કરાવીને પટકે છે. માટે સુખ-સગવડમાં લેશ પણ રાચવું યોગ્ય નથી.

બાહ્ય સર્વ કાર્યોમાં કર્મવિપાકની મુખ્યતા જણાવે છે—

**अर्वाक् सर्वाऽपि सामग्री, श्रान्तेव परितिष्ठति ।**
**विपाकः कर्मणः कार्य-पर्यन्तमनुधावति ॥६॥**

અર્થ : સઘળી પણ (સુખ-દુઃખ આપનારી) સામગ્રી થાકી ગઈ હોય તેમ પહેલાં જ અટકી જાય છે, પણ કર્મનો વિપાક કાર્યની પૂર્ણતા સુધી પાછળ પાછળ ચાલે છે.

**ભાવાર્થ** : સુખ-દુઃખમાં મુખ્યતા કર્મના વિપાકની છે. સામગ્રી ગૌણ છે. અશુભ કર્મોનો વિપાક થવા પહેલાં જ સુખ-સામગ્રી ચાલી જાય છે, અગર રહે તો પણ સુખ આપી શકતી નથી. તેમ શુભકર્મોનો પરિપાક થવા પૂર્વે દુઃખનાં નિમિત્તો ખસી જાય છે, અગર રહે તો પણ દુઃખી કરી શકતાં નથી.

તન-ધન-કુટુંબ-પરિવાર વગેરે સઘળું સુખનું સાધન અશુભકર્મોના ઉદય થવા પૂર્વે જ વિખરાઈ જાય છે. અગર સુખને બદલે દુઃખનું કારણ બની જાય છે. એવાં દૃષ્ટાન્તો જગતમાં પ્રત્યક્ષ દેખાય છે. કેટલાય માણસો સુખની સામગ્રીના અભાવે દુઃખી છે, તો કેટલાય છતી સામગ્રીએ દુઃખ ભોગવતા હોય છે. એમ શુભકર્મોના પણ ઉદય પૂર્વે

દુઃખનાં કારણો ચાલ્યાં જાય છે, અગર સુખદાયક બની જાય છે. પુણ્યોદય થતાં શત્રુ હટી જાય છે. અગર મિત્ર બની જાય છે. એવાં પણ દૃષ્ટાન્તો જોવાં મળે છે.

એમ છતાં અજ્ઞાની જીવ સામગ્રીને જ મુખ્ય માનીને તેમને મેળવવા આકાશ-પાતાળ એક કરે છે. કર્મવિપાકનું મહત્ત્વ તેને સમજાતું નથી, પરિણામે અશુભકર્મોના ઉદય થતાં તેની બધી મહેનત ઊંધી વળે છે. એથી વિરુદ્ધ જ્ઞાની સામગ્રીને ગૌણ માની કર્મને મુખ્ય ગણે છે. તેથી તે કર્મના પ્રભાવે સર્વ સુખ-સામગ્રી પામવા છતાં તેમાં નિર્લેપ રહી પરમપદને પણ પ્રાપ્ત કરે છે. તાત્પર્ય કે સુખ-દુઃખના અનુભવમાં મુખ્યતા કર્મવિપાકની છે. આ કર્મવિપાક સુખીને દુઃખી કે દુઃખીને સુખી પણ કરી શકે છે.

આ કર્મવિપાક જીવોના ધર્મધનને કેવી રીતે હરે છે તે કહે છે—

**असावचरमावर्ते, धर्मं हरति पश्यतः ।**
**चरमावर्तिसाधोस्तु, छलमन्विष्य हृष्यति ॥७॥**

અર્થ : આ કર્મવિપાક અંતિમ પુદ્ગલ પરાવર્તની પ્રાપ્તિ પૂર્વેના (અચરમાવર્ત) કાળમાં (તો) સાધુના ધર્મ-ધનને પ્રત્યક્ષ લૂંટે છે અને ચરમાવર્ત કાળમાં સાધુનું છિદ્ર શોધીને હર્ષ પામે છે. (લૂંટે છે.)

**ભાવાર્થ** : મુક્તિને પ્રાપ્ત કરવામાં એક પુદ્ગલ પરાવર્તથી અધિક કાળ જેને શેષ હોય તે જીવો અચરમાવર્તી કહેવાય છે. અને એક પુદ્ગલ પરાવર્તથી અધિક કાળ શેષ ન હોય તેને ચરમાવર્તી કહેવાય છે.

ભવસ્વભાવે જ અચરમાવર્તી જીવને કર્મનો કે તેના અશુભ વિપાકનો ભય હોતો નથી, તેથી જાણતાં-દેખતાં (સમજવા છતાં) તેના ધર્મધનને કર્મવિપાક લૂંટે છે. અર્થાત્ તે કર્મ-વિપાકનાં કારમાં ફળો જાણવા છતાં ભય પામતો નથી, તેથી ધર્મને છોડીને બાહ્ય સુખો માટે પાપાચરણ કરે છે અને ધર્મધનને ગુમાવે છે.

ચરમાવર્તી સાધુને કર્મવિપાકની મુખ્યતા હોય છે, તેથી તે સાવધ રહે છે, છતાં કર્મવિપાક ભાન ભુલાવીને તેના ધર્મનું હરણ કરે છે. એમ કર્મવિપાક ભયંકર છે. અનાદિકાળથી અહંકાર અને દીનતા કરાવી જીવનના ધર્મ-ધનનો નાશ કરે છે. તેથી જ્ઞાની પુણ્ય કે પાપ ઉભય પ્રકારના કર્મવિપાકને સમજીને અહંકાર કે દીનતાને વશ થતો નથી. તેથી તેના ધર્મધનને (જ્ઞાનાદિ ગુણોને) કર્મવિપાક હરણ કરી શકતો નથી. અર્થાત્ ગમે તેવા શુભાશુભ કર્મના ઉદયમાં પણ તે રાગ-દ્વેષને વશ થયા વિના પોતાની સમાધિ-રૂપ ધર્મધનની રક્ષાપૂર્વક વૃદ્ધિ કરે છે—

**साम्यं बिभर्ति यः कर्मविपाकं हृदि चिन्तयन् ।**
**स एव स्याश्चिदानंद–मकरन्दमधुव्रतः ॥८॥**

અર્થ : એવા વિષમ કર્મવિપાકને હૃદયમાં વિચારતો જે (મહાત્મા શુભાશુભ કર્મના ઉદયમાં રાગ–દ્વેષ વિના) સમતાને ધારણ કરે છે, તે જ જ્ઞાનાનંદના મકરન્દનો ભ્રમર બને છે.

ભાવાર્થ : કર્મના વિષમ વિપાકને જાણીને હૃદયમાં તેનું ચિંતન કરતો જે મહાત્મા તેમાં રાગ–દ્વેષ કર્યા વિના સમભાવમાં રહે છે, તે જ જ્ઞાનાનંદરૂપ પુષ્પરસનો ભોગી ભ્રમર બને છે. અર્થાત્ જ્ઞાનરૂપ અમૃતનો આસ્વાદ જે સમતા તેનો આનંદ ભોગવી શકે છે. (કર્મજન્ય સુખ–દુઃખમાં રાગ–દ્વેષ કરતો નથી.)

હવે કર્મવિપાકની વિષમતાનો જાણ મુનિ સંસારમાં વિરક્ત રહે, તેથી હવે ભવોદ્વેગનું વર્ણન કરે છે—

## ૨૨. ભવોદ્વેગ અષ્ટક

यस्य गम्भीरमध्यस्याऽज्ञानवज्रमयं तलम् ।
रुद्धा व्यसनशैलौघैः, पन्थानो यत्र दुर्गमाः ॥१॥

पातालकलशा यत्र, भृतास्तृष्णामहानिलैः ।
कषायाश्चित्तसंकल्प-वेलावृद्धिं वितन्वते ॥२॥

स्मरौर्वाग्निर्ज्वलत्यन्त-र्यत्रस्नेहेन्धनः सदा ।
यो घोररोगशोकादि-मत्स्यकच्छपसङ्कुलः ॥३॥

दुर्बुद्धिमत्सरद्रोहै-र्विद्युद्दुर्वातगर्जितैः ।
यत्र सांयात्रिका लोकाः, पतन्त्युत्पातसङ्कटे ॥४॥

ज्ञानी तस्माद् भवाम्भोधे-र्नित्योद्विग्नोऽतिदारुणात् ।
तस्य संतरणोपायं, सर्वयत्नेन काङ्क्षति ॥५॥

અર્થ : જે સંસારરૂપ સમુદ્રનો મધ્યભાગ અતિ ગંભીર (ઊંડો) છે, તળિયું અજ્ઞાનરૂપી વજ્રમય છે અને જેમાં સંકટોરૂપી પર્વતોના સમૂહથી ઘેરાયેલા માર્ગો અતિ દુર્ગમ છે. (૧) વળી તૃષ્ણારૂપી મહાવાયુથી ભરેલા કષાયોરૂપી પાતાલ કલશાઓ ચિત્તના સંકલ્પોરૂપ વેલાથી જેમાં ભરતી વિસ્તારે છે. (૨) જેમાં કામરૂપી વડવાનલ નિત્ય સ્નેહરૂપી

ઇન્ધનોને બાળી રહ્યો છે, અને જે ભયંકર રોગ-શોક વગેરે મચ્છ અને કચ્છપોથી (કાચબાથી) વ્યાપ્ત છે. (૩) જેમાં દુર્બુદ્ધિ, મત્સર અને દ્રોહરૂપી વીજળી, દુષ્ટ (તોફાની) પવન અને ગર્જનાઓ થતી હોવાથી ભવ્ય પ્રાણીઓરૂપી મુસાફર લોકો ઉત્પાત (ઉન્માર્ગ)રૂપી મહા સંકટમાં સપડાય છે. (૪) તે અતિ ભયંકર સંસારરૂપી સમુદ્રથી સદા ઉદ્વિગ્ન જ્ઞાની આત્મા સર્વ પ્રયત્નોથી તેમાંથી પાર ઉતરવાનો ઉપાય ઇચ્છે છે. (૫)

**ભાવાર્થ** : અહીં સંસારને મહાસમુદ્ર તરીકે જણાવી તેનાથી છૂટવા જ્ઞાની કેવી રીતે પ્રયત્ન કરે છે તે વર્ણવ્યું છે. તેમાં જૈન ભૂગોળના મતે લવણ સમુદ્રમાં પાણીની નીચે ચારે દિશામાં એક એક લાખ યોજન ઊંડા અને પહોળા ચાર પાતાલ કલશો છે, તે દરેકમાં નીચે ત્રીજા ભાગમાં કેવળ વાયુ, મધ્યભાગમાં જળ અને વાયુ તથા ઉપરના ત્રીજા ભાગમાં કેવળ જળ છે. જગત સ્વભાવે જ તેમાંનો વાયુ દરરોજ બે વાર પ્રકુપિત થાય છે, તેથી તે પાણી ઊભરાઈને બહાર નીકળવાથી સમુદ્રમાં ભરતી આવે છે, અને વાયુ શાન્ત થતા પુનઃ પાણી તે કળશાઓમાં ભરાવાથી ઓટ આવે છે. એ હકીકતને અનુસરીને સંસારરૂપી સમુદ્રનું અહીં ભયંકરપણું જણાવે છે કે—

જે સંસારસમુદ્ર મધ્યમાં અતિ ગંભીર છે. અર્થાત્ તેના અદ્ભુત રહસ્યને (સ્વરૂપને) જાણવું અતિ કઠિન છે. તેનું તળિયું અજ્ઞાનરૂપી વજ્રનું છે, અર્થાત્ અજ્ઞાનનો નાશ

કરવો તે વજ્રને તોડવા જેવો દુષ્કર છે. (૧) ચાર કષાયો-રૂપી તેમાં પાતાલ કલશા છે. તે તૃષ્ણારૂપી વાયુથી ભરેલા છે; અને સંકલ્પરૂપી પવન પ્રકુપિત થતાં જીવનો સંસાર વધવા રૂપ તેમાં ભરતી આવે છે, અને સંકલ્પ શાન્ત થતાં સંસારમાં ઓટ આવે છે. અર્થાત્ સંસાર તૂટે છે. (૨) વિષયેચ્છારૂપી વડવાનલ (અગ્નિ) તેમાં સ્નેહને (સમુદ્ર પક્ષે જળને) બાળી રહ્યો છે. અર્થાત્ વિષયોના રાગથી જીવોને મૈત્રીઆદિ, શુભભાવોનો નાશ થતાં સ્નેહ તૂટે છે. વળી જે સંસારસમુદ્રમાં રોગ–શોકરૂપી ભયંકર મચ્છ–કચ્છપાદિ (જળચર) જીવો આત્માની આત્મસંપત્તિરૂપી રુધિરને ચૂસી મુડદાલ બનાવે છે. (૩) જેમાં દુર્બુદ્ધિરૂપી વીજળી, મત્સ્ય-રૂપી તોફાની પવન અને દ્રોહરૂપી ગર્જનાઓના ખળભળાટ ચાલે છે, તેથી મુક્તિમાર્ગના મુસાફર આત્માઓ માર્ગભ્રષ્ટ થઈ સંકટોમાં સપડાય છે. (૪) આવા અતિભયંકર સંસારસમુદ્રથી સદા ઉદ્વિગ્ન જ્ઞાનીઓ સર્વપ્રયત્ને તેમાંથી પાર ઉતરવાના સત્ય ઉપાયોને ઇચ્છે છે, પ્રયત્નપૂર્વક શોધે છે. (૫)

તે ઉપાયો કેવા અપ્રમત્તપણે કરે છે, તે જણાવે છે—

**तैलपात्रधरो यद्वद्, राधावेधोद्यतो यथा ।**
**क्रियास्वनन्यचित्तः स्याद्, भवभीतस्तथा मुनिः ॥६॥**

અર્થ : જે રીતે તેલના પાત્રનો ધારક, તથા જે રીતે રાધાવેધ માટે ઉદ્યત મનુષ્ય ક્રિયામાં એકાગ્ર ચિત્ત બને તે રીતે સંસારથી ડરેલો મુનિ ક્રિયામાં એકાગ્ર ચિત્ત બને.

ભાવાર્થ : અહીં ભયભીત થયેલો આત્મા આ સંસારસમુદ્રને તરવા કેવો અપ્રમત્ત બને, તે જણાવવા એ દૃષ્ટાન્ત આપ્યા છે. તે આ પ્રમાણે—

૧. એક શેઠના પુત્રને 'મન સ્થિર કરી શકાય જ નહિ', તેવો આગ્રહ હતો, તેને સમજાવવા રાજાએ (કોઈ યુક્તિથી) ગુનેગાર બનાવરાવ્યો, અને તેને દેહાન્તદંડની શિક્ષા ફરમાવી. છેવટે તેના વાલીઓની વિનંતીથી રાજાએ જણાવ્યું કે તેલથી સંપૂર્ણ છલોછલ ભરેલું પાત્ર હાથમાં લઈ સમગ્ર નગરમાં ફરીને પાછો આવે તો તેની સજા માફ કરું, જો રસ્તે ચાલતાં એક બિંદુ પણ તેલ નીચે પડશે તો ત્યાં જ તેનો શિરચ્છેદ થશે. મરણમાંથી બચવાનો અન્ય ઉપાય ન હોવાથી શેઠના પુત્રે તે કબૂલ રાખ્યું, અને રાજાએ તેલથી છલોછલ ભરેલું છીછરું પાત્ર તેના હાથમાં પકડાવ્યું. તેની સાથે ખુલ્લી તલવારવાળા મારાઓને રાખ્યા અને સમગ્ર શહેરના રાજમાર્ગો ઉપર પાંચે ઇન્દ્રિયોને આકર્ષણ કરે તેવાં સંગીત, નાટકો, દશ્યો તથા સુગંધીમાન સ્વાદિષ્ટ પદાર્થો વગેરે એવા ગોઠવાવ્યા કે ત્યાગી વિરાગી પણ લલચાય. છતાં "પાત્રમાંથી એક પણ બિંદુ નીચે પડતાં જ સાથે ચાલતા મારાઓ ધડ–મસ્તક જુદું કરી દેશે." એવો તીવ્ર મરણનો ભય હોવાથી શેઠ–પુત્ર દત્તચિત્તો પાત્રની રક્ષા કરતો સમગ્ર રાજ્યમાર્ગો ફરીને રાજાની સન્મુખ આવી પહોંચ્યો, ત્યારે રાજાએ પૂછ્યું, રાજ્યમાર્ગમાં તેં શું જોયું–જાણ્યું ? તેણે કહ્યું, માત્ર તેલ

પાત્ર સિવાય મેં કંઈ જોયું કે જાણ્યું નથી, મારું મન તો તેલપાત્રમાં જ સ્થિર હતું. આ પ્રયોગથી રાજાએ તેને સમજાવ્યું કે એક જ મરણના ભયથી તું મનને સ્થિર કરી શક્યો, તો ભાવિ અનેકાનેક મરણથી ભય પામેલા જ્ઞાનીઓ વિષયોથી મનને અલિપ્ત કેમ ન રાખી શકે? અર્થાત્ રાખી શકે. એમ તે શેઠપુત્રે સ્વીકાર્યું. એમ મરણના ભયથી શેઠ પુત્ર જેમ પોતાના કાર્યમાં એકાગ્રચિત્ત બન્યો તેમ સંસારથી ભય પામેલો મુનિ ક્રિયામાં અનન્ય ચિત્ત બની રહે છે.

૨. એ જ રીતે સુરેન્દ્રદત્ત નામના એક રાજપુત્રને રાધાવેધનો પ્રસંગ હતો, ત્યારે તેને જણાવવામાં આવ્યું હતું કે જો નિષ્ફળ જઇશ તો આ બાજુમાં રહેલા શસ્ત્રધારીઓ ત્યાં જ તારું મસ્તક છેદી નાંખશે. એ ભયથી આજુબાજુમાં તેને ચૂકાવવાના પ્રયોગો ગોઠવેલા છતાં મનને સ્થિર કરી દુષ્કર એવો પણ રાધાવેધ તેણે સાધ્યો હતો.

સંસારસમુદ્રને તરવો તે રાધાવેધથી પણ દુષ્કર છે. માટે સંસારથી ભય પામેલો મુનિ પોતાની ક્રિયામાં સતત મનને એકાગ્ર બનાવી સંસારસમુદ્રને તરી જાય છે. તાત્પર્ય કે પરભાવમાં જતા મનને સ્થિર કરવાથી જ સંસારને પાર કરી શકાય છે.

હવે સંસારનો ભય જાગતાં મરણ વગેરે ઉપસર્ગોનો ભય ટળી જાય છે, તે કહે છે—

विषं विषस्य वह्नेश्च, वह्निरेव यदौषधम् ।
तत्सत्यं भवभीताना–मुपसर्गेऽपि यन्न भीः ॥७॥

અર્થ : ઝેરનું ઔષધ ઝેર, અરે અગ્નિનું ઔષધ અગ્નિ જ છે, તે સત્ય છે, કારણ કે સંસારથી ભય પામેલાઓને ઉપસર્ગમાં પણ ભય લાગતો નથી.

ભાવાર્થ : રોગના ઝેરને મારવા ઝેરી દવાનો ઉપયોગ વૈદ્ય-ડોકટરો કરે છે, અને અગ્નિથી દાઝેલા વગેરેને પણ શેક વગેરેના ઉપાયો કરવામાં આવે છે, તેમ સંસારના ભય જાગવાથી ઉપસર્ગોનો ભય ટળી જાય છે. સંસારમાં જે સાત ભયોથી જીવો રિબાય છે તે જો ભવભ્રમણનો ભય જાગે તો બધા ભયો ટળી જાય. અર્થાત્ ભવભ્રમણથી ડરેલો મરણથી પણ ડરતો નથી. મરણને ભેટીને પણ ધર્મની–આત્માની રક્ષા કરે છે.

ભવભયથી મુનિ સ્થિરતાને પામી અંતે સર્વથા નિર્ભયપદને પ્રાપ્ત કરે છે, તે કહે છે કે —

स्थैर्यं भवभयादेव, व्यवहारे मुनिर्व्रजेत् ।
स्वात्मारामसमाधौ तु, तदप्यन्तर्निमज्जति ॥८॥

અર્થ : વ્યવહાર નયથી મુનિ સંસારના ભયથી જ (સ્વભાવમાં) સ્થિરતાને પામે છે, અને પોતાની આત્માનંદ-રૂપ સમાધિ પ્રગટતાં તો તે ભય પણ સમાધિમાં અંતર્ભૂત થઈ જાય છે.

ભાવાર્થ : પ્રાથમિક કક્ષામાં મુનિ સંસારના ભયથી પોતાના સ્વરૂપમાં સ્થિર થાય છે, અને જ્યારે તેને આત્માનંદરૂપ સમાધિ (સ્વરૂપરમણુતા) પ્રગટે છે, ત્યારે તો તે ભય પણુ સમાધિમાં જ અંતર્ભૂત (સમાધિરૂપ) બની જાય છે. અર્થાત્ પછી તેને ભવભય પણુ રહેતો નથી. સર્વથા નિર્ભય અવસ્થાને પ્રાપ્ત કરે છે. જડ–ચેતનનું ભેદજ્ઞાન થયા પછી તેને પોતાનું લૂંટાવા જેવું કંઈ રહેતું નથી. કારણુ કે આત્માના જ્ઞાનાદિ સ્વભાવ સિવાય વિશ્વમાં તેનું કંઈ રહેતું નથી, અને જ્ઞાનાદિ ગુણો સ્વભાવરૂપ હોવાથી તેના નાશનો ભય રહેતો નથી, એમ તે સર્વથા નિર્ભયપદને વરે છે.

સંસારથી ઉદ્વિગ્ન આત્માને પણુ લોકસંજ્ઞા આત્મસ્વરૂપ સાધનામાં બાધક બને છે, માટે હવે લોકસંજ્ઞાનો ત્યાગ કરવા માટે કહે છે–

## ૨૩. લોકસંજ્ઞાત્યાગ અષ્ટક

**प्राप्तः षष्ठं गुणस्थानं, भवदुर्गाद्रिलङ्घनम् ।**
**लोकसंज्ञारतो न स्यान्मुनिर्लोकोत्तरस्थितिः ॥१॥**

**અર્થ** : સંસારરૂપ વિષમ પર્વતનું ઉલ્લંઘન કરવારૂપ છઠ્ઠા પ્રમત્ત(સર્વવિરતિ) ગુણસ્થાનકને પામેલો એવો લોકોત્તર માર્ગમાં રહેલો મુનિ લોકસંજ્ઞામાં રાગ ન કરે.

**ભાવાર્થ** : સંસાર અતિ વિષમ પર્વતને ઓળંગવા જેવો કઠિન છે, તેને ઓળંગવા માટે ચૌદગુણસ્થાનકની (જીવની તે તે પ્રકારની ઉત્તરોત્તર ગુણવિશિષ્ટતા રૂપ) મર્યાદાઓ જણાવેલી છે. તેમાં પ્રથમ છ ગુણસ્થાનક વિષમ પર્વત ઉપર ચઢવા જેવાં કઠિન છે, કારણ કે ત્યાં મિથ્યાત્વનું, કષાયોનું અને વિષયોના રાગરૂપ પ્રમાદનું તીવ્ર જોર હોય છે. પ્રમાદ અવસ્થાનું છેલ્લું ગુણસ્થાનક તે છઠ્ઠું ગુણસ્થાનક છે. તે પછી પ્રમાદ ટળી જવાથી અપ્રમત્તદશા પ્રગટે છે. અપેક્ષાએ કહીએ તો ત્યાંથી આગળ વધવામાં સરળતા હોય છે, તેથી જીવ સાતથી તેરમા ગુણસ્થાને એક જ અંતમુહૂર્તમાં ચઢી શકે છે. માટે અહીં છઠ્ઠા ગુણસ્થાનકને સંસારરૂપ વિષમ પર્વતને ઉલ્લંઘન કરવા તુલ્ય કહ્યું છે. પણ એ ભૂમિએ પહોંચ્યા પછી પણ ત્યાં લોકસંજ્ઞા (યશ કીર્તિ–માન સન્માન)ને કારણે પતનનો ભય હોય છે.

માટે અહીં જણાવ્યું કે મોક્ષમાર્ગમાં રહેલો મુનિ છઠ્ઠા ગુણસ્થાનકને પામીને (યશ કીર્તિ–માન સન્માન રૂપ) લોક-સંજ્ઞામાં ફસાય નહિ.

હવે લોકસંજ્ઞાનો પ્રભાવ વર્ણવે છે—

**यथा चिंतामणिं दत्ते, बटरो बदरीफलैः ।**
**हहा जहाति सद्धर्मं, तथैव जनरञ्जनैः ॥२॥**

અર્થ : જેમ મૂર્ખ (ચપટી) બોરના સાટે ચિંતા-મણિને આપી દે છે, તેમ ખેદ રૂપ છે કે (મૂર્ખ–અજ્ઞજીવ) લોકરંજનની ખાતર ઉત્તમધર્મને તજી દે છે.

ભાવાર્થ : ખેદજનક છે કે બાળક જેમ બોરની લાલચથી ચિંતામણિને આપી દે તેમ અજ્ઞાન–મૂઢ જીવ લોકરંજનની લાલચે ચિંતામણિથી પણ અતિ દુર્લભ એવા શ્રેષ્ઠધર્મને તજી દે છે.

લોકેષણા એવી વિષમ છે કે જીવતી ચામડી ઉતારતાં પણ કોઈ "અહો ! આવું દુઃખ સહન કરનારા આ મહાત્મા મહાવૈરાગી છે. મહાસત્ત્વશાળી છે." વગેરે કોઈ તેની પ્રશંસા કરે, તો ક્ષણ વાર ચામડી ઉતારતાં થતી વેદનાને પણ જીવ વિસરી જાય. એમ અનાદિ કાળની વેરણ છતાં તે મહત્ત્વાકાંક્ષાને તજવી દુષ્કર છે. માટે જ અજ્ઞ–મૂઢ જીવો જનરંજનની લાલચે અનંત શાશ્વત સ્વાભાવિક સુખને પ્રાપ્ત કરાવનાર એવા ધર્મને તજી દે છે. અર્થાત્

લોકૈષણાનો જય દુષ્કર છે. મહાયોગીઓ પણ તેનાથી હારી જાય છે, અને ભવમાં ભટકતા થઈ જાય છે.

પુનઃ એ જ હકીકત જણાવે છે–

लोकसंज्ञामहानद्यामनुश्रोतोऽनुगा न के ।
प्रतिश्रोतोऽनुगस्त्वेको, राजहंसो महामुनिः ॥३॥

અર્થ : લોકસંજ્ઞારૂપ મોટી નદીમાં–પ્રવાહના વહેણમાં કોણ તણાતા નથી ? સામે પૂરે તરનાર તો એક મહામુનિરૂપી રાજહંસ છે.

ભાવાર્થ : નદીમાં મચ્છ–કચ્છપ વગેરે જળચરો, અને કાષ્ટ વગેરે સર્વ પ્રાયઃ પાણીનો પ્રવાહ જે તરફ વહેતો હોય તે તરફ જાય છે, કારણ કે પ્રવાહના બળે ચાલતાં કષ્ટ પડતું નથી, સામા પૂરે તરવામાં કષ્ટ લાગે છે. એક રાજહંસ જ એવું પ્રાણી છે કે જે સામા પૂરે ગતિ કરે છે. તેમ સંસારસમુદ્રમાં પણ પ્રાયઃ સર્વજીવો લોકપ્રવાહે જ ચાલતા હોય છે, લોકૈષણાનો ત્યાગ કરી મુક્તિના માર્ગે ચાલનાર તો એક રાજહંસ જેવા મહામુનિ જ હોય છે. સંસારમાં પ્રાયઃ સર્વ કોઈ અનુકૂળતાનો પક્ષ કરનાર હોય છે, અને તે અનુકૂળતાનો પક્ષ પ્રાણીઓને સંસારમાં ભટકાવે છે. એક મહામુનિ જ અનુકૂળતાને તજીને પ્રતિકૂળતામાં પ્રસન્ન રહે છે. રાગને તજી વૈરાગ્યનો સહજ આનંદ અનુભવે છે.

લોકમાર્ગ ભવભ્રમણ કરાવનાર છે, તે જણાવે છે–

**लोकमालम्ब्य कर्त्तव्यं, कृतं बहुभिरेव चेत् ।**
**तदा मिथ्यादृशां धर्मो, न त्याज्यः स्यात्कदाचन ॥४॥**

અર્થ : જો લોકને અનુસરીને ઘણાઓએ કર્યું, માટે આપણે પણ તેમ કરવું જોઇએ (એમ માનીએ) તો મિથ્યા-દૃષ્ટિઓનો ધર્મ કદી પણ તજવા યોગ્ય ન બને!

ભાવાર્થ : વિશ્વમાં સદૈવ લોકપ્રવાહના પક્ષકાર ઘણા હોય છે, માટે ઘણાઓ જે કરે તે કરવા યોગ્ય માનીએ તો મિથ્યાદૃષ્ટિઓનો ધર્મ કદાપિ તજી શકાય નહિ. પ્રાયઃ જીવો અનાદિ કાળથી લોકૈષણાને વશ લોકના માર્ગે ચાલ-નારા છે. મુક્તિના માર્ગે તો કોઈ વિરલ ચાલે છે. માટે ઘણા કરે તે નહિ કરતાં થોડા પણ જ્ઞાનીઓ જે માર્ગે ચાલે તે માર્ગે ચાલવું જોઇએ. એમાં જ આત્માનું સાચું હિત છે.

એ જ વાતને દૃષ્ટાન્તપૂર્વક જણાવે છે––

**श्रेयोऽर्थिनो हि भूयांसो, लोके लोकोत्तरे न च ।**
**स्तोका हि रत्नवणिजः, स्तोकाश्च स्वात्मसाधकाः ॥५॥**

અર્થ : લોકમાર્ગમાં અને લોકોત્તરમાર્ગમાં કલ્યાણ-ના અર્થી ઘણા હોતા નથી. ઝવેરીઓ થોડા હોય છે; અને સ્વઆત્મહિત સાધનારા પણ થોડા જ હોય છે.

**ભાવાર્થ** : આ લોકમાં કે પરલોકમાં પણ મુક્તિની સાધના કરનારા ઘણા હોતા નથી. બાહ્ય સુખ સૌને ઇષ્ટ છે. તેથી આ જન્મમાં કે પરજન્મમાં બાહ્ય સુખ સાધનારા ઘણા હોય છે. મુક્તિના સાધક ઘણા હોતા નથી. જગત સ્વભાવે પણ જેમ રત્નના વેપારીઓ (ઝવેરીઓ) થોડા હોય છે. તેમ સ્વ-આત્મહિતના (મુક્તિના) સાધક પણ થોડા જ હોય છે. અર્થાત્ આત્મતત્ત્વનો બોધ (જ્ઞાન) અતિ દુર્લભ છે, તેથી પણ તેની રુચિ અતિતરદુર્લભ છે, અને તેથી પણ તેની સાધના અતિતમ દુષ્કર છે.

લોકસંજ્ઞાને વશ પડેલા જીવોનું સ્વરૂપ જણાવે છે—

**लोकसंज्ञाहता हन्त ! नीचैर्गमनदर्शनैः ।**
**शंसयन्ति स्वसत्याङ्ग–मर्मघातमहाव्यथाम् ॥६॥**

**અર્થ** : ખેદજનક છે કે લોકૈષણાથી પરાભવ પામેલા જીવો, પોતે નીચું (ધીમે) ચાલવાથી અને નીચું જોવાથી જાણે પોતાના સત્યરૂપી અંગમાં મર્માઘાત થવાથી મહાવેદનાને અનુભવતા હોય તેમ જણાવે છે.

**ભાવાર્થ** : ખેદકારક છે કે લોકમાં યશ મેળવવા માટે ધીમી ગતિએ, અને નીચું જોઈને ચાલતા જીવો જાણે પોતાના (આત્માના) સત્યરૂપ શરીરમાં મર્માઘાત થવાથી મહાપીડાને અનુભવતા હોય તેમ લોકોને જણાવે છે.

જેમ કોઈ માણસને મર્મસ્થાનમાં પ્રહાર થવાથી શીઘ્ર ચાલી શકે નહિ, અને ઊંચું દેખી શકે નહિ, તેમ

બાહ્ય કીર્તિની ઇચ્છાથી લોકોને પ્રસન્ન કરવા–નીચું જોઇને ધીમે ધીમે ચાલનારા મનુષ્યો પણ પોતે (સાચોમાર્ગ છોડી-ને ઊલટા માર્ગે ચાલતા હોવાથી) સત્યરૂપી અંગને (આત્માના સ્વરૂપને) ઘાત થવાથી જાણે મહાવ્યથાથી પીડાતા હોય એમ પોતાની જાતને જાહેર કરે છે, એમ ગ્રન્થકારે ઉત્પ્રેક્ષા કરી છે.

હવે ધર્મ આત્મસાક્ષીએ સિદ્ધ થાય છે, લોકરંજનની જરૂર નથી એ વાત જણાવે છે--

आत्मसाक्षिकसद्धर्म–सिद्धो किं लोकयात्रया ?
तत्र प्रसन्नचंद्रश्च, भरतश्च निदर्शने ॥७॥

અર્થ : આત્મસાક્ષીએ સિદ્ધ થતા સધર્મમાં લોક-સાક્ષીનું શું પ્રયોજન છે? આ વિષયમાં રાજર્ષિ પ્રસન્ન-ચંદ્ર અને ભરતચક્રી દૃષ્ટાન્ત રૂપ છે.

ભાવાર્થ : આત્મધર્મ એટલે આત્મશુદ્ધિ, એને તો આત્મા પોતે જ જાણી શકે, બીજા છદ્મસ્થ સામાન્ય લોક જાણી શકતા નથી માટે લોકોને જણાવવાનું કોઈ પ્રયોજન નથી. પોતાના આરોગ્યને કે રોગને અનુભવ પોતાને થાય કે કોઈ વૈદ્ય પરીક્ષા કરી શકે, બીજા અજ્ઞ લોકો બીજાના રોગ–આરોગ્યને ન સમજી શકે. તેમ પોતાના ધર્મ (આત્મશુદ્ધિ-આરોગ્ય) ને પોતે અથવા વિશિષ્ટજ્ઞાનીઓ જાણી શકે, તેમાં સામાન્ય લોકોની સાક્ષી નિરુપયોગી છે, તો શા

માટે લોકોને જણાવવું જોઈએ ? આ વિષયમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિ અને ભરતચક્રીનાં દૃષ્ટાન્તો જૈન સાહિત્યમાં પ્રસિદ્ધ છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિએ વનમાં કેવળ પોતાના આંતર વ્યાપારથી અને ભરતચક્રીએ આરિસાભુવનમાં અનિત્ય ભાવનાથી આત્મસાક્ષીએ કેવળજ્ઞાનને પ્રગટ કર્યું હતું.

હવે ઉપસંહાર કરતાં કહે છે–

**लोकसंज्ञोज्झितः साधुः, परब्रह्मसमाधिमान् ।**
**सुखमास्ते गतद्रोह–ममतामत्सरज्वरः ॥८॥**

અર્થ : લોકસંજ્ઞાથી મુક્ત, પરમ આત્મતત્ત્વમાં સમાધિને અનુભવતો, તથા દ્રોહ–મમતા અને મત્સરરૂપ જ્વરથી રહિત સાધુ સુખે રહે છે.

ભાવાર્થ : લોકૈષણાથી પર બનેલો સાધુ લોકૈષણાને તજવાથી સ્વભાવમાં સ્થિર બને છે, તેથી કોઈનો દ્રોહ, કોઈ અન્ય પદાર્થની મમતા, કે મત્સર વગેરે તેના વિકારો ટળી જાય છે, માત્ર એક પરબ્રહ્મ એટલે પરમાત્મ સ્વરૂપમાં રમતો તે સમાધિપૂર્વક સુખે રહે છે. સ્વરૂપરમણતાની પરમ સમાધિના સુખને ભોગવે છે. બધી ઉપાધિ લોકૈષણાના કારણે હોય છે. તેને તજવાથી સમાધિનો પરમઆનંદ અનુભવી શકાય છે, માટે સાધુ લોકૈષણાથી મુક્ત બની માત્ર સ્વરૂપાનંદને અનુભવે છે.

હવે સાધનામાં શાસ્ત્રદષ્ટિની મહત્તા હોવાથી તેને જણાવતાં કહે છે કે—

## ૨૪. શાસ્ત્રદૃષ્ટિ અષ્ટક

**चर्मचक्षुर्भृतः सर्वे, देवाश्चावधिचक्षुषः ।**
**सर्वतश्चक्षुषः सिद्धाः, साधवो शास्त्रचक्षुषः ॥१॥**

**અર્થ** : સર્વ મનુષ્યો ચામડાનાં નેત્રોને ધારણ કરનારા, દેવો અવધિજ્ઞાનરૂપ ચક્ષુવાળા, સિદ્ધો સર્વઆત્મ-પ્રદેશોરૂપ ચક્ષુવાળા અને સાધુઓ શાસ્ત્રરૂપ ચક્ષુવાળા હોય છે.

**ભાવાર્થ** : જીવન સાધનામાં નેત્રોનું ઘણું મહત્ત્વ છે, જોયા જાણ્યા વિનાની પ્રવૃત્તિ અંધતુલ્ય નિષ્ફળ–અહિતકર બને છે. તેથી અહીં વિવિધ દૃષ્ટિનું સ્વરૂપ જણાવે છે. તેમાં સર્વ સામાન્ય મનુષ્યો બાહ્ય ચર્મચક્ષુથી દેખાય તેને પૂર્ણ સત્ય માને છે, દેવો અવધિજ્ઞાનરૂપ આંતરચક્ષુના આધારે વર્તન કરે છે. સિદ્ધો સર્વ આત્મ પ્રદેશે પ્રગટેલા કેવળજ્ઞાન–કેવળદર્શનરૂપ બે નેત્રો દ્વારા સર્વ આત્મપ્રદેશથી સમગ્ર વિશ્વને જાણે દેખે છે. અને સાધુ પુરુષો શાસ્ત્રરૂપ ચક્ષુથી તે તે ત્રૈકાલિક ભાવોને જાણીને તે પ્રમાણે વર્તન કરે છે.

અહીં ચર્મચક્ષુ કેવળ પરિમિત વસ્તુના બાહ્યરૂપને જ જણાવનાર હોવાથી તે વિશ્વસનીય નથી. અવધિજ્ઞાન આત્મપ્રત્યક્ષ હોવાથી વિશ્વસનીય છતાં માત્ર રૂપી પરિમિત

પદાર્થોને જ જણાવે છે. શાસ્ત્ર કેવળી કથિત હોવાથી પરોક્ષ છતાં સત્ય અને ત્રણે કાળના ત્રણે લોકના રૂપી-અરૂપી સર્વ પદાર્થોને જણાવનાર હોવાથી સાધુઓ તેનો આશ્રય કરે છે, પરોક્ષ છતાં કેવળી કથિત હોવાથી અવધિની અપેક્ષાએ તેનું મહત્ત્વ વિશેષ છે, અને સિદ્ધો તો સમ્પૂર્ણ કેવળજ્ઞાન થવાથી તેમના સર્વ આત્મપ્રદેશો ચક્ષુરૂપ હોવાથી સમગ્ર વિશ્વના સર્વ ભાવોને તે પ્રત્યક્ષ દેખે છે.

હવે મનુષ્યને શાસ્ત્રચક્ષુનું મહત્ત્વ હોવાથી તેને જણાવતાં કહે છે કે-

**पुरः स्थिरतानिवोर्ध्वाध-स्तिर्यग्लोकविवर्तिनः ।**
**सर्वान् भावानवेक्षन्ते, ज्ञानिनः शास्त्रचक्षुषा ॥२॥**

**અર્થ :** જ્ઞાનીઓ શાસ્ત્રરૂપ ચક્ષુ દ્વારા ઊર્ધ્વ-અધો અને તિર્છા લોકમાં તે તે રૂપે રહેલા સર્વ પદાર્થો જાણે સામે પ્રત્યક્ષ રહેલા હોય તેમ દેખે છે.

**ભાવાર્થ :** શ્રુતજ્ઞાની મુનિવરો શાસ્ત્રરૂપ ચક્ષુથી ત્રણે-લોકમાં (સમગ્ર વિશ્વમાં) તે તે રૂપમાં રહેલા અને નવા નવા પર્યાયોને પ્રાપ્ત કરતા સર્વ પદાર્થોને જાણે નજર સામે (પ્રત્યક્ષ) જોતાં હોય તેમ મન દ્વારા દેખે છે. (અર્થાત્ શ્રુતજ્ઞાન સહિત માનસ અચક્ષુ દર્શનથી પ્રત્યક્ષની જેમ દેખે છે.)

અહીં એટલું વિશેષ સમજવું કે કેવળી જે સર્વ ભાવોને જુએ છે તે શ્રુતજ્ઞાનીની અપેક્ષાએ અનંતગુણ વિશિષ્ટ જુએ છે, અને શ્રુતજ્ઞાનથી સર્વ પદાર્થોનું જ્ઞાન થવા છતાં તે કેવળજ્ઞાનની અપેક્ષાએ અનંતગુણ હીન હોય છે.

હવે શાસ્ત્ર શબ્દની વ્યાખ્યા અને સ્વરૂપ જણાવતાં કહે છે કે-

**शासनात् त्राणशक्तेश्च, बुधैः शास्त्रं निरुच्यते ।**
**वचनं वीतरागस्य, तत्तु नाऽन्यस्य कस्यचित् ॥३॥**

અર્થ: પંડિતો (શાસ્ત્રને) હિતશિક્ષા કરનાર હોવાથી અને તેમાં રક્ષણશક્તિ હોવાથી (શાસ્+ત્ર=) શાસ્ત્ર કહે છે, તે શાસ્ત્ર તો વીતરાગનું જ વચન છે. બીજા કોઈનું વચન શાસ્ત્ર નથી.

**ભાવાર્થ**: પંડિતો 'શાસ્ત્ર' એવું સાન્વર્થ નામ તેનામાં શાસન (હિતશિક્ષા) કરવાની અને (ત્રાણ=) રક્ષણ કરવાની શક્તિ હોવાથી કહે છે, તે શાસ્ત્ર તો વીતરાગનું જ વચન હોઈ શકે, બીજા કોઈનું પણ નહિ. કારણ કે જેનામાં અજ્ઞાન કે અલ્પજ્ઞાન તથા રાગાદિ દૂષણો હોય, તે છદ્મસ્થ વિશ્વના સર્વભાવોને સંપૂર્ણ જાણી શકે નહિ, અને શુદ્ધ (સત્ય) પ્રરૂપી શકે પણ નહિ, વીતરાગ જ સર્વજ્ઞ-સર્વદેશી અને રાગાદિ કલંકોથી મુક્ત હોવાથી તેનું જ વચન પરમાર્થથી હિતકર અને રક્ષક બની શકે, માટે તેનું જ વચન એ શાસ્ત્ર બની શકે.

હવે આવા શાસ્ત્રને સમર્પિત થવાથી થતા લાભો જણાવતાં કહે છે કે–

**शास्त्रे पुरस्कृते तस्माद्, वीतरागः पुरस्कृतः ।**
**पुरस्कृते पुनस्तस्मिन्, नियमात् सर्वसिद्धयः ॥४॥**

અર્થ : (વીતરાગનું વચન જ શાસ્ત્ર બની શકે) તેથી શાસ્ત્રને મુખ્ય કરવાથી (શરણુ સ્વીકારવાથી) તત્ત્વથી વીતરાગને આગળ કર્યા (તેનું શરણુ સ્વીકાર્યું) કહેવાય, અને વીતરાગને આગળ કરવાથી (સમર્પિત થવાથી) નિશ્ચે સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ : શાસ્ત્ર વીતરાગ કથિત હોવાથી શાસ્ત્રને અનુસરનાર તત્ત્વથી વીતરાગને અનુસરે છે, અને વીતરાગને અનુસરવાથી સર્વ (કાર્યોની) સિદ્ધિઓ થાય છે. કારણુ કે તે વીતરાગ અને સર્વજ્ઞ હોવાથી તેના વચન મુજબ પ્રવૃત્તિ કરનારની કોઈ ક્ષતિ થાય નહિ અને સર્વકાર્યો સિદ્ધ થાય જ.

હવે શાસ્ત્રનો જેઓ અનાદર કરે છે તેમને ઉદ્દેશીને કહે છે કે–

**अदृष्टार्थेऽनुधावन्तः, शास्त्रदीपं विना जडाः ।**
**प्राप्नुवन्ति परं खेदं, प्रस्खलन्तः पदे पदे ॥५॥**

**અર્થ** : શાસ્ત્રરૂપી દીપક વિના અજાણ્યા માર્ગે દોડતા જડ મનુષ્યો પગલે પગલે ઠોકરાય છે, અને અત્યંત ખેદને પામે છે.

**ભાવાર્થ** : અજાણ્યા માર્ગે અંધારામાં દીવા વિના ચાલતા મનુષ્યને જેમ પગલે પગલે ઠોકરો લાગે, અને તેથી અતિ ખેદને પામે, તેમ જડ અવિવેકી મોક્ષમાર્ગના મુસાફરો કદી નહિ જોયેલા-જાણેલા અજાણ્યા માર્ગે શાસ્ત્રરૂપી દીપકની સહાય વિના દોડે (સતત પ્રયત્નો કરે) તો પગલે પગલે અર્થાત્ દરેક વિષયમાં ભૂલો થાય અને તેથી તેઓ અત્યંત દુઃખને પામે. જો દ્રવ્યમાર્ગમાં પણ પ્રકાશ વિના ચાલતું નથી તો મોક્ષરૂપી ભાવમાર્ગે જ્ઞાનપ્રકાશ વિના શાસ્ત્ર નિરપેક્ષ પ્રવૃત્તિથી સિદ્ધિ કેમ થાય ?

મુક્તિની સાધનામાં સ્વયં જ્ઞાની, અથવા જ્ઞાનીની નિશ્રાવાળો, એ બેને જ યોગ્ય કહ્યા છે. જેમ સ્વયં દેખતો અથવા દેખતાની આંગળી પકડીને ચાલનારો જ યથાસ્થાન પહોંચી શકે, તેમ અહીં પણ વિચારવું.

શાસ્ત્રનિરપેક્ષ આરાધનાની નિષ્ફળતા દૃષ્ટાન્તપૂર્વક જણાવતા કહે છે કે-

**शुध्धोञ्छाद्यपि शास्त्राज्ञा-निरपेक्षस्य नो हितम् ।**
**भौतहन्तुर्यथा तस्य, पदस्पर्शनिवारणम् ॥६॥**

**અર્થ :** જેમ ભૌતમતિના ઘાતકને તેના પગનો સ્પર્શ નહિ કરવાનું વિધાન હિતકર ન બન્યું, તેમ શાસ્ત્ર આજ્ઞાની ઉપેક્ષા કરનાર સ્વચ્છંદમતિને શુદ્ધ આહાર ગવેષણા વગેરે ક્રિયાઓ પણ હિતકર ન થાય.

**ભાવાર્થ :** તત્ત્વથી તો શાસ્ત્રનો આદર મોહમંદતાથી જ થાય છે. જેને મોહની મંદતા થાય છે, તે પોતાને અજ્ઞાની સમજે છે, તેથી તેને શાસ્ત્રો મહા ઉપકારી લાગે છે. મોહમૂઢની મતિ કુમતિ હોય છે. તેથી તે સારાસારનો વિવેક કરી શકતો નથી, અને વિવેક વિનાની પ્રવૃત્તિ હાનિ કરનાર બને છે. તેથી શાસ્ત્ર નિરપેક્ષ સ્વચ્છંદ મતિ આત્મા ગમે તેવી કષ્ટ ક્રિયા કરે તો પણ તેનું હિત થતું નથી, અહિત થાય છે. જો શાસ્ત્રનો આદર નથી તો એ જે કષ્ટ ક્રિયાઓ કરે છે તે કોની આજ્ઞાથી કરે છે? જો મનની આજ્ઞાથી કરે છે, તો તે મન મોહને વશ હોવાથી અહંકાર રૂપ જ છે, માટે તે શુદ્ધ આહાર ગવેષણાદિ જે જે સારી પણ ક્રિયા કરે તે પણ તેને તત્ત્વથી હિતકર થતી નથી.

ભૌતમતિનું દૃષ્ટાન્ત આ પ્રમાણે છે. ભૌતમતિ સાધુ એકદા પોતાના ભક્ત ભીલ્લરાજા પાસે ગયો, ત્યારે રાણીને તે સાધુ પાસેનું સુંદર મયૂરપીચ્છનું છત્ર ગમી ગયું, અને તે છત્ર લેવાની ઇચ્છા થઇ. તેથી રાજાએ સાધુ પાસે માગણી કરી, પણ ભૌતમતિએ છત્ર આપ્યું નહિ, અને ચાલ્યો ગયો. આજ્ઞાભંગ થવાથી રાજાએ સુભટને આજ્ઞા કરી કે ભૌતમતિને હણીને પણ છત્ર લાવો, માત્ર તેના

ચરણો પૂજ્ય છે, માટે ચરણોને ઘા નહિ કરવો. રાજાની આજ્ઞા પ્રમાણે સુભટે ભૌતમતિના ચરણને ન લાગે તે રીતે બાણથી તેને હણ્યો અને છત્ર લાવી રાજાને આપ્યું.

અહીં રાજાની ભૌતમતિના ચરણની મૂઢ ભક્તિ જેવી, સ્વછંદમતિની શુદ્ધ આહાર પાણી ગવેષણાદિ ક્રિયા સમજવી અને ભૌતમતિનો વધ કરવા તુલ્ય શાસ્ત્રનો અનાદર સમજવો.

હવે શાસ્ત્રની ઉપયોગિતા અને તેનું મહત્ત્વ જણાવતાં કહે છે કે—

अज्ञानाऽहिमहामन्त्रं, स्वाच्छन्द्यज्वरलङ्घनम् ।
धर्मारामसुधाकुल्यां, शास्त्रमाहुर्महर्षयः ॥७॥

અર્થ : મહર્ષિઓ, શાસ્ત્રને અજ્ઞાનરૂપી સર્પને માટે મહામંત્ર તુલ્ય, સ્વચ્છંદતારૂપ તાવ માટે લંઘનરૂપ અને ધર્મરૂપી બગીચા માટે અમૃતની નીક તુલ્ય કહે છે.

ભાવાર્થ : અજ્ઞાન એ સર્પના ઝેર કરતાં પણ ભયંકર ઝેર છે, ભવોભવ ભાવ પ્રાણોનો નાશ કરનાર છે, તેનું ઝેર શાસ્ત્રમતિથી ઊતરી જાય છે. સ્વચ્છંદતા પણ મોહનો ઉન્માદી જ્વર છે. તેને ઉતારવા માટે શાસ્ત્રમતિ લાંઘન તુલ્ય છે, અને એ બે રોગને નાશ કરવા પૂર્વક આત્મ ધર્મરૂપ બગીચાનો (પુષ્ટિનો) વિકાસ કરનાર શાસ્ત્ર અમૃતની નીકતુલ્ય છે, એમ મહાજ્ઞાની મહાત્માઓ અનુભવથી કહે છે.

शास्त्रोक्ताचारकर्ता च, शास्त्रज्ञः शास्त्रदेशकः ।
शास्त्रैकदृग् महायोगी, प्राप्नोति परमं पदम् ॥८॥

અર્થ : શાસ્ત્રનો જાણ, શાસ્ત્રમાં કહેલા આચારોનો પાલક શાસ્ત્રનો ઉપદેશ કરનાર, અને શાસ્ત્ર જ જેને એક ચક્ષુ છે, તે મહાયોગી પરમપદને પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ** : અનાદિ અજ્ઞાનરૂપ અંધકારમય જીવનમાં જેને શાસ્ત્રરૂપ ચક્ષુ પ્રાપ્ત થાય છે અર્થાત્ શ્રુતજ્ઞાનાવરણીય કર્મોના ક્ષયોપશમથી જેને શાસ્ત્રના ગંભીર અર્થોને પણ જાણવાની સ્યાદ્વાદ દૃષ્ટિ ખૂલે છે, તે શાસ્ત્રના જાણ, શાસ્ત્ર-કથિત પંચાચારના યથાર્થ પાલક અને નય-નિક્ષેપાદિને અનુસારે તે તે શ્રોતાને યોગ્ય શાસ્ત્રનો ઉપદેશ કરનાર, એ તત્ત્વથી મહાયોગી છે, અને તે પરમપદ–મોક્ષને પ્રાપ્ત કરે છે. શાસ્ત્રનો મહિમા વર્ણવતાં અનેક સ્થળે કહ્યું છે કે શાસ્ત્રની આરાધના મોક્ષનું કારણ બને છે અને શાસ્ત્રની વિરાધના સંસારનું કારણ બને છે.

પરપદાર્થની મમતારૂપ પરિગ્રહવાળાને તત્ત્વથી શાસ્ત્ર-જ્ઞાન થતું નથી. માટે હવે પરિગ્રહ ત્યાગ માટે કહે છે :—

## ૨૫. પરિગ્રહત્યાગ અષ્ટક

**न परावर्तते राशे-र्वक्रतां जातु नोज्झति ।**
**परिग्रहग्रहः कोऽयं, विडम्बितजगत्रयः ॥१॥**

અર્થ: કદાપિ જે રાશિને બદલતો નથી, વક્રતાને તજતો નથી અને ત્રણે જગતને વિડંબના કરે છે, તે આ પરિગ્રહરૂપી ગ્રહ કોઈ આશ્ચર્યકારક છે.

ભાવાર્થ: જ્યોતિશ્ચક્રમાં શનિ-મંગળ વગેરે ગ્રહો છે, તે ક્રમશઃ મેષાદિ રાશિઓમાં સંક્રમે છે, એક જ રાશિમાં સ્થિર રહેતા નથી. વળી કોઈ વાર ઊલટી ગતિએ ચાલવારૂપ વક્રી થાય છે તો પુનઃ માર્ગી (સરળગતિવાળા) પણ થાય છે અને તે જીવોને એકાન્ત પીડતા નથી, સુખ પણ આપે છે. આ પરિગ્રહરૂપી ગ્રહ તો એવો વિલક્ષણ છે કે તે સંસારીજીવો રૂપી રાશીમાં સંક્રમેલો કદાપિ અન્ય રાશિને બદલતો નથી. વળી તે જીવની ગતિથી (સ્વભાવથી) વિપરીત ગતિવાળો છે. અર્થાત્ જીવ સમતા ધર્મવાળો છે અને પરિગ્રહરૂપી ગ્રહ તેથી વિપરીત મમતા ધર્મવાળો છે. વળી તે ત્રણજગતના સર્વ જીવોને પીડે છે, એમ વિલક્ષણ સ્વભાવવાળો આ પરિગ્રહરૂપી ગ્રહ કોઈ અદ્‌ભુત છે.

અથવા આ પરિગ્રહ રૂપી ગ્રહ એવો છે કે તે જેને પીડે તેને જ અન્ય ગ્રહો પીડે છે, અર્થાત્ અન્ય સર્વ ગ્રહોનો

તે નેતા–સ્વામી છે. તેનાથી જે આત્મા મુક્ત થાય છે, તેને અન્ય ગ્રહો પીડવાને બદલે અનુકૂળ બની સુખ આપે છે. માટે સુખના અર્થીએ બીજા ગ્રહોની પીડાથી મુક્ત થવા માટે પ્રથમ પરિગ્રહરૂપી ગ્રહથી મુક્ત થવું જોઈએ.

હવે આ પરિગ્રહની ભયંકરતા જણાવતાં કહે છે કે–

**परिग्रहग्रहावेशाद्, दुर्भाषितरजःकिराम् ।**
**श्रूयन्ते विकृताः किं न, प्रलापा लिङ्गिनामपि ? ॥२॥**

અર્થ : પરિગ્રહરૂપી ગ્રહનો પ્રવેશ થવાથી દુષ્ટવચનરૂપી ધૂળને ફેલાવનારા વેષધારીઓના પણ વિકારવાળા પ્રલાપો શું નથી સંભળાતા ?

ભાવાર્થ : ત્યાગીનો વેષ ધારણ કરવા છતાં પરિગ્રહના આવેશથી અપશબ્દ રૂપ ધૂળને ઉડાડનારા, રાગ–દ્વેષ–અહંકાર વગેરે વિકારવાળાં દુર્વચનો બોલે છે તે શું નથી સંભળાતાં ? સંભળાય છે. અર્થાત્ ત્યાગીનો વેષ ધારણ કરવા છતાં અને વિવિધ કાયકષ્ટરૂપ ક્રિયાઓ કરવા છતાં મિથ્યામતના આગ્રહથી અથવા ધન–ધાન્ય–ક્ષેત્ર–મકાન વગેરેના પરિગ્રહથી ગૃહસ્થની જેમ તેઓ પણ દુર્વચનરૂપી રજને ફેલાવનારાં ક્રોધ–અહંકાર–રાગ–દ્વેષ વગેરે વિકારવાળાં વચનો બોલે છે, એમાં પરિગ્રહ એ જ મુખ્ય હેતુ છે.

હવે અપરિગ્રહનો મહિમા વર્ણવે છે–

**यस्त्यक्त्वा तृणवद् बाह्य–मान्तरं च परिग्रहम् ।**
**उदास्ते तत्पदाम्भाजं, पर्युपास्ते जगत्त्रयी ॥३॥**

**અર્થ :** જે બાહ્ય અને અભ્યંતર (બન્ને) પરિગ્રહને ત્યજીને ઉદાસીન અર્થાત્ રાગદ્વેષરહિતપણે રહે છે, તેના ચરણકમળની પર્યુપાસના ત્રણે જગત કરે છે.

**ભાવાર્થ :** બાહ્ય ધન-ધાન્યાદિ નવ પ્રકારનો અને અભ્યંતર મોહનીયાદિ કર્મના વિપાકરૂપ ચૌદ પ્રકારનો એ બન્ને પરિગ્રહનો ત્યાગ કરીને જે સદા સમતામાં રમે છે, તે મહાત્માના ચરણોને ત્રણે લોકના જીવો પૂજે છે કારણ કે તે દુષ્કરકારી છે.

વિવેકી જીવને તો જે જે સંયોગો પ્રાપ્ત થાય છે, તેમાં નિર્મમભાવ કેળવીને તે પોતાના અપરિગ્રહ (સ્વરૂપ-રમણતા) ગુણને પ્રગટાવવા માટે પ્રયત્નશીલ રહે છે. પરંતુ જે અજ્ઞાની જીવો અવિવેકના કારણો તેમાં રાગમમતા કરે છે તેજ તેમના સંસારનું કારણ બને છે. જીવ ગમે તેટલી મમતા કરે તો પણ આખરે તો સંયોગોનો વિયોગ જ થાય છે. વિયોગ થતાં જીવ મમતાને છોડીને જો સમતાને અનુભવે તો જ તેનો જન્મ સફળ થાય છે. અન્યથા મારું મારું કરતાં મરીને મહાદરિદ્રી બને છે. અને પોષેલી મમતા તેને સતત દુઃખી કરે છે. તત્ત્વથી સંયોગો ભોગવવા માટે નથી પણ વૈરાગ્ય-સમતા પ્રગટાવવા માટે છે. જે મળેલી પણ સુખ-સામગ્રીમાં નિર્મમ રહે છે, તેને ઉત્તરોત્તર સામગ્રી અધિક મળે છે. અને દઢ થયેલી નિર્મમતા તેમાં ઉદાસીન બનાવી ઉત્તરોત્તર અકિંચનતા ગુણને સિદ્ધ કરી અજરામર બનાવે છે.

હવે કેવળ બાહ્યત્યાગની નિષ્ફળતા જણાવે છે—

**चित्तेऽन्तर्ग्रन्थगहने, बहिर्निर्ग्रन्थता वृथा ।**
**त्यागात् कञ्चुकमात्रस्य, भुजगो न हि निर्विषः ।।४।।**

અર્થ : ચિત્ત આંતર પરિગ્રહથી (મમતાથી) વ્યાકુળ હોય તો બાહ્ય નિર્ગ્રન્થતા (ત્યાગ) મિથ્યા છે, માત્ર કાંચળી તજવાથી કંઈ સાપ ઝેરરહિત બનતો નથી.

ભાવાર્થ : જો ચિત્ત મમતા રૂપ અભ્યંતર પરિગ્રહથી ભરેલું હોય તો બાહ્ય વસ્તુઓનો ત્યાગ નિષ્ફળ છે. ઊલટી આંતર મમતાની વૃદ્ધિ પણ થવા સંભવ છે. સાપ કાંચળીને ઉતારે છે તેથી તેનું ઝેર ઊતરતું નથી, વધી જાય છે. માટે ચિત્તને મમતાથી મુક્ત કરવા માટે બાહ્ય ત્યાગ કરવો હિતકર છે. જે મમતાને મારવા અને સમતાને પ્રગટાવવા બાહ્ય ત્યાગ કરે છે તે જ નિર્ગ્રન્થ બની શકે છે અને સમતાના અતુલ આનંદને અનુભવી શકે છે અર્થાત્ બાહ્ય ત્યાગ કરણીય છે, પણ તે નિર્ગ્રન્થતા માટે.

હવે પરિગ્રહના ત્યાગથી પરિણામે સકલ દોષોનો નાશ થાય છે તે જણાવે છે–

**त्यक्ते परिग्रहे साधोः, प्रयाति सकलं रजः ।**
**पालित्यागे क्षणादेव, सरसः सलिलं यथा ।।५।।**

અર્થ : જેમ પાળીનો નાશ થતાં સરોવરનું પાણી ક્ષણમાં જ વહી જાય છે, તેમ પરિગ્રહનો ત્યાગ કરતાં સાધુનું સઘળું પાપ ચાલ્યું જાય છે. (અટકી જાય છે.)

ભાવાર્થ : સર્વ પાપોનું મૂળ પરિગ્રહ છે. તે જેમ પાળી તૂટતાં સરોવરમાંથી પાણી ચાલ્યું જાય છે તેમ પરિગ્રહને છોડી દેતાં સાધુના સઘળાં પાપો અટકી જાય છે. પરિગ્રહ-મમતા એ સર્વપાપોનું કારણ છે, તે કારણ દૂર થતાં પાપરૂપી કાર્ય થઈ શકતું નથી. માટે પાપથી મુક્ત થવા પરિગ્રહનો-મમતાનો ત્યાગ કરવો જોઈએ.

त्यक्तपुत्रकलत्रस्य, मूर्छामुक्तस्य योगिनः ।
चिन्मात्रप्रतिबद्धस्य, का पुद्गलनियन्त्रणा ? ॥६॥

અર્થ : સ્ત્રી-પુત્રાદિના ત્યાગી, મૂર્છારહિત અને એક માત્ર જ્ઞાનાનંદમાં જ લીન છે એવા યોગીને પુદ્ગલનું બંધન કેમ હોય ? (ન હોય).

ભાવાર્થ : બહારથી સ્ત્રી-પુત્રાદિ સર્વનો ત્યાગ કરનાર અને અભ્યંતર મૂર્છાનો પણ ત્યાગ કરનાર, માત્ર જ્ઞાનમાં જ રમણતા કરનાર યોગીને પુદ્ગલનો (કર્મનો) બંધ કેમ થાય ? અર્થાત્ ન થાય.

અહીં એટલું વિશેષ સમજવું કે આવા મહાત્માને મમતાના અભાવે રાગ-દ્વેષ નિમિત્તે કર્મ બંધ ન થાય, પણ ગુણસ્થાનક નિમિત્તે તો થાય. છતાં એમાં રસ-સ્થિતિ વગેરે અત્યલ્પ બંધાવાથી તેના વિપાક નહિવત્ હોય એ અપેક્ષાએ અહીં પુદ્ગલબંધ ન થાય તેમ કહ્યું છે. ગુણસ્થાનક નિમિત્તે બંધ થાય તે પણ પુણ્યાનુબંધી પુણ્ય સ્વરૂપ થવાથી વિપાકોદય થતાં આત્માને તે બંધન (રાગ-

દ્વેષ) રૂપ ન બને, પણ વૈરાગ્યની વૃદ્ધિમાં કારણ બની પૂર્વે બાંધેલાં કર્મોથી પણ છોડાવે. એ અપેક્ષાએ અહીં બંધ ન થાય તેમ સમજવું.

હવે જ્ઞાનીને ધર્મોપકરણાદિ પણ પરિગ્રહનું કારણ બનતાં નથી, પણ અપરિગ્રહતાને દૃઢ કરે છે તે જણાવે છે—

**चिन्मात्रदीपको गच्छेद् निर्वातस्थानसन्निभैः ।**
**निष्परिग्रहतास्थैर्यं, धर्मोपकरणैरपि ॥७॥**

અર્થ : જ્ઞાનમાત્ર દીપકને ધારણ કરનાર સાધુ પવનરહિત સ્થાન સદૃશ ધર્મોપકરણો વડે પણ નિષ્પરિગ્રહ-ભાવમાં સ્થિરતાને પામે છે.

ભાવાર્થ : પવનરહિત સ્થાનમાં જેમ દીપક સ્થિર થાય છે, તેમ જ્ઞાનરૂપી દીપકને ધારણ કરનાર અપ્રમત્ત સાધુને તો પવનરહિત સ્થાન તુલ્ય ધર્મોપકરણો પણ નિષ્પરિ-ગ્રહતાને દૃઢ કરે છે.

તત્ત્વથી ઉપકરણાદિ પરિગ્રહ નથી, પણ તેમાં મૂર્છા-મમતા કરવી તે પરિગ્રહ છે. ભગવાન મહાવીર દેવે મૂર્છાને પરિગ્રહ કહ્યો છે. જો એમ ન માનીએ તો આહારપાણી કે શરીર વગેરે પણ પરિગ્રહ બની જાય, અને શરીર તથા તેના આધારભૂત આહારપાણી વગેરે વિના તો સંયમ

જીવન જીવાય જ નહિ. જેમ શરીર અને તેના આધારભૂત આહારપાણીને સંયમમાં ઉપકારક માન્યા છે, તેમ વસ્ત્ર-પાત્રાદિ ધર્મ ઉપકરણો પણ સંયમમાં ઉપકારક છે, પરિગ્રહ નથી. સંયમમાં ઉપકારક ઉપકરણો રાખવા છતાં તેમાં નિર્મમભાવ કેળવવા દ્વારા નિષ્પરિગ્રહતાને જ દૃઢ કરવામાં તે ઉપયોગી બને છે. જ્ઞાની એવા અપ્રમત્ત સાધુને તો સંયમસાધક વસ્તુનો ઉપયોગ કરવા છતાં નિર્મમભાવ દૃઢ થાય છે. હા, ધર્મ ઉપકરણોમાં મમત્વાદિ થાય તો તે પરિગ્રહ છે. ધર્મ સાધનાર્થે રાખવા માત્રથી પરિગ્રહ નથી.

હવે તત્ત્વથી પરિગ્રહ અને અપરિગ્રહનું સ્વરૂપ જણાવે છે–

**मूर्छाच्छन्नधियां सर्वं, जगदेव परिग्रहः ।**
**मूर्छया रहितानां तु, जगदेवाऽपरिग्रहः ॥८॥**

અર્થ : જેઓની બુદ્ધિ મૂર્છાથી આવૃત્ત (મૂર્છાવાળી) છે તેઓને સઘળુંય જગત પરિગ્રહ છે. પરંતુ મૂર્છાથી રહિત આત્માઓને તો સઘળુંય જગત અપરિગ્રહરૂપ છે.

ભાવાર્થ : તત્ત્વથી દરિદ્ર– રંક પણ અપ્રાપ્ત પદાર્થોમાં પણ જો મમતા કરે છે, તો રાજગૃહીના દ્રમકની જેમ તે પરિગ્રહી બની દુર્ગતિમાં જાય છે અને છ ખંડની ઋદ્ધિ ભોગવવા છતાં ભરતચક્રી વગેરેની જેમ જો નિર્મમભાવવાળો બને છે, તો અપરિગ્રહી એવો તે મુક્તિને પામે છે. ગૃહસ્થ

છતાં જે નિર્મમતાના યોગે સિદ્ધ થાય છે, શાસ્ત્રમાં તેને ગૃહીલિંગસિદ્ધ તરીકે જણાવ્યા છે. જો વસ્તુના સંયોગ માત્રથી પરિગ્રહી માનીએ તો કોઈ રીતે તે ઘટે નહિ. માટે મૂર્છારહિત યોગીને સઘળું જગત પણ અપરિગ્રહ છે.

હવે શ્રુતજ્ઞાની એવા અપરિગ્રહીને પણ અનુભવ વિના મુક્તિ થાય નહિ, માટે અનુભવ જ્ઞાનનો મહિમા વર્ણવે છે.

## ૨૬. અનુભવજ્ઞાન અષ્ટક

**सन्ध्येव दिनरात्रिभ्यां, केवल–श्रुतयोः पृथक् ।**
**बुधैरनुभवो दृष्टः, केवलार्काऽरुणोदयः ॥१॥**

અર્થ : જેમ દિવસ અને રાત્રિથી સંધ્યાકાળ ભિન્ન છે, તેમ કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી ભિન્ન છતાં કેવલજ્ઞાનરૂપી સૂર્યોદય પૂર્વે અરુણોદય તુલ્ય એવું અનુભવજ્ઞાન જ્ઞાનીઓએ જોયું છે.

**ભાવાર્થ :** શ્રુતજ્ઞાન પછી અનુભવજ્ઞાન પ્રગટે છે અને ત્યાર પછી અંતર્મુહૂર્તમાં જ કેવળજ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થાય છે. અર્થાત્ અનુભવજ્ઞાન શ્રુતજ્ઞાનનું કાર્ય છે અને કેવળજ્ઞાનનું કારણ છે. આ અનુભવજ્ઞાન ક્ષપકશ્રેણીમાં પ્રગટે છે. જેમ રાત્રીને અંતે ઉષા અરૂણોદય થાય છે અને તે પછી સૂર્યોદય થાય છે તેમ શ્રુતજ્ઞાન અને ચારિત્રનો પરિપાક થતાં (બારમા ગુણસ્થાનકે જીવમાં) અનુભવજ્ઞાન પ્રગટે છે. તે પછી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટે છે એમ જ્ઞાનીઓએ પોતાના જ્ઞાનથી જોયું છે. આ અનુભવજ્ઞાનને શાસ્ત્રમાં પ્રાતિભજ્ઞાન પણ કહ્યું છે.

હવે અનુભવજ્ઞાનનો મહિમા જણાવે છે–

**व्यापारः सर्वशास्त्राणां, दिग्प्रदर्शन एव हि ।**
**पारं तु प्रापयत्येकोऽनुभवो भववारिधेः ॥२॥**

અર્થ : સર્વશાસ્ત્રોનું કાર્ય માત્ર દિશાસૂચન કરવું તે જ છે. સંસારસમુદ્રથી પાર પમાડનાર તો માત્ર એક અનુભવ જ છે.

ભાવાર્થ : સર્વશાસ્ત્રો માર્ગ બતાવે છે અર્થાત્ હેય-ઉપાદેયનો વિવેક કરાવે છે. પરંતુ સંસારસમુદ્રથી પાર ઉતારનાર તો એક અનુભવજ્ઞાન જ છે. શાસ્ત્રો એ દ્રવ્યશ્રુત છે, તેના પ્રભાવે પ્રગટતું અનુભવજ્ઞાન એ ભાવશ્રુત (આત્મ-પ્રકાશ) છે. એના પ્રભાવે જ કેવળજ્ઞાનરૂપ સૂર્યનો ઉદય થાય છે.

જેમ કોઇ અજાણ્યા મુસાફરને જ્ઞાની મનુષ્ય માર્ગનું-દિશાનું સૂચન કરી શકે છે, પછી ચાલવાની ક્રિયા તો મુસાફરને પોતાને જ કરવી પડે છે અને એ ચાલે છે તો જ ઇષ્ટ સ્થળે પહોંચી શકે છે. એ રીતે સંસારવર્ત્તી અજ્ઞપ્રાણીઓને શ્રી જિનેશ્વરો શ્રુતજ્ઞાન દ્વારા માર્ગદર્શન કરાવે છે. પછી જીવ પોતે જ્ઞાન ક્રિયા દ્વારા અનુભવજ્ઞાનને પ્રાપ્ત કરીને કેવળજ્ઞાનને પ્રગટ કરે છે.

પુનઃ અનુભવની વિશેષતા જણાવે છે–

अतीन्द्रियं परं ब्रह्म, विशुद्धानुभवं विना ।
शास्त्रयुक्तिशतेनाऽपि, न गम्यं यद् बुधाः जगुः ॥३॥

ज्ञायेरन् हेतुवादेन, पदार्था यद्यतीन्द्रियाः ।
कालेनैतावता प्राज्ञैः, कृतः स्यात् तेषु निश्चयः ॥४॥

અર્થ : ઇન્દ્રિયોથી અજ્ઞેય એવા (પરંબ્રહ્મ =) સર્વથા વિશુદ્ધ આત્મતત્ત્વને, વિશુદ્ધ અનુભવજ્ઞાન વિના સેંકડો શાસ્ત્ર યુક્તિઓથી પણ જાણવું શકય નથી તે માટે પંડિતોએ કહ્યું છે કે–

જો (અતીન્દ્રિય =) ઇન્દ્રિયોથી ન જાણી શકાય તેવા પદાર્થો યુક્તિવાદથી (તર્ક–વિતર્કથી પૂર્ણ સ્પષ્ટ) જાણી શકાતા હોત તો આટલા લાંબા કાળે (પણ) પંડિતોએ તે પદાર્થોમાં (તેના સ્વરૂપાદિનો) નિશ્ચય કરી લીધો હોત !

ભાવાર્થ : ઇન્દ્રિયો પૌદ્‌ગલિક છે, તેનાથી પુદ્‌ગલના ગુણધર્મો શબ્દ–રૂપ–ગંધ–રસ અને સ્પર્શનો બોધ થાય. તત્ત્વથી પુદ્‌ગલના ગુણધર્મો શબ્દાદિ પાંચ છે, તેથી તેને જાણવાના સાધનભૂત ઇન્દ્રિયો પણ જીવને ઉત્કૃષ્ટથી પાંચ હોય છે. અર્થાત્ ઇન્દ્રિયો પુદ્‌ગલનું જ્ઞાન કરાવવામાં સહાય કરે છે. આત્મા ચેતન–અરૂપી છે, તેનું સંપૂર્ણ જ્ઞાન ઇન્દ્રિયોથી શકય નથી, તેના જ્ઞાન માટે તો અરૂપી ભાવ-શ્રુત જોઈએ. શાસ્ત્રો દ્રવ્યશ્રુત છે માટે શાસ્ત્રગત સેંકડો યુક્તિઓથી પણ આત્માના શુદ્ધ સ્વરૂપને જાણી શકાય નહિ. એ કારણે જ પંડિતોએ કહ્યું છે કે–

જો ઇન્દ્રિયોથી અજ્ઞેય અતીન્દ્રિય એવા પદાર્થો હેતુવાદથી એટલે તર્કવાદથી–દલીલોથી જાણી શકાતા હોત તો ભૂતકાળ અનંતો ગયો એટલા લાંબા કાળે પણ પંડિતો તે અતીન્દ્રિય પદાર્થોના સ્વરૂપને નિશ્ચય કરી શકયા હોત ! પણ હજુ

સુધી એ નિર્ણય થયો નથી માટે તો ભિન્ન ભિન્ન દર્શનોના ભિન્ન ભિન્ન પરસ્પર વિરુદ્ધ (ખંડન-મંડનાત્મક) અભિપ્રાયોરૂપ શાસ્ત્રો ચાલ્યાં આવે છે. જો શુદ્ધ નિશ્ચય થયો હોત તો ભિન્ન ભિન્ન દર્શનો કેમ હોત ?

અહીં એ આશય છે કે આત્મા પદાર્થ અતીન્દ્રિય છે અને તેના ગુણ-પર્યાયો પણ અતીન્દ્રિય છે માટે તેને જણાવનાર શ્રુતજ્ઞાનથી પણ વિશિષ્ટ કોઈ જ્ઞાન (સાધન) માનવું જ જોઈએ અને એ જ અનુભવજ્ઞાન અથવા સામર્થ્યયોગ છે.

પુનઃ અનુભવજ્ઞાનનો મહિમા દૃષ્ટાન્તપૂર્વક જણાવે છે-

**केषां न कल्पनादर्वी, शास्त्रक्षीरान्नगाहिनी ? ।**
**विरलास्तद्रसास्वाद-विदोऽनुभवजिह्वया ॥५॥**

**અર્થ** : શાસ્ત્રરૂપી ક્ષીરમાં કોની કોની કલ્પના રૂપી કડછી પ્રવેશ નથી કરતી ? ઘણાની કરે છે, પણ અનુભવજ્ઞાન રૂપી જિહ્વા દ્વારા તેનો (શાસ્ત્રરૂપી ખીરનો) રસ ચાખનારા તો વિરલા હોય છે.

**ભાવાર્થ** : ખીરને બનાવતા કડછી કલાક સુધી દૂધને ડહોળે છે પણ તેનો સ્વાદ તે લેશ પણ પામતી નથી અને જિહ્વા સ્પર્શમાત્રથી ખીરના સ્વાદને પામે છે. એ ન્યાય અહીં ઘટાવીને જણાવે છે કે કલ્પનાશક્તિથી શાસ્ત્રોનાં ગંભીર તત્ત્વોને ચિરકાળ શોધનારા પણ તેના

તાત્ત્વિક બોધરૂપ રસને પામી શકતા નથી. અનુભવજ્ઞાનરૂપી જિહ્વા જેને પ્રાપ્ત થાય છે તે તાત્ત્વિક બોધરૂપ રસને ચાખનારા કોઈ વિરલા હોય છે.

તત્ત્વોના અનુભવ માટે અનુભવજ્ઞાન જ ઉપકારક છે. જેમ દીપક વગેરેના પ્રકાશની સહાયથી નેત્રો પદાર્થને જાણી શકે છે. કેવળ પ્રકાશ, કે માત્ર નેત્રો અકિંચિત્કર છે. તેમ શ્રુતજ્ઞાનરૂપી પ્રકાશની સહાયથી પ્રગટેલું શાસ્ત્રના પરિપાકરૂપી નેત્રતેજ અર્થાત્ અનુભવજ્ઞાન, એ જ તાત્ત્વિક બોધ કરાવે છે અને તેના પ્રભાવે કેવળજ્ઞાન પ્રગટે છે, માટે અહીં અનુભવજ્ઞાનને અરૂણોદય તુલ્ય કહ્યું છે.

માત્ર પુસ્તકો દ્વારા વાદવિવાદ કે ચિંતન-મનનથી આત્મસ્વરૂપનો બોધ ન થાય, અનુભવથી જ થાય તે કહે છે—

**पश्यतु ब्रह्म निर्द्वन्द्वं, निर्द्वन्द्वानुभवं विना ।**
**कथं लिपीमयी दृष्टि-र्वाङ्मयी वा मनोमयी ? ॥६॥**

અર્થ : રાગ-દ્વેષાદિ કલેશોરહિત એવા અનુભવજ્ઞાન વિના માત્ર (લિપીમયી=) શાસ્ત્ર પુસ્તકોની દૃષ્ટિ, (વાઙ્મયી) વાણી (ઉપદેશ)મયી દૃષ્ટિ, કે (મનોમયી =) ચિંતન મનનરૂપ દૃષ્ટિ (નિર્દ્વન્દ્વ=) રાગ-દ્વેષાદિ સંકલેશોથી રહિત નિર્મળ (બ્રહ્મ=) આત્માને કેવી રીતે જોઈ શકે ?

ભાવાર્થ : શાસ્ત્રગ્રંથોરૂપ લિપીમય નેત્રો, આત્મ-સ્વરૂપની ચર્ચા-વાદ-વિવાદરૂપ વાણીમય નેત્રો, કે ચિંતન-

મનનરૂપ મનોમયનેત્રો, એ ત્રણે દૃષ્ટિ હોવા છતાં મોહક્ષય રૂપ સર્વ સંક્લેશરહિત અનુભવજ્ઞાન પ્રગટ્યા વિના શુદ્ધ બ્રહ્મને (આત્મસ્વરૂપને) જોઈ જાણી શકાય તેમ નથી અર્થાત્ શુદ્ધ આત્માને અનુભવ વિના માત્ર શાસ્ત્રોથી, વાદ-વિવાદથી કે માનસિક ચિંતન–મનનથી જાણી ન શકાય.

અનુભવજ્ઞાન આત્માની ઉજાગરદશારૂપ છે તે કહે છે—

**न सुषुप्तिरमोहत्वाद् नापि च स्वापजागरौ ।**
**कल्पनाशिल्पविश्रान्ते-स्तुर्यैवाऽनुभवो दशा ॥७॥**

અર્થ : અનુભવ એ મોહરહિત હોવાથી નિદ્રારૂપ સુષુપ્તિ નથી તેમ કલ્પનારૂપ કળાનો પણ તેમાં વિરામ હોવાથી તે સ્વપ્ન કે જાગૃત દશા પણ નથી તેથી અનુભવ એ ચોથી ઉજાગર દશા છે.

ભાવાર્થ : આત્માની નિદ્રા, સ્વપ્ન, જાગ્રદ્ અને ઉજ્જાગર એમ ચાર દશાઓ કહી છે, તેમાં મિથ્યાત્વના પ્રભાવરૂપ મોહમૂઢતા તે નિદ્રા છે, કષાયો દ્વારા રાગ-દ્વેષાદિ જન્ય કલ્પનાઓરૂપ સંકલ્પો અને વિકલ્પો એ સ્વપ્ન અને જાગ્રદ્ દશા છે. અનુભવમાં તો મિથ્યાત્વ અને કષાયોનો પણ અભાવ હોવાથી નિદ્રા, સ્વપ્ન અને જાગૃદ્દશાથી પણ પર એ ચોથી ઉજ્જાગર દશા છે.

અનુભવ એ શ્રુત અને ચારિત્રના ફળરૂપ છે તે જણાવે છે—

**अधिगत्याऽखिलं शब्द-ब्रह्म शास्त्रदृशा मुनिः ।**
**स्वसंवेद्यं परं ब्रह्माऽनुभवेनाऽधिगच्छति ॥८॥**

**અર્થ :** મુનિ શાસ્ત્રદષ્ટિથી સકલ શબ્દ બ્રહ્મને (શ્રુતજ્ઞાનને) જાણીને અનુભવજ્ઞાન દ્વારા પોતે જ જાણી શકે તેવા સ્વ-પ્રકાશરૂપ વિશુદ્ધ આત્મસ્વરૂપને જાણે છે.

**ભાવાર્થ :** શાસ્ત્રો દ્વારા સંપૂર્ણ શ્રુતજ્ઞાનને જાણનાર શ્રુતકેવલી મુનિ મહાત્મા તેના પ્રભાવે પ્રગટેલા અનુભવ વડે સ્વપ્રકાશક એવા પરમ શુદ્ધ (બ્રહ્મ=) આત્માને જાણે છે.

તાત્પર્ય કે ચારિત્રવંત મુનિ મહાત્મા શાસ્ત્રાનુસાર ચારિત્રનું નિર્મળ આરાધન કરતા સંપૂર્ણ શ્રુતજ્ઞાની અને ક્ષીણમોહી થવાથી પ્રગટેલા અનુભવથી પોતે જ જાણી શકે તેવો આત્માનો સાક્ષાત્કાર કરી શકે છે. માત્ર શ્રુતજ્ઞાનથી આત્મજ્ઞાન શક્ય નથી. આત્માના પરિપૂર્ણજ્ઞાન માટે અનુભવજ્ઞાન જ સફળ હેતુ છે.

આ અનુભવ પ્રાપ્ત થવામાં યોગ કારણ છે માટે હવે યોગાષ્ટકમાં યોગનું સ્વરૂપ વર્ણવે છે.

## ૨૭. યોગસ્વરૂપ અષ્ટક

**मोक्षेण योजनाद् योगः, सर्वोऽप्याचार इष्यते।**
**विशिष्य स्थानवर्णार्थाऽलम्बनैकाग्रयगोचरः ॥१॥**

**અર્થ** : મોક્ષની સાથે આત્માને જોડનારો સઘળોય આચાર એ યોગ કહેવાય છે. તો પણ અહીં વિશેષે કરીને (સ્થાન) શરીરની મુદ્રા, સૂત્રોના અક્ષરો, તેનો અર્થ, આલંબનરૂપ પ્રતિમાદિ અને તેમાં મનની એકાગ્રતા એમ યોગના પાંચ પ્રકારો કહેલા છે.

**ભાવાર્થ** : યોગની વ્યાખ્યા એ છે કે જે જે ધર્મ વ્યાપાર આત્માને મોક્ષની સાથે જોડે તે યોગ. આ વ્યુત્પત્તિસિદ્ધ અર્થ સઘળાય સદાચારમાં ઘટતો હોવાથી સામાન્યતયા સઘળી ધર્મ પ્રવૃત્તિરૂપ આચારોને યોગ કહેલો છે. વિશેષરૂપે તો ૧–સ્થાન એટલે પદ્માસનાદિ વિવિધ આસનો તથા કાયોત્સર્ગાદિ ત્રણ મુદ્રાઓ વગેરે શરીરાકૃતિ, ૨–વર્ણ એટલે ક્રિયા વખતે બોલાતાં સૂત્રોના શબ્દો-અક્ષરો, ૩–અર્થ એટલે તે સૂત્રોનો–વર્ણનો અર્થ, ૪–આલંબન એટલે બાહ્ય પ્રતિમાદિ વગેરે જેનું ધ્યાનાદિ કરાય તે પદાર્થ અને ૫–એકાગ્રતા એટલે આલંબન વિના જ વિકલ્પરહિત ચિત્તની સ્થિરતા–સમાધિ. તેને નિરાલંબન

(અથવા અનાલંબન પણ) કહેવાય છે. એમ વિશેષથી યોગના પાંચ પ્રકારો છે.

ચૈત્યવંદનભાષ્યમાં દશ ત્રિકના વર્ણનમાં અહીં કહેલા સ્થાનયોગને મુદ્રાત્રિક અને વર્ણ, અર્થ તથા આલંબન એ ત્રણને આલંબનત્રિક કહેલા છે.

આ સ્થાનાદિ આચારો નિશ્ચયનયના મતે આશયથી શુદ્ધ હોય તો જ તે યોગ છે અન્યથા દ્રવ્યક્રિયા માત્ર છે. તે આશયના પાંચ પ્રકારો છે.

૧ **પ્રણિધાન** : હીનગુણી વગેરે પ્રતિ દ્વેષ વિનાની સ્વ–પર ઉપકારની બુદ્ધિથી વર્તમાન ધર્મવ્યાપારમાં ઉપયુક્ત ચિત્ત.

૨ **પ્રવૃત્તિ** : વર્તમાન ધર્મ વ્યાપારમાં વિધિશુદ્ધ અને ઉત્સૂકતાદિ દોષરહિત તીવ્ર પ્રયત્ન (ઉદ્યમ).

૩ **વિઘ્નજય** : ધર્મવ્યાપારમાં વિઘ્નોનો જય કરવાના પરિણામ–તે વિઘ્નો ભૂખ–તૃષાદિ પરિષહો રૂપ, શારીરિક રોગો રૂપ અને મનની ભ્રાન્તિ ચંચળતાદિ રૂપ એમ ત્રણ પ્રકારે છે. તેમાં પરિષહોને તિતિક્ષા (સહન કરવાની) ભાવનાથી, રોગોને શરીર આત્માના ભેદ જ્ઞાન દ્વારા એટલે કે—"માત્ર તે શરીરને બાધક છે આત્માને બાધક નથી," એવી ભાવનાથી અને મનની ભ્રાન્તિને અનિત્યાદિ બાર તથા મૈત્રી આદિ ચાર ભાવનાઓના બળે

દૂર કરે. એમાં પરિષહોને જીતવા તે જઘન્ય, રોગોને જીતવા તે મધ્યમ અને મનને જીતવું તે ઉત્કૃષ્ટ વિઘ્નજય કહ્યો છે.

૪ સિદ્ધિ : અહિંસાદિ ધર્મોની આત્મામાં સિદ્ધિ. આ સિદ્ધિ ગુણાધિક પ્રત્યે બહુમાન વગેરેથી, મધ્યમ–સમાન ગુણવાળા પ્રત્યે પરોપકારભાવ વગેરેથી અને હીન-ગુણી–નિર્ગુણી પ્રત્યે દયા–કરુણા–દાન વગેરેથી થાય.

૫ વિનિયોગ : પોતાને સિદ્ધ થયેલા અહિંસાદિ ધર્મોને ઉપાય દ્વારા અન્ય યોગ્ય જીવોને પ્રાપ્ત કરાવવાના પરિણામ. એમ નિશ્ચય નયના મતે આ પાંચ પ્રકારના આશયથી યુક્ત ધર્મવ્યાપારને યોગ કહ્યો છે, તો પણ વ્યવહારથી અહીં કહેવાતા સ્થાનાદિરૂપ ધર્મવ્યાપારને પણ યોગ કહેવાય છે. તેનો હવે જ્ઞાનક્રિયા રૂપે વિભાગ તથા તેના અધિકારીનું સ્વરૂપ જણાવે છે—

**कर्मयोगद्वयं तत्र, ज्ञानयोगत्रयं विदुः ।**
**विरतेष्वेव नियमाद् बीजमात्रं परेष्वपि ॥२॥**

અર્થ : તેમાં બે કર્મયોગ (ક્રિયારૂપ) છે અને ત્રણ-જ્ઞાનયોગ (જ્ઞાનસ્વરૂપ) છે. આ યોગો નિયમથી વિરતિ-વંતમાં જ હોય છે. બીજા માર્ગાનુસારી વગેરેમાં તો માત્ર બીજ રૂપે હોય છે.

ભાવાર્થ : યોગ એ જ્ઞાન અને ચારિત્રના સુમેળથી પ્રગટતી આત્મશક્તિરૂપ છે. છતાં અહીં તેનો વિભાગ

જણાવ્યો છે કે પ્રથમના સ્થાન, વર્ણ એ બે યોગો ક્રિયાની મુખ્યતારૂપ હોવાથી ક્રિયાત્મક છે. અને પછીના અર્થ, આલંબન અને એકાગ્રતા એ ત્રણ યોગો જ્ઞાનની મુખ્યતારૂપ હોવાથી જ્ઞાનાત્મક છે. પ્રથમના બેમાં જ્ઞાન ગૌણપણે અને પછીના ત્રણમાં ક્રિયા ગૌણપણે રહેલી છે. તત્ત્વથી તો પાંચેમાં મુખ્ય ગૌણભાવે જ્ઞાન-ક્રિયા ઉભય હોય છે. તેથી આ યોગો જ્ઞાન–ક્રિયાત્મક વિરતિ ધર્મને પામેલા આત્માઓમાં જ અવશ્ય હોય છે. બીજા અપુનર્બંધક, માર્ગાનુસારી વગેરે આત્માઓમાં તો તેનું બીજ (યોગ્યતા) માત્ર હોય છે. વિરતિનો યોગ થતાં તે બીજ વૃક્ષની જેમ ઊગી નીકળે છે. તેઓથી નીચી કક્ષામાં વર્તતા સકૃત્બંધક, દ્વિર્બંધક વગેરેમાં તો બાહ્યભાવે ધર્મક્રિયા હોય તો પણ વ્યવહાર નયે પણ આ યોગનું બીજ હોતું નથી.

હવે તે પ્રત્યેક યોગના ચાર ચાર ભેદોને જણાવે છે–

**कृपा-निर्वेद–संवेग-प्रशमोत्पत्तिकारिणः ।**
**भेदाः प्रत्येकमत्रेच्छा–प्रवृत्ति–स्थिर–सिद्धयः ॥३॥**

અર્થ : તે પ્રત્યેકના કૃપા – નિર્વેદ, સંવેગ અને પ્રશમને પ્રગટ કરનારા (ક્રમશઃ પ્રગટતા) ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ એમ ચાર ચાર ભેદો છે.

**ભાવાર્થ** : ઉપર જણાવ્યા તે સ્થાન, વર્ણ, અર્થ અને આલંબન અને એકાગ્રતા એ પાંચે યોગોમાં ઉત્તરોત્તર વિકાસરૂપ ક્રમશઃ પ્રગટતા ઇચ્છાયોગ, પ્રવૃત્તિયોગ, સ્થિરતાયોગ અને

સિદ્ધિયોગ, એમ ચાર ચાર ભેદો છે અને તે આત્મામાં કૃપા, નિર્વેદ, સંવેગ અને પ્રશમગુણને પ્રગટ કરે છે, એમ (૫×૪ = ) વીશ ભેદો થાય છે.

તેમાં કૃપા એટલે જીવોનાં દુઃખોને અને દુઃખનાં કારણોને દૂર કરવાનો પરિણામ, નિર્વેદ એટલે રાગ-દ્વેષાદિ અંતરંગ સંસારથી મુક્ત થવાનો વૈરાગ્યરૂપ પરિણામ, સંવેગ એટલે આત્માના જ્ઞાનાદિ ગુણોને પ્રગટાવવાનો તીવ્ર પરિણામ અને પ્રશમ એટલે કામ–ક્રોધ, રાગ–દ્વેષાદિ મોહનો ઉપશમ-શાન્તિ. ઉપરોક્ત સ્થાનાદિ પાંચ યોગોના વિકાસરૂપ એ ચાર ગુણો આત્મામાં ક્રમશઃ પ્રગટ થાય છે. માટે તે પાંચના ઉત્તરભેદો વીશ કહ્યા છે. [ એ વીશના પણ પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ એમ ચાર ચાર ભેદો થતાં કુલ (૨૦ ×૪=) ૮૦ ભેદો થાય છે, તે સાતમા શ્લોકમાં જણાવાશે.]

હવે તે ઇચ્છાયોગ વગેરે ચારનું સ્વરૂપ જણાવે છે–

**इच्छा तद्वत्कथाप्रीतिः प्रवृत्तिः, पालनं परम् ।**
**स्थैर्यं बाधकभीहानिः, सिद्धिरन्यार्थसाधनम् ॥४॥**

અર્થઃ (તદ્વત્ = યોગવાન્ = ) યોગીની કથા–વાર્તામાં પ્રીતિ તે ઇચ્છાયોગ, પ્રયત્નપૂર્વક (યોગના શુભ ઉપાયોનું) પાલન કરવું તે પ્રવૃત્તિયોગ, તે પાલનમાં વિઘ્નો પ્રગટે તો પણ તેનો ભય ન લાગે તે સ્થિરતાયોગ અને (તે સ્થાનાદિ યોગોથી ) બીજાઓના પણ હિતને સાધવું તે સિદ્ધિયોગ જાણવો.

**ભાવાર્થ** : ઇચ્છા વગેરે ચારે અવસ્થાઓ ઉત્તરોત્તર અધિક વિકાસરૂપ છે. તેમાં યોગના સ્વરૂપની કે યોગીઓની કથા–વાર્તા સાંભળવા–જાણવાની ઇચ્છા થાય, જાણ્યા પછી આનંદ થાય, તેનું પાલન કરવાનો ઉત્સાહ પ્રગટે, પણ પાલન કરવામાં તથાવિધ અનુકૂળ સાધન સામગ્રીના અભાવે યથાર્થ પાલન ન કરી શકાય, ત્યાં સુધીના પરિણામને ઇચ્છાયોગ જાણવો. આ યોગમાં વિધિનું સંપૂર્ણ પાલન ન હોય છતાં વિધિ પ્રત્યે અને વિધિના પાલકો પ્રત્યે બહુમાન અવશ્ય હોય, તેથી એ અર્થ થયો કે વિધિ અને વિધિના પાલકો પ્રત્યે પૂર્ણ બહુમાનપૂર્વક યથાશક્ય યોગનો અભ્યાસ કરવો તે ઇચ્છાયોગ. ત્યાર પછી વીર્યનો વિકાસ થતાં શાસ્ત્રોક્ત વિધિપૂર્વક સંપૂર્ણ શુદ્ધ સાધના તે પ્રવૃત્તિયોગ. ત્યાર પછી દૃઢ અભ્યાસથી પ્રવૃત્તિમાં સ્થિરતા જાગે અને વિઘ્નોનો કે અતિચાર લાગવાનો ભય પણ ટળી જાય, ત્યારે તેને સ્થિરતાયોગ જાણવો. અને એ સ્થિરતા એવી સુંદર બને કે સાધકને પોતાને તો નિર્ભયતા – શાન્તિ પ્રગટે, પણ તેની નિર્ભયતાથી તેના સંપર્કમાં આવતા અન્યજીવોમાં પણ નિર્ભયતા પ્રગટે, તેઓનું પણ હિત થાય. તેઓના કષાયાદિ શાન્ત થઈ જાય, પશુઓ વગેરે પણ તેનાથી નિર્ભય બને, એ અવસ્થાને સિદ્ધિયોગ સમજવો. યોગને સિદ્ધ કરનારા એવા સિદ્ધયોગીની છાયામાં આવેલા હિંસકો પણ હિંસા કરી શકે નહિ, મૃષાવાદી મૃષા બોલી શકે નહિ અને જાતિ વૈરવાળા જીવો પણ પરસ્પરના વૈર વિસરીને સાથે રહી શકે વગેરે અન્યજીવોનું પણ હિત થાય છે.

સંક્ષેપમાં-ઇચ્છાયોગમાં યોગનું પાલન અલ્પ અને સાતિચાર હોય, પ્રવૃત્તિયોગમાં તે સંપૂર્ણ છતાં દોષો લાગવાનો ભય હોય, સ્થિરતા યોગમાં વિઘ્નો કે દોષોનો ભય પણ ન હોય અને સિદ્ધિયોગમાં સ્વપર ઉભયનું હિત હોય.

હવે આ યોગ સાધના કેવી રીતે કરવી તે કહે છે–

**अर्थाऽऽलम्बनयोश्चैत्य–वन्दनादौ विभावनम् ।**
**श्रेयसे योगिनः स्थान–वर्णयोर्यत्न एव च ॥५॥**

અર્થ : યોગીને ચૈત્યવંદનાદિ ક્રિયાઓમાં સૂત્રના અર્થનું અને પ્રતિમાદિ આલંબનનું સ્મરણ–ચિન્તન કરવું અને સ્થાનમાં તથા વર્ણના ઉચ્ચારમાં ઉદ્યમ કરવો તે જ કલ્યાણકર છે.

ભાવાર્થ : યોગીએ ચૈત્યવન્દન વગેરે ક્રિયામાં અર્થ એટલે સૂત્રોના અર્થો તેનો વિચાર–ચિન્તન કરવું અને આલંબન એટલે પ્રતિમાદિ, તેના પ્રત્યે દૃષ્ટિ સ્થિર કરવી તથા સ્થાન એટલે તે તે પ્રસંગે દેહાકૃતિરૂપ તે તે મુદ્રા કરવાનો અને વર્ણ એટલે તે તે સૂત્રોના ઉચ્ચાર દોષરહિત કરવાનો પ્રયત્ન કરવો અર્થાત્ મન–વચન અને કાયયોગને ક્રિયામાં જોડવા તે જ હિતકર છે.

હવે આલંબનયોગના પ્રકારો અને સ્વરૂપ જણાવે છે–

**आलम्बनमिह ज्ञेयं, द्विविधं रूप्यरूपि च ।**
**अरुपिगुणसायुज्ययोगोऽनालम्बनः परः ॥६॥**

અર્થ : અહીં આલંબન બે પ્રકારનું જાણવું, એક રૂપી અને બીજું અરૂપી. તેમાં અરુપી એવા ગુણોમાં જે તન્મયતા તે સર્વોત્કૃષ્ટ આલંબનયોગ જાણવો.

ભાવાર્થ : અહીં આલંબનના રૂપી અને અરૂપી બે પ્રકારો છે. તેમાં રૂપીનું આલંબન લેવું તે આલંબન-યોગ સમજવો અને અરૂપી જે આત્મગુણો (અથવા સિદ્ધોના ગુણો) તેમાં તન્મયતા તે અનાલંબન યોગ જાણવો. આ યોગ સર્વમાં ઉત્કૃષ્ટ (શ્રેષ્ઠ) છે.

જો કે અનાલંબનયોગમાં પણ અરૂપી ગુણોનું આલં-બન તો છે, તથાપિ તે આત્મગુણ સ્વસંપત્તિરૂપ હોવાથી પરાશ્રય (પુદ્ગલના આશ્રય) રૂપ નથી, સ્વાશ્રયી ભાવ છે, માટે તેને અનાલંબન કહેવામાં દોષ નથી.

હવે સ્થાનાદિ યોગના બીજી રીતે પ્રકારો કહે છે-

**प्रीतिभक्तिवचोऽसङ्गैः, स्थानाद्यपि चतुर्विधम् ।**
**तस्मादयोगयोगाप्ते-र्मोक्षयोगं क्रमाद्भवेत् ॥७॥**

અર્થ : સ્થાનાદિ યોગો પણ (પ્રત્યેક) પ્રીતિ, ભક્તિ, વચન અને અસઙ્ગ એ ચાર ભેદોથી ચાર ચાર પ્રકારે છે. તે (સ્થાનાદિ) યોગથી અનુક્રમે યોગાભાવ રૂપ અયોગ (એટલે યોગનિરોધ) રૂપ અયોગી ગુણસ્થાનકની પ્રાપ્તિ થતાં મોક્ષનો યોગ થાય છે.

**ભાવાર્થ** : પૂર્વે ત્રીજા શ્લોકમાં જણાવેલા સ્થાનાદિના વીશ ભેદોના પ્રત્યેકના પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ એમ ચાર ચાર ભેદો થાય છે, અને એ રીતે કુલ એંશી ભેદો થાય છે. તે સ્થાનાદિયોગની સાધનાથી ક્રમશઃ અયોગી ગુણસ્થાનકે શૈલેશી રૂપ અયોગની પ્રાપ્તિ થાય છે અને તેનાથી મોક્ષનો યોગ (પ્રાપ્ત) થાય છે.

આ પ્રીતિ વગેરેનું સ્વરૂપ આ પ્રમાણે છે.

અન્ય સઘળાં કાર્યો છોડીને ધર્મ અનુષ્ઠાનમાં જે અતિશય પ્રીતિ થાય તે (૧) **પ્રીતિ અનુષ્ઠાન** અને અનુષ્ઠાનમાં જે બહુમાનપૂર્વક વિશુદ્ધિ પ્રગટે તે (૨) **ભકિત અનુષ્ઠાન** જાણવું, તત્ત્વથી તો વિશિષ્ટ પ્રકારનું પ્રીતિ અનુષ્ઠાન તે જ ભક્તિ અનુષ્ઠાન છે, પણ જે અનુષ્ઠાનમાં તેના આલંબન પ્રત્યે પ્રીતિ અનુષ્ઠાન કરતાં આદર અધિક પ્રગટે અને એ આદરથી વિશુદ્ધિ પણ વધે તેને ભક્તિ અનુષ્ઠાન કહ્યું છે. જેમકે પત્ની અને માતાનું પાલન સમાન રીતે કરવા છતાં પત્ની પ્રત્યે પ્રીતિ હોય છે અને માતા પ્રત્યે પૂજ્યભાવ રૂપ ભક્તિ હોય છે. વળી પત્નીની અપેક્ષાએ માતાના પાલનમાં કાળજી–આદર પણ અધિક હોય છે, તેમ અહીં પણ પ્રીતિ અનુષ્ઠાનની અપેક્ષાએ ભકિતમાં આદર બહુમાન સાથે કાળજી વિશેષ હોય છે એમ બન્નેમાં ભેદ જાણવો.

સઘળાં ધર્માનુષ્ઠાનમાં યથાર્થ લક્ષ્યપૂર્વક જિનવચનનું પાલન થાય, જે જિનવચનાનુસારી હોય, તે સાધુની ક્રિયાને (૩) **વચન અનુષ્ઠાન** જાણવું અને વચનાનુષ્ઠાનના દૃઢ અભ્યાસથી શાસ્ત્રના ઉપયોગ વિના પણ સહજ સ્વભાવે જે

યથાર્થ રૂપે થાય તે (૪) અસંગ અનુષ્ઠાન જાણવું. અર્થાત્ વચન અનુષ્ઠાન શાસ્ત્ર સ્મરણપૂર્વક શાસ્ત્રાનુસારી હોય અને અસંગમાં શાસ્ત્ર સ્મરણ વિના પણ દૃઢ અભ્યાસથી યથાર્થતા હોય એમ ભેદ જાણવો.

આ પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાનો ગૃહસ્થ-સાધુ ઉભયને હોય, વચન અનુષ્ઠાન અપ્રમત્ત મુનિને હોય અને અસંગ અનુષ્ઠાન તો જિનકલ્પી વગેરે મહામુનિઓને જ હોય કે જેઓ અંતે તેર-ચૌદ ગુણસ્થાનકને પ્રાપ્ત કરવાના હોય.

હવે આગમસૂત્રો કોને આપી શકાય ? તે કહે છે-

**स्थानाद्ययोगिनस्तीर्थो-च्छेदाद्यालम्बनादपि ।**
**सूत्रदाने महादोषः, इत्याचार्याः प्रचक्षते ॥८॥**

અર્થ : 'તીર્થનો ઉચ્છેદ થશે' એમ માનીને પણ સ્થાન વગેરે યોગથી (સર્વથા) રહિતને સૂત્રદાન કરવામાં મહાદોષ છે, એમ આચાર્યો કહે છે.

ભાવાર્થ : આગમસૂત્રો મહામંત્રરૂપ છે તે યોગ્ય આત્માને જ ભણાવવાથી સ્વપર હિતકર થાય. તે માટે કહ્યુ છે કે "જો નહિ ભણાવીએ તો પરિણામે આગમો અને તીર્થનો (શાસનનો) પણ વિચ્છેદ થશે" એમ માનીને પણ સ્થાન-વર્ણ વગેરે યોગથી (સર્વથા) રહિત આત્માને સૂત્રદાન કરવામાં મહાદોષ છે, એમ શ્રી હરિભદ્રસૂરિજી વગેરે આચાર્યોએ (તેમના રચેલા લલિત વિસ્તરા વગેરે તે તે ગ્રન્થોમાં) કહ્યું છે.

હવે નિયોગનું (એટલે ભાવયજ્ઞનું) સ્વરૂપ જણાવે છે.

# ૨૯. નિયાગ અષ્ટક

**यः कर्म हुतवान् दीप्ते, ब्रह्माग्नौ ध्यानधाय्यया ।**
**स निश्चितेन यागेन, नियागप्रतिपत्तिमान् ॥१॥**

**અર્થ :** જેણે પ્રદીપ્ત એવા બ્રહ્મરૂપ અગ્નિમાં ધ્યાન રૂપી (ધાય્યયા એટલે) મંત્ર વડે કર્મને હોમ્યાં (બાળ્યાં) છે, તે આત્મા નિશ્ચિત એટલે નિશ્ચય (ભાવ) વડે નિયાગને પામેલો છે.

**ભાવાર્થ :** લૌકિક દર્શનોમાં હિંસક યજ્ઞનો પણ ધર્મ-ક્રિયા રૂપે સ્વીકાર કરાયેલો છે, અને તેમાં પશુ આદિનો હોમ કરવાનું વિધાન કરવામાં આવ્યું છે. જીવતત્ત્વને તત્ત્વ રૂપે જાણનાર–માનનાર કોઈ પણ આ પશુવધવાળી યજ્ઞક્રિયાને ધર્મ-ક્રિયા કહી શકે નહિ. ધર્મનું મૂળ દયા છે, તેના અભાવે (હિંસાથી) ધર્મ થાય જ કેમ ? માટે અહીં ભાવયાગનું સ્વરૂપ વર્ણવ્યું છે. તત્ત્વથી તો આત્માને લાગેલાં કર્મોની નિર્જરા અહીં જણાવેલી છે, પણ તેને યજ્ઞની ઉપમાથી ઘટાવીને એ ક્રિયાને નિયાગ–નિશ્ચિત–નિર્ધારિત યાગ કહ્યો છે. તેનું સ્વરૂપ જણાવતાં કહે છે કે–

જેણે પ્રદીપ્ત એવા જ્ઞાનમય આત્મામાં (જ્ઞાનમાં)

ધ્યાનરૂપી (ધાય્યયા એટલે) હોમના મંત્ર દ્વારા કર્મને હોમ્યાં (બાળ્યાં) છે, તે આત્મા નિશ્ચિત એટલે નિર્ધારિત યાગવડે નિયાગને (એટલે ભાવયજ્ઞને) પામેલો છે.

અહીં ઉપયોગ રૂપ આત્મજ્ઞાન એ પ્રદીપ્ત અગ્નિ છે, ધ્યાન એ હોમનો મંત્ર છે અને કર્મ એ કાષ્ટ જાણવું. અર્થાત્ આત્મારૂપી અગ્નિકુંડમાં પ્રદીપ્ત (સળગેલા–પ્રગટેલા) જ્ઞાનરૂપી અગ્નિમાં (ધર્મ–શુક્લ) ધ્યાનરૂપી મંત્રપૂર્વક કર્મનો હોમ કરવાથી જેનાં કર્મો બળી જાય છે, તે ભાવ-યજ્ઞને પામેલો જાણવો.

હવે એ નિયાગની એટલે ભાવયજ્ઞની ઉપાદેયતા અને દ્રવ્યયજ્ઞની હેયતા જણાવતાં કહે છે કે—

**पापध्वंसिनि निष्कामे, ज्ञानयज्ञे रतो भव**
**सावद्यैः कर्मयज्ञैः किं ? भूतिकामनयाऽऽविलैः ॥२॥**

અર્થ : પાપનો ધ્વંસ કરનારા અને નિષ્કામ એટલે કોઈ પણ ભૌતિક સુખ–સામગ્રીની કામનાથી રહિત, એવા જ્ઞાનયજ્ઞમાં (હે મહાનુભાવ !) તું રાગ કર ! (તેના પ્રત્યે આદર અને પ્રયત્ન કર !) જે યજ્ઞો પાપરૂપ અને ભૌતિક સ્વાર્થરૂપ મલિનતાથી યુક્ત છે તેવા કર્મયજ્ઞો વડે તને શું પ્રયોજન છે ?

**ભાવાર્થ** : તત્ત્વથી યજ્ઞક્રિયા આત્માના હિત અને શુદ્ધિ માટે કરવાની હોય છે, તો 'भूतिकामो पशुमालभेत'

અથવા 'स्वर्गकामो अग्निं जुहुयात्' વગરે વેદોક્ત જીવવધ રૂપ પાપવ્યાપરવાળા અને ભૌતિક ઇચ્છારૂપ કામનાથી (તુચ્છ સ્વાર્થથી) વ્યાપ્ત–મલિન એવા પશુયજ્ઞરૂપ કર્મયજ્ઞોથી શું ? તેવા યજ્ઞોથી આત્મહિત કે મનની શુદ્ધિ કેવી રીતે થાય ? માટે પાપનો ધ્વંસ કરનાર અને કામનાથી રહિત એવા જ્ઞાનયજ્ઞમાં રાગ (આદર–પ્રવૃત્તિ) કર ! અર્થાત્ પહેલા શ્લોકમાં જણાવેલા નિયાગ એટલે ભાવયજ્ઞમાં રાગ–આદર-બહુમાન અને પ્રવૃત્તિ કર !

હવે અન્ય દર્શનીઓ કર્મયજ્ઞને પણ મનશુદ્ધિ દ્વારા કરાતો હોવાથી જ્ઞાનયજ્ઞ કહે છે, તેમને ઉદ્દેશીને કહે છે–

**वेदोक्तत्वान्मनःशुद्ध्या, कर्मयज्ञोऽपि योगिनः ।**
**ब्रह्मयज्ञ इतीच्छन्तः, श्येनयागं त्यजन्ति किम् ? ॥३॥**

અર્થ : કર્મયજ્ઞ (પશુયજ્ઞ) પણ વેદમાં કહેલો હોવાથી અને મનની શુદ્ધિ દ્વારા કરાતો હોવાથી યોગીને એટલે આત્મજ્ઞાનીને તે બ્રહ્મયજ્ઞ એટલે જ્ઞાનયજ્ઞ છે, એમ ઇચ્છનારા વેદાન્તીઓ વેદમાં કહેલા શ્યેન યજ્ઞને કેમ કરતા નથી ?

ભાવાર્થ : કર્મયજ્ઞ વિષે વેદાન્તીઓ એમ માને છે કે કર્મયજ્ઞ પાપરૂપ અને સકામ જ હોય છે, એવો એકાન્ત નથી, કારણ કે આલોક–પરલોકના સુખ વગેરેની ઇચ્છાથી તે યજ્ઞને કરનારા અજ્ઞાનીઓ માટે તે યજ્ઞ હિંસા રૂપ અને સ્વાર્થથી મલિન છે, પણ (આત્મજ્ઞાની એવા) જ્ઞાનયોગીઓને તે હિંસારૂપ કે સકામ પણ નથી, તેથી તત્ત્વથી તેઓને તે

બ્રહ્મ (જ્ઞાન) યજ્ઞ છે. જે ચિત્તની (આત્માની) શુદ્ધિ દ્વારા કરાય તે જ્ઞાનયજ્ઞ છે. બ્રહ્મજ્ઞાની એવા યોગીઓને આત્મજ્ઞાન થયેલું હોવાથી તેઓને આલોક-પરલોકના ફળની કામના હોતી નથી, અને હોમાતાં પશુઓ પ્રત્યે દ્વેષ હોતો નથી, માત્ર વેદમાં વિહિત હોવાથી તેઓ વેદની ભક્તિથી (આજ્ઞાથી) કરે છે, તેથી તેઓ હિંસકભાવથી નહિ પણ ચિત્ત શુદ્ધિ વડે કરે છે. હિંસા તો દ્વેષપૂર્વક જીવને મારવાથી થાય છે. મીમાંસામાં કહ્યું છે કે, "द्वेषपूर्वकं प्राणिवध एव हिंसा" માટે વેદ વિહિત હિંસા એ હિંસા નથી. એ રીતે બ્રહ્મજ્ઞાનીઓને કર્મયોગ એ તત્ત્વથી જ્ઞાનયોગ છે. (આ વેદાન્તીઓનો મત છે.)

વેદાન્તીઓની આ માન્યતાને લક્ષ્યમાં લઈને અહીં તેઓને પ્રશ્ન કરે છે કે—તો તેઓ શ્યેનયાગનો કેમ ત્યાગ કરે છે? શ્યેનયાગ પણ વેદમાં વિહિત છે, કહ્યું છે કે "श्येनेनाभिचरन् यजेत्"—અર્થાત્ શત્રુવધ ઇચ્છનારે શ્યેનયજ્ઞ કરવો.

અહીં જો શ્યેનયાગ ચિત્તશુદ્ધિના અભાવથી ત્યાજ્ય માન્યો હોય તો અન્યપશુયજ્ઞો પણ તજવા જ જોઈએ. કારણ કે શ્યેનયજ્ઞમાં ચિત્તશુદ્ધિના અભાવે જો હિંસા છે, તો અન્ય પશુયજ્ઞોમાં પણ તે હિંસા છે જ.

જો એમ કહેતા હો કે શ્યેનયજ્ઞ તો શત્રુને મારવાની બુદ્ધિથી કરવાનો હોવાથી શત્રુ પ્રત્યે દ્વેષના કારણે તે ચિત્ત-શુ  પૂર્વક ન થાય, તો અન્ય પશુયજ્ઞમાં પણ તે તે પશુ-

ઓને મારવાની ક્રિયા તો છે જ ! તો તે ચિત્તશુદ્ધિ પૂર્વક કેમ થાય ? અથવા એમ જણાવતા હો કે વેદ વિહિત હોવાથી અન્ય યજ્ઞો ચિત્તશુદ્ધિ પૂર્વક થાય, તો શ્યેનયજ્ઞ પણ વેદવિહિત છે, તે ચિત્તશુદ્ધિ પૂર્વક કેમ ન થાય ? અથવા એમ કહેતા હો કે શ્યેનયજ્ઞમાં તો શત્રુને હણવાની બુદ્ધિ હોવાથી ચિત્તશુદ્ધિ નથી, તો અન્ય યજ્ઞોમાં પણ પશુઓને હણવાની ક્રિયા છે. તો ત્યાં ચિત્તશુદ્ધિ કેમ ઘટે ? શું વેદ વિહિત હોવા માત્રથી યજ્ઞમાં મરતા પશુ વગેરેને દુઃખ ન થાય ? અને દુઃખ થાય તો તે અહિંસક કેમ બને ? માટે તત્ત્વબુદ્ધિથી હિંસામય યજ્ઞ એ પાપરૂપ હોવાથી યોગીને તે કરણીય નથી.

હવે અધિકારી ભેદે જ્ઞાનયજ્ઞનું સ્વરૂપ જણાવે છે—

**ब्रह्मयज्ञः परं कर्म, गृहस्थस्याऽधिकारिणः ।**
**पूजादि वीतरागस्य ज्ञानमेव तु योगिनः ॥४॥**

અર્થ : 'ન્યાય સંપન્ન વૈભવ' વગેરે શાસ્ત્રોક્ત ગુણવાળો ગૃહસ્થ કે જે (સાવદ્ય પ્રવૃત્તિવાળો હોવાથી) અધિકારી છે, તેવા અધિકારી ગૃહસ્થને (માત્ર સ્વરૂપથી જ સાવદ્ય એવી) વીતરાગની પૂજા વગેરે ક્રિયાઓ પરં-કર્મ એટલે બ્રહ્મયજ્ઞ છે, જ્ઞાનયોગીને નહિ. તેને તો શુદ્ધજ્ઞાન (રમણતા) એ જ બ્રહ્મયજ્ઞ છે.

ભાવાર્થ : "અધિકારિવશાત્ શાસ્ત્રે ધર્મસાધક-સંસ્થિતિઃ" એ ન્યાયે પ્રત્યેક અનુષ્ઠાન પ્રત્યેકને કરણીય

નથી, તે તે યોગ્યતાને પામેલા આત્માને યોગ્યતાને અનુસારે ભિન્ન ભિન્ન અનુષ્ઠાન કરણીય છે. બાળ અને વૃદ્ધ કે ધનિક અને નિર્ધન વગેરે ભિન્ન ભિન્ન અવસ્થાવાળા જીવોને જીવનવ્યવહારમાં જેમ વિવેક હોય છે, તેમ આત્મકલ્યાણનાં કાર્યો પણ જીવની તે તે યોગ્યતાને (અવસ્થાને) અનુરૂપ હોય તે જ હિતકર છે. અહીં એ વાત જણાવી છે કે જે ગૃહસ્થ છે અને ન્યાયોપાર્જિત ધન, શિષ્ટાચારની પ્રશંસા, વગેરે અથવા અક્ષુદ્રતા વગેરે ગુણોવાળો હોવાથી અધિકારી છે, તેવા ગૃહસ્થને નિષ્કામ ભાવનાથી અને મનશુદ્ધિથી કરાતી વીતરાગની (સ્વરૂપમાત્રથી સાવદ્ય એવી) પૂજા વગેરે ક્રિયા બ્રહ્મયજ્ઞ એટલે જ્ઞાનયજ્ઞ છે. કારણ કે તેને પરિણામે તે નિરવદ્ય જીવનને પ્રાપ્ત કરાવનાર બને છે. તેથી નિરવદ્ય અધ્યાત્મયોગને પ્રાપ્ત કરવા તેને તે કરણીય છે. પણ જે આત્મજ્ઞાનને પામેલો જ્ઞાનયોગી હોય, તેને તો જ્ઞાન એ જ પરમ (નિરવદ્ય) બ્રહ્મયજ્ઞ (હોવાથી તે જ કરણીય) છે.

અહીં વેદાન્તીઓ કહે કે યોગીઓને સાવદ્યયજ્ઞ બ્રહ્મયજ્ઞ ન બને એમ તમે કહો છો, તો જૈન ગૃહસ્થને વીતરાગની પૂજા વગેરેમાં પણ જલ, પુષ્પાદિનો ઉપયોગ થતો હોવાથી તેમાં એકેન્દ્રિય જીવોની વિરાધના તો છે જ, તો તે બ્રહ્મયજ્ઞ કેમ બને? તેનું સમાધાન એ છે કે જૈન ગૃહસ્થો વીતરાગની પૂજા વગેરે આલોક-પરલોકના ભૌતિક સુખાદિની પ્રાપ્તિ માટે કરતા નથી, કિન્તુ

કેવળ કૃતજ્ઞભાવે નિષ્કામવૃત્તિથી સંપૂર્ણ અહિંસક ભાવ પ્રગટાવવા માટે કરે છે, માટે તે બ્રહ્મયજ્ઞ છે. તેની વિરુદ્ધ તમારા યજ્ઞો તો આલોક કે પરલોકના સાંસારિક સુખ કે શત્રુનો પરાભવ વગેરે મલિન વૃત્તિથી પંચેન્દ્રિ પશુઓના પ્રાણોથી કરવામાં આવે છે. માટે તે બ્રહ્મયજ્ઞ બની શકે નહિ, એમ મધ્યસ્થ અને સૂક્ષ્મબુદ્ધિથી વિચારતાં સમજાય તેવી સ્પષ્ટ હકીકત છે.

હવે અનધિકાર ચેષ્ટાની નિષ્ફળતા જણાવતાં કહે છે કે—

भिन्नोद्देशेन विहि,त ह्मकम कर्मक्षयाक्षमम् ।
क्लृप्तभिन्नाधिकारं च, पुत्रेष्टयादिवदिष्यताम् ॥५॥

અર્થ : જેમ (પુત્રેષ્ટિ એટલે) પુત્ર પ્રાપ્તિના ઉદ્દેશથી કરેલો યજ્ઞ કે જેમાં ભિન્ન અધિકારની (ફળની) કલ્પના છે, તે યજ્ઞ, કર્મક્ષય કરવા સમર્થ નથી, તેમ ભિન્ન એટલે પુણ્ય વગેરેના ઉદ્દેશથી કરેલું કર્મ–અનુષ્ઠાન પણ કર્મક્ષય કરવા સમર્થ નથી.

ભાવાર્થ : તત્ત્વથી જે અનુષ્ઠાન જેવા ઉદ્દેશથી કરવામાં આવે તેવું તેનું ફળ મળે. ક્રિયા એક જ પ્રકારની છતાં ઉદ્દેશ ભિન્ન હોય તો ફળ ભિન્ન મળે છે. જેમ કે બિલાડી પોતાના બચ્ચાને અને ઉંદરને બન્નેને એક જ મુખથી પકડે છે, પણ તેમાં બચ્ચાના રક્ષણનો અને ઉંદરના

ભક્ષણુનો ઉદ્દેશ હોવાથી એક અહિંસા અને બીજી હિંસા છે, તેમ અહીં પણ સમજવું. જેમ પુત્રપ્રાપ્તિ વગેરે ભિન્ન ફળની કલ્પનાવાળો (પુત્રેષ્ટિકા એટલે) પુત્ર માટે કરાતો યજ્ઞ તે કર્મક્ષય કરી શકતો નથી, તેમ સંસારસુખની પ્રાપ્તિ કે શત્રુના પરાભવ માટે કરાતું યજ્ઞકર્મ પણ કર્મક્ષય કરી શકે નહિ.

પુનઃ દોષ જણાવે છે—

**ब्रह्मार्पणमपि ब्रह्मयज्ञान्तर्भावसाधनम् ।**
**ब्रह्माग्नौ कर्मणो युक्तं, स्वकृतत्वस्मये हुते ॥६॥**

**અર્થ :** બ્રહ્મયજ્ઞમાં અંતર્ભાવનું સાધન એવું જે બ્રહ્માર્પણ એટલે પરમાત્માને (યજ્ઞનું ફળ) અર્પણ કરવું, તે પણ પોતાના કર્તૃત્વપણારૂપ અહંકારને હોમે છે. (અર્થાત્ અહંકારને છોડયા પછી) બ્રહ્મ એટલે આત્મજ્ઞાનરૂપ અગ્નિમાં (જ્ઞાનાવરણીયાદિ) કર્મોને હોમવાથી યોગ્ય બને.

**ભાવાર્થ :** વેદાંતીઓ માને છે કે અમે જે કંઈ અનુષ્ઠાન કરીએ તેમાં 'મેં કર્યું" એવા સ્વકર્તૃત્વરૂપ અહંકારને તજીને એનું ફળ બ્રહ્મને (પરમાત્માને) અર્પણ કરીએ છીએ, એથી દરેક અનુષ્ઠાનમાં નિરહંકાર વૃત્તિ રહેવાથી કર્મયજ્ઞનો બ્રહ્મયજ્ઞમાં અંતર્ભાવ થાય છે, (જ્ઞાનયજ્ઞની જેમ) કર્મયજ્ઞથી પણ આધ્યાત્મિકભાવરૂપ ફળ મળવાથી તે બ્રહ્મયજ્ઞ બને છે.

તે અંગે અહીં કહે છે, કે બ્રહ્મયજ્ઞના અંતર્ભાવને સાધવા બ્રહ્માર્પણ કરવું તે યોગ્ય છે. પણ તે તમે કરો છો તે રીતે નહિ, કિન્તુ પોતાના સ્વકર્તૃત્વરૂપ અભિમાનને તજીને બ્રહ્મ એટલે આત્મજ્ઞાનરૂપ અગ્નિમાં જ્ઞાનાવરણીય વગેરે કર્મોને હોમવાથી તે યોગ્ય બને, એ જ ઉત્તમ બ્રહ્માર્પણ છે. તેથી વિપરીત પોતે અનુષ્ઠાન–યજ્ઞકર્મ કરવું અને તેનું ફળ પરમાત્માને અર્પણ કરવું, તેમાં નહિ તો પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞભાવ પ્રગટે અને પોતે કર્મ કરવા છતાં ઈશ્વરે કર્યું છે, તેમ માનવું તે પણ ન ઘટે.

હવે શુદ્ધ નિયાગનું સ્વરૂપ જણાવે છે—

**ब्रह्मण्यर्पितसर्वस्वो, ब्रह्मदृग् ब्रह्मसाधनः ।**
**ब्र णा जुह्वदब्रह्म, ब्रह्मणि ब्रह्मगुप्तिमान् ॥७॥**
**ब्रह्माध्ययननिष्ठावान्, परब्रह्मसमाहितः ।**
**ब्राह्मणो लिप्यते नाऽघै–र्नियागप्रतिपत्तिमान् ॥८॥**

અર્થ : જેણે બ્રહ્મમાં સર્વસ્વ અર્પણ કર્યું છે, બ્રહ્મમાં જેની દૃષ્ટિ છે, બ્રહ્મ જેનું સાધન છે, બ્રહ્મ વડે બ્રહ્મમાં અબ્રહ્મને જે હોમે છે, જે બ્રહ્મગુપ્તિવાળો છે, બ્રહ્મઅધ્યયનમાં જે નિષ્ઠાવાન છે, પરબ્રહ્મ સાથે એકતાના પરિણામવાળો છે, અને નિયાગને જે પામેલો છે, તે બ્રાહ્મણ પાપથી લેપાતો નથી. (૭–૮)

**ભાવાર્થ** : અહીં શુદ્ધ નિયાગનું સ્વરૂપ અને ફળ આ બે ગાથામાં જણાવ્યું છે. તેમાં બ્રહ્મશબ્દના કારક-

ભેદે ભિન્ન ભિન્ન અર્થો જણાવ્યા છે. જેમ કે, બ્રહ્મણિ એટલે શુદ્ધ આત્મજ્ઞાનમાં સર્વસ્વ એટલે જ્ઞાન, વીર્ય, લાભ અને ભોગાદિરૂપ ક્ષાયોપશમિક ભાવના ગુણોને જેણે સ્થાપન (અર્પણ) કર્યા છે. (અર્થાત્ પ્રગટેલા તે તે ગુણોનો આત્મશુદ્ધિ માટે જ ઉપયોગ કરનાર છે.) બ્રહ્મ એટલે આત્મજ્ઞાનમાં અથવા શુદ્ધ પરમાત્મસ્વરૂપમાં જ જેની દૃષ્ટિ છે, જ્ઞાન એ જ જેનું સાધન (કરણ) છે, અથવા આત્મામાં દૃષ્ટિ તે જ જેને પરબ્રહ્મનું સાધન છે. જ્ઞાનોપયોગ (અંતરાત્મભાવ) રૂપ બ્રહ્મ વડે આધાર (જ્ઞાનાત્મા) રૂપ બ્રહ્મમાં જેણે અબ્રહ્મને (એટલે બહિરાત્મભાવને) હોમ્યો છે, જે બાહ્ય-અભ્યંતર ઉભય પ્રકારના બ્રહ્મચર્યની ગુપ્તિ (નવવાડો તથા અભ્યંતર સર્વવિરતિ)થી યુક્ત છે, (૭) આચારાંગના પ્રથમ સ્કંધમાં કહેલાં નવ અધ્યયનરૂપ બ્રહ્મચર્યમાં જે નિષ્ઠાને પામેલો (એટલે તેની પૂર્ણ મર્યાદામાં વર્તે) છે, પરબ્રહ્મ એટલે શુદ્ધ પરમાત્મસ્વરૂપમાં (અંતરાત્માથી) જે સમ્યગ્ સમાધિ-વાળો (ધ્યાન દ્વારા એકતાને પામેલો) છે. આવા નિયાગને (શુદ્ધયાગને) પામેલો બ્રાહ્મણ (એટલે શ્રમણ, ભિક્ષુ કે નિર્ગ્રન્થ કોઈ પણ) પાપથી લેપાતો નથી. અનાદિ કર્મ-સમૂહના સંબંધને તોડીને તે શુદ્ધ-બુદ્ધ-મુક્ત બને છે. માટે જ્ઞાનયોગીએ આ નિયાગને કરવો જોઈએ. સાવદ્ય કર્મયજ્ઞોને તજવાં જોઈએ.

હવે દ્રવ્યપૂજાના રૂપક દ્વારા ઉપચારથી ભાવપૂજાનું વર્ણન કરે છે—

## ૨૯. ભાવપૂજા અષ્ટક

दयाऽम्भसा कृतस्नानः, संतोषशुभवस्त्रभृत् ।
विवेकतिलकभ्राजी, भावनापावनाशयः ॥१॥
भक्तिश्रद्धानघुसृणोन्मिश्रपाटीरजःद्रवैः ।
नवब्रह्माङ्गतो देवं शुद्धमात्मानमर्चय ॥२॥

અર્થ : દયારૂપ જળથી સ્નાન કરેલો, સંતોષરૂપ પૂજાનાં વસ્ત્રોને પહેરેલો, વિવેકરૂપ તિલકથી શોભતો, શુભભાવનાથી પવિત્ર ચિત્તવાળો, હે મહાનુભાવયોગી! તું ભક્તિરૂપી કેસર સાથે મેળવેલા શ્રદ્ધારૂપી ચંદનરસ વડે શુદ્ધ પરમાત્મારૂપી દેવની તેનાં બ્રહ્મચર્યરૂપ નવ અંગોની પૂજા કર! (૧)

ભાવાર્થ : જેમાં બહિરાત્મભાવરૂપ મેલનો ત્યાગ કરીને અંતરાત્મભાવ દ્વારા શુદ્ધ પરમાત્મસ્વરૂપ એવા પોતાના આત્માને અભેદ ભાવે મળવું તે તત્ત્વથી ભાવપૂજા છે. એ પૂજા કેવી રીતે થાય? પોતાના પરમાત્મસ્વરૂપને કેવી રીતે પ્રાપ્ત (પ્રગટ) કરી શકાય? તેને જણાવતાં કહે છે કે–હે મહાનુભાવ યોગી! તું દયારૂપી જળથી સ્નાન કરીને, સંતોષરૂપી પવિત્ર વસ્ત્રોને પહેરીને, વિવેકરૂપ તિલકથી શોભતો અને શુભભાવથી પવિત્ર ચિત્ત (આશય–ધ્યેય)વાળો ભક્તિરૂપી કેસરમાં મેળવેલા શ્રદ્ધારૂપી ચંદન-

રસ વડે તારા (પરમશુદ્ધ) પરમાત્મ સ્વરૂપરૂપી દેવનાં બ્રહ્મ-ચર્યરૂપ નવ અંગોની પૂજા કર !

હવે પુષ્પમાળા, વસ્ત્ર તથા આભરણ પૂજાનું વર્ણન કરે છે—

**क्षमापुष्पस्रजं धर्म–युग्मक्षौमद्वयं तथा ।**
**ध्यानाभरणसारं च, तदङ्गे विनिवेशय ॥३॥**

અર્થ : તે દેવના શરીરે ક્ષમારૂપી પુષ્પમાળને, નિશ્ચય વ્યવહાર બે ધર્મોરૂપી બે ઉત્તમ વસ્ત્રોને તથા ધ્યાનરૂપી શ્રેષ્ઠ અલંકાર-આભરણને સ્થાપન કર (પહેરાવ) !

ભાવાર્થ : સુગંધી એવી ક્ષમારૂપી પુષ્પમાળને, નિશ્ચય અને વ્યવહારરૂપ (સ્વ–પર હિતકર) બન્ને ધર્મોરૂપી બે શ્રેષ્ઠ વસ્ત્રોને અને ધર્મ–શુક્લરૂપ બે ઉત્તમ ધ્યાનરૂપી મહાકિંમતી આભરણોને તારા તે પરમાત્મસ્વરૂપી દેવના શરીરે સ્થાપિત કર, અર્થાત્ પરમાત્માને એ રીતે પુષ્પમાળ, વસ્ત્રો અને અલંકારોથી અલંકૃત કર !

હવે અષ્ટમંગળ તથા ધૂપપૂજા માટે કહે છે—

**मदस्थानभिदात्यागै–र्लिखाऽग्रे चाष्टमङ्गलम् ।**
**ज्ञानाग्नौ शुभसंकल्प–काकतुण्डं च धूपय ॥४॥**

અર્થ : તે પરમાત્માની સન્મુખ આઠ મદસ્થાનોના ત્યાગ-રૂપ અષ્ટમંગલનું આલેખન કર અને જ્ઞાનરૂપ અગ્નિમાં શુભ સંકલ્પરૂપ કૃષ્ણાગુરુનો ધૂપ કર !

**ભાવાર્થ** : જાતિમદ, કુળમદ વગેરે આઠ મદસ્થાનોનો ત્યાગ એ જ તત્ત્વથી અષ્ટમંગળ છે. માટે તેના દ્વારા પરમાત્માની સામે ભાવ અષ્ટમંગળના આલેખનથી અષ્ટમંગલપૂજા અને આત્મજ્ઞાનરૂપ અગ્નિમાં શુભ વિકલ્પોરૂપ સુગંધી કૃષ્ણાગુરુને બાળવારૂપ ધૂપપૂજા કર !

અહીં ક્ષાયોપશમિક ભાવના ગુણો પણ અહંકારમાં નિમિત્ત ન બને તે માટે આઠ મદનો ત્યાગ કરવો તે જિનપૂજા છે, અને જ્ઞાનયોગીને અશુભ સંકલ્પો તો ટળી ગયા હોય, જે શુભ સંકલ્પો હોય, તે પણ તજીને નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત કરવા માટે શુભ સંકલ્પોને જ્ઞાનરૂપ અગ્નિમાં સળગાવવારૂપ ધૂપપૂજા કરવાનું કહ્યું છે. અર્થાત્ આત્મજ્ઞાનમાં ઉપયુક્ત બનીને સર્વથા સંકલ્પમુક્ત-નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરવારૂપ જિનપૂજા (એટલે અંતરાત્માથી પરમાત્મદશાનો અભેદ સાધવારૂપ) ભાવપૂજા કર! એમ જણાવ્યું છે.

હવે લૂણ અને આરતી ઉતારવા માટે કહે છે—

**प्राग्धर्मलवणोत्तारं, धर्मसंन्यासवह्निना ।**
**कुर्वन्न पूरय सामर्थ्यराजन्नीराजनाविधिम् ।।५।।**

**અર્થ** : ધર્મસંન્યાસરૂપ અગ્નિથી પૂર્વે પ્રગટેલા ક્ષાયોપશમિક જ્ઞાનાદિ ધર્મોરૂપ લૂણને ઉતારતો તું સામર્થ્યયોગરૂપ દેદીપ્યમાન આરતીની વિધિને પૂર્ણ કર ! એટલે આરતીને ઉતાર !

**ભાવાર્થ :** નિશ્ચયનયે ભાવપૂજા દ્વારા આત્માના પૂર્ણ શુદ્ધ સ્વરૂપને પ્રગટાવવાનું છે, તેથી તેમાં બાધક સર્વ ભાવોનો ત્યાગ કરવો એ જ નિશ્ચયથી ભાવપૂજા છે. માટે અહીં જણાવ્યું છે, કે ધર્મસંન્યાસરૂપ અગ્નિ વડે પૂર્વના (ઔદયિક અને ક્ષાયોપશમિક) ધર્મો (ગુણો) રૂપ લૂણને ઉતારતો એટલે ધર્મસંન્યાસ યોગ દ્વારા તે તે પૂર્વ ગુણોનો ત્યાગ કરતો-(એના આલંબનને તજી દેતો) એવો તું એ રીતે લૂણ ઉતાર ! અને સામર્થ્યયોગથી શોભતો આરતીની વિધિને પૂર્ણ કર ! અર્થાત્ યોગસંન્યાસરૂપ સામર્થ્યયોગ દ્વારા મન-વચન-કાયાના યોગોનો નિરોધ કરવા રૂપ આરતીને ઉતાર ! (જે આત્મવીર્ય મન-વચન-કાયાના વ્યાપારમાં પ્રવર્તે છે, તેને શુદ્ધ આત્મસ્વરૂપરમણતાના વ્યાપારમાં પ્રવર્તાવ !) અર્થાત્ મન-વચન-કાયાના બાહ્યયોગોનો નિરોધ કરીને સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ અભ્યંતર શુદ્ધયોગોમાં રમણતા કર !

આ ગ્રન્થના આઠમા ત્યાગ અષ્ટકના ચોથા શ્લોકમાં સામર્થ્યયોગના ૧. ધર્મસંન્યાસ, અને ૨. યોગસંન્યાસ એમ બે પ્રકારો કહ્યા છે, તેમાં અહીં લૂણ ઉતારવા રૂપે ઔદયિક-ક્ષાયોપશમિક ધર્મોના ત્યાગરૂપ પહેલો ધર્મસંન્યાસ અને આરતી ઉતારવા રૂપે મન-વચન-કાયયોગના ત્યાગરૂપ બીજો યોગસંન્યાસ કરવાનું જણાવ્યું છે.

**હવે ભાવપૂજામાં મંગલદીપક અને નૃત્યપૂજાનું વર્ણન કરે છે—**

**स्फुरन्मङ्गलदीपं च, स्थापयाऽनुभव पुरः ।**
**योगनृत्यपरस्तौर्यत्रिकसंयमवान् भव ॥६॥**

અર્થ : (શુદ્ધ પરમાત્માની પૂજા કરતો તું તેની) સામે અનુભવજ્ઞાનરૂપ દેદીપ્યમાન મંગલદીપકની સ્થાપના કર ! અને સંયમયોગમાં રમણતારૂપે નાચ કરતો તું (ગીત-નૃત્ય અને વાજિંત્રના સહયોગની જેમ) ધારણા, ધ્યાન અને સમાધિ એ ત્રણની એકતારૂપ ત્રણ વાજિંત્રોનો સહયોગ જેમાં છે, એવા સંયમવાળો બન !

ભાવાર્થ : ભાવપૂજામાં લૂણ અને આરતી ઉતાર્યા પછી દીપક સ્થાપન અને નૃત્યપૂજા કેવી રીતે કરવી, તે જણાવતાં કહે છે કે-શુદ્ધ પરમાત્મતત્ત્વની પૂજા કરતો એવો અંતરાત્મા તું તારા શુદ્ધ પરમાત્મભાવરૂપ દેવની સામે (૨૯ અષ્ટકમાં) પૂર્વે જણાવેલા અનુભવજ્ઞાનરૂપી મંગલદીપકની સ્થાપના કર ! અને સંયમયોગની સાધનારૂપ નાચમાં તત્પર બનેલો (સંયમમાં રમતો) તું ધારણા, ધ્યાન અને સમાધિની એકતારૂપ ગીત-નૃત્ય અને વાજિંત્રની એકતા જેમાં છે, એવા ઉત્કૃષ્ટ સંયમવાળો થા !

(પાતંજલ યોગદર્શનમાં કહ્યું છે કે 'त्रयमेकत्र संयमः' ॥ અર્થાત્ ધારણા, ધ્યાન અને સમાધિની એક કોઈ વિષયમાં એકતા તે સંયમ છે.)

હવે ભાવ ઘંટનાદનું સ્વરૂપ જણાવી ભાવપૂજાનો ઉપસંહાર અને ફળ જણાવે છે–

उल्लसन्मनसः सत्यघण्टां वादयतस्तव ।
भावपूजारतस्येत्थं, करक्रोडे महोदयः ॥७॥

અર્થ : ઉલ્લસિત મનથી સત્યરૂપ ઘંટાનાદને કરતાં એ રીતે ભાવપૂજામાં લીન બનેલા તારો મોક્ષ તારી હથેળીમાં છે.

ભાવાર્થ : એ પ્રમાણે ઉલ્લાસ પામેલા મનવાળા (અથવા મનથી) સત્યરૂપી ઘંટાને વગાડતા, ભાવપૂજામાં લીન બનેલા તારો મહોદય એટલે મોક્ષ અથવા શુદ્ધ પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ તારી હથેળીમાં એટલે સ્વાધીન છે.

(અહીં ઘંટાનાદ એટલે ભવ્યજીવોને પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરાવવાનો ઢંઢેરો સમજવો. કારણ કે એક આત્મા મુક્તિને પામે છે, ત્યારે તે વિશ્વમાં મુક્તિ પ્રાપ્ત કરવાની પ્રેરણા કરતો જાય છે. એમ ભાવપૂજા દ્વારા સ્વરૂપ પ્રાપ્તિ રૂપ નિશ્ચયની અને અન્ય જીવોને ઉપકાર કરવા રૂપ વ્યવહાર ધર્મની સાધના કરતો આત્મા પરમપદને પામે છે.

હવે દ્રવ્યપૂજા અને ભાવપૂજાનું સ્વરૂપ તથા તેના અધિકારી જણાવે છે—

द्रव्यपूजोचिता भेदो-पासना गृहमेधिनाम् ।
भावपूजा तु साधूना-मभेदोपासनात्मिका ॥८॥

**અર્થ** : ભેદોપાસનારૂપ દ્રવ્યપૂજા ગૃહસ્થોને ઉચિત છે, અને અભેદોપાસનારૂપ ભાવપૂજા તો સાધુઓને ઉચિત છે.

**ભાવાર્થ** : બાહ્ય જળ, ચંદનાદિ દ્રવ્યો દ્વારા કરાતી દ્રવ્યપૂજા કે જે ભેદોપાસનારૂપ છે, તે ગૃહસ્થોને કરણીય છે, અને આત્મગુણોરૂપ પોતાના ભાવ દ્વારા કરાતી ભાવપૂજા કે જે અભેદોપાસનારૂપ છે, તે સાધુઓને કરણીય છે. જો કે ગૃહસ્થોને પણ ભવનોપવીત માનસા નામે ભાવપૂજા હોય છે, તો પણ કાયિકી ભાવપૂજા તો ચારિત્રવંતને જ હોય એટલી વિશેષતા સમજવી.

અહીં પરમાત્મા સેવ્ય અને પોતે સેવક, એવા સેવ્ય–સેવક ભાવે કરાતી પૂજા તે ભેદોપાસના જાણવી અને પરમાત્મા સાથે આત્માની એકતાની સિદ્ધિ માટે કરાતી પૂજા તે અભેદોપાસના જાણવી. પુનઃ પુનઃ ભેદોપાસના કરતાં આત્મા અભેદોપાસનાનો અધિકારી બને છે. ભેદોપાસના વિના અભેદોપાસનાની પ્રાપ્તિ થતી નથી.

હવે ધ્યાનાષ્ટકને કહે છે.

## ૩૦. ધ્યાન અષ્ટક

ध्याता ध्येयं तथा ध्यानं, त्रयं यस्यैकतां गतम् ।
मुनेरनन्यचित्तस्य, तस्य दुखं न विद्यते ॥१॥

અર્થ : જેને ધ્યાતા, ધ્યેય અને ધ્યાન એ ત્રણે એકતાને પામ્યાં છે, તે એકાગ્રચિત્તવાળા મુનિને દુઃખ હોતું નથી.

ભાવાર્થ : ધ્યાતા એટલે ધ્યાન કરનાર અંતરાત્મા, ધ્યેય એટલે શુદ્ધ પરમાત્મસ્વરૂપને પામેલાં અરિહંત-સિદ્ધનું શુદ્ધ પરમાત્મસ્વરૂપ. જેનું ધ્યાન કરવામાં આવે છે તે ધ્યેય કહેવાય. અને ધ્યાન એટલે ધ્યાતાને ધ્યેયની સાથે જોડનારી ક્રિયા. એ ત્રણ જેનાં એકતાને પામે તે મહામુનિને દુઃખ રહેતું નથી.

દુઃખ પુદ્ગલના સંયોગ-વિયોગથી થાય છે. પણ જે આત્મા ધ્યાન કરતાં પોતાના આત્માને પરમાત્મસ્વરૂપે જુએ છે, અર્થાત્ પૌદ્ગલિક સંબંધોથી પર પોતાના શુદ્ધ સ્વરૂપને દેખે છે, તેને પુદ્ગલના સંયોગ-વિયોગની અસર થતી નથી, તેથી તેને દુઃખ થતું નથી.

જેમ નાટકમાં રાવ કે રંકનો પાઠ ભજવનાર નાટકીઓ ગમે તે પાઠ ભજવે તો પણ પોતાને મૂળસ્વરૂપે એક

પાત્રરૂપ માને છે, રાજા કે રંક માનતો નથી, તેથી તેને નાટકના કૃત્રિમ રાજ્ય કે રંકપણાથી હર્ષ-શોક થતો નથી, તેમ આત્મા પણ પરમાત્મસ્વરૂપનું ધ્યાન કરતાં તદાકાર બને છે ત્યારે તેને કર્મજન્ય વિકારરૂપ હું મનુષ્ય, પુરુષ, સુખી-દુઃખી વગેરે છું, એ ઉપયોગ નષ્ટ થાય છે. એને શુદ્ધ-બુદ્ધ સચ્ચિદાનંદમય છું, એવો ઉપયોગ પ્રગટે છે, તેથી તેને કોઈ દુઃખ રહેતું નથી.

હવે આ ત્રણની એકતાથી સમાપત્તિયોગ થાય છે, તે કહે છે-

ध्याताऽन्तरात्मा ध्येयस्तु, परमात्मा प्रकीर्तितः ।
ध्यानं चैकाग्र्यसंवित्तिः, समापत्तिस्तदेकता ॥२॥

અર્થ : સમ્યગ્ દર્શનમાં ઉપયોગવાળો અંતરાત્મા તે ધ્યાન કરનાર ધ્યાતા, ધ્યાન કરવા યોગ્ય જે સિદ્ધભગવંત અથવા ઘાતીકર્મોથી મુક્ત અરિહંત પરમાત્મા તે ધ્યેય, અને વિજાતીય જ્ઞાનના અંતર રહિત કેવળ સજાતીય જ્ઞાનની ધારાનું સતત સંવેદન તે ધ્યાન, એ ત્રણેની એકતાને સમાપત્તિ કહેવાય છે.

ભાવાર્થ : અંતરાત્મા ધ્યાતા, પરમાત્મા ધ્યેય અને તેમાં એકાગ્રતાનું અસ્ખલિત સંવેદન તેને ધ્યાન કહ્યું છે. અને આ ત્રણેની એકતા (તદાકારતા) તેને સમાપત્તિ કહેવાય છે.

કહ્યું છે કે જે અરિહંતને દ્રવ્ય, ગુણ અને પર્યાયથી જાણે છે તે પોતાના આત્માને જાણે છે, તેને પોતાના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થાય છે, તેથી તેનો મોહ ક્ષય પામે છે, —તેને દુઃખ રહેતું નથી.

ધ્યાનનું લક્ષણ જણાવતાં કહ્યું છે કે જે સ્થિર અધ્યવસાય અર્થાત્ મનની સ્થિરતા તે ધ્યાન છે, અને જે ચલાયમાન મન છે તે ચિત્ત છે. આ ચિત્ત તે ભાવના અથવા અનુપ્રેક્ષા કે ચિંતનરૂપ હોય છે.

હવે સમાપત્તિને દૃષ્ટાન્ત દ્વારા સમજાવે છે—

**मणाविव प्रतिच्छाया, समापत्ति परात्मनः ।**
**क्षीणवृत्तौ भवेद् ध्याना–दन्तरात्मनि निर्मले ॥३॥**

અર્થ : જેમ નિર્મળ મણિમાં (સ્ફટિકમાં) અન્ય વસ્તુનો પડછાયો પડે, તેમ ક્ષીણવૃત્તિવાળા નિર્મળ અંતરાત્મામાં ધ્યાન દ્વારા પરમાત્માનું પ્રતિબિંબ પડે તેને સમાપત્તિ કહી છે.

ભાવાર્થ : જેમ નિર્મળ મણિમાં અન્ય પદાર્થનું પ્રતિબિંબ પડે, તેમ ગાઢ રાગ-દ્વેષાદિની વૃત્તિઓ રૂપ મેલ ક્ષીણ થવાથી નિર્મળ બનેલા અંતરાત્મામાં (સ્થિર ચિત્તમાં) ધ્યાનથી જે પરમાત્માનું પ્રતિબિંબ પડે તે સમાપત્તિ છે.

આ સમાપત્તિથી ઉત્તરોત્તર પ્રાપ્ત થતા ફળને કહે છે—

आपत्तिश्च ततः पुण्य—तीर्थकृत्कर्मबन्धतः ।
तद्भावाभिमुखत्वेन संपत्तिश्च क्रमाद् भवेत् ॥४॥

અર્થ : તે સમાપત્તિથી આપત્તિ એટલે પુણ્યસ્વરૂપ તીર્થંકર નામકર્મના બંધરૂપ ફળની પ્રાપ્તિ થાય અને તે તીર્થંકર નામકર્મની અભિમુખતાથી અનુક્રમે સંપત્તિ-રૂપ ફળ થાય.

ભાવાર્થ : આ પ્રકરણમાં સમાપત્તિ, આપત્તિ અને સંપત્તિ એમ ત્રણ શબ્દો વાપરવામાં આવ્યા છે, તેમાં સમાપત્તિનો અર્થ આ અષ્ટકના ત્રીજા શ્લોકમાં ઉપર આવી ગયો છે. અહીં જે આપત્તિ શબ્દ વાપરવામાં આવ્યો છે તે પારિભાષિક અર્થમાં છે. તેનો અર્થ તીર્થંકર નામકર્મનો બંધ થવો તે છે.

સમાપત્તિના ફળ તરીકે તીર્થંકર નામકર્મરૂપ ઉત્કૃષ્ટ પુણ્યપ્રકૃતિનો આત્માને બંધ થાય તેને અહીં આપત્તિ શબ્દથી જણાવવામાં આવેલ છે. એટલે કે તીર્થંકર નામ–કર્મ બાંધવું તે આપત્તિનો અર્થ છે. આ આપત્તિરૂપ તીર્થંકર નામકર્મ બાંધે તે જ આત્મા ત્રીજા ભવે તીર્થંકર બને.

તે તીર્થંકર નામકર્મ જ્યારે ઉદયાભિમુખ બને અર્થાત્ નજીક આવે ત્યારે તેને અહીં સંપત્તિ તરીકે કહે-વામાં આવેલ છે. અર્થાત્ શ્રી તીર્થંકર ભગવંતોના છેલ્લા ભવમાં ચ્યવન વખતે પણ ઇન્દ્રાદિ દેવો તેમની સ્તુતિ કરે

છે, ત્યારથી ક્રમશઃ ઉત્તરોત્તર તીર્થંકરપણાની ઋદ્ધિ પ્રાપ્ત થાય છે, તેને અહીં સંપત્તિ કહી છે.

તત્ત્વથી તીર્થંકર નામકર્મનો વિપાકોદય તેરમા ગુણસ્થાનકે થાય છે, છતાં તેનો પ્રભાવ એવો છે કે શ્રી તીર્થંકરનો આત્મા છેલ્લા ભવમાં ચ્યવીને માતાની કુક્ષિમાં અવતરે ત્યારથી જ દેવો ક્રમશઃ તેમના કલ્યાણકો વગેરે ઉજવે છે. માટે તે કર્મ વિપાકોદયની સન્મુખ થાય ત્યારથી પણ ક્રમશઃ સંપત્તિરૂપ ફળ આપે છે એમ કહ્યું છે.

આ રીતે ધ્યાનનું ફળ સમાપત્તિ, સમાપત્તિથી આપત્તિ અને આપત્તિથી સંપત્તિ એમ ક્રમશઃ ફળ મળે છે.

**इत्थं ध्यानफलाद् युक्तं, विंशतिस्थानकाद्यपि ।**
**कष्टमात्रं त्वभव्याना–मपि नो दुर्लभं भवे ॥५॥**

અર્થ : એ પ્રમાણે ધ્યાનનું (ત્રિવિધ) ફળ મળવાથી (તેવા આત્માને) વિંશતિસ્થાનકતપ વગેરે આરાધના પણ યોગ્ય (સફળ) છે. માત્ર કાયકલેશરૂપ (નિષ્ફળ) તપ તો આ સંસારમાં અભવ્યોને પણ દુર્લભ નથી.

ભાવાર્થ : એ રીતે ધ્યાનનું ક્રમશઃ સમાપત્તિ, આપત્તિ અને સંપત્તિરૂપ ફળ મળતું હોવાથી તે આત્માને વિંશતિસ્થાનકતપ વગેરે પણ તત્ત્વથી (તે અરિહંતાદિ તે તે પદોની આરાધના રૂપે) ધ્યાન સ્વરૂપ હોવાથી કરવું યોગ્ય (સફળ) છે. ધ્યાન વિનાનુ માત્ર કાયકલેશરૂપ વિંશતિસ્થા-

નકે તપ વગેરે તો આ સંસારમાં અભવ્યોને પણ દુર્લભ નથી. અર્થાત્ તે પણ કરે છે, છતાં ધ્યાનના અભાવે તેમને તે નિષ્ફળ બને છે. આ કથનથી અહીં વિંશતિસ્થાનક તપની આરાધના વગેરે ધ્યાન સ્વરૂપ બને તે રીતે કરવી જોઈએ, એમ સૂચવ્યું છે. માત્ર કાયકષ્ટ રૂપે કરવાથી તેનું ફળ મળતું નથી.

હવે ત્રણ શ્લોકથી ધ્યાની મહાત્માનું સ્વરૂપ અને તેના આનંદનું વર્ણન કરે છે—

जितेन्द्रियस्य धीरस्य, प्रशान्तस्य स्थिरात्मनः ।
सुखासनस्य नासाग्रन्यस्तनेत्रस्य योगिनः ॥६॥
रुद्धबाह्यमनोवृत्ते – र्धारणाधारयारयात् ।
प्रसन्नस्याऽप्रमत्तस्य, चिदानंदसुधालिहः ॥७॥
साम्राज्यमप्रतिद्वन्द्व–मन्तरेव वितन्वतः ।
ध्यानिनो नोपमा लोके, सदेवमनुजेऽपि हि ॥८॥

અર્થ : (૧) ઇન્દ્રિયોનો વિજેતા, (૨) ધૈર્યશાળી, (૩) પ્રશાન્ત, (૪) સ્થિરતાને પામેલો, (૫) સુખાસને બેઠેલો, (૬) નાકના અગ્રભાગે દૃષ્ટિને સ્થાપી છે જેણે એવો, (૭) પ્રવૃત્તચક્ર-યોગી, (૮) ધારણાની સતત ધારાના વેગથી બહાર ઇન્દ્રિયોના વિષયમાં જતી મનોવૃત્તિને રોકનાર, (૯) રાગાદિથી રહિત, (૧૦) અકલુષિત ચિત્તવાળો, (૧૧) પ્રમાદ રહિત, (૧૨) જ્ઞાન-રૂપ અમૃતના આનંદને અનુભવતો અને (૧૩) નિજ આત્મામાં

જ નિષ્કંટક સ્વરાજ્યના સામ્રાજ્યનો વિસ્તાર કરતો, એવા ધ્યાનીને મનુષ્યો અને દેવોથી યુક્ત એવા લોકમાં પણ નિશ્ચે કોઇ ઉપમા નથી.

**ભાવાર્થ** : અહીં ધ્યાની મહાત્માનું સ્વરૂપ જણાવતાં ત્રણ શ્લોકોથી કહે છે કે જેણે સ્વરૂપના ઉપયોગમાં જોડવાથી પર પુદ્ગલમાં જતી ઇન્દ્રિયોને રોકવા રૂપે ઇન્દ્રિયો ઉપર વિજય મેળવ્યો છે, સ્વવીર્યના સામર્થ્યથી પરીષહ-ઉપસર્ગોના પ્રસંગે ચલિત ન થતાં ધૈર્યથી પરીષહાદિને જે જીતે છે, કષાય-નોકષાયોનો વેગ ભાગી જવાથી જે પ્રશાન્ત-છે. શાન્તચિત્તે આત્મસ્વરૂપને અનુભવે છે, સ્વરૂપ રમણતામાં જે સ્થિર છે, સાધનાની પરિણતિવાળો જેનો આત્મા સુખરૂપ છે, અથવા સુખકર-અનુકૂળ આસને બેઠો છે, જેણે (મનની ચપલતા તજવા માટે) પોતાની દૃષ્ટિને નાસિકાના અગ્રભાગે સ્થાપેલી છે, જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ રત્નત્રયના પરિણામ રૂપ યોગને સાધતો જે પ્રવૃત્તચક્રયોગી છે, એક જ ધ્યેયમાં ચિત્તને સ્થિર કરવા રૂપ ધારણાના સાતત્યથી બાહ્ય ઇન્દ્રિયોમાં આકર્ષાતી ચિત્તવૃત્તિઓને જેણે રોકી દીધી છે, (તેથી) જે સંકલ્પ રહિત પ્રસન્ન ચિત્તવાળો છે, જે અજ્ઞાન, સંશય વગેરે આઠ પ્રમાદથી રહિત-અપ્રમત્ત છે, જે આત્મજ્ઞાનના આનંદરૂપ અમૃતનું આસ્વાદન કરે છે, અને એ રીતે પોતાના આત્મામાં જ બાહ્ય-અભ્યંતર શત્રુઓ (વિઘ્નો) રહિત નિષ્કંટક (પરભાવોથી અધૃષ્ય) એવા સ્વગુણની સંપત્તિરૂપ અને સ્વભાવરૂપ પરિવારયુક્ત, સ્વતંત્રતા-

રૂપ સ્વસામ્રાજ્યનો જે વિસ્તાર કરી રહ્યો છે, તેવા ધ્યાનીને દેવસહિત- મનુષ્યલોકમાં (સ્વર્ગ- મનુષ્યલોકમાં ) પણ નિશ્ચે કોઈ ઉપમા નથી. અર્થાત્ ત્રણે લોકમાં તેની તુલના કરે તેવું કોઈ નથી.

અહીં ધ્યાન કરવા માટે જણાવેલાં પદ્માસન વગેરે વિવિધ આસનોમાંથી જે આસને મન સ્થિર થાય તે સુખાસન જાણવું. પ્રારંભમાં જે વિષમ જણાય તે પણ લાંબા અભ્યાસથી સુખાસન બની જાય છે. તેવી આસન-મુદ્રાવાળો અને પ્રવૃત્તચક્રયોગી એટલે ચાર પ્રકારના યોગીમાં ત્રીજા પ્રકારનો યોગી શાસ્ત્રોમાં ગોત્રયોગી, કુળયોગી, પ્રવૃત્તચક્રયોગી અને નિષ્પન્નયોગી, એમ યોગીના ચાર પ્રકારો કહ્યા છે. તેમાં યોગીના ગોત્રમાં જન્મેલો પણ જે તેની કુળમર્યાદા રહિત હોવાથી યોગને પામવા માટે અયોગ્ય તે ૧. ગોત્રયોગી, જે યોગીકુળમાં જન્મેલો તેની મર્યાદાનો પાલક ભવિષ્યમાં યોગ્યસાધનાને યોગ્ય તે ૨. કુળયોગી, જે યોગસાધનામાં પ્રવૃત્ત થયો હોય તે. ૩. પ્રવૃત્તચક્રયોગી અને જેણે યોગસિદ્ધિ કરી હોય તે ૪. નિષ્પન્નયોગી જાણવો. અહીં યોગનો સાધક હોવાથી યોગી એટલે પ્રવૃત્તચક્રયોગી સમજવો.

હવે તપ અષ્ટકથી તપનું સ્વરૂપ વર્ણવે છે–

## ૩૧. તપ અષ્ટક

**ज्ञानमेव बुधाः प्राहुः, कर्मणां तापनात्तपः ।**
**तदाभ्यन्तरमेवेष्टं, बाह्यं तदुपबृंहकम् ॥१॥**

**અર્થ** : કર્મને તપાવનાર હોવાથી જ્ઞાન એ જ તપ છે, એમ જ્ઞાનીઓ કહે છે. (તે તપના બે પ્રકારો છે : અભ્યં-ન્તર અને બાહ્ય) તેમાં અભ્યન્તર તપ જ ઇષ્ટ છે, બાહ્ય તપ તેનું ઉપબૃંહક એટલે સહાયક-વૃદ્ધિ કરનાર હોય તો તે પણ ઇષ્ટ છે.

**ભાવાર્થ** : પૌદ્ગલિક સુખની તૃષ્ણાથી કષ્ટ સહન કરવું, કે લોકેષણાથી કે દીનતાથી ઉપવાસ વગેરે કરવા તે વાસ્તવિક તપ નથી, કારણ કે 'કર્મને તપાવે તે તપ' એવી શાસ્ત્રોક્ત તપની વ્યાખ્યા તેમાં ઘટતી નથી, માટે ઇન્દ્રિય-જન્ય બાહ્ય સુખની અભિલાષા રહિત અને આત્મદ્રવ્યની શુદ્ધિના સાધક એવા આત્માનું કાયકષ્ટ વગેરે આચરણ તે તપ છે.

**પ્રશ્ન** : ઉપવાસાદિ તપથી અશાતાવેદનીય અને ભોજનથી શાતાવેદનીય ખપે છે એમ બન્નેમાં કર્મો ખપતાં હોવાથી બન્ને સમાન છે, તો ઉપવાસાદિ કષ્ટ શા માટે કરવું ? તેનું સમાધાન કરતા જ્ઞાની પુરુષો ફરમાવે છે કે

ભોજનમાં છ કાય જીવોની વિરાધના થાય છે. ઉપવાસમાં તેનો અભાવ હોવાથી નવીન કર્મનો બંધ નથી, વળી સંવરપૂર્વક સકામ નિર્જરા થતી હોવાથી ઉપવાસાદિ હિતકર છે. અનાદિ વાસનાને કારણે જીવને ભોજન કરવામાં તો શાતાના ઉદયથી ઇષ્ટ સંયોગમાં સંગ (રાગ) રૂપ એકતાની પરિણતિ સ્વાભાવિક થાય છે. જ્યારે ઉપવાસ, આતાપના વગેરેમાં કર્મની નિર્જરાનો ઉપયોગ હોવાથી તે દ્વારા અસંગ (વૈરાગ્ય) ભાવની સિદ્ધિ થાય છે, માટે અસંગભાવની સાધનામાં ત્યાગ જ હિતકર છે, ભોગ હિતકર નથી.

આહાર ત્યાગ વગેરે દ્રવ્યતપ છે અનેઆત્મ સ્વરૂપની એકાગ્રતા તે ભાવતપ છે. અહીં દ્રવ્યતપ પૂર્વકનો ભાવતપ ઇષ્ટ છે.

આત્માને લાગેલાં કર્મોને તપાવનાર હોવાથી પંડિતો જ્ઞાનને જ તપ કહે છે, તેથી અહીં પ્રાયશ્ચિત્તાદિ અન્તરંગ તપ અને તે અન્તરંગતપની વૃદ્ધિ-પુષ્ટિ કરે તેવો ઉપવાસ વગેરે બાહ્યતપ પણ ઇષ્ટ છે.

હવે અજ્ઞાનીના અને જ્ઞાનીના તપનું સ્વરૂપ જણાવે છે—

**आनुश्रोतसिकी वृत्ति-र्बालानां सुखशीलता ।**
**प्रातिश्रोतसिकी वृत्ति-र्ज्ञानिनां परमं तपः ॥२॥**

અર્થ : સંસારના પ્રવાહને અનુસરતી સુખશીલતા

તે અજ્ઞાની જીવોની વૃત્તિ છે અને સંસારના પ્રવાહથી વિપરીત પરમ તપ તે જ્ઞાનીઓની વૃત્તિ છે.

**ભાવાર્થ** : અનાદિ સંસારના પ્રવાહને (માર્ગને) અનુસરવારૂપ સુખશીલતા, જેવી કે ઇન્દ્રિયોના સુખમાં આનંદ–મગ્નતા, વિષયસુખની અભિલાષા, વગેરે વૃત્તિ અજ્ઞાની જીવોની છે અને સંસારના પ્રવાહથી વિપરીત પરમ-તપ તે જ્ઞાનીઓની વૃત્તિ છે.

આત્મસ્વરૂપને અનુસરતી અને સંસાર પ્રવાહથી પ્રતિકૂળ પ્રવૃત્તિને તપ કહેવાય છે. દ્રવ્યતપ સહિત પ્રાયશ્ચિત્ત વગેરે ભાવતપના પરિણામ તે આત્મસ્વરૂપમાં તન્મયતા રૂપ છે. આ તપથી જ સકળ કર્મોનો ક્ષય થાય છે, માટે ચાર જ્ઞાનના ધારક શ્રી અરિહંતદેવો પણ તે ભવમાં પોતાની મુક્તિ છે, એમ જાણવા છતાં માસક્ષમણાદિ ઉત્કૃષ્ટ તપને આચરે છે.

હવે કોઈ તપને દુઃખરૂપ માને છે, તેને કહે છે—

**धनार्थिनां यथा नास्ति, शीततापादिदुःसहम् ।**
**तथा भवविरक्तानां, तत्त्वज्ञानार्थिनामपि ॥३॥**

**અર્થ** : જેમ ધનના અર્થીને ધન મેળવવામાં ઠંડી–તાપ વગેરે કષ્ટ દુઃસહ લાગતું નથી, તેમ સંસારથી વિરક્ત ચિત્તવાળા તત્ત્વજ્ઞાનના અર્થીઓને પણ (તપશ્ચર્યા આદિનું) કષ્ટ દુઃસહ નથી.

ભાવાર્થ : ધનના અર્થીનું લક્ષ્ય ધનપ્રાપ્તિનું હોવાથી તેને મેળવવામાં સહન કરાતા ઠંડી-તાપ-શ્રમ વગેરે કષ્ટો તેને દુઃસહ લાગતા નથી એ સર્વને અનુભવ સિદ્ધ છે—પ્રત્યક્ષ છે, તેમ સંસારનાં સુખોથી વિરક્ત થયેલા તત્ત્વજ્ઞાનના સાધક એવા જ્ઞાનીઓને આત્મશ્રેય માટે સહન કરાતાં પરીષહ-ઉપસર્ગો વગેરે કષ્ટો અને અર્થાપત્તિથી ઉપવાસ વગેરે તપનાં કષ્ટો દુઃસહ લાગતાં નથી.

પશુ-પક્ષી આદિ પણ પોતે માનેલી ઇષ્ટ સિદ્ધિ માટે કષ્ટોને પ્રસન્નતાથી સહન કરે છે. જીવની પ્રકૃતિ છે કે સ્વ ઇષ્ટસિદ્ધિ માટે તે કષ્ટોને હર્ષથી સહન કરે છે. તો જેને ભવથી મુક્તિ અને તત્ત્વજ્ઞાન ઇષ્ટ છે તેને તે માટે કરાતા તપ વગેરેમાં કષ્ટો કષ્ટરૂપે દુઃસહ કેમ લાગે ? જેને કષ્ટરૂપ જણાય તેને તાત્ત્વિક ભવવૈરાગ્ય નથી, એમ માનવું જોઈએ.

તપનું કષ્ટ કેમ દુઃસહ નથી લાગતું તે જણાવે છે—

**सदुपायप्रवृत्ताना–मुपेयमधुरत्वतः ।**
**ज्ञानिनां नित्यमानन्द–वृद्धिरेव तपस्विनाम् ॥४॥**

અર્થ : સાચા ઉપાયમાં પ્રવર્તેલા જ્ઞાની એવા તપસ્વીઓને ઉપેયની એટલે મોક્ષરૂપ સાધ્યની સિદ્ધિરૂપ મીઠાશથી નિત્ય આનંદની વૃદ્ધિ જ થાય છે.

ભાવાર્થ : જેમ ધનના અર્થીને ઉદ્યમ કરતાં કષ્ટો સહન કરવાં છતાં પ્રાપ્ત થતા ધનની મીઠાશથી (ઇષ્ટ સિદ્ધિના

આનંદથી) નિત્ય આનંદ જ વધતો રહે છે. કષ્ટ છતાં કષ્ટ જણાતું નથી તેમ મોક્ષાભિલાષી જ્ઞાની તપસ્વીઓને પોતે તપરૂપ સમ્યગ્ ઉદ્યમમાં પ્રવર્તતા હોવાથી મુક્તિની સાધનારૂપ કાર્યસિદ્ધિની મીઠાશથી નિત્ય આનંદની વૃદ્ધિ જ થાય છે.

રણમાં યુદ્ધ કરતા સુભટને શસ્ત્ર પ્રહારો દુઃખદ બનતા નથી, કિન્તુ તે વિજયનો આનંદ અનુભવે છે, અને રોગી કટુ ઔષધ ખાવા છતાં આરોગ્યની સિદ્ધિથી હર્ષિત બને છે, એ રીતે અહીં જ્ઞાનીને પણ પોતાની ઇષ્ટ સિદ્ધિનો આનંદ વધતો રહે છે. કારણ કે તેના કાર્યની સિદ્ધિ માટે તપ એ સમ્યગ્ ઉપાય હોવાથી તેને દુઃસહ લાગતો નથી, પણ તપ વખતે તેને સાધ્ય સિદ્ધિનો આનંદ હોય છે.

એ રીતે તપને દુઃખરૂપ માનનારા બૌદ્ધોને ઉદ્દેશીને કહે છે—

**इत्थं च दुःखरूपत्वात्, तपोव्यर्थमितीच्छताम् ।**
**बौध्धानां निहता बुध्धि–बौंध्धानन्दाऽपरिक्षयात् ।।५।।**

અર્થ : એ રીતે (બૌદ્ધાનંદ એટલે) જ્ઞાનના આનંદનો (તપ દ્વારા) ક્ષય ન થતો હોવાથી "તપ એ દુઃખરૂપ હોવાથી વ્યર્થ (નિષ્ફળ) છે" એવી માન્યતાવાળા બૌદ્ધોની બુદ્ધિ હણાયેલી (કુંઠિત થયેલી) છે.

ભાવાર્થ : (ત્રીજા–ચોથા શ્લોકમાં જણાવ્યા પ્રમાણે) તપથી જ્ઞાનજનિત અંતરંગ આનંદનો ક્ષય થતો નહિ હોવાથી

"તપ દુઃખરૂપ હોવાથી નિષ્ફળ છે" એમ માનનારા બૌદ્ધોની બુદ્ધિ હણાયેલી (કુંઠિત) છે.

તત્ત્વથી તપ અશાતાકર્મના ઉદયરૂપ નથી પણ વિશિષ્ટ જ્ઞાન (આત્મજ્ઞાન), સંવેગ (મોક્ષની ઇચ્છા) અને કષાયના નિરોધરૂપ શમગર્ભિત હોવાથી તપ ક્ષાયોપશમિક ભાવરૂપ અને અવ્યાબાધ સુખરૂપ છે. એમ શ્રી હરિભદ્રસૂરિજીએ પણ સ્વરચિત અગિયારમા તપ અષ્ટકમાં જણાવ્યું છે.

હવે શુદ્ધ તપનું સ્વરૂપ જણાવે છે—

**यत्र ब्रह्म जिनार्चा च, कषायाणां तथा हतिः ।**
**सानुबन्धा जिनाज्ञा च, तत् तपः शुध्धमिष्यते ॥६॥**

અર્થ : જેમાં બ્રહ્મચર્ય (વધે), જિનપૂજા હોય, કષાયોની હાનિ હોય અને જિનાજ્ઞાનો અનુબન્ધ (વધતો) હોય, તે તપને શુદ્ધ તપ માન્યો છે.

**ભાવાર્થ** : જે તપમાં વિષયાસક્તિ ઘટવા રૂપ બ્રહ્મચર્યની વૃદ્ધિ થાય, જિનાજ્ઞા પ્રત્યે આદર–બહુમાનરૂપ જિનપૂજા હોય, કષાયો–નોકષાયોનો હ્રાસ થાય અને સ્યાદ્વાદ સાપેક્ષ જિનવચનો પ્રત્યે અનુબન્ધ વધે, તે તપને શુદ્ધ તપ કહ્યો છે. તપ એ તત્ત્વથી કર્મની નિર્જરામાં મુખ્ય હેતુ છે. તેનાથી આત્મ તત્ત્વનો પ્રકાશ થાય છે, અને એ પ્રકાશ બ્રહ્મચર્યરૂપ, ઉપશમરૂપ અને સત્યસ્વરૂપ હોવાથી આત્માના ક્ષાયિક ગુણોને પ્રગટાવવામાં તે અમોઘ સાધનભૂત બને છે.

હવે તપની મર્યાદાને જણાવે છે-

तदेव हि तपः कार्यं, दुर्ध्यानं यत्र नो भवेत् ।
येन योगा न हीयन्ते, क्षीयन्ते नेन्द्रियाणि च ॥७॥

અર્થ : નિશ્ચયથી તે જ તપ કરવો જોઇએ કે જેમાં દુર્ધ્યાન ન થાય, યોગો સીદાય નહિ અને ઇન્દ્રિયો ક્ષીણ ન થાય.

ભાવાર્થ : દરેક અનુષ્ઠાન અતિપ્રવૃત્તિ વગેરે દોષોથી રહિત નિર્દોષ હોય તો જ તેનું તાત્ત્વિક ફળ મળે છે. તપ કર્મ નિર્જરા માટે છે તેથી નિશ્ચયથી તે જ તપ કરવો યોગ્ય છે કે તેમાં આર્તરૌદ્ર રૂપ દુર્ધ્યાન થવું ન જોઇએ, બાહ્ય અભ્યન્તર યોગો (સંયમનાં કાર્યો કે મન-વચન-કાય બળ)ની હાનિ ન થવી જોઇએ અને ઇન્દ્રિયોનું બળ (જે આરાધનાનું મુખ્ય સાધન છે તે) ક્ષીણ ન થવું જોઇએ.

હવે એ તપ કેવા ઉદ્દેશથી કરવો તે જણાવે છે-

मूलोत्तरगुणश्रेणि–प्राज्यसाम्राज्यहेतवे ।
बाह्यमाभ्यंतरं चेत्थं, तपः कुर्यान् महामुनिः ॥८॥

અર્થ : એ રીતે મહામુનિ મૂલગુણો અને ઉત્તરગુણોની શ્રેણિરૂપ વિશાળ આત્મસામ્રાજ્યની સિદ્ધિ માટે બાહ્ય અને અભ્યંતર તપને કરે.

**ભાવાર્થ** : પાંચ મહાવ્રતો વગેરે મૂલગુણો અને પિંડ વિશુદ્ધિ વગેરે ઉત્તરગુણોની પરંપરારૂપ વિસ્તૃત આત્મસામ્રાજ્યને સિદ્ધ કરવા માટે મહામુનિ આ રીતે અનશન-ઉણોદરિકા વગેરે છ પ્રકારનો બાહ્ય અને પ્રાયશ્ચિત્ત-વિનય વગેરે છ પ્રકારનો અભ્યન્તર તપ કરે.

પાંચ મહાવ્રતો, દશ યતિધર્મ, સત્તર પ્રકારે સંયમ, દશ પ્રકારે વૈયાવચ્ચ, નવ બ્રહ્મગુપ્તિ, જ્ઞાનાદિ ત્રણ, બાર પ્રકારે તપ અને ચાર કષાયોનો નિગ્રહ એ સિત્તેર મૂલગુણો છે અને ચાર પ્રકારના પિંડની વિશુદ્ધિ, પાંચ સમિતિ, બાર ભાવના, બાર શ્રમણ પ્રતિમા, પાંચ ઇન્દ્રિયોનો નિરોધ, પચીસ પડિલેહણા, ત્રણ ગુપ્તિ અને ચાર પ્રકારના અભિગ્રહ, એ સિત્તેર ઉત્તરગુણો છે.

જેનું પાલન નિત્ય-સતત હોય તે મૂલગુણો અને જેનું પાલન નૈમિત્તિક (કારણે કરવાનું) હોય તે ઉત્તરગુણો છે. અથવા મૂલગુણો સંયમના આધારભૂત છે અને ઉત્તરગુણો મૂલગુણોના ઉપબૃંહક-રક્ષક છે.

આ મૂલગુણો અને ઉત્તરગુણો પ્રગટ થવા એ જ આત્માનું શુદ્ધ સ્વાતંત્ર્યરૂપી મહાસામ્રાજ્ય છે. તેને પ્રગટ કરવા માટે અભ્યંતર તપ અને તેમાં કારણભૂત બાહ્ય તપ કરવો જરૂરી છે. તે પૂર્વના શ્લોકોમાં જણાવ્યા પ્રમાણે કરવાથી કાર્યની (મોક્ષની) સિદ્ધિ થાય છે.

તેમાં લોકમાં ઉલ્લાસનું કારણ એવો પ્રભાવનાકારક બાહ્ય તપ લોકપ્રસિદ્ધ હોય છે અને આત્મગુણોમાં તન્મયતા રૂપ અભ્યંતર તપ લોકો જોઈ જાણી ન શકે તેવો છે.

વળી તપ સંવર અને નિર્જરા રૂપ છે. તેમાં જ્ઞાન અને ચારિત્રની તીવ્રતા રૂપે સંવર છે અને જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય ઉપયોગરૂપ આત્મગુણોની એકતાના આસ્વાદન રૂપે (અનુભવ રૂપે) નિર્જરા છે. એમ નવો કર્મબન્ધ અટકાવવારૂપ સંવરપૂર્વક સત્તાગત કર્મોને ખપાવવારૂપ નિર્જરાથી આત્માનો મોક્ષ થાય છે.

એ રીતે તપનું સ્વરૂપ જાણીને તેનું આચરણ કરવું એ જ સંયમની સિદ્ધિનો (સફળતાનો) સચોટ ઉપાય છે.

હવે સર્વ નયોનો આશ્રય કરવા રૂપ છેલ્લું અષ્ટક કહે છે—

# ૩૨. સર્વનયાશ્રયણ અષ્ટક

धावन्तोऽपि नयाः सर्वे, स्युर्भावे कृतविश्रमाः ।
चारित्रगुणलीनः स्या-दिति सर्वनयाश्रितः ॥१॥

અર્થ : પોત પોતાની માન્યતાને સિદ્ધ કરવા દોડતા પણ સર્વ નયો વસ્તુના તે તે કોઈ સ્વભાવમાં જ સ્થિર થાય છે તેથી ચારિત્રગુણમાં રક્ત સાધુ, સર્વ નયોનો આશ્રિત બને !

ભાવાર્થ : વસ્તુમાત્ર અનંત ધર્મવાળી હોવાથી પોતે માનેલા કોઈ એક ધર્મને સિદ્ધ કરવા અન્ય નયોનો અપલાપ કરતા પણ તે દરેક નયો આખરે તો તે વસ્તુના જ કોઈના કોઈ ધર્મને સિદ્ધ કરે છે, અમુક નય અમુક ધર્મને સિદ્ધ કરે છે તો બીજો સ્વમાન્ય અમુક બીજા ધર્મને સિદ્ધ કરે છે. એમ પ્રત્યેક નયો તે જ પદાર્થના ભિન્ન ભિન્ન ધર્મોને સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે, માટે વસ્તુના પૂર્ણસ્વરૂપને જાણવાની ઇચ્છાવાળા મુનિએ તે સર્વનયોનો આશ્રય કરવો (માનવા) જોઈએ, કે જેથી પક્ષ–પ્રતિપક્ષથી રહિત મુનિનો સમતા–સામાયિકરૂપ ચારિત્રગુણ નિરાબાધ બને. કોઈ એક નયનો સ્વીકાર કે પરિહાર કરવાથી રાગ-દ્વેષ થાય. વસ્તુતત્ત્વનું પૂર્ણ જ્ઞાન ન થાય. અને એવા અપૂર્ણ જ્ઞાનીનું જ્ઞાન દૂષિત હોવાથી ચારિત્ર પણ દૂષિત

થાય, માટે શુદ્ધ ચારિત્રના રાગી મુનિએ સર્વ નયોને તેની તે તે અપેક્ષા પૂર્વક સ્વીકારવા જોઈએ.

હવે સર્વ નયોનો આશ્રય કરવાથી અને ન કરવાથી શું થાય તે કહે છે–

**पृथग् नया मिथः पक्ष–प्रतिपक्षकदर्थिताः ।**
**समवृत्तिसुखास्वादी, ज्ञानी सर्वनयाश्रितः ॥२॥**

અર્થ : ભિન્ન ભિન્ન બધા નયો પરસ્પર વાદ અને પ્રતિવાદથી (પોતાની સિદ્ધિ અને અન્યનું મિથ્યાપણું સિદ્ધ કરતા) કદર્થનાને પામે છે–વિડંબિત બને છે. તે કારણે સમવૃત્તિ એટલે સમતા–માધ્યસ્થતાના સુખને અનુભવતો જ્ઞાની સર્વ નયોને માનનાર હોય છે.

ભાવાર્થ : અહીં નયો એટલે ઉપચારથી તે તે માન્યતાવાળા ભિન્ન ભિન્ન મતાવલંબીઓ. તેઓ પરસ્પર વાદ–વિવાદને કરતા દુઃખી (થાય) છે. અને સર્વ નયોને તે તે અપેક્ષાએ સત્ય માનનાર જ્ઞાની સમતા–સમાધિના સુખનો અનુભવ કરે છે. પ્રત્યેક નય (માન્યતા) સ્વ સ્વ અપેક્ષાએ સત્ય હોય છે, તેથી સર્વ નયોને સ્વીકારવાથી પૂર્ણ સત્યની પ્રાપ્તિ થાય છે. માટે જ્ઞાની એટલે સર્વ નયોને તે તે અપેક્ષાએ સત્ય રૂપે સ્વીકારનાર મુનિ સમતાના પરમ સુખને અનુભવે છે.

શ્રી જિનેશ્વરદેવનું શાસન સર્વ નયાશ્રિત છે. આ શાસનમાં રાગ–દ્વેષાદિના વિકાર શાન્ત થતા હોવાથી સમતારૂપી અમૃતનું આસ્વાદન થાય છે. જૈનશાસનની આ એક વિશિષ્ટતા છે.

હવે સર્વ નયો પ્રમાણભૂત ક્યારે ગણાય, તે કહે છે–

**नाऽप्रमाणं प्रमाणं वा, सर्वमप्यविशेषितम् ।**
**विशेषितं प्रमाणं स्या–दिति सर्वनयज्ञता ॥३॥**

અર્થ : અવિશેષિત એટલે નિરપેક્ષ સઘળુંય અપ્રમાણ (મિથ્યા) નથી, તેમ પ્રમાણ (સત્ય) પણ નથી. જે જે વિશેષિત (એટલે તે તે અપેક્ષાયુક્ત–સાપેક્ષ) છે, તે પ્રમાણ છે. એ રીતે સર્વ નયોનું જાણપણું ઘટે છે.

ભાવાર્થ : સ્વ પર સર્વ વચનો જો તે વિશેષણ રહિત નિરપેક્ષ હોય તો તે અપ્રમાણિક (મિથ્યા) નથી, તેમ પ્રમાણિક (સત્ય) પણ નથી. જે જે વિશેષણયુક્ત છે તે સત્ય છે. એ રીતે સાપેક્ષ (અનેકાન્ત) દૃષ્ટિથી સર્વ નયોનું જાણપણું થાય છે.

જિનવચન પણ નિરપેક્ષ હોય તો તે એકાંતદૃષ્ટિરૂપ હોવાથી મિથ્યા છે, અને અન્ય દર્શનકારોનાં વચનો પણ સાપેક્ષ (અનેકાન્ત) દૃષ્ટિથી ગ્રહણ થાય તો તે પ્રમાણભૂત છે.

જિનઆગમનાં પ્રત્યેક વચનો સ્યાત્‌પદથી યુક્ત અર્થાત્ અનેકાન્તરૂપ છે માટે તે સમ્યક્ શ્રુત છે. અન્ય દર્શનનાં

પણુ અનેકાન્ત દૃષ્ટિવાળાં વચનો અનેકાન્ત દૃષ્ટિથી જૈન-દર્શનને માન્ય બને છે. માટે જ કહ્યું છે કે "ષટ્ દર્શન જિન અંગ ભણીજે" છએ દર્શન રૂપી સરિતાઓનો જૈન-દર્શન રૂપ મહાસાગરમાં સમાવેશ થઇ જાય છે. માટે સર્વ વચનોના વાચ્યને તે તે નયની દૃષ્ટિથી સાપેક્ષપણે સ્વીકાર-નાર સર્વ નયોનો જ્ઞાતા બને છે.

लोके सर्वनयज्ञानां, ताटस्थ्यं वाप्यनुग्रहः ।
स्यात् पृथग् नयमूढानां, स्मयार्त्तिर्वाऽतिविग्रहः ॥४॥

અર્થ : સાપેક્ષ દૃષ્ટિથી સર્વ નયોને જાણનારા જ્ઞાની-ઓનું લોકમાં મધ્યસ્થપણું હોય છે અથવા વ્યવહાર દશામાં ઉપકાર બુદ્ધિ હોય છે. તેથી વિપરીત ભિન્ન ભિન્ન નયની એકાંત દૃષ્ટિથી મૂઢ બનેલાઓને લોકમાં અહંકારની પીડા અથવા અત્યંત ક્લેશ હોય.

ભાવાર્થ : સ્વ પર હિત માટે નિરભિમાનતા તથા અનુગ્રહ બુદ્ધિ જરૂરી છે, તે સાપેક્ષપણે સર્વનયોને સ્વીકા-રનાર જ્ઞાનીઓમાં જ ઘટિત છે. કારણ કે તેમને સર્વ દૃષ્ટિનો સ્વીકાર હોવાથી હું સાચો અને બીજો મિથ્યા એવું અભિ-માન થતું નથી. તેથી તે બીજાઓને પણ સત્યનો સ્વીકાર કરાવી શકે છે. તેથી વિપરીત જે પોતાના મતમાં એકાંત આગ્રહી તેમ જ અહંકારી બને છે, તેનું વચન મધ્યસ્થતાના અભાવે લોકમાં ગ્રાહ્ય બનતું નથી. ઉલટું વિગ્રહજનક બને છે. માટે તે તે અપેક્ષાપૂર્વક સર્વ નયોનો સ્વીકાર કરવો

જોઈએ. તે તે દષ્ટિએ દરેકને સત્ય માનવા જોઈએ અને જે શ્રોતાની જેવી યોગ્યતાદિ હોય તેને તે તે નયથી સત્ય સમજાવવું જોઈએ. એ રીતે લોકમાં પણ ઉપકાર થાય.

અનેકાન્ત-એકાંત દષ્ટિથી અનુક્રમે હિતાહિત થાય છે, તે કહે છે-

श्रेयः सर्वनयज्ञानां, विपुलं धर्मवादतः ।
शुष्कवादाद्विवादाच्च, परेषां तु विपर्ययः ।।५।।

અર્થ : સર્વ નયોના જ્ઞાતાઓને ધર્મવાદથી ઘણું કલ્યાણ થાય છે અને બીજા એકાન્તવાદીઓને તો શુષ્કવાદથી અને વિવાદથી અકલ્યાણ થાય છે.

ભાવાર્થ : સર્વ નયનો જ્ઞાતા (અનેકાન્તવાદી) મધ્યસ્થ હોવાથી તેના વાદને ધર્મવાદ કહ્યો છે. તે વાદમાં જીતે તો પ્રતિવાદી પણ મધ્યસ્થ હોવાથી તેના મતનો સ્વીકાર કરે અને હારે તો પોતે નિરહંકારી હોવાથી પ્રતિવાદીના સત્યનો સ્વીકાર કરી શકે. એમ બન્ને રીતે કલ્યાણ થાય.

તેથી વિપરીત એકાન્તવાદીઓને શુષ્કવાદ કે વિવાદથી ઉલટું અકલ્યાણ થાય. વાદના પ્રકારો શાસ્ત્રમાં નીચે પ્રમાણે કહ્યા છે :

૧. તત્ત્વના જિજ્ઞાસુ વાદી-પ્રતિવાદીનો વાદ તે ધર્મવાદ.
૨. જે વાદથી તત્ત્વ પ્રાપ્તિ ન થાય તે શુષ્કવાદ,

અથવા અભિમાની, ક્રૂર, ધર્મદ્વેષી કે મૂઢ, એ ચારમાંથી કોઈની સાથે પણ વાદ કરવો તે પણ શુષ્કવાદ. આવા વાદમાં કેવળ કંઠ શોષણ જ થાય, કંઈ લાભ ન થાય. કારણ કે વાદી અભિમાની હોય તો હારે તો પણ સત્ય સ્વીકારે નહિ, ક્રૂર હોય તો હારવાથી વૈરી બને, ધર્મદ્વષી હોય તો હારે તો પણ ધર્મને–સત્યને સ્વીકારે નહિ અને મૂઢ તો અજ્ઞ હોવાથી તે વાદનો અધિકારી જ નથી. એ રીતે શુષ્કવાદથી અહિત થાય.

૩. ધન–માન વગેરે મેળવવા વાદ કરવો તે વિવાદ કહેવાય. આ વિવાદમાં નીતિપૂર્વક જીતવું દુષ્કર છે, છતાં જીતે તો પણ સામાને ધનપ્રાપ્તિ રોકાય તેથી અંતરાય કર્મ બંધાય, તથા હારે તો શોક, દ્વેષ, અશુભકર્મોનો બંધ વગેરે આલોકનું અને પરલોકનું અહિત થાય.

હવે સર્વ નયના આશ્રયરૂપ સ્યાદ્વાદના પ્રરૂપકને અને તેને પામેલાને નમસ્કાર કરે છે.

**प्रकाशितं जनानां यैर्मतं सर्वनयाश्रितम् ।**
**चित्ते परिणतं चेदं, येषां तेभ्यो नमोनमः ॥६॥**

અર્થ : જેઓએ સર્વ નયોનો આશ્રય કરનાર (અનેકાન્ત) મતને લોકોની સમક્ષ પ્રકાશ્યો (ઉપદેશ્યો) છે તે શ્રી અરિહંત ભગવંત વગેરેને અને તે અનેકાન્ત જેના

ચિત્તમાં સમ્યક્ પરિણામ પામ્યો છે તે ચતુર્વિધ શ્રી સંઘને પુનઃ પુનઃ નમસ્કાર થાઓ !

ભાવાર્થ : અનાદિ મિથ્યાત્વ વગેરેના કારણે સત્ય તત્ત્વની પ્રાપ્તિના અભાવે જીવને સંસારમાં રખડવું પડયું છે. કાલાદિ કારણ સામગ્રીનો પરિપાક થતાં મંદ મિથ્યાત્વી વગેરે જીવોને જ સત્યની પ્રાપ્તિ થાય છે. તેઓને આ સ્યાદ્વાદ દૃષ્ટિથી સર્વનય સાપેક્ષ તત્ત્વોપદેશ કરનારા પરમેષ્ઠિ ભગવંતો તથા તેને તથ્યરૂપે સ્વીકારનારા ભવ્ય આત્માઓ બન્ને નમસ્કાર કરવા યોગ્ય હોવાથી તેઓને વારંવાર નમસ્કાર થાઓ ! આ રીતે નમસ્કાર પણ પરિણામે તત્ત્વ પ્રાપ્તિની યોગ્યતાને પમાડે છે.

હવે એવા સ્યાદ્વાદીઓનો જગતમાં સર્વત્ર જય થાય છે તે કહે છે—

निश्चये व्यवहारे च, त्यक्त्वा ज्ञाने च कर्मणि ।
एकपाक्षिकविश्लेष–मारूढाः शुद्धभूमिकाम् ।।७।।
अमूढलक्ष्याः सर्वत्र, पक्षपातविवर्जिताः ।
जयन्ति परमानन्द–मयाः सर्वनयाश्रयाः ।।८।।

અર્થ : નિશ્ચય અને વ્યવહારમાં તથા જ્ઞાન અને ક્રિયામાં, (સર્વત્ર) એક પાક્ષિક ભ્રમણાને તજીને જ્ઞાનના પરિપાકરૂપ શુદ્ધ ભૂમિકાએ ચઢેલા, સ્વલક્ષ્યને (સાધ્યને) નહિ ચૂકનારા, પક્ષપાત રહિત મધ્યસ્થ ભાવને પામેલા

એવા સર્વ નયોનો (સ્યાદ્વાદનો) આશ્રય કરનારા પરમ આનંદમય બનેલા મહામુનિઓ આલોક, પરલોકમાં સર્વત્ર જયવંતા વર્તે છે.

**ભાવાર્થ** : હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ વગેરે સર્વ પાપોનું મૂળ મિથ્યાજ્ઞાન અને અવિરતિ છે. અનેકાન્ત દૃષ્ટિથી મિથ્યાત્વ દૂર થાય છે અને શુદ્ધ તત્ત્વોનું જ્ઞાન તથા શ્રદ્ધા દૃઢ થાય છે. તેના પ્રભાવે અવિરતિ દૂર થતાં વિરતિધર્મની પ્રાપ્તિ થાય છે, ત્યારે સર્વ પાપો અટકી જવા રૂપ સંવર અને નિર્જરા થાય છે. માટે કહ્યું છે કે સર્વ પાપોનું મૂળ અજ્ઞાન છે તેથી પણ આકરો દોષ એકાન્તવાદ રૂપ મિથ્યાજ્ઞાન છે. આ મિથ્યાજ્ઞાન સર્વનયાશ્રિત અનેકાન્ત દૃષ્ટિના સ્વીકારથી ટળે છે, પછી જ્ઞાન સમ્યક્ બને છે અને તેના બળે હેય-ઉપાદેય તત્ત્વોનો વિવેક પ્રગટતાં જ મોક્ષમાર્ગની (વિરતિની) પ્રાપ્તિ થાય છે.

આવા સ્યાદ્વાદી અને વિરતિવંત આત્માઓનું સ્વરૂપ અને આનંદ વર્ણવતાં કહે છે કે—

માત્ર નિશ્ચય કે વ્યવહારનય અથવા માત્ર જ્ઞાન કે ક્રિયારૂપ (સર્વ) એકાન્ત પક્ષનો ભ્રમ તજીને સર્વ નયોનો આશ્રય કરનાર અને તેથી સમ્યગ્જ્ઞાનના પરિપાકરૂપ ઉચ્ચ ભૂમિકાએ (ગુણસ્થાનકે) આરૂઢ થયેલા સ્વલક્ષ્યને નહિ ચૂકનાર (અપ્રમત્ત) અને સર્વત્ર પક્ષપાતરહિત (મધ્યસ્થ) એવા મહામુનિઓ પરમ (આધ્યાત્મિક) આનંદને અનુભવતા આલોક પરલોકમાં સર્વત્ર જયવંતા વર્તે છે.

**અહીં ગ્રન્થની સમાપ્તિ થાય છે.**

હવે ગ્રન્થની ચૂલિકા રૂપે ઉપસંહાર કરે છે—

# ઉપસંહાર

पूर्णो मग्नः स्थिरो मोहो, ज्ञानी शान्तो जितेन्द्रियः ।
त्यागी क्रियापरस्तृप्तो, निर्लेपो निस्पृहो मुनिः ॥१॥
विद्याविवेकसम्पन्नो, मध्यस्थो भयवर्जितः ।
अनात्मशंसकस्तत्त्व–दृष्टिः सर्वसमृध्धिमान् ॥२॥
ध्याता कर्मविपाकानामुद्विग्नो भववारिधेः ।
लोकसंज्ञाविनिर्मुक्तः, शास्त्रदृग् निष्परिग्रहः ॥३॥
शुध्धानुभववान् योगी, नियागप्रतिपत्तिमान् ।
भावार्चाध्यानतपसां, भूमिः सर्वनयाश्रितः ॥४॥
स्पष्टं निष्टङ्कितं तत्त्व–मष्टकैः प्रतिपन्नवान् ।
मुनिर्महोदयं ज्ञान – सारं समधिगच्छति ॥५॥

અર્થ : આ ગ્રંથમાં કહેલાં બત્રીસ અષ્ટકોનો ક્રમ ઉત્તરોત્તર કાર્ય–કારણ સંબંધવાળો છે, તેથી અહીં તેના નામ નિર્દેશપૂર્વક વર્ણન કર્યું છે. જેમ કે નિર્મળ ચારિત્રના આરાધક એવા મુનિ (૧) જ્ઞાનાદિ ગુણોથી પૂર્ણ એથી જ તેમાં (૨) મગ્ન, એથી જ તેમાં (૩) સ્થિર, એથી જ (૪) મોહ રહિત, એથી જ (૫) જ્ઞાની, એથી જ (૬) ઉપશાન્ત, એથી જ (૭) જિતેન્દ્રિય, એથી જ (૮) ત્યાગી, એથી જ (૯) ક્રિયામાં તત્પર અર્થાત્ પ્રીતિ આદિ

અનુષ્ઠાનોથી ઉત્તીર્ણ થઈ અસંગ અનુષ્ઠાનનો આરાધક, એથી જ (૧૦) આત્મ સંતુષ્ટ, એથી જ (૧૧) નિર્લેપ–પાપલેપથી મુક્ત, એથી જ (૧૨) સ્પૃહા રહિત અને તેથી જ (૧૩) મુનિ અર્થાત્ ભાવથી મૌની.

એ કારણે જ (૧૪) વિદ્યા સંપન્ન, એથી જ (૧૫) વિવેકવાન, એથી જ (૧૬) મધ્યસ્થ, એથી જ (૧૭) નિર્ભય, એથી જ (૧૮) સ્વશ્લાઘાથી પર, એથી જ (૧૯) તત્ત્વદૃષ્ટિને પામેલો, એથી જ (૨૦) પ્રગટ સર્વ આંતર સમૃદ્ધિવાળો, અને

એ સમૃદ્ધિની સ્થિરતા માટે જ (૨૧) કર્મ વિપાકનો ચિંતક, એથી જ સંસારના સર્વ વ્યવહારોથી (૨૨) ઉદ્વિગ્ન, એથી જ (૨૩) લોકસંજ્ઞાથી મુક્ત, એથી જ (૨૪) શાસ્ત્રદૃષ્ટિથી લોકોત્તર માર્ગે વર્તનારો, એથી જ (૨૫) બાહ્ય અભ્યન્તર પરિગ્રહથી સર્વથા રહિત.

એથી જ (૨૬) શુદ્ધ અનુભવજ્ઞાની, એથી જ (૨૭) તાત્ત્વિક (ભાવ) યોગને પામેલો, એથી જ (૨૮) નિયાગનો (ભાવયજ્ઞનો) સાધક, એથી જ (૨૯) ભાવપૂજાની, (૩૦) વિશિષ્ટ ધ્યાનની અને (૩૧) શુદ્ધ તપની ભૂમિકાને (યોગ્યતાને) પામેલો અને તેથી જ (૩૨) સર્વ નયોનો (અનેકાન્તનો) આશ્રય કરનારો મુનિ.

એમ બત્રીસ અષ્ટકોથી સ્પષ્ટ નિશ્ચિત કરેલા તત્ત્વને પામેલો મુનિ મહાન ઉદય (મોક્ષ) છે જેમાં એવા જ્ઞાનના

સારભૂત ચારિત્રને પામે છે, સર્વથા નિર્મળ ચારિત્રનો આરાધક બને છે.

ભાવાર્થ : માત્ર આત્મ સંપત્તિની પૂર્ણતારૂપ મોક્ષ સાધ્ય છે, માટે અહીં પૂર્ણતાને સર્વ પ્રથમ જણાવી છે અને ત્યાર પછી તેમાં અનંતર કે પરંપર કારણભૂત શેષ ગુણોનું વર્ણન ક્રમશઃ કર્યું છે. શાસ્ત્રમાં કહ્યું છે કે જ્ઞાનથી વિશુદ્ધ ચારિત્ર પ્રાપ્ત થાય છે અને ચારિત્રથી પરમ મુક્તિની પ્રાપ્તિ થાય છે. માટે સામાયિકથી આરંભીને ચૌદમાં પૂર્વ બિન્દુસાર સુધી જે સર્વ શ્રુતજ્ઞાન છે, તેનો સાર વિશુદ્ધ ચારિત્ર છે અને ચારિત્રનો સાર નિર્વાણ અર્થાત્ મોક્ષ છે, એમ જ્ઞાનનો સાર પરંપરાએ મોક્ષ છે. તેની પ્રાપ્તિ આ જ્ઞાનસારથી થાય છે.

હવે ત્રણ શ્લોકોથી જ્ઞાનસારનો મહિમા વર્ણવવા માટે જ્ઞાનસારને પામેલા મહામુનિની વિશિષ્ટતા વર્ણવે છે.

## જ્ઞાનસારને પામેલા મહાત્માને અહીં જ મોક્ષ છે.

**निर्विकारं निराबाधं, ज्ञानसारमुपेयुषाम् ।**
**विनिवृत्तपराशानां, मोक्षोऽत्रैव महात्मनाम् ॥६॥**

અર્થ: વિકાર રહિત માટે પીડાથી પણ રહિત, એવા જ્ઞાનસારને પામેલા, મહાત્માઓ કે જેને પર-ભૌતિક-બાહ્ય આશાઓ-ઇચ્છાઓ શાન્ત થઈ છે, તેઓને અહીં સંસારમાં જ મોક્ષ છે-મુક્તિ તુલ્ય આનંદ છે.

ભાવાર્થ: અજ્ઞાન વશ બાહ્ય ઇચ્છાઓ અને આશાઓની જાળમાં જેનું ચિત્ત ગૂંથાયેલું છે, તેને વિવિધ વિકારો અને વિઘ્નોની પરંપરારૂપ સંસારનું કષ્ટ છે. જ્ઞાનીને એ સર્વ નિવૃત્ત થવાથી મુક્તિની ઇચ્છા પણ રહેતી નથી. સંસાર અને મોક્ષ બન્ને તેને સમાન બની જાય છે, એમ જ્ઞાનસાર કે જે સર્વ વિકારો અને વિવિધ પીડાઓના કારણભૂત સર્વ ઇચ્છાઓનો-આશાઓનો નાશ કરનાર છે, તે જ્ઞાનસારને પામેલા મહાત્માઓને અહીં મુનિ જીવનમાં જ મુક્તિ (નો આનંદ) છે. અર્થાત્ જ્ઞાન-સાર જીવને અહીં જ મુક્તિનો અનુભવ કરાવે છે. વળી—

चित्तमार्द्रीकृतं ज्ञान-सारसारस्वतोर्मिभिः ।
नाप्नोति तीव्रमोहाग्नि-प्लोषशोषकदर्थनाम् ॥७॥

અર્થ : જ્ઞાનસારરૂપ સારસ્વત એટલે જિનવચનના તરંગોથી ભીંજાયેલું ચિત્ત તીવ્રમોહરૂપી અગ્નિદાહથી શોષની (તૃષ્ણાની) પીડાને પામતું નથી.

ભાવાર્થ : જેમ ભીંજાયેલી વસ્તુને અગ્નિ બાળી શકતો નથી પણ બુઝાઈ જાય છે, તેમ જ્ઞાનસારરૂપ જિન-વચનોના તરંગોથી ભીંજાયેલું-કોમળ બનેલું ચિત્ત આકરા પણ મોહરૂપી અગ્નિના દાહથી તૃષિત થતું નથી. અર્થાત્ જ્ઞાનસારથી ભાવિત થયેલા ચિત્ત ઉપર મોહની અસર થતી નથી, તેની મોહજન્ય સર્વ તૃષ્ણાઓ નષ્ટ થઈ જાય છે અને ચિત્ત પરમ તોષને અનુભવે છે. વળી—

अचिन्त्या कापि साधूनां, ज्ञानसारगरिष्ठता ।
गतिर्ययोर्ध्वमेव स्या-दधःपात कदापि न ॥८॥

અર્થ : સાધુઓને જ્ઞાનસારની ગુરૂતા (મોટાઈનો ભાર) કોઈ એવી અચિંત્ય હોય છે કે જેનાથી તેઓની ગતિ ઊંચી જ થાય છે, કદી પણ અધઃપતન થતું નથી.

ભાવાર્થ : સામાન્ય નિયમ પ્રમાણે ભારે પદાર્થ નીચે ગબડે છે, છતાં જ્ઞાનસારની ગુરુતારૂપી ભાવ એવો છે કે તેને પામેલા (જ્ઞાન-ક્રિયાવંત) મુનિઓનું તે ગમન

ગુરુતા છતાં ઊંચે જ થાય છે અર્થાત્ ઊંચી ગતિને જ તે પામે છે, અધઃપતન કદી થતું નથી. અર્થાત્ તેઓ નીચી ગતિમાં કદી પણ જતા નથી. એ જ્ઞાનસારની અચિંત્ય શકિત અતિ આશ્ચર્યરૂપ છે.

હવે ચાર શ્લોકોથી ક્રિયાની અપેક્ષાએ જ્ઞાનનું મહત્ત્વ ઘણું અધિક છે તે વર્ણવે છે.

## જ્ઞાનનું મહત્ત્વ

**क्लेशक्षयो हि मण्डुक–चूर्णतुल्यः क्रियाकृतः ।**
**दग्धतच्चूर्ण सदृशो, ज्ञानसारकृतः पुनः ॥९॥**

**અર્થ** : ક્રિયાથી કરેલો (બાહ્ય–અભ્યંતર) ક્લેશોનો નાશ દેડકાના શરીરના ચૂર્ણ જેવો છે અને જ્ઞાનસારથી કરેલો તે નાશ દેડકાના બાળેલા શરીરના ચૂર્ણ જેવો છે.

**ભાવાર્થ** : વરસાદ થતાં જ દેડકાઓની ઉત્પત્તિ થાય છે, તેનું કારણ મરેલાં દેડકાંનાં શરીરની માટી બની જાય છે અને તે માટીમાં મળી જાય છે, તેથી પાણી મળતાં જ તે પુનઃ સજીવન (દેડકાં) બની જાય છે. પણ મરેલાં તે દેડકાંઓનાં શરીર અગ્નિથી બળી ગયાં હોય તો વરસાદના પાણીથી ભીંજાવા છતાં પુનઃ દેડકાં ઉત્પન્ન થતાં નથી. એ દૃષ્ટાન્તથી અહીં જણાવે છે કે ક્રિયા દ્વારા કરેલો રાગ–દ્વેષાદિ ક્લેશોનો નાશ દેડકાંના શરીરના (માટીમાં મળેલા) ચૂર્ણ જેવો છે, કારણ કે નિમિત્ત મળતાં પુનઃ તે ક્લેશો જાગ્રત થાય છે. જ્ઞાનસારથી કરેલો ક્લેશોનો નાશ દેડકાંના બળેલા શરીરના ચૂર્ણ જેવો છે, કારણ કે પુનઃ તે સજીવન થતો નથી. અર્થાત્ માત્ર ક્રિયાથી કરેલો ક્લેશક્ષય પુનઃ પ્રગટે છે, પણ જ્ઞાનપૂર્વક ક્રિયાથી કરેલો ક્લેશક્ષય પુનઃ પ્રગટ થતો નથી. માટે ક્લેશક્ષયમાં જ્ઞાનની મહત્તા છે.

આ વિષયમાં અન્ય દર્શનીઓએ પણ જે કહ્યું છે તે દર્શાવે છે—

**ज्ञानपूतां परेऽप्याहुः क्रियां हेमघटोपमाम् ।**
**युक्तं तदपि तद्भावं, न यद् भग्नापि सोज्झति ॥१०॥**

અર્થ : બીજાઓએ પણ જ્ઞાનથી પવિત્ર બનેલી ક્રિયાને સુવર્ણના ઘટ તુલ્ય કહી છે, તે તેમનું કથન પણ યોગ્ય છે, કારણ કે તે કોઈ કારણે ભાગે–અટકી જાય તો પણ તેના ભાવને છોડતી નથી.

ભાવાર્થ : બીજા (બૌદ્ધ વગેરે) પણ જ્ઞાનથી પવિત્ર બનેલી (જ્ઞાનપૂર્વકની) ક્રિયાને સોનાના ઘટની ઉપમા આપે છે અર્થાત્ તેને સુવર્ણ ઘટ તુલ્ય કહે છે, તે પણ તેમનું કથન યોગ્ય છે. કારણ કે જ્ઞાનપૂર્વકની ક્રિયા નષ્ટ થતી નથી, તેમ છતાં કોઈ તથાવિધ કર્મના ઉદયે ક્રિયા અટકી જાય અર્થાત્ ક્રિયા ન કરી શકે, તો પણ તેનો ભાવ નાશ પામતો નથી. પણ તેનો ભાવ આ રીતે અખંડ રહે છે જેમ કે—

(૧) સમકિત પામેલો જીવ કોઈ કારણે સમકિતથી ભ્રષ્ટ થાય તો પણ તેને ક્યારે ય સાત કર્મોની અંતઃ કોડાકોડી સાગરોપમથી અધિક સ્થિતિનો અને ઉત્કૃષ્ટ રસનો બંધ થતો નથી અને પુનઃ શુભ નિમિત્ત મળતાં તે સમકિત પામે છે.

(૨) દેશવિરતિ કે સર્વવિરતિથી પડેલાને પણ સમ્યક્-ત્વ હોવાથી વિરતિની ક્રિયા જવા છતાં ભાવ અખંડ રહે છે અને પુનઃ તે વિરતિની પ્રાપ્તિ પણ તેને થાય છે.

(૩) સર્વ વિરતિધર સાધુ પણ તથાવિધ કર્મોદયે શાસ્ત્રાનુસારી વિશુદ્ધ ક્રિયા અનુષ્ઠાનનું પાલન ન કરી શકે તો પણ જ્ઞાનના પ્રભાવે તેનો ભાવ જતો નથી અને ભાવની વિશુદ્ધિના બળે પુનઃ વિશિષ્ટ ક્રિયાની પણ તેને પ્રાપ્તિ થાય છે.

એમ જ્ઞાનનું ક્રિયાની અપેક્ષાએ મહત્ત્વ છે તે અંગે જણાવે છે—

**क्रियाशून्यं च यज्ज्ञानं, ज्ञानशून्या च या क्रिया ।**
**अनयोरन्तरं ज्ञेयं, भानुखद्योतयोरिव ॥११॥**

**અર્થ** : ક્રિયા રહિત જે જ્ઞાન અને જ્ઞાન રહિત જે ક્રિયા, એ બેમાં સૂર્ય અને ખજૂઆ જેટલું અંતર જાણવું.

**ભાવાર્થ** : જ્ઞાન રહિત ક્રિયા અભવ્યને અતિ ઉગ્ર પ્રકારની હોય છે. તેના પ્રભાવે તે નવ ગ્રૈવેયક સુધીનાં ભૌતિક સુખ પામે છે, પણ જ્ઞાનના અભાવે આત્માને ઉપ-કાર થતો નથી તેથી તેની ક્રિયા અનુમોદનીય પણ નથી. માત્ર ખજૂઆના પ્રકાશની જેમ ભૌતિક સુખ આપી સંસારમાં રખડાવે છે અને ક્રિયા રહિત પણ અવિરતિ સમ્યગ્ દૃષ્ટિનું

જ્ઞાન સૂર્યતુલ્ય આત્મપ્રકાશક હોવાથી તે અનુમોદનીય છે, કારણકે પરિણામે વિરતિ દ્વારા મુક્તિની પ્રાપ્તિ કરાવે છે.

અહીં એટલું વિશેષ કે ક્રિયા રહિત પણ ક્રિયાના આદરવાળું જ્ઞાન સૂર્ય તુલ્ય છે અને જ્ઞાનના અનાદરવાળી ક્રિયા હોય તે ક્રિયા ખજૂઆ તુલ્ય સમજવી. પરંતુ માષતુષ મુનિ વગેરેની ક્રિયા જ્ઞાન રહિત હોવા છતાં પણ તે ક્રિયા જ્ઞાનના આદરવાળી હોવાથી મુક્તિપ્રાપક બની શકી છે. એ રીતે જ્ઞાન પણ ક્રિયાના આદરવાળું ન હોય તો તે મિથ્યાજ્ઞાન હોવાથી અભવ્યના જ્ઞાનની જેમ તેનું લેશ પણ મહત્ત્વ નથી. અન્યથા ક્રિયાવાદીને શુક્લપાક્ષિક કહ્યો છે તે મિથ્યા ઠરે.

હવે નિશ્ચયથી ચારિત્ર પણ જ્ઞાનનો જ ઉત્કર્ષ છે તે કહે છે–

**चारित्रं विरतिः पूर्णा, ज्ञानस्योत्कर्ष एव हि ।**
**ज्ञानाऽद्वैतनये दृष्टिर्देया तद्योगसिध्धये ॥१२॥**

અર્થ : નિશ્ચયનયથી જ્ઞાનનો ઉત્કર્ષ એ જ પૂર્ણ વિરતિરૂપ ચારિત્ર છે, માટે યોગની (જ્ઞાન–ક્રિયારૂપ ચારિત્રની) સિદ્ધિ માટે જ્ઞાન નયમાં જ દૃષ્ટિ રાખવી, જ્ઞાનનું લક્ષ્ય રાખવું.

ભાવાર્થ : આ શ્લોકનો ભાવ એ છે કે 'ક્રિયા જ્ઞાનપૂર્વક કરવી તે જ હિતકર છે' કારણ કે જ્ઞાન નય ચારિત્રને જ્ઞાનના જ ઉત્કર્ષરૂપ માને છે, તેના મતે ચારિત્ર જ્ઞાનથી ભિન્ન નથી, પણ જ્ઞાનનું જ કાર્ય-ફળ છે. જો કે યોગસિદ્ધિ એ જ્ઞાન અને ક્રિયાના ઉત્કર્ષરૂપ છે, પણ જ્ઞાન નયની દૃષ્ટિએ ક્રિયાનો જ્ઞાનમાં અંતર્ભાવ થતો હોવાથી જ્ઞાનના ઉત્કર્ષથી યોગની સિદ્ધિ થાય છે, એ અપેક્ષાથી અહીં કહ્યું છે કે યોગની સિદ્ધિ માટે જ્ઞાન નયમાં દૃષ્ટિ રાખવી. પણ અનેકાંતથી એનો ભાવ એ થયો કે ક્રિયા-જ્ઞાન ઉભયરૂપ યોગની સિદ્ધિ માટે ક્રિયા જ્ઞાનપૂર્વક કરવી.

અહીં ઉપસંહાર સમાપ્ત થાય છે. હવે ગ્રન્થકાર પ્રશસ્તિને જણાવતાં કહે છે કે:-

## ગ્રન્થકાર કૃત પ્રશસ્તિ

सिद्धिं सिद्धपुरे पुरन्दरपुरस्पर्धावहे लब्धवान्,
चिद्दीपोऽयमुदारसारमहसा दीपोत्सवे पर्वणि ।
एतद्भावनभावपावनमनश्चञ्चच्चमत्कारिणां,
तैस्तैर्दीपशतैः सुनिश्चयमतैर्नित्योऽस्तु दीपोत्सवः ॥१॥

**અર્થ**: આ જ્ઞાનસારરૂપી દીપક (ગ્રન્થ) ઇન્દ્રપુરીની સ્પર્ધા કરતા સિદ્ધપુર નામના નગરમાં, દીવાળી પર્વમાં, મોટા સુંદર મહોત્સવપૂર્વક સિદ્ધિને પામ્યો. (પૂર્ણ થયો). આ ગ્રન્થની ભાવનાના રહસ્યથી પવિત્ર થયેલા મનમાં ચમકતા ચમત્કારવાળા (આ ગ્રન્થનું ભાવન કરનારા) મહાત્માઓને, તે તે ઉત્તમ નિશ્ચય નયને માન્ય જ્ઞાનરૂપી સેંકડો દીવાઓ (પ્રગટવા) રૂપે નિત્ય દિવાળી થાઓ !

હવે જ્ઞાનસારની દુર્લભતા જણાવે છે—

## જ્ઞાનસારની દુર્લભતા

केषाञ्चिद्विषयज्वरातुरमहो चित्तं परेषां विषा-
ऽऽवेगोदर्ककुतर्कमुर्छितमथान्येषां कुवैराग्यतः ।
लग्नालर्कमबोधकूपपतितं चास्ते परेषामपि,
स्तोकानां तु विकारभाररहितं तज्ज्ञानसाराश्रितम् ॥२॥

અર્થ: આ વિશ્વમાં આશ્ચર્ય છે કે કેટલાકનું ચિત્ત વિષયાસક્તિના તાવથી પીડિત છે, બીજા કેટલાકનું ચિત્ત વિષના આવેગ સરખું અને તેથી તુરત અહિત કરનારા એવા કુતર્કોથી મૂર્છિત છે, અન્ય કેટલાકનું ચિત્ત વળી (દુઃખગર્ભિત-મોહગર્ભિત એવા) દુષ્ટ વૈરાગ્યરૂપ હડકાયો કૂતરો કરડવાથી હડકવા લાગેલું છે અને બીજા કેટલાકનું ચિત્ત અજ્ઞાનરૂપી અંધકૂવામાં પડેલું છે. થોડાઓનું જ મન જ્ઞાનસારને આશ્રિત હોવાથી વિકારના ભાર વિનાનું (નિર્વિકારી) છે.

ભાવાર્થ: વિશ્વમાં જ્ઞાનનું રહસ્ય પામવું જીવને ઘણું જ દુર્લભ છે, કારણ કે મોહને વશ કેટલાક જીવો વિષયાસક્તિથી એવા પીડાય છે કે સભાન છતાં જ્ઞાનામૃતનું પાન કરી શકતા નથી, કેટલાક કુતર્કોના ઝેરથી તદ્દન મોહમૂર્છિત બેભાન થયેલા છે, તેથીય અધિક કેટ-

લોક તો વૈરાગ્યના નામે પણ એવા મોહના ઊંધા માર્ગે ચઢેલા છે કે હડકવા લાગેલો માણસ જેમ બીજાને બચકાં ભરે તેમ પોતે મોહમૂઢ બન્યા છે અને બીજાઓને પણ ઊંધા માર્ગે દોરી રહ્યા છે અને કેટલાક તો બિચારા મહામોહરૂપી ઘોર અંધકારના એવા ઊંડા કૂવામાં ડૂબ્યા છે કે તેઓને જ્ઞાનનો લેશ પ્રકાશ પણ મળતો નથી. બહુ થોડા જ આત્માઓ જ્ઞાનના આસ્વાદનથી નિર્વિકાર જીવનને પામેલા છે.

હવે તે જ્ઞાનામૃતનું પાન કરનારને ચારિત્રરૂપી લક્ષ્મી સાથે વિવાહ થાય છે, તે કહે છે—

## ચારિત્ર લક્ષ્મી સાથે આનન્દઘન એવા પૂર્ણાત્માનું પાણિગ્રહણ

जातोद्रेकविवेक–तोरणततौ धावल्यमातन्वते
हृद्गेहे समयोचितः प्रसरति स्फीतश्चगीतध्वनिः ।
पूर्णानन्दघनस्य किं सहजया तद्भाग्यभङ्ग्याऽभव–
न्नैतद्ग्रन्थमिषात् करग्रहमहश्चित्रं चरित्रश्रियः ॥३॥

અર્થ: આ ગ્રન્થના (અધ્યયનના) બહાનાથી પૂર્ણાનંદના સમૂહને પામેલા તે આત્માના, અત્યંત વૃદ્ધિ પામેલા વિવેકરુપ તોરણની શ્રેણીથી શોભતા હૃદયરૂપી ઘરમાં (ધાવલ્ય) ઉજ્વલતા (અથવા નિર્મળતા) વિસ્તાર પામે છે અને સમયને યોગ્ય (માંગલિક) ગીતોનો સુંદર ધ્વનિ ઉછળે છે. એમાં તેના સહજ સદ્ભાગ્યના ઉદયથી આશ્ચર્ય-ભૂત એવો ચારિત્રરૂપી લક્ષ્મી સાથે તેનો કરમેલાપનો (લગ્નનો) મહોત્સવ શું નથી થતો ? (અર્થાત્ જ્ઞાનસારથી નિર્વિકાર જીવનને પામેલા તે આત્માને ચારિત્ર લક્ષ્મી પ્રાપ્ત થાય છે.)

**ભાવાર્થ** : આ જ્ઞાનસારના આસ્વાદનથી જીવનમાં મોહના વિકાર જેના ટળી જાય છે, તે પૂર્ણાનંદને પામેલા ભાગ્યશાળી આત્માના હૃદયરૂપી ઘરમાં સુંદર વધી રહેલાં

વિવેકરૂપી તોરણો બંધાય છે, વૈરાગ્યરૂપી મંગળગીતોનો ધ્વનિ ગાજતો થાય છે અને પ્રગટેલા સદ્ભાગ્યથી ચારિત્ર-રૂપી સુંદરી સાથે કરમેલાપનો (લગ્નનો) સુંદર મહોત્સવ થાય છે અર્થાત્ તે આત્મા નિર્વિઘ્ને વિશિષ્ટ ચારિત્રલક્ષ્મીને પામે છે.

હવે એ રીતે ચારિત્રલક્ષ્મીને વરેલા તે મહામુનિ પોતાના અધ્યાત્મનગરમાં કેવા મંગળ સાથે પ્રવેશ કરે છે તે કહે છે—

## શાસ્ત્રનગરમાં સચ્ચિદાનંદઘન શુદ્ધ આત્માનો મંગળ પ્રવેશ

भावस्तोमपवित्रगोमयरसैर्लिप्तैव भूः सर्वतः
संसिक्ता समतोदकैरथपथि न्यस्ता विवेकस्रजः।
अध्यात्मामृतपूर्णकामकलशश्चक्रेऽत्र शास्त्रे पुरः,
पूर्णानन्दघने पुरं प्रविशति स्वीयं कृतं मङ्गलम् ॥४॥

અર્થ : પૂર્ણાનન્દઘન (સચ્ચિદાનંદ) એવો આત્મા (પોતાના આત્મજ્ઞાન- અધ્યાત્મરૂપી) નગરમાં પ્રવેશ કરતાં મંગળ કરે છે (તે કહે છે) કે (નગરના આંગણાની) ભૂમિ જાણે ભાવનાના સમૂહરૂપ પવિત્ર ગોમયથી સર્વ બાજુએ લીંપી હોય તેવી છે. સમતારૂપી જળ છંટકાવ કરેલી છે. માર્ગમાં વિવેકરૂપી પુષ્પમાળાઓ લટકાવી છે, આગળ અધ્યાત્મરૂપી અમૃતથી ભરેલા પૂર્ણ કામકુંભને સ્થાપન કર્યો છે, એમ સચ્ચિદાનંદ પૂર્ણ બ્રહ્મસ્વરૂપ શુદ્ધ આત્મા આ ગ્રન્થમાં–નગરમાં પ્રવેશ કરે છે. ત્યારે તેણે પોતાનું જ મંગળ કર્યું છે.

હવે ગ્રન્થકાર મહાત્મા પોતાનો પરિચય જણાવે છે—

# ગ્રન્થકાર પરિચય

गच्छे श्रीविजयादिदेवसुगुरोः स्वच्छे गुणानां गणैः
प्रौढिं प्रौढिमधाम्नि जीतविजयप्राज्ञाः परामैयरुः ।
तत्सातीर्थ्यभृतां नयादिविजयप्राज्ञोत्तमानां शिशोः
श्रीमन्न्यायविशारदस्य कृतिनामेषा कृतिः प्रीतये ॥५॥

**અર્થ** : સુગુરુ શ્રી વિજયદેવસૂરિનો ગચ્છ કે જે ગુણોના સમૂહથી નિર્મળ (શોભતો) અને પ્રતિભાનું ઘર થયો, તે ગચ્છમાં પંડિત શ્રી જિતવિજયજી મોટી મહત્તાને પામ્યા. પંડિતોમાં ઉત્તમ એવા શ્રી નયવિજયજી પંડિત તેઓના ગુરુભાઈ થયા, તેઓના શિષ્ય શ્રીમાન્ ન્યાય-વિશારદ (ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજી ઉપાધ્યાય)ની આ ગ્રન્થરચના પંડિતોને પ્રીતિ માટે થાઓ.

મૂલગ્રન્થ ઉપર સ્વોપજ્ઞ બાલાવબોધ લખનાર મહા-મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ કૃત બાલાવબોધની પ્રશસ્તિ-

बालालालापानवद् बालबोधो
नाऽयं किन्तु न्यायमालासुधौघः ।
आस्वाद्यैनं मोहहालाहलाय (लस्य)
ज्वालाशान्तेर्धीविशाला भवन्तु ॥१॥

અર્થ : આ બાલાવબોધ (ગ્રન્થનો ગુજરાતી અર્થ) બાળકના મુખની લાળને ચાટવા જેવો નથી, કિન્તુ ન્યાય-માલા (ન્યાયી જીવન) રૂપ અમૃતના પ્રવાહતુલ્ય છે. તેનું આસ્વાદન કરીને ભવ્યજીવો મોહરૂપ હલાહલ ઝેરની અગ્નિ-જ્વાલા શાન્ત થવાથી વિશાળ બુદ્ધિવાળા થાઓ !

आतन्वाना भा-रती भारतीनर–<br>
तुल्यावेशा संस्कृते प्राकृते वा ।<br>
शुक्तिसूक्तिर्युक्तिमुक्ताफलानां,<br>
भाषाभेदो नैव खेदोन्मुखः स्यात् ॥२॥

અર્થ : પ્રતિભા અને પ્રીતિને વિસ્તારનારી, સંસ્કૃત અને પ્રાકૃત (સાધારણ) ભાષામાં સમાન આદરવાળી અને યુક્તિરૂપ મોતીઓના સુંદર વચનરૂપ છીપ તુલ્ય એવી અમારી આ વાણી છે; તેથી વિદ્વાનોને આ ભાષાનો ભેદ (એટલે ગૂર્જર ભાષામાં અવતાર–બાલબોધ) ખેદકારક નહિ જ થાય.

सूरजीतनयशान्तिदासहृन्मोदकारणतः विनोदतः कृतः ।<br>
आत्मबोधधृतविभ्रमः श्रीयशोविजयवाचकैरयम् ॥३॥

અર્થ : આત્મજ્ઞાનની શોભાને ધારણ કરનાર એવો આ બાલાવબોધ શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય ભગવંતે (અઢારમી સદીના પૂર્વાર્ધમાં અમદાવાદ વાસ્તવ્ય) શ્રી સૂરજી શ્રાવકના સુપુત્ર શાન્તિદાસના ચિત્તને આનંદ પમાડવા માટે વિનોદથી (પ્રસન્ન ચિત્તે) કર્યો છે.

# ટબા સહિત જ્ઞાનસાર ગ્રન્થનો સરળ ગુજરાતી અનુવાદ

ન્યાય વિશારદ, ન્યાયાચાર્ય, મહોપાધ્યાય, શ્રી યશોવિજયજી મ. કૃત ટબા સહિત જ્ઞાનસાર ગ્રન્થનો તપગચ્છાધિપ, સંઘસ્થવિર, પૂજ્યપાદ, આચાર્ય મહારાજ શ્રીવિજયસિદ્ધિસૂરિપટ્ટાલંકાર, સ્વર્ગત શમ-દમાદિગુણવિભૂષિત પૂ. આચાર્ય શ્રી વિજયમેઘસૂરિપટ્ટધર, ગાંભિર્યાદિગુણોપેત પૂજ્ય આચાર્ય શ્રીવિજયમનોહરસૂરિ શિષ્ય, ભદ્રંકરસૂરિએ બાળ જીવોને સરળતાથી બોધ થઈ શકે તે રીતે સરળ ગુજરાતી ભાષામાં રાખેલો અનુવાદ સમાપ્ત થયો.

## શ્રી જ્ઞાનસાર અષ્ટક ગુજરાતી અનુવાદ સહિત સંપૂર્ણ

# સાચો જૈન

( રાગ–ધન્યાશ્રી )

જૈન કહો ક્યોં હોવે પરમગુરુ ! જૈન કહો ક્યોં હોવે ?
ગુરુ–ઉપદેશ વિના જન મૂઢા, દર્શન જૈન વિગોવે;
પરમગુરુ ! જૈન કહો ક્યોં હોવે ? ૧

કહત કૃપાનિધિ સમ–જલ ઝીલે, કર્મ–મયલ જો ધોવે;
બહુલ પાપ-મલ અંગ ન ધારે, શુદ્ધ રૂપ નિજ જોવે. પ૦ ૨

સ્યાદ્વાદ પૂરન જો જાને, નયગર્ભિત જસ વાચા;
ગુન પર્યાય દ્રવ્ય જો બુઝે, સોઈ જૈન હે સાચા. પ૦ ૩

ક્રિયા-મૂઢમતિ જો અજ્ઞાની, ચાલત ચાલ અપૂઠી;
જૈન-દશા ઉનમેંહી નાહી, કહે સો સબહી જૂઠી. પ૦ ૪

પર-પરિનતિ અપની કર માને, કિરિયા ગર્વે ગહિલો;
ઉનકું જૈન કહો ક્યું કહિયેં, સો મૂરખમેં પહિલો. પ૦ ૫

જૈનભાવ જ્ઞાનિ માંહી સબ, શિવ સાધન સદ્દહીએ;
નામ વેષસૂં કામ ન સીઝે, ભાવ–ઉદાસે રહીએ. પ૦ ૬

જ્ઞાન સકલ નય સાધન સાધો, ક્રિયા જ્ઞાનકી દાસી;
ક્રિયા કરત ધરતુ હે મમતા, યાહી ગલેમેં ફાંસી. પ૦ ૭

ક્રિયા બિના જ્ઞાન નહિ કબહું, ક્રિયા જ્ઞાન બિનું નાંહી;
ક્રિયા જ્ઞાન દોઉ મિલત રહતુ હે, જ્યોં જલ-રસ જલમાંહી. પ૦ ૮

ક્રિયા-મગનતા બાહિર દીસત, જ્ઞાન ભગતિ જસ ભાંજે;
સદ્ગુરુ શીખ સુને નહિ કબહું, સો જન જનતેં લાજે. પ૦ ૯

તત્ત્વ-બુદ્ધિ જિનકી પરિણતિ હે, સકલ સૂત્રકી કૂંચી;
જગ જસવાદ વધે ઉનહી કો, જૈન દશા જસ ઊંચી. પ૦ ૧૦

## પ્રભુ ભક્તિ

( રાગ-સામેરી )

મેરે પ્રભુસું પ્રગટ્યો પૂરન રાગ,
જિન- ગુન- ચંદ- કિરનસું ઉમગ્યો, સહજ સમુદ્ર અથાગ.
મેરે૦ ૧

ધ્યાતા ધ્યેય ભયે દોય એક હુ, મિટ્યો ભેદકો ભાગ;
કુલ બિદારી છલે જબ સરિતા, તબ નહિ રહત તડાગ.
મેરે૦ ૨

પૂરન મન સબ પૂરન દીસે, નહિ દુબિધાકો લાગ;
પાઉ ચલત પનહીં જો પહિરે, નહિ તસ કંટક લાગ.
મેરે૦ ૩

ભયો પ્રેમ લોકોત્તર જૂઠો, લોકબંધકો તાગ;
કહો કોઉ કછુ હમ તો ન રુચે, છૂટિ એક વીતરાગ.
મેરે૦ ૪

વાસત હૈ જિનગુન મુઝ દિલકું, જૈસો સુરતરુ બાગ;
ઓર વાસના લગેં ન તાતેં, જસ કહે તૂં વડભાગ.
મેરે૦ ૫


## ત્વમેવ શરણું મમ

(રાગ-કાફી)

તો બિન ઓર ન જાચું, જિનંદરાય ! તો૦
મેં મેરો મન નિશ્ચય કીનો, એહમાં કછુ નહિ કાચું.
જિનં૦ તો૦ ૧

તુમ ચરન કમલ-પર ભ્રમર-મન મેરો, અનુભવરસ-ભર ચાખું;
'અંતરંગ અમૃતરસ ચાખો' એહ વચન મન સાચું;
પ્રભુજી ! તો૦ ૨

જસ પ્રભુ ધ્યાયો મહારસ પાયો, અવર રસેં નહિ રાચું;
અંતરંગ ફરસ્યો દરસન તેરો, તુજ ગુણરસ સંગ માચું.
પ્રભુજી ! તો૦ ૩



આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ ૩૮૦ ૦૦૧